Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Kanabar, Varsha M., 2006, " સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ " - (રાજકોટ જીલ્લાના સંદર્ભમાં) , thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/928

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# ‘‘સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ’’

**(રાજકોટ જીલ્લાના સંદર્ભમાં)**

# *Change and Progress in Youth by Swaminarayan Sampraday*

***(With reference to Rajkot District)***

*પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)*

## મહાનિબંધ


**: સંશોધક :**

**કુ. વર્ષા એમ. કાનાબાર**

**શ્રી યોગીજી મહારાજ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ**

**રાજકોટ.**

**: માર્ગદર્શક :**

**પ્રા. ડૉ. સુશ્રી પ્રજ્ઞાબેન બિ.ઝવેરી**

**અધ્યક્ષ : સમાજશાસ્ત્ર વિભાગ,**

**શ્રી કે.એસ.એન. કણસાગરા કોલેજ, રાજકોટ.**



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – ૨૦૦૬**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **કુ. વર્ષા એમ.કાનાબાર**એ મારા માર્ગદર્શન નીચે **''સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ'' (રાજકોટ જીલ્લાના સંદર્ભમાં)** ***"Change and Progress in Youth by Swaminarayan Sampraday" (With reference to Rajkot District)*** વિષે આ શોધ પ્રબંધ પીએચ.ડી. (સમાજશાસ્ત્ર) માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધ પ્રબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે પદવી માટે કોઈ જ અન્ય યુનિવર્સિટીમાં રજુ કર્યો નથી.

ક્ષેત્રીય માહિતી તેમજ અનુભવજન્ય માહિતી ઉપર આધારિત આ મૌલિક સંશોધન પહેલીવાર જ આ યુનિવર્સિટીની પીએચ.ડી. (સમાજશાસ્ત્ર)ની પદવી માટે રજુ કરવામાં આવે છે.

તારીખ :

**સંશોધક :**
**કુ. વર્ષા એમ. કાનાબાર**
શ્રી યોગીજી મહારાજ આટર્સ
એન્ડ કોમર્સ કોલેજ
રાજકોટ.

**માર્ગદર્શક :**
**પ્રા. ડૉ. સુશ્રી પ્રજ્ઞાબેન બિ.ઝવેરી**
અધ્યક્ષ : સમાજશાસ્ત્ર વિભાગ,
શ્રી કે.એસ.એન. કણસાગરા કોલેજ,
રાજકોટ.

# ઋણ સ્વીકાર

પ્રગટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીના આશીર્વાદથી મારો આ શોધ પ્રબંધ મારા ધ્યેય સુધી પહોંચવા માટેની એક યાત્રા બની રહી છે. જેમાં ગુરુહરિના દિવ્ય આશીર્વાદ મારા માટે પ્રેરણાસ્રોત બની રહ્યા છે.

આ મહાનિબંધના પથ પર ચાલવા માટે જેઓએ મને હંમેશા પથદર્શક બનીને સર્ચલાઇટ બનવાનું બીડું ઝડપ્યું છે એવા મારા માર્ગદર્શક પ્રા. ડૉ. સુશ્રી પ્રજ્ઞાબેન બિ. ઝવેરીની હું હૃદયપૂર્વક આભારી છું.

મારી પથયાત્રાની શરૂઆત કરાવનાર પથદર્શકને શોધી મારી યાત્રાનો શુભારંભ કરાવી આપનાર મારા ગુરુજી પ્રા. શ્રી કનુભાઇ પટેલની હું ઋણી છું.

સંશોધન માટે માર્ગદર્શન પૂરું પાડી પ્રેરકબળ આપનાર તથા જરૂરી ઉપયોગી સૂચનો કરનાર ડૉ. સમીરભાઇ વૈદ્ય, ડૉ. બાબરીયા સાહેબ, ડૉ. એચ.પી. સોંદરવા સાહેબ, માધવ એચ. સોંદરવા તથા પ્રા. દુષ્યંતભાઇ પંડ્યાનો પણ હું આભાર માનુ છું.

આ મહાનિબંધમાં મને જરૂરી પુસ્તકો સમયે સમયે પૂરા પાડનાર શ્રી એમ.વી.એમ. મહિલા કોલેજના ગ્રંથપાલ વીણાબેન પાંધી, શ્રી એસ.એન. કણસાગરા કોલેજના ગ્રંથપાલ, શ્રી એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ તથા શ્રી યોગીજી મહારાજ આટર્સ એન્ડ કોમર્સ કોલેજના ગ્રંથપાલ શ્રી અચ્યુતભાઇ ઝાલાનો પણ ઋણ સ્વીકાર કરું છું.

યોગીધામ શૈક્ષણિક સંકુલના સેક્રેટરી શ્રી ત્યાગવલ્લભસ્વામીજી તથા કોલેજના પ્રિન્સીપાલ શ્રી ઘોડાસરા સાહેબ જેઓનો પણ આ તકે ઋણ સ્વીકાર કરું છું. જેઓઅ મને મારી શૈક્ષણિક કાર્યની જવાબદારીમાંથી જ્યારે જરૂર પડે ત્યારે  સેવામુક્ત કરીને શોધ પ્રબંધ કાર્યમાં મદદરૂપ બન્યા છે.

ઉત્તરદાતાઓએ પ્રશ્નાવલી ભરવામાં જે ઉત્સાહ અને સહકારયુક્ત વલણ દાખવ્યું, જેથી આ સંશોધન કાર્ય પૂર્ણ થઇ શક્યું એ બદલ તેઓની પણ આભારી છું.

મારા આ શોધ પ્રબંધનું કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ જેઓએ સુંદર રીતે સમયોચિત પૂર્ણ કરી આપ્યુ એવા સર્વાતીત કોમ્પ્યુટેકના સંચાલકશ્રીનો તથા આ શોધ પ્રબંધનું આદ્યન્ત પ્રુફીંગ કરી તેને વિશુદ્ધ સ્વરૂપ આપવા બદલ શ્રી હેમંતભાઈ ત્રિવેદીની પણ હું અત્યંત આભારી છું.

મારા આ મહાનિબંધમાં તથા મારા જીવનમાં ડગલે ને પગલે જેમનું સતત પ્રેરણાબળ મળતુ રહ્યું છે એવા મારા સંતવર્ય ગુરુ સાધ્વી સુહૃદ તથા સાધ્વી સર્વેશ્વરની હરહંમેશ હું ઋણી રહીશ. ઉપરાંત સાધ્વી સુબોધ તથા સાધ્વી સાહજિક જેઓએ મારા મિત્ર બનીને આ શોધ નિબંધમાં જરૂરી સૂચનો કરીને કાર્યમાં સંપૂર્ણ સહકાર આપી મહાનિબંધને ઉત્કૃષ્ટતા અર્પી છે તે માટે તેમનો હું ઋણ સ્વીકાર કરું છું.

સંશોધન કાર્ય એક સર્જનાત્મક વિરાટ પ્રવૃત્તિ છે. દરેક વ્યક્તિને દરેક કાર્યમાં હંમેશા બીજાના આધાર તથા મદદની જરૂરિયાત રહેતી હોય છે. તેમ મારા આ સંશોધન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે વ્યક્તિઓએ સાથ સહકાર અને સહાય કરીને આ મહાનિબંધને પૂર્ણતા અર્પી છે તે સર્વેનો આભાર કેમ ભૂલી શકું ? તેથી તેમનો આભાર માનીને આ તકે હું ઋણ સ્વીકાર કરું છું.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૧ થી ૧૧ |
| ૧. | વિષયપ્રવેશ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો પરિચય તથા ઈતિહાસ | ૧૨ થી ૫૯ |
| ૨. | સંશોધન આયોજન | ૬૦ થી ૮૫ |
| ૩. | પૂરોગામી સાહિત્યનું વિહંગાવલોકન | ૮૬ થી ૧૦૬ |
| ૪. | ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથ્થકરણ | ૧૦૭ થી ૧૩૨ |
| ૫. | ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથ્થકરણ | ૧૩૩ થી ૧૯૦ |
| ૬. | તારણો અને સૂચિતાર્થો | ૧૯૧ થી ૨૦૨ |
| ★ | ઉપસંહાર | ૨૦૩ થી ૨૦૪ |
| ★ | પરિશિષ્ટ | I to VIII |
| ★ | સંદર્ભસૂચિ | I to X |

**પ્રસ્તાવના :**

માનવ પ્રવૃત્તિ અનેક પરિબળો દ્વારા પ્રેરાતી હોય છે, આવા પરિબળોમાંનુ એક પરિબળ ''ધર્મ'' છે. સમાજની જે પાંચ સાર્વત્રિક સંસ્થાઓ લગ્ન, કુટુંબ, અર્થ, રાજ્ય અને ધર્મ છે. તેમાંની ધર્મ સંસ્થા એક ખૂબજ અગત્યની સંસ્થા તરીકે રહેલી છે. ધર્મ એ એક એવી સામાજિક સંસ્થા છે જે અલૌકિક શક્તિના વિચારની આસપાસ બંધાયેલી છે. ધર્મનો સંબંધ ભલે અલૌકિક બાબતો સાથે રહ્યો હોય, પણ આમ છતાં એક સામાજિક સંસ્થા તરીકે ધર્મ સામાજિક વ્યવસ્થાના ધ્યેયોની જાળવણી કરતી એક અગત્યની સંસ્થા છે. માનવજીવનની અનેક સામાજિક સમસ્યાઓનો ઉકેલ માનવી ધર્મ દ્વારા મેળવતો જ આવ્યો છે. વેબરનું માનવું છે કે,'માનવીઓનો અલૌકિક શક્તિઓ સાથેનો સંબંધ વિકસાવવામાં પુરોહિતો, તાંત્રિકો અને પયંગબરોએ મહત્વનો ફાળો આપ્યો છે,'[1] વેબરના મતે ધાર્મિક પ્રવૃત્તિઓ માનવીને સંયમીપણા તરફ દોરી જાય છે.

આ જગતની અનેક સામાજિક ઘટનાઓના ઉદ્‌ભવમાં, સામાજિક ક્ષેત્રે સર્જાતા પરિવર્તનમાં, તેમજ નૈતિક મૂલ્યોના ઘડતરમાં ધર્મની અગત્યની ભૂમિકા રહી છે.

ધર્મનો અર્થ આપતો કે.કા.શાસ્ત્રી મનુસ્મૃતિના શ્લોકને ટાંકે છે...[2]

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।**

**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणन् ॥**

દશ લક્ષણો દ્વારા ધર્મને પરિભાષિત કરાયો છે. ધીરજ, ક્ષમા, મનોનિગ્રહ, અસ્તેય, શુદ્ધિ, ઇંદ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને ક્રોધનો અભાવ એ ધર્મ છે અને તેથીજ **आचारः परमोधर्मः** મનાય છે. અહિંયા આચારનો અર્થ મર્યાદિત અર્થ નથી, છૂતા-છૂત કે ટીલા-ટપકાંનો સંદર્ભ નથી પણ આચાર એ દૈનિક જીવન માટે અને સમગ્ર જીવનપર્યંત નિભાવવા માટેના નિયમોના અર્થમાં પ્રયોજાયેલ છે.

સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી જોઇએ તો ધર્મ એ એક વ્યવસ્થા છે જે વ્યવસ્થામાંથી ઉદ્‌ભવતા

---

(૧) શાહ વિપિન મા. - ''મેક્સ વેબર'', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.૧૯૮૦.પાના.૧૧૧ (૨) શાસ્ત્રી કે.કા. - ''નિર્ણયાનિર્ણય'', ડો. કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ, અમદાવાદ. ૧૯૯૭. પાના નં. ૨૮

પરિબળો સમાજની અન્ય વ્યવસ્થા સાથે સંબંધમાં આવે છે. અને માનવવર્તનને પ્રભાવિત કરે છે.

ધર્મની સમાજશાસ્ત્રીય વ્યાખ્યા અને અર્થ જોઈએ તો સંસ્કૃત ભાષાનો 'ધૃ' ધાતુ જેનો અર્થ ધારયતિ થાય છે તેના પરથી ધર્મ શબ્દ બનેલો છે. વિશ્વને જે ધારણ કરે છે, ટકાવી રાખે છે તે ધર્મ.

લેટીન ભાષાના ***Religio*** પરથી ***Religion*** શબ્દ બનેલો છે. ***Religio***નો અર્થ ની સાથે જોડતું તેવો થાય છે. તે રીતે મનુષ્ય અને અલૌકિક તત્ત્વને જે જોડે છે તે ધર્મ.

ફ્રેઝર : ધર્મ એટલે કુદરત અને મનુષ્યના જીવનનું સંચાલન કરી શકે એવી માનવી કરતાં વધારે સત્તાશીલ અલૌકિક શક્તિનું અસ્તિત્વ છે એવી માનવીની માન્યતાના આધારે, તેવી શક્તિઓની પૂજા-પ્રાર્થના આરાધના.[૧]

ઓગ્બોર્ન અને નિમ્કોફ પણ ધર્મને માન્યતા અને શ્રદ્ધાની બાબત ગણાવે છે. તેઓના મતે ધર્મ એ પ્રવિધિઓનું સંગઠન છે. જે દ્વારા સમૂહના સભ્યો આધ્યાત્મિકતા કે અલૌકિક તત્વોને જાણવાનો સમજવાનો કે ઉકેલવાનો પ્રયાસ કરે છે.[૨] ધર્મવ્યવસ્થાના સામાજિક કાર્યોમાં મુખ્યત્વે...

૧ ધર્મ મનુષ્યના અંગત અને સામાજિક જીવન ઉપર પ્રભાવ પાડે છે.

૨ ધર્મ માનવજીવનમાં નૈતિકતા આપે છે.

૩ ધર્મ સમાજને એકતા આપે છે.

૪ ધર્મ સામાજિક નિયંત્રણનું માધ્યમ છે.

૫ ધર્મ માનવજીવન માટે આદર્શો પૂરા પાડે છે.

૬ ધર્મ સામાજિક સેવાના કાર્યોની પ્રેરણા આપે છે.

૭ ધર્મ સમાજને ધારણ કરે છે.

૮ ધર્મથી જ માનવજીવનમાં પ્રતિકારક ક્ષમતા નિર્માણ થાય છે.

૯ ધર્મ માનવને ફરજપાલન આપે છે. (પિતૃધર્મ - પુત્રધર્મ)

---

(૧)જેમ્સ ફ્રેઝર - કોટેડ બાય : ભટ્ટી રમણીક એમ. - ''પ્રારંભિક સમાજશાસ્ત્ર'', જયોત પ્રકાશન, અમદાવાદ. ૧૯૬૮. પાના નં. ૨૯૬ (૨) ઓગ્બોર્ન અને નિમ્કોફ - કોટેડ બાય : ભટ્ટી રમણીક એમ.- ''પ્રારંભિક સમાજશાસ્ત્ર'', જયોત પ્રકાશન, અમદાવાદ. ૧૯૬૮. પાના નં. ૨૯૬

૧૦ ધર્મે માનવતા ને વિશ્વબંધુત્વ જેવા ખ્યાલો તેમજ સહિષ્ણુતાને સમભાવ જેવી ભાવનાઓને પોષણ અને પ્રોત્સાહન આપ્યું છે. ટુંકમાં ધર્મ ઉચ્ચતર ખ્યાલો તેમજ ભાવનાઓના પોષણને પ્રોત્સાહન આપવાનું સામાજિક કાર્ય કરે છે.

જગતના બધા મહાન ધર્મો વિવિધસ્વરૂપે વ્યક્ત થાય છે. ધર્મએ ઉપાસના પદ્ધતિ છે પણ તે કોઇ એક નિશ્ચિત ઉપાસના પદ્ધતિ નથી. ધર્મના અર્થની સાથોસાથ તેની સાથે સંકળાયેલો ''સંપ્રદાય'' શબ્દનો અર્થ પણ જાણવો જરૂરી છે, સંસ્કૃત શબ્દ **आम्नाय्** સંપ્રદાયનો અર્થ સૂચવે છે. જેનો અર્થ પ્રણાલી, પરંપરા, ધર્મ એ સૂચવેલી જીવન પદ્ધતિ તેવો થાય છે. જ્યારે ધર્મમાં સિદ્ધાંત અને વ્યવહાર માર્ગને સાંકળીને સુમેળભરી સુસંવાદી જીવન વ્યવસ્થા સ્થાપવામાં આવે છે ત્યારે તેને સંપ્રદાય કહેવાય છે. સામાન્ય રીતે કોઈપણ સંપ્રદાય માટે આપણે ધર્મ શબ્દ વાપરતાં હોઈએ છીએ પરંતુ તાત્ત્વિક રીતે બન્નેમાં તફાવત રહેલો છે. ધર્મ સાથે અનેક ઉપાસના પદ્ધતિઓ હોય છે, તે ધર્મ સાથે સંકળાયેલી આ ઉપાસના પદ્ધતિઓ, સંપ્રદાયનો અર્થ સૂચવે છે. હકીકતમાં ધર્મ સ્વયંભૂ છે, જ્યારે સંપ્રદાય વ્યક્તિ નિર્મિત છે. ધર્મનો જે માર્ગ વ્યક્તિ દ્વારા સૂચવાયો છે તે સંપ્રદાય ગણાય છે. બધા મુખ્ય ધર્મોનું સંપ્રદાયોમાં વિભાજન થયેલું જોવામાં આવે છે. આમ સંપ્રદાય એ ''માર્ગ'' ''પંથ'' છે, જે ચોક્કસ ફીરકાના સંદર્ભમાં વપરાય છે. દા.ત. હિંદુ ધર્મમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત વગેરે. ઈસ્લામમાં શીયા અને સુન્ની પંથો અને તેના પેટા પંથો, બૌધ ધર્મમાં હીનયાન અને મહાયાન તથા તેની પેટા શાખાઓ, ખ્રીસ્તી ધર્મમાં રોમન, કેથોલીક, ઈસ્ટર્ન ઓર્થોડોકસ અને પ્રોટેસ્ટન્ટ અને તેના પેટા વિભાગો. હિંદુ ધર્મમાં ઘણી વખત જોવા મળ્યું છે કે પ્રચલિત હિંદુ ધર્મ સ્થગિત અને જીર્ણ થઇ ગયો હોય ત્યારે સંપ્રદાય પ્રગતિનું સાધન બન્યો હોય.

માનવ સહજ સ્વભાવ એવો છે જે સતત નવું જ ઝંખે છે જેથી માનવી સતત આધુનિકતા તરફ ખેંચાતો રહ્યો છે. સામાજીક વિકાસની ગતિશીલતા ખૂબ જ ઝડપી બની છે. આ બધી પ્રક્રિયાઓને આધારે વિચારો, મૂલ્યો ધારણાઓ અને આદર્શોમાં પરિવર્તન બહુ જ ઝડપથી થઇ રહ્યું છે સાથોસાથ ઘણી બધી સમસ્યાઓનું નિરાકરણ થયું તો આ વિકાસને કારણે અવનવી

સમસ્યાઓ પણ ઝડપથી ઉદ્દ્ભવવા માંડી. આ સમસ્યાઓના નિરાકરણ માટે પણ સામાજિક સંશોધનની જરૂરિયાત દિનપ્રતિદિન વધવા લાગી.

યુગોથી ભારતનો રાજકિય, સામાજીક, સાંસ્કૃતિક અને વ્યાપારી ઈતિહાસ જાજરમાન રહ્યો છે. આ દેશ ઉપર તુર્કો - મોગલો અને અંગ્રજો આવ્યા જેના કારણે આ દેશની સંસ્કૃતિમાં ઘણાં ચઢાવ ઉતાર આવ્યા. આ બધાની સીધી અસર યુવા વર્ગ ઉપર વિશેષ થઈ કારણ કે ''સુખી થવું'' એ માણસના જીવનનું ધ્યેય હોય છે. બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાના જીવનમાં યુવાવસ્થા ધરાવતા યુવાનોને આ ધ્યેયને માટે મથતા, મથામણ કરતાં આપણે જોયા છે. પછી એ ભારતમાં રહેતો હોય કે અમેરિકામાં, ઈંગ્લેન્ડમાં રહેતો હોય કે જર્મનીમાં ! ઊડવા માટે તેની પાસે પાંખ છે પણ કઈ દિશામાં ઉડવું તે જોવાની આંખ તેની પાસે નથી.

તત્વચિંતક ઈમર્સન જણાવે છે કે, ''કોઈપણ રાષ્ટ્રની મહાનતા તેની સમૃદ્ધિ, સત્તા, જમીન, જળસંપત્તિ, ખનીજસંપત્તિ અને આર્થિકસંપત્તિ વગેરે પર આધારિત નથી પરંતુ દેશના યુવકો પર છે.''[૧]

કેથરીન ટી. હીન્કસના મતે ***'If You could influence the young it would turn earth into heaven'***[૨]

યુવા અવસ્થામાં મોટાભાગના લોકોને તનાવ અને તૂફાનની અવસ્થામાંથી પસાર થવું પડે છે. યુવાન તે જ જે નવા પરિપ્રેક્ષ્યમાં પોતાનું આગવું સ્થાન પ્રતિપાદિત કરવા તત્પર હોય છે. આ તત્પરતાને વિવિધ સંસ્થાઓ પ્રેરણા આપે છે. યુવાન તે જે નવું સ્વીકારે, જોમથી સ્વીકારે અને કાર્યમાં એકનિષ્ઠા અને જુસ્સો પ્રદર્શિત કરે. તેનામાં જોશ, નવા નવા દષ્ટિબિંદુઓ અને નવું નવું કરવાના સમર્થક હોવાથી કોઈપણ સમાજની દિશા બદલવી હોય ત્યારે યુવા સમાજની સક્રિયતા અનિવાર્ય બની જાય છે. જે સમાજમાં યુવાનોની સંખ્યા વધુ હશે તે સમાજની જીવનપ્રણાલીને આધારે સાંસ્કૃતિક અને રાજકીય રીતે જાગૃતતા દેખાઈ આવતી હોય છે. યુવાનો માટે તત્વચિંતકોએ

(૧) અને (૨) પટેલ, અમીચંદભાઈ શા. - ''યોજના'', નવેમ્બર, ૨૦૦૧. પાના નં. ૨૦

અલગ અલગ વ્યાખ્યા આપી છે. જેમાં ડૉ. ગોરેના મંતવ્ય પ્રમાણે તો આપણે, ''જેમ આધુનિક ઔદ્યોગીક જટિલ એવા શહેરી સમાજો તરફ આવતાં જઈએ તેમ, એક વિશેષ સામાજીક વર્ગ તરીકે યુવાનોને મહત્વ અપાતું જાય છે.''[૧] ડૉ. બી.વી.શાહે પણ જણાવ્યું છે કે, ''યુવાનો પરિવર્તનના સંવાહકો જ નહી પરંતુ પરિવર્તનના સક્રિય સુત્રધારો પણ બની શકે છે.''[૨] પ્રો. માનીંગના શબ્દોમાં, ''યુવાનોનો અભ્યાસ કરીને આપણે એવા ખ્યાલો, માહિતી અને સિદ્ધાંતો તારવી શકીએ છીએ કે સમાજશાસ્ત્રના વિસ્તૃત હેતુ - સમાજને કાળજીપૂર્વક વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક ધોરણે સમજવાના પ્રયાસને અર્થપૂણ કરે છે.''[૩]

''સંસ્કૃતિની સુરક્ષા વીરતાની અપેક્ષા રાખે છે. જે મહદઅંશે યુવાનો પાસેથી મળે છે. જે રાષ્ટ્ર અને સમાજ પાસે વીરતાભર્યું યૌવન ધન હોય તેણે કયારેય ગુલામી વેઠવી પડતી નથી''. - સુભાષચંદ્ર બોઝ.[૪]

''યુવાન વર્તમાનની આશા છે અને રાષ્ટ્ર તથા વ્યક્તિ માટે ઉર્જાનો સ્રોત છે''. - ગાંધીજી.[૫]

આમ યુવાનો કોઈપણ સમાજ કે રાષ્ટ્રના સાચા શિલ્પી અને ક્રાંતિવીરો છે. જમાના સાથે જીવે તે યુવાન, (જુવાન) જમાનાથી પાછળ પડી જાય તે વૃદ્ધ, ખરા અર્થમાં કહીએ તો યુવાની એ તો મનની અવસ્થા છે. તેને ઉંમર સાથે કોઈ સંબંધ નથી. ફક્ત ૨૪ વર્ષની ઉંમરે વડાપ્રધાન બનનાર વિલીયમ પીટ, ૩૯ વર્ષની ઉંમરના કિર્તીમાન સ્વામી વિવેકાનંદ, ૪૦ વર્ષની ઉંમરે વડાપ્રધાન બનનાર રાજીવ ગાંધી, ૬૨ વર્ષની ઉંમરે દાંડીકૂચ અને ૭૩ વર્ષની ઉંમરે 'ક્વિટ ઇન્ડીયા'ની ચળવળ ચલાવનારા જુવાન ડોસા મહાત્મા ગાંધી જેની ચાલ યુવાનોને શરમાવે તેવી હતી.

રસ્કિન જેવા તત્ત્વચિંતક જણાવે છે કે ''જુવાનીનો એક પણ કલાક એવો નથી કે જેમાં કાંઈ ભાવિ ન હોય, એવી એકપણ પળ નથી કે જે એક વખત જાય તો ફરીથી ધારેલું કામ ન થઈ શકે !.''[૬] યુગોથી યુવાનો અત્યાચારો અને દુષણો સામે લડતાં આવ્યાં છે અને તેથી જ કોઈપણ

(૧) ***Gore M.S. in Desai A.R. (Edi.) Modernisation of Underdeveloped Society, Thacker & Co., Bombay. 1971. Page, 75*** (૨) ***Shah B. V. Social Changes and College Students of Gujarat, M.S. University, Baroda, 1964, Page-3*** (૩) ***Manning P. K. and Truzzi Marcello (Eds.) Youth and Society, Bentice - Hall, N.J. 1972, Page-383*** (૪), (૫) અને (૬) પટેલ, અમીચંદભાઈ શા. - ''યોજના'', નવેમ્બર, ૨૦૦૧. પાના નં. ૨૦

પ્રવૃત્તિ કે ક્રાંતિના ખરા મશાલચી અને શિલ્પી તો યુવાનો જ બને છે. આર્થિક, સામાજીક નવનિર્માણ માટે યુવાનો જ કાર્ય કરી શકે છે. વીસમી સદીમાં થયેલા વિશ્વયુદ્ધના કારણે વિશ્વમાં ઔદ્યોગીક ક્રાંતિ આવી અને આપણા દેશમાં અંગ્રેજ શાસન પ્રણાલીના હોવાના કારણે હિંદુ જનસમાજ પર સીધી અસર થઈ અને સામાજીક, રાજકીય રીતે જાગૃતતા દેખાવા લાગી જેના ફળસ્વરૂપે આઝાદીના જંગમાં યુવાનોની ભૂમિકા નોંધનીય બની રહી.

***'Youth is the season of hope and energy to a nation as well as an individual.'***

***- W.R. Wilium***[1]

યુવા વર્ગને મુખ્યત્વે નીચે મુજબના વિભાગોમાં વિભાજીત કરી શકાય છે.

શહેરી યુવા વર્ગ (શિક્ષીત અને અશિક્ષીત)

ગ્રામિણ યુવા વર્ગ (શિક્ષીત અને અશિક્ષીત)

આપણી સંસ્કૃતિમાં થઈ ગયેલા મહાન ઋષિઓએ ચાર આશ્રમની વ્યવસ્થા પ્રાચીન ભારતમાં કરેલી છે. તેમાંનો પહેલો આશ્રમ 'બ્રહ્મચર્યાશ્રમ' આશ્રમ છે. જેમાં પચ્ચીસ વર્ષ સુધી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીને અભ્યાસ કરવાની બાબતનો સમાવેશ થતો હતો. હિંદુ સંસ્કૃતિમાં આશ્રમ સ્થાપવા પાછળની વિવેકબુદ્ધિનો - ભાવનાનો ટી.વી.ના આગમને ભૂક્કો જ બોલાવી દીધો છે. આમતો યુવા વર્ગના અધઃપતન પાછળ ઘણા બધાં પરિબળો જવાબદાર છે, પરંતુ વિશ્વની વિવિધ સંસ્કૃતિઓની વિકૃત્તીનું ટી.વી.ના માધ્યમથી પ્રસારણ થતાં ટી.વી.નું માધ્યમ યુવાવર્ગના વિકાસમાં નુકશાનકારક પરિબળ તરીકે ઉપસી ગયેલ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણની ઘેલછામાં યુવાવર્ગ અધઃપતનના માર્ગે જઈ રહ્યો છે. મોટાભાગના યુવા સમુદાયને ખબર જ નથી કે માનવજીવન કેટલું અમૂલ્ય છે અને તેમાંય યુવાનીની કિંમત શું છે. હાલના સમયમાં હાઈસ્કૂલ કે કોલેજમાં મોટાભાગના વિદ્યાર્થીઓ માત્ર મોજમજા કરવા કે સમય વેડફવા માટેની પ્રવૃત્તિ જ તેમનું મુખ્ય ધ્યેય હોય એ રીતે સ્વચ્છંદી જીવન પસાર કરી રહ્યો છે. વિષય, વ્યસન અને વ્હેમ એ માનવજીવનના મોટામાં મોટા શત્રુ છે. યુવાનીમાં ઈન્દ્રિયોના બેફામ ઘોડાઓ

---

(૧) પટેલ, અમીચંદભાઈ શા. - ''યોજના'', નવેમ્બર, ૨૦૦૧ પાના નં. ૨૦

પર સવાર થઈ વૃત્તિઓની વિલાસીતામાં આજનો યુવાન રાચતો થઈ ગયો છે. કોલેજોમાં સ્વચ્છંદતા બેફામપણે વધી રહી છે અને શિક્ષકોમાં પણ ભણાવવા પાછળ નિરસતા પ્રગટતી જતી હોવાનું અનુભવાતું જાય છે. કારણ કે તે ભણાવે તો પણ કોને ભણાવે, વિદ્યાર્થીઓ વર્ગમાં હાજર રહે અને અભ્યાસમાં મન પરોવે તો ને...

વર્તમાનપત્રો અને વિજાણુ માધ્યમો - ***Electronic Media***માં આવતાં વિવિધ સમાચારોની ઝલક આપણે નિહાળી રહ્યા છીએ. આ બધી બાબતોના મુખ્ય કારણોમાં સમાજ રચના અને સામાજીક પરિવર્તન સાથે સંબંધિત કારણો, શિક્ષણ વ્યવસ્થા સાથે સંબંધિત કારણો, રાજકીય જીવન સાથે સંબંધિત કારણો, અર્થવ્યવસ્થા સંબંધિત કારણો અને મનોવૈજ્ઞાનિક કારણો મહદઅંશે જવાબદાર હોવાનું જણાઈ આવે છે.

એકવીસમી સદીના આગમને વ્યક્તિના સર્વાંગીણ વિકાસને એક અગત્યનું જીવનધ્યેય સ્વીકારેલ છે. આજનો યુગ હરિફાઈનો યુગ છે. યુવાનો પણ આમાંથી બાકાત નથી. હરિફાઈની પ્રક્રિયામાં ધ્યેય પ્રાપ્તિ સામે અવરોધ પેદા થતાં યુવાસમાજ અજંપાની લાગણી અનુભવે છે અને પ્રાપ્ત થયેલ નિસ્ફળતાને ઝડપથી સ્વીકારી લે છે. તેની આ અજંપાભરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે નક્કર કાર્યવાહીની અમલવારીની જરૂર છે. જે અમલવારી જે તે સમયની માંગ પ્રમાણે કરવામાં આવેલ છે. જેમાં કેટલીક બાબતોનો વિચાર કરવો જરૂરી બની રહે છે. સમસ્યા હોય એટલે તેનું સમાધાન પણ હોવાનું જ. દિશાહિન યુવાનોની સમસ્યાના ઉકેલ માટે સમગ્ર વિશ્વમાં નક્કર કાર્યવાહી થતી રહે છે. જેમ કે...

૧ યુવક સેવાઓ અને કલ્યાણ પ્રવૃત્તિઓ શરૂ કરવી.

૨ સામાજીક અને રાષ્ટ્રિય સેવાઓનું નિર્માણ કરવું.

૩ રાષ્ટ્રિય ચારિત્ર્યનું નિર્માણ કરવું.

૪ શિક્ષણ ક્ષેત્રે આગેવાનોની ઉદાસીનતા દુર કરવી

૫ યુવાનો વચ્ચે પરસ્પર સંવાદિતા સાધવી અને તેના વિકાસને રૂંધતા પરિબળોની અસરો ઘટાડવી.

ભારતના ભવ્યાતિભવ્ય વારસા ઉપર થયેલ આક્રમણને ખાળવા અને રક્ષા કરવા યુગપુરુષો, રાજકીય પુરુષો અને સમાજસુધારકોએ ખૂબ જ ભોગ આપ્યો અને સંઘર્ષ વેઠ્યો જેના ફળસ્વરૂપે આ દેશ આજના સમયમાં વિશ્વને એક નવી દિશા આપી રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલી સ્વયં શિસ્તની પ્રણાલી આ બાબતે અસરકારક બની રહી છે. કોઈપણ સંપ્રદાયમાં એક યા બીજી રીતે વિશ્વબંધુત્વ, સાદાઈ અને ભક્તિપૂર્ણ રીતે જીવન જીવવાની વાત જ કરી છે. કારણ કે દરેક સંપ્રદાય કે ધર્મના મૂળમાં રહેલું તત્ત્વજ્ઞાન સામાન્ય જનસમુદાય માટે સમજવું ખૂબ જ કઠીન છે. માટે સહુ ભક્તિને પ્રાધાન્ય આપે છે. ભારતીય સંસ્કૃતિના છેલ્લા છ થી સાત દાયકા દરમ્યાન થઈ ગયેલા સંતો જેવાં કે...

શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય, રામાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, કબીર, નાનક આ ઉપરાંત ભક્તોમાં તુલસીદાસ, માધવ, દાદુ, રૈદાસ, મીરાબાઈ, નરસિંહ મહેતા વગેરે ભક્તોના નામ ઘણાં જાણીતા છે. આ બધાએ તેમના સમયકાળમાં મુસ્લીમ શાસકો દ્વારા તેમના સલ્તનતયુગમાં જે વટાળ પ્રવૃત્તિની જેહાદ જગાવેલી તે સામે ચલાવેલાં ભક્તિઆંદોલનથી સૌને પોતપોતાના ધર્મમાં જોડી રાખ્યા હતા. આજે પણ સંસ્કૃતિના રક્ષક એવા યુવાનોનું સર્જન થઈ રહ્યું છે. કેટલાયે ધર્મપુરુષોએ આહ્‌લેક જગાવી છે.

આપણા દેશના રાજા રામમોહનરૉય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ન્યાયમૂર્તિ રાનડે, સ્વામી દયાનંદ સરસ્વતિ, સ્વામી વિવેકાનંદ જેવા અનેક સમાજ સુધારકોએ પણ આ બાબતે નક્કર કાર્યવાહી કરવાની પહેલ કરી હતી અને સામાજીક રૂઢિચુસ્તતા સામે જેહાદ જગાવી અને સમાજ સુધારણાની પ્રક્રિયામાં ખૂબ જ નોંધપાત્ર કામગીરી કરી હતી.

રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક ક્ષેત્રે યુવાનોની સશક્ત ભૂમિકા કેટલી ? કેવી ? અને ક્યા પ્રકારની હોવી જોઈએ, તેને લગતાં ઘણાં બધાં સંશોધનો થયા છે અને થતાં રહે છે. પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે ઘણી વિભુતિઓએ તેમની યુવાવસ્થા દરમ્યાન નોંધનીય કાર્ય કર્યું છે. છતાં આ કાર્ય ઉપર સંશોધનાત્મક અભ્યાસ બહુ જુજ થયા છે. માટે આ ક્ષેત્રે સામાજીક સંશોધન થવું જરૂરી લાગે છે.

દેશના આ યુવાધનને દિશા દર્શાવવાની આપણે વાત કરવી છે, 'સ્વામિનારાયણ સંપ્રદાયના યોગદાનની'. પ્રેમમાં બીજાની ભૂલને દફનાવવાની તાકાત છે. એ સિદ્ધાંતે સહજાનંદ સ્વામીએ સૌરાષ્ટ્રની ભૂમિ પર કાઠી, કોળી, કણબી, વાઘરી જેવી જ્ઞાતિઓમાં વિચરણ કરી તેમને સ્વધર્મેયુક્ત અને ધર્મપરાયણ જીવન જીવતા કર્યા. સમાજમાં લોકોને સુધારવા હશે તો સૌ પહેલાં આપણે સુધરવું પડશે. એવી વિચારધારા સાથે સહજાનંદસ્વામીએ સંતોને વિધવિધ પ્રકારના કઠિન નિયમોનું પાલન કરાવી તાલીમ (જીવન જીવતા કર્યા) આપી.

શ્રી સહજાનંદસ્વામીએ ઉદ્‌બોધિત ગ્રંથો જેવાં કે વચનામૃત, શિક્ષાપત્રી, સત્સંગીજીવન, ધર્મામૃત, હરિલીલા કલ્પતરૂ, વગેરેમાં તેમણે તેમની વિચારધારાને સામાન્યમાં સામાન્ય માણસ સમજી શકે તેવી ભાષામાં જનસમુદાય માટે મુકી દીધી. તેમાંપણ ખાસ કરીને શિક્ષાપત્રી રચીને તો માનવ સમાજ ઉપર અનેરી કરુણા જ વરસાવી દીધી. વ્યાવહારિક, સાંસારિક અને રાજકીય રીતે માણસે કઈ રીતે જીવવું જોઈએ તેના સચોટ વિધાનો જણાવતા ૨૧૨ શ્લોકમાં દરેકને સમજણ આપી દીધી. જેમાંનો એક શ્લોક...

''અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો જીણા એવાં જે ઝું, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.''[1] આમ માનવજીવનમાં અહિંસાનું સ્થાન કેટલી હદે અનિવાર્ય છે. તે વાતને સ્પષ્ટપણે સમજાવેલ છે. આજનો યુવા સમાજ ટી.વી.ના વૈચારિક આક્રમણને ખાળી શક્તો નથી અને તેની અજંપાભરી પરિસ્થિતિમાં તે ઉશ્કેરાટ અનુભવે છે. જેના કારણે તે નાની નાની બાબતોમાં માનસિક સંતુલન ખોઈ બેસે છે આ સંજોગોમાં તેને એક સધિયારાની જરૂર છે. જે સધિયારો ભગવાન શ્રી સ્વામિનારાયણ પછીની પરંપરામાં થયેલા સંતોએ એમના વારસાને યુવા વિકાસના કાર્યો સાથે જોડીને અમર રાખ્યો છે. સંપ્રદાયના સંતો માત્ર ઉપદેશ આપીને અટકી જતાં નથી પરંતુ સંપર્કમાં આવેલા યુવાનોની વ્યક્તિગત સમસ્યાઓમાં પોતાપણાની ભાવનાથી રસ લઈને પ્રેમપૂર્વક એ સમસ્યાઓના સમાધાન માટે પ્રયત્નો કરે છે. સદાચાર, શુદ્ધ વિચાર, સાદગી, વિષય વ્હેમ અને

(૧) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૮

વ્યસનનો ત્યાગ, સાથીદારો સાથે મૈત્રીભાવ, મોટા સાથે પૂજ્યભાવ અને નાના સાથે ભ્રાતૃભાવ, અપાર સહનશક્તિ, ક્ષમાભાવ એવા ગુણો લોકોમાં આવે તેમજ સમાજમાં શાંતિ અને બંધુત્વનું વાતાવરણ જળવાઈ રહે, વધુ સક્ષમ બને તે માટે સંપ્રદાયના સંતો અવિરત પ્રયત્નો કરે છે. તેને કારણે સંતોના યોગમાં આવેલ યુવાન દિશાહિન થઈને ભટકતો નથી. આત્મહત્યા કે વ્યસનનો આશરો લેવાના માર્ગે જવાના વિચારો તેના મનબુદ્ધિ સુધી પહોંચી શક્તા નથી કારણ આંખથી યોગ્ય જ જોવું, મનથી યોગ્ય જ વિચારવું, યોગ્ય જ આહાર લેવો, સારા મિત્રોનો સંગ રાખવો વગેરે નિયમોના પ્રવર્તન દ્વારા તેમણે યુવાનોને સંસ્કૃતિના રક્ષકો તરીકે તૈયાર કર્યા. આ લોકોના જીવનમાં પવિત્રતા સહજ વણાઈ ગઈ છે. વ્યસનોથી દુર રહે છે. વિજાતીય વ્યક્તિની સંપૂર્ણ મર્યાદા જાળવે છે. કોઈની સાથે ઝગડો થાય તો ક્ષમાભાવથી માફ કરે છે. અહમ્ અને ઈર્ષ્યાથી તેમના મન કયારેય ક્લુશિત થતા નથી અને આત્મીય બનીને સહજ સામેના પાત્રને સ્વીકારી લે છે.

સંપ્રદાયના સંતો સંચાલિત ગુરુકુળોમાં આજે પણ વિદ્યાર્થીઓ માઘસ્નાન, પૂજા, આરતી, થાળ, અંગ કસરતો, યોગ વગેરે આધ્યાત્મિક ક્રિયાઓ ખૂબ સારી રીતે કરે છે. જે ક્રિયાઓ વિદ્યાર્થીઓને અભ્યાસમાં એકાગ્રતા કેળવવામાં મદદરૂપ બને છે. જેના ફળસ્વરૂપે આ વિદ્યાર્થીઓ નિર્ભિક બની પરીક્ષાઓ આપે છે, તેમને ચોરી કરીને પાસ થવાની જરૂર જણાતી જ નથી. શાંતિ, સહઅસ્તિત્વ, સમતા, ઐક્ય અને ભ્રાતૃભાવના પાઠ શીખેલા આ યુવાનો સમાજમાં પણ તેમના ગુણોનો સહજ પ્રસાર કરવામાં આદર્શ પુરવાર થાય છે. અત્રે નોંધનીય બાબત એ છે કે સ્વામિનારાયણ સંપ્રદાયે માત્ર ગુજરાત કે ભારતમાં જ નહિ, વિશ્વના બીજા અનેક દેશોમાં સંસ્કાર સિંચનની આ પ્રક્રિયાને વેગ આપ્યો છે જેને કારણે વિદેશમાં વસતાં ભારતીય પરિવારો તેમજ તેના સંબંધમાં આવેલા વિદેશીકુળના પરિવારોમાં ભારતીય સંસ્કૃતિના સંસ્કારો વૃદ્ધિ પામ્યા છે અને વિકસતાં જોવા મળે છે. આમ સંપ્રદાયની સ્થાપનાથી માંડીને છેલ્લા બસ્સો વર્ષ થયા સંપ્રદાયે યુવાનોના અને એ રીતે સમાજના સાર્વત્રિક વિકાસમાં અત્યંત મહત્વની ભૂમિકા અદા કરી છે.

આમ સમગ્ર રીતે જોતા સ્વામિનારાયણ સંપ્રદાયના સંવાહકોએ સમાજજીવનના એક

મહત્વના અંગ શિક્ષણ દ્વારા સંસ્કાર સિંચન કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આથી મારા સંશોધનનો હેતુ પણ સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ કરવાનો છે.

-o-o-o-

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૧

## વિષય પ્રવેશ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો પરિચય તથા ઈતિહાસ


| | | |
|---|---|---|
| ૧.૧ | પ્રસ્તાવના | ૧૩ |
| ૧.૨ | મધ્યયુગના ભક્તિ આંદોલનો | ૧૪ |
| ૧.૩ | ભારતના જુદા જુદા સંપ્રદાયો | ૧૬ |
| ૧.૪ | સ્વામિનારાયણ સંપ્રદાયનો પરિચય અને ઈતિહાસ | ૧૮ |
| ૧.૫ | સ્વામિનારાયણ સંપ્રદાયની સમગ્ર સમાજ પર અસર | ૫૦ |
| ૧.૫.૧ | યુવાન એટલે શું ? વ્યાખ્યાઓ – અર્થ | ૫૩ |
| ૧.૫.૨ | સ્વામિનારાયણ સંપ્રદાયની યુવાનો પર અસર | ૫૭ |
| ૧.૬ | ઉપસંહાર | ૫૯ |

**૧.૧ પ્રસ્તાવના :**

દેશ, રાજ્ય, સમુદાય કે વ્યક્તિના વિકાસનો કે પડતીનો કંઇક અંશે આધાર પ્રવર્તમાન સમાજવ્યવસ્થા પર રહેલો છે. કોઈપણ વ્યવસ્થામાં પરિવર્તન એ સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે. કોઈપણ સમાજવ્યવસ્થામાં પ્રવર્તમાન મૂલ્યોમાં થતા ફેરફારો એ સામાજીક પરિવર્તન છે. સામાજીક સંબંધો સતત પરિવર્તન પામતા હોવાથી સમાજમાં પણ પરિવર્તન આવે છે. સમાજવ્યવસ્થાના રચનાતંત્રમાં ફેરફાર થાય છે. આ પરિવર્તન સ્વયંજનિત તેમજ આયોજીત પ્રક્રિયાના ભાગરૂપે હોય છે. ડૉન માર્ટિન્ડેલના મત પ્રમાણે, ''પરંપરાગત સમાજનુ આધુનિકરણ થતાં જે સામાજીક પરિવર્તન આવે છે તેનું મૂળ આંતરિક તેમજ બાહ્ય પરિબળોમાં રહેલું હોય છે.''[૧]

આપણી સમાજવ્યવસ્થામાં આયોજીત સામાજીક પરિવર્તનની વિશેષ અસર જોવા મળે છે. માનવી, સમુદાય, સંસ્થા કે સંપ્રદાય હેતુપૂર્વક આયોજન કરીને સમાજ રચનામાં ફેરફાર લાવે છે. ભારતીય સમાજ રચનાના સંદર્ભમાં ધાર્મિક સંસ્થાઓએ સમાજવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આપણા દેશમાં જુદા જુદા સમયે અનેક વિભૂતિઓએ સમાજવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. જેમણે સામૂહિક ઉત્થાન શક્ય બનાવ્યું. આ વિભૂતિઓએ નૈતિકતા અને આચરણના શુદ્ધિકરણ પર ભાર મૂક્યો અને તેને ધર્મ સાથે જોડયા. જેના ફળસ્વરૂપ જૈન, બોદ્ધ, આર્યસમાજ, વૈષ્ણવ અને સ્વામિનારાયણ જેવા સંપ્રદાય કે ધાર્મિક સંસ્થાની સ્થાપના શક્ય બની. આથી કહી શકાય કે ધર્મના આચરણમાંથી સંપ્રદાયની સ્થાપના થાય છે. જે લોકોને આચરણનો માર્ગ બતાવે છે. સંપ્રદાય લોકોમાં સ્વયંશિસ્તની ભાવનાઓને પુષ્ટ કરે છે. જેના વડે કોઈ સિદ્ધાંત ધર્મમાં રૂપાંતર પામે છે.

સમાજશાસ્ત્રીઓ, મહાનવિભૂતિઓ અને મહાન તત્વચિંતકોની દષ્ટિએ ધર્મ અને સંપ્રદાયની વ્યાખ્યા - સમજૂતિ આપણે મેળવીએ. સાધુ ટી.એલ. વાસવાણીના મતે, ''ધર્મ એ સંપ્રદાય નથી, ક્રિયાકાંડ નથી, શાસ્ત્રમાંથી મંત્રોચ્ચાર નથી, ધર્મ એ જીવન છે અને જીવન એ યજ્ઞ છે.''[૨]

---

(૧) ગોરે,દેસાઈ અને કામર - ''શિક્ષણનું સમાજશાસ્ત્ર'', આર.આર.શેઠની કંપની. ૧૯૭૫. પાના નં. ૫૨.
(૨) ડૉ. વોરા, ધૈર્યબાળા પી. - ''જ્યોર્જ સિમેલ'', યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.૧૯૮૦. પાના નં. ૧૫

આમ ચોક્કસ વિચારધારાને ધર્મ સાથે જોડવાથી સંપ્રદાયની સ્થાપના થાય છે. શ્રી એમ.એન. શ્રીનિવાસ જણાવે છે કે, ''प्रत्येक संप्रदाय अनेक छोटे छोटे पंथ के विलयन से बना है। ईस तरह शीव संप्रदाय हडप्पा के लींग तथा पशुपति पंथो, वेदो के रुद्र तथा शीव पंथो तथा भारत के विभिन्न भागो में वेद-परवर्ती काल में प्रचलित शीव पंथो के विलयन का प्रतिनिधित्व करता है। प्रत्येक संप्रदाय की तुलना एक विशाल नदी से की जा शकती है। जिस में अनेक छोटी छोटी नदियाँ आकर मिलती है। और जो देश के विभिन्न भागों में विभिन्न नामो से जानी जाती है।''[१] સંપ્રદાય એટલે ''ગુરુની પરંપરાથી ચાલતાં આવેલા ગુરુઓના ઉપદેશવાળી વ્યક્તિઓનો સમુહ, સંપ્રદાય એ શબ્દ માત્ર રૂઢ કે માત્ર યૌગિક નથી પણ મિશ્ર છે. એક અગર અનેક અસાધારણ મૂળભૂત વ્યક્તિઓથી ઉતરી આવતો જ્ઞાન, આચાર કે ઉભયનો વિશિષ્ટ વારસો તે સંપ્રદાય.''[૨] આમ ધર્મ અને સંપ્રદાયનો તફાવત સ્પષ્ટ થયા પછી આપણે ભારતમાં ધર્મ પ્રવર્તન અને સંપ્રદાયોની સ્થાપનાનો કાળ એટલે મધ્યયુગના ભક્તિ આંદોલનનો ખ્યાલ મેળવીશું. આના સંદર્ભમાં કાકાસાહેબ કાલેલકર નોંધે છે કે, ''સામાજિક દોષો દૂર કરવાની જવાબદારી ઋષિમુનિઓ અને સાધુસંતોની છે. જ્યારે જ્યારે આ સુધારણાનું કામ શિથિલ પડ્યું છે ત્યારે ત્યારે સમાજ ક્ષીણપ્રાણ થયો છે, સમાજને જાગૃત કરવો પડ્યો છે.''[૩]

સમાજશાસ્ત્રીય રીતે ''અનેક માનવીય સંબંધો ધાર્મિક તત્વો ધરાવે છે. આવા ધાર્મિક અંશો ધરાવતા માનવીય સંબંધો ધર્મમાં પરિણમે છે.''[૪] આ કારણોસર ધર્મ દ્વારા થતાં પરિવર્તનની અસર સમાજ પર ઝડપથી અને વિશેષ જોવા મળે છે. આવા ઝડપી અને સામુદાયિક પરિવર્તનોનું હંમેશા સમાજશાસ્ત્રીય સંશોધનોમાં મહત્વ રહ્યું છે.

### ૧.૨ મધ્યયુગના ભક્તિ આંદોલનો :

ભારતીય ઈતિહાસનો મધ્યયુગ ઈસુની ૮મી થી ૧૮મી સદીનો ગણવામાં આવે છે. આ

(૧) एम. एन. श्रीनिवास, कोटेड बाय : जैन, शशी के. - ''भारतीय समाज का अध्ययन'', रिसर्च पब्लिकेशन, जयपुर. १९८८. पृष्ठ - २२८ (૨) કાલેલકર કાકાસાહેબ – ''કાલેલકર ગ્રંથાવલી'', ગ્રંથાવલી પબ્લિકેશન સમિતિ, અમદાવાદ – ૧૯૮૫ પાના નં. ૩૧. (૩) કાલેલકર કાકાસાહેબ – ''કાલેલકર ગ્રંથાવલી'', ગ્રંથાવલી પબ્લિકેશન સમિતિ, અમદાવાદ – ૧૯૮૫ પાના નં. ૩૪ (૪) ઈશા કુન્દનિકા – ''ઝરૂખે દીવા'', નવભારત સાહિત્યમંદિર, અમદાવાદ. પાના નં. ૭

સમય દરમ્યાન પ્રાંતિય સત્તાનું વર્ચસ્વ વધ્યુ હતું. કેન્દ્રિય સત્તા અને પ્રાંતિય સત્તા વચ્ચે સંઘર્ષ થતો રહેતો હતો. મધ્યયુગના ચાર વિભાગો ઈતિહાસકારોએ પાડેલા છે.

૧. રાજપુત યુગ (ઈ.સ. ૮મી થી ૧૨મી સદી)

૨. સલ્તનત યુગ (ઈ.સ. ૧૩મી થી ૧૫મી સદી)

૩. મુગલ યુગ (ઈ.સ. ૧૬મી થી ૧૭મી સદી)

૪. મરાઠા યુગ (ઈ.સ. ૧૮મી સદી)

મધ્યયુગના આ તમામ તબક્કામાં જુદા-જુદા પ્રાંતમાં જુદા-જુદા સંતોએ ભક્તિમાર્ગનો વિકાસ કરવામાં મહત્વનું પ્રદાન કર્યું.

| | | |
|---|---|---|
| ૧. | આચાર્ય શંકારાચાર્ય | (ઈ.સ. ૭૧૦ ) |
| ૧. | આચાર્ય રામાનુજ | (ઈ.સ. ૧૦૧૭ થી ૧૧૩૭) |
| ૨. | બસવેશ્વર | (ઈ.સ. ૧૧૨૫ થી ૧૧૬૭) |
| ૩. | આચાર્ય નિમ્બાર્કાચાર્ય | (ઈ.સ. ૧૦૨૫ થી ૧૧૭૦) |
| ૪. | આચાર્ય માધવાચાર્ય | (ઈ.સ. ૧૧૯૯ થી ૧૨૭૮) |
| ૫. | સ્વામી રામાનંદ | (ઈ.સ. ૧૨૯૯ થી ૧૪૧૧) |
| ૬. | સંત કબીર | (ઈ.સ. ૧૩૯૮ થી ૧૫૧૮) |
| ૭. | ગુરુ નાનક | (ઈ.સ. ૧૪૬૯ થી ૧૫૩૯) |
| ૮. | વલ્લભાચાર્યજી | (ઈ.સ. ૧૪૭૯ થી ૧૫૩૧) |
| ૯. | ચૈતન્ય મહાપ્રભુજી | (ઈ.સ. ૧૪૮૬ થી ૧૫૩૩) |
| ૧૦. | સહજાનંદસ્વામી | (ઈ.સ. ૧૭૮૧ થી ૧૮૩૦) |

જેવી અનેક વિભૂતિઓએ ભક્તિઆંદોલનને વેગવંતુ બનાવ્યું. આ મહાપુરૂષોએ નાતજાત કે ઊંચનીચ જેવા તમામ પ્રકારના ભેદભાવ ભૂલીને પ્રાણીમાત્રની એકતા પર ભાર મૂક્યો. આચરણશુદ્ધિ અને આહારશુદ્ધિને મહત્વ અપાયું. અહિંસા અને સદાચારનો બોધ આપ્યો. આ ભક્તિઆંદોલનની દૂરગામી અસરો સમાજજીવન પર જોવા મળે છે. ઊંચનીચના ભેદભાવ ભૂલાતાં

નિમ્નસ્તરની જાતિઓની ઉન્નતિ થઇ. જેને કારણે પ્રગતિશીલ વિચારો માટેનું વાતાવરણ પ્રસ્થાપિત થતું ગયું. આ આંદોલને ભારતમાં વસતી વૈવિધ્ય ધરાવતી પ્રજાને એક કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો. આમ ૧૮મી સદી દરમ્યાન ભારતમાં થયેલી ધાર્મિક અને સામાજિક સુધારણાના માર્ગદર્શક અને પ્રોત્સાહક પરિબળ તરીકે ભક્તિઆંદોલનનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો હતો. આ આંદોલને પ્રાંતિય ભાષાઓના વિકાસમાં પણ મહત્વનો ભાગ ભજવ્યો. આમ મધ્યયુગીય ભક્તિઆંદોલન એ જનસાધારાણનું આંદોલન બની રહ્યું. આ આંદોલન અનેક સંપ્રદાયોની સ્થાપનાનું નિમિત્ત પણ બન્યુ હતું. હવેની ચર્ચામાં આપણે વિવિધ સંપ્રદાયોનો પરિચય મેળવીશું.

**૧.૩ ભારતના જુદા જુદા સંપ્રદાયો :**

આપણે આગળ ચર્ચા કરી તે પ્રમાણે મધ્યયુગીય ભક્તિઆંદોલનનું ભારતના ઈતિહાસમાં ઘણું જ મહત્વ છે. આંદોલનને પ્રવર્તાવનાર સંતો, મહાપુરૂષો જ સંપ્રદાયના સર્જનમાં નિર્ણાયક પરિબળ હોય છે. આ સંપ્રદાયોનું વલણ સુધારાવાદી ચળવળ જેવુ રહ્યું છે. હિંદુ ધર્મના ઈતિહાસમાં ઘણી વખત જોવા મળ્યું છે કે ધર્મ સ્થગિત અને જીર્ણ થઇ ગયેલ હોય તેવા સંજોગોમાં સંપ્રદાય પ્રગતિનું સાધન બને છે અને આ પરિવર્તન માટે પ્રોત્સાહક બને છે. આ ઉક્તિ યથાર્થ હોય તેમ આદ્ય શંકરાચાર્યે શૈવ સંપ્રદાયને પુષ્ટિ આપતાં શાસ્ત્રો અને સિદ્ધાંતો પ્રર્વતાવ્યા. વલ્લભાચાર્યજી તથા ચૈતન્ય મહાપ્રભુએ વૈષ્ણવ સંપ્રદાયની સ્થાપના કરી અને કૃષ્ણભક્તિનો માર્ગ પ્રવર્તાવ્યો. ગુરુ નાનકદેવે ધર્મ સાથે સુરક્ષાને જોડી શીખ ધર્મની સ્થાપના કરી. આ ઉપરાંત પ્રાચીન યુગમાં પણ મહાવીરસ્વામીએ જૈન ધર્મને અહિંસા અને સદાચારના પાયા પર સ્થિર બનાવ્યો. જૈન ધર્મના તપ અને કઠોર સાધનાને બદલે ભક્તિનો મધ્યમ માર્ગ ગૌતમ બુદ્ધે અપનાવી બૌદ્ધ ધર્મની સ્થાપના કરી. આમ પ્રાચીનયુગ તેમજ મધ્યયુગમાં હિંદુધર્મમાં અનેક સંપ્રદાયોની સ્થાપનામાં અનેક ધર્મ સુધારકોએ નિમિત્ત બની સમાજજીવનના પુનરુત્થાન માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા.

મધ્યયુગના અંતભાગમાં જ્યારે મરાઠાયુગનો અસ્ત થયો અને અંગ્રેજયુગનો ઉદય થતો હતો તેવા સંક્રાંતિકાળમાં પણ રાજા રામમોહનરાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી, તેઓએ

હિંદુધર્મ અને ખ્રિસ્તી ધર્મ બન્નેની પદ્ધતિ અપનાવીને બન્ને ધર્મને નજીક લાવવા ઈચ્છતા હતા પરંતુ આ બન્ને ધર્મનો મેળ તેલ અને પાણી જેવો જ રહ્યો કારણ કે હિંદુધર્મમાં રહેલ જ્ઞાતિપ્રથા અને ઉપાસનાનો ત્યાગ કરવાથી બ્રહ્મોસમાજનું મહત્વ ઘટ્યું હતું. બ્રહ્મસમાજમાં જોડાયેલ હિંદુધર્મથી અલગ તરી આવ્યા. બ્રહ્મોસમાજની સ્થાપના બાદ તોંતેર વર્ષબાદ ઈ.સ. ૧૯૦૧માં થયેલ મોજણીમાં સમગ્ર ભારતમાં તેમના સભ્યોની સંખ્યા માત્ર ૪૦૫૦ની હતી. પાછળથી કેશવચંદ્ર સેને ભક્તિનું તત્વ ઉમેરી વૈષ્ણવીય ઢબના કિર્તનો શરૂ કર્યા. તેમ છતાં આ ચળવળ સામાન્ય જનસમુદાયની આંતર ચેતનાને જગાડવામાં નિષ્ફળ રહી. લોકસમાજ ઉપર તેની અસર નહીવત્ રહી. મહાદેવ ગોવિંદ રાનડે તથા આર.જી. ભંડારકર જેવા નેતાઓએ ૧૮૬૭માં પ્રાર્થનાસમાજની સ્થાપના કરી. પ્રાર્થના સમાજે હિંદુધર્મ સાથે નાતો તોડી ન નાખ્યો, જલદ માર્ગ ન અપનાવ્યો, પ્રાર્થના સમાજના સભ્યો હિંદુધર્મની વિધિઓને અનુસરતા પરંતુ તે એક નિત્યકર્મ તરીકે, નહી કે ધાર્મિક મહત્વથી. આમ બ્રહ્મોસમાજ અને પ્રાર્થના સમાજનું કાર્યક્ષેત્ર સામાજિક સુધારણાની ચળવળ જેવું જ રહ્યું. બ્રહ્મોસમાજ અને પ્રાર્થના સમાજના સ્થાપકો પાશ્ચાત્ય ધર્મ - સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા હોવાથી તેમજ અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરેલ હોવાના કારણે તેઓને હિંદુધર્મ અને સંસ્કૃતિ માટે લઘુતાગ્રંથી હતી. જેના કારણે તેમના દ્વારા ચલાવાયેલ ચળવળે ધર્મનું આલંબન લીધેલું ન હોવાથી તે જનસમાજને સ્પર્શી શક્યું નહી. મહર્ષિ દયાનંદ દ્વારા ઈ.સ. ૧૮૭૫માં સ્થપાયેલ આર્યસમાજ સ્વાભિમાન અને દેશભક્તિના રંગે રંગાયેલી સંસ્થા હતી. વેદોના આધારે હિંદુધર્મનું પુનરુત્થાન શરૂ કર્યું. જન્મ આધારિત જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો. ભારતને વિશુદ્ધ ધર્મ સમાજવ્યવસ્થા માટે યુરોપ પાસે જવાની જરૂર નથી. વેદોમાંથી આ બધું મળી શકે તેમ છે તેમ કહી તેમણે હિંદુઓની લઘુતાગ્રંથી દૂર કરી, રાષ્ટ્રભક્તિ વધારી. આ આંદોલન પશ્ચિમના પ્રભાવથી મુક્ત રહ્યું. ઈ.સ. ૧૯૦૭ના ઈમ્પીરીયલ ગેઝેટમાં જણાવ્યા મુજબ ૧૯૦૧ની વસતી ગણતરી મુજબ આર્યસમાજના અનુયાયીઓની સંખ્યા ૯૨,૦૦૦ની હતી, તે માંહેના ૯૮ % તો પંજાબ અને ઉત્તર પ્રદેશના હતા. આમ આ ચળવળ મુખ્યત્વે ઉત્તરભારતમાં રહી. ભારતના અન્ય રાજ્યોમાં તેનો પ્રભાવ નહીવત રહ્યો.

૧૮૭૫માં અમેરિકામાં મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઓલકોટે થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના કરી. આ સંસ્થાના સિદ્ધાંતો હિંદુ તત્વજ્ઞાનથી ઘણાં નજીક હતા. ભારતમાં આ સંસ્થાના પ્રચારક એની બિસેન્ટ હતા. પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ નીચે હિંદુઓમાં લઘુતાગ્રંથી હતી તેને દૂર કરવામાં આ સંસ્થાનો મહત્વનો ફાળો રહ્યો છે. પરંતુ આ સંસ્થાનો પ્રભાવ પણ મર્યાદિત રહ્યો. ભારતનો ખૂણેખૂણો આ સંસ્થાથી માહિતગાર પણ ન થયો. રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે ઈ.સ. ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. આ સંસ્થાના દેશ-વિદેશમાં કેન્દ્રો શરૂ થયાં છે. આ સંસ્થા દ્વારા સમાજના દરેક વર્ગને ઉપયોગી થાય તેવા સાહિત્યનું સર્જન થાય છે. કોઈપણ કુદરતી આફતો જેવી કે ભૂકંપ, પૂરહોનારત, વાવાઝોડાની પરિસ્થિતિઓમાં આ સંસ્થાની રાહત પ્રવૃત્તિ બેનમૂન હોય છે. રામકૃષ્ણ મિશન દ્વારા યુવાનોને વ્યસનમુક્તિનો ઉપદેશ આપી સન્માર્ગે વાળે છે. આમ આ સંસ્થાના કાર્ય સમાજજીવનના દરેક વર્ગના લોકોને સ્પર્શે છે. આમ સાંપ્રદાયિક અને ધાર્મિક સંસ્થાઓના સંવાહકો દ્વારા ભારતમાં સુધારાવાદી ચળવળને વેગ મળ્યો. આ બધી સંસ્થાઓએ ભારતના પુનરુત્થાનમાં મહત્વનો ભાગ ભજવ્યો.

આમ એક તરફ મરાઠાઓની સત્તાનો અસ્ત થયો અને પાશ્ચાત્ય સત્તા અને સંસ્કૃતિનો ઉદય થઈ  રહ્યો હતો, તે સમયે ઉપર વર્ણવેલી બધી ચળવળો પરદેશી ધર્મ અને સંસ્કૃતિના આક્રમણ સામે જવાબરૂપે અથવા તો કેટલીક ચળવળો તેની પ્રતિક્રિયારૂપે ઉદ્‌ભવેલી હતી. આ બધી ચળવળ અને સંગઠનના મૂળ દેશની પ્રજાના આંતરમાનસ સુધી ગયા ન હતા. સામાન્ય જનસમૂહને વિશિષ્ટ ભાત પાડતી અને પાશ્ચાત્ય શિક્ષણ અને ધર્મના પ્રભાવથી મુક્ત એવી સુધારાવાદી ચળવળ સહજાનંદસ્વામીએ  ગુજરાતમાં ચલાવેલી તે વિષે આપણે વિગતે પરિચય મેળવીએ.

**૧.૪  સ્વામિનારાયણ સંપ્રદાયનો પરિચય અને ઈતિહાસ :**

માનવીનું વ્યક્તિગત અને સામાજિક જીવન ધર્મ અને સંસ્કૃતિ દ્વારા ઘડાય છે. સંસ્કૃતિના વિકાસની સાથે સામાન્ય રીતે ધર્મના નૈતિક અને આધ્યાત્મિક ખ્યાલોનો વિકાસ થાય છે. તો બીજી તરફ ધર્મ એ સંસ્કૃતિને ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે. ધર્મ અને સંપ્રદાય વચ્ચે

તાત્ત્વિક ભેદ છે. ધર્મના સિદ્ધાંત અને વ્યવહાર માર્ગોને જોડી એક સુમેળભરી સુસંવાદી જીવન વ્યવસ્થા સ્થાપવામાં આવે છે ત્યારે તેને સંપ્રદાય કહેવામાં આવે છે. હિંદુધર્મના ઈતિહાસમાં ઘણી વખત જોવા મળ્યું છે કે પ્રવર્તમાન હિંદુધર્મ સ્થગિત અને જીર્ણ થઈ ગયો હોય ત્યારે સંપ્રદાય પ્રગતિ અને વિકાસનું પગથિયું બન્યો હોય. સંપ્રદાયની અસર વ્યક્તિ તેમજ સમાજના જીવન ઉપર બહુ ગાઢ રહી છે. સમાજ જીવનને સંપ્રદાયો જ ઘડતા આવ્યા છે. સંપ્રદાયના સર્જનનું નિર્ણાયક બળ સ્વાભાવિક રીતે જ એના સંસ્થાપક – આધ્યાત્મિક ગુરુ હોય છે, જે ઉપદેશ આપે છે અને શાસ્ત્રોનું સર્જન કરી સમજાવે છે. સમગ્ર ઈતિહાસમાં આ વણલખ્યો નિયમ વારંવાર આવા સંપ્રદાયના સંસ્થાપકોમાં જોવા મળે છે. આ પ્રકારના સંપ્રદાયોનું વલણ સુધારાવાદી ચળવળ જેવું રહ્યું છે. આવી જ એક સુધારાવાદી ચળવળ ૧૯મી સદીમાં સહજાનંદસ્વામીએ ગુજરાતમાં ચલાવેલી જે અદ્યાપિ પર્યંત ચાલુ છે અને વિશાળ વટવૃક્ષની જેમ ફૂલીફાલી રહી છે.

ભારતીય સંસ્કૃતિને વિશ્વની સૌથી પુરાતન સંસ્કૃતિ તરીકે ઈતિહાસકારોએ ઓળખાવી છે અને એના પુરાતત્વ પ્રમાણો પણ વખતોવખત મળતાં રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિના શાશ્વત અસ્તિત્વનું મૂળભૂત રહસ્ય એ છે કે સંસ્કૃતિના રક્ષણ માટે યુગે યુગે ભારતભૂમિ પર ભગવાનના અવતાર પ્રગટ થાય છે. યુગે યુગે આસુરી વૃત્તિ દૈવી સંસ્કૃતિ પર આક્રમણ કરે છે અને આવા સમયે સંસ્કૃતિને રક્ષવા ભગવાન અવતાર ધારણ કરે છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીનતમ સંસ્કૃતિ માનવામાં આવે છે. સનાતન મૂલ્યોની આ સંસ્કૃતિ છે. એટલે જ સ્વયં ભગવાન જ તેના સર્જક છે, ભગવાન જ પોષક છે અને ભગવાન જ તેના રક્ષક છે. ભગવાનની અનુભૂતિ નિરંતર દિવ્ય પરિબળો દ્વારા થતી રહી છે. જેમાં મુખ્યત્વે ભગવાનના દિવ્ય સંદેશ અને તેમના લીલા ચરિત્રોને વહાવતાં સનાતન શાસ્ત્રો, ભગવાનની દિવ્ય ઉપાસનાનું ધામ એટલે કે મંદિર અને આ બધાના સંવાહકો સમાન વિભૂતિ સ્વરૂપ સંતો. આ પરિબળો ભારતીય સંસ્કૃતિને નિરંતર ધારી રહ્યા છે. આ પરિબળોના માધ્યમથી જ સંસ્કૃત્તિ આજે પણ જીવંત જોવા મળે છે.

આ સંસ્કૃતિના વિનાશ માટે આસુરી વૃત્તિઓ ધરાવતાં અસુરોએ અદ્યાપિ પર્યંત પ્રહારો કર્યે રાખ્યા છે. તેમ છતાં સંસ્કૃતિના આધાર સ્તંભ સમા મંદિરો, શાસ્ત્રો અને સંતોના માધ્યમથી

સંસ્કૃતિ હંમેશા સુરક્ષિતતા અનુભવી રહી છે. આ ત્રણેનો આધાર પારમેશ્વરી શક્તિ એટલે કે ભગવાન છે અને ભગવાન શાશ્વત છે તેથી આ સંસ્કૃતિ પણ શાશ્વત છે. હિંદુસ્તાનનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે અનેક યુગોથી આ ભૂમિને તહસનહસ કરવા માટે આસુરી સંપદાએ ખૂબ જ આક્રમણો કર્યા છે. તેમ છતાં પારમેશ્વરી શક્તિએ નિરંતર આ ભૂમિને રક્ષી છે. સંસ્કારોની ઈમારતો બાંધવી, તેનું જતન કરવું અને તેનું સંવર્ધન કરવું એ કાર્ય શ્રદ્ધા અને અસ્મિતાથી જ થઈ શકે છે. આ વાતની પ્રતિતિ કરાવતાં આર્નોલ્ડ ટોયન્બી લખે છે કે 'મેસોપોટેમિયન, સુમેરિયન, અસિરિયન, બેબીલોયિન, રોમન, ઈજિપ્શીયન વગેરે ઓગણીસ જેટલી સંસ્કૃતિઓ આજે કાળગ્રસ્ત છે.' તેવી જ રીતે વીલ ડ્યુરાં કહે છે કે 'ગમે તેટલો ભૌતિક વિકાસ થયો હોય પણ આધ્યાત્મિક - સાંસ્કૃતિક વિકાસ ન થયો હોય તો તે પૂર્ણ માનવ કહેવાય નહિ.' એરીસ્ટોટલ પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે કે, 'માણસમાં ધર્મ અર્થાત્ સંસ્કાર ન હોય તો તે પશુથી નીચો છે.'[૧] આજસુધીમાં થઈ ગયેલાં અવતારયુગ જેવાં કે રામાવતાર, નરસિંહાવતાર, વામનઅવતાર, કૃષ્ણાવતાર વગેરે વગેરે. ભગવાને સમયાંતરે અસુરોનો નાશ કરવા માટે ભારતભૂમિને પોતાની કર્મભૂમિ બનાવી છે. અદ્યાપિ પર્યંત થઈ ગયેલા અવતારોએ મુખ્યત્વે આસુરી શક્તિનો નાશ કરી દૈવી શક્તિને રક્ષણ આપવાનું કાર્ય કર્યું છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણ અર્થાત સહજાનંદસ્વામીએ પૃથ્વી પર અવતાર ધારણ કરીને માનવમાં રહેલી આસુરી વૃત્તિઓનો નાશ કરીને તેને દૈવી શક્તિમાં પરિવર્તીત કરવા માટેની કલ્યાણ યોજના સત્સંગ પ્રથાથી શરૂ કરી.

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદસ્વામીનો જન્મ ઈ.સ. ૦૩-૦૪-૧૭૮૧માં ઉત્તરપ્રદેશના ફૈજાબાદ જિલ્લાના છપૈયા ગામે થયો હતો.[૨] જેમનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. તેમની બાળવયમાં તેમના સ્વભાવની કેટલીક ખાસિયતોના ઉલ્લેખો ગ્રંથોમાં છે. જેમ કે, બાળસહજ સ્થૂળ રમતોના બદલે વ્રત-નિયમો પાળવા, દેવ-દર્શને જવું, કથા સાંભળવી વગેરેમાં તેમની વિશેષ અભિરૂચિ હતી. તેમના સ્વભાવનું મુખ્ય લક્ષણ હતુ તપ અને ત્યાગ પ્રત્યેનો તેમનો

(૧) સાધુ વિવેકસાગરદાસ - ''સંસ્કૃતિના આધારસ્તંભો : શાસ્ત્ર, મંદિર, સાધુ'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૫. પાના નં. ૧૩ (૨) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૨૨.

લગાવ. માતા-પિતાના અવસાન બાદ માત્ર ૧૧ વર્ષની કુમળી વયે સરયુ સ્નાન નિમિત્તે ઘરેથી નીકળ્યા, તે પછી ક્યારેય ઘરે પાછા ફર્યા ન હતા અને ગૃહત્યાગ કરી વર્ણીવેશ ધારણ કરી સતત ૧૧ વર્ષ સુધી ભારતના જુદા-જુદા રાજ્યોમાં તીર્થાટન કર્યું. આ વિચરણ દરમ્યાન તેમની મૂર્તિમાં અને મધુરવાણીમાં લોકો ખેંચાઇ મોહવશ થઇ જતાં હતાં. તેઓ ભાવિકોને ઉપદેશ કરી સંસાર-સાગર તરવાનો ઉપાય બતાવતા. મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનના બંધન છોડાવતા. ભાવિકો તેમના માટે ફળફૂલ કે રસોઇની સામગ્રી લાવે તે પહેલાં ઠાકોરજીને ધરાવીને પછી જ પોતે ગ્રહણ કરે. આમ તેમણે એક આદર્શ સમાજ માટે પૂરો પાડ્યો કે આપણને જે કાંઈપણ પ્રાપ્ય છે તે ભગવાનની કૃપાએ કરીને છે. માટે તે ખાદ્યાન પદાર્થો કે ચીજવસ્તુઓ ઠાકોરજીને અંગીકાર કરાવીને પછી જ ઉપયોગમાં લેવાય. તેઓ આટલી નાની ઉંમરે પણ રસોઇ પાત્રમાં ભેગી કરી તેમાં પાણી ઉમેરીને જમતાં. આમ તેઓ સ્વાદેન્દ્રિયના પોષણ માટે જમતા ન હતા પરંતુ ઉદરપોષણ માટે જમતા હતા અને પોતે નિજાનંદમાં જ મસ્ત રહેતા હતા. વિચરણ દરમ્યાન બરેલીપુરમાં નિલકંઠવર્ણીનો માર્ગ રોકીને પનિહારીઓએ તેમને પૂછયું, ''બ્રહ્મચારી ! તમે ચોમાસાના આવા દિવસોમાં ઘરેથી નીકળી ગયા તો મા-બાપથી રીસાયા છો કે ભાભીના મહેણાંથી કાયર બની ગયા છો ?'' પનિહારીના આ શબ્દોનો પ્રતિભાવ આપતાં તેઓ જણાવે છે કે, ''જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યેની ભક્તિ ન હોય તે જ રિસાય કે કાયર થઇને ઘરનો ત્યાગ કરે, અમે તો અનંત જીવોના કલ્યાણ કરવા જ ગૃહત્યાગ કર્યો છે.''[1]

તપોવનમાં ઘણાં ઋષિઓ શ્રી હરિની પ્રસન્નતા માટે તપ કરતા હતા. નીલકંઠવર્ણી ને જોઇને તેઓ કહેવા લાગ્યા, ''હે વર્ણીરાજ ! આપ અહીં પધાર્યા અને અમને કૃતાર્થ કરી દીધા, આપના સ્વરૂપના આકર્ષણથી અમારા ચિત્તની વૃત્તિ આપના સન્મુખ થઇ ગઇ !'' ઋષિઓના ભાવથી પ્રસન્ન થઇને તેમણે કહ્યું, ''જેવી રીતે તમે મારું ચિંતવન કરો છો તે જ પ્રમાણે હું તમારું ચિંતવન કરતો કરતો હું અહીં તમને દર્શન દેવા આવ્યો છું. અનેક યુગના તમારા તપથી તમારા ઉપર પ્રસન્ન થઇ તમારું આત્યંતિક કલ્યાણ કરવા અને જગતમાં એકાંતિક ધર્મની સ્થાપના કરવા હું આ સમયે

(૧) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૧૦.

પ્રગટ થયો છું.'' તેમને ધરાવવામાં આવેલ પ્રસાદ તેમણે બાલમુકુંદને ધરાવ્યા બાદ પોતે થોડી ગ્રહણ કરી. મુનિઓએ આશંકિત થઈ વર્ણીને પૂછયું, ''તમે જ સ્વયં ભગવાન છો તો પછી આ બાલમુકુંદની પ્રતિમાને પૂજવાનો શો અર્થ છે ?''

વર્ણીએ પ્રત્યુતર પાઠવતાં જણાવ્યું કે, ''ભગવાન જ્યારે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે તે સ્વરૂપમાં, મૂળ અજ્ઞાનથી આવૃત થયેલા મનુષ્યો મોહ પામે છે. તેથી ભગવાને પ્રતિમાને પોતાનું સ્વરૂપ બનાવી મંદિરોમાં તેની પ્રતિષ્ઠા કરી. તેથી સામાન્યજનોને પણ તે પ્રતિમામાં ભાવ થાય. પ્રભુ તો પૃથ્વી ઉપર આવી પાછા અંતર્ધાન થઈ જાય છે પરંતુ પ્રતિમા અચળ રહે છે. તેથી પ્રભુ પણ મનુષ્ય સ્વરૂપ ધારી, તે પ્રતિમાના સ્વરૂપમાં મનુષ્યોને ભગવાનના સાક્ષાત્ પ્રગટસ્વરૂપનો ભાવ આવે તે માટે તે પ્રતિમાને સેવે છે. તેમાં જે જ્ઞાની છે તેને તે યોગ્ય લાગે છે.''[૧]

બદરીનાથના મંદિરે પંજાબના રાજા રણજીતસિંહ દર્શને પધારે છે ત્યારે તેમને નીલકંઠવર્ણીના દર્શન થાય છે. તે સમયે નીલકંઠવર્ણીએ તેમના તરફ જોયું અને એ દિવ્ય દૃષ્ટિના પ્રભાવે રાજા રણજીતસિંહ નિજ મંદિરમાં જવાને બદલે વર્ણી તરફ ચાલ્યા અને સ્તુતિ કરતાં કહ્યું, ''હું આપને છોડીશ નહિ. કરોડો જનનો ઉદ્ધાર કરવા આપ પ્રગટ્યા છો તો હવે આપ છોડશો નહિ.'' વર્ણીએ રાજાનો અંગ સજાવટ જોયો જેમાં તેમને રાગ દેખાયો, તેમણે રાજાને કહ્યું, ''અમે તો ભક્તાધિન છીએ, તમે ભક્ત થાઓ તો આધીન થઈએ. પણ અમે જોગી ને તમે ભોગી, બન્નેનો સ્વભાવ કેમ મળે ? અને સ્વભાવ મળ્યા સિવાય અંતર પણ ફરે નહિ...' [૨]

વંશીપુરના મહારાજાએ વર્ણીને જ્યારે જોયા ત્યારે તેની મુમુક્ષુતાને કારણે પૂર્વનું જ્ઞાન ઉદય થાય છે અને તેમણે પ્રભુને ઓળખી લીધા, 'નારાયણ આ સ્વરૂપે આજે મારું કલ્યાણ કરવા આવ્યા છે.' એવી એને પ્રતિતી થઈ. વર્ણીને પોતાની સાથે રાજમહેલમાં લાવે છે. રાજા અને રાણીના પૂર્વના અતિ બલિષ્ઠ સંસ્કારના યોગથી જ નિલકંઠવર્ણી તેમના મહેલમાં રહ્યા. એક દિવસ રાણીએ નિલકંઠવર્ણી પાસે આવીને કહ્યું, '' બ્રહ્મચારીજી ! આ રાજ્ય તમને સોંપવું છે. આ બન્ને

---

(૧) અને (૨) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૧૪-૧૧૫ અને પાના નં. ૧૩૨.

કુંવરીઓનું પણ તમારી સાથે લગ્ન કરવું છે, માટે હવે વનમાં જઈ તપ કરવાની માથાકુટ મુકી દ્યો.'' વર્ણી તેમની વાત સાંભળી હસ્યા અને કહ્યું, ''માતા ! મારા તપની અવધિ તો પશ્ચિમમાં આવશે, અહીં તો તમારા તપના ફળસ્વરૂપે હું આવ્યો છું, તમારા અતિ મોટાં ભાગ્ય છે.'' પછી બોલ્યા, ''હજુ તો વનમાં ફરવું છે અને તમારાં જેવા મહાભાગ્યવાન મુમુક્ષોઓના કલ્યાણ કરવા છે.'' રાણીનો વર્ણી ઉપરનો પ્રેમ મોહમાં પરિણમ્યો હતો તેથી તે વર્ણીને વિવિધ ડરાવણી વાતો કરી મહેલમાં રોકવાનો પ્રયાસ કરતા હતા. પરંતુ વર્ણીએ કહ્યું, ''મા ! વનની કે વનમાં રહેનારા પ્રાણીઓની કે ટાઢ તડકાની મને એટલી બીક નથી લાગતી જેટલી બીક મને સ્ત્રીની લાગે છે. સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં પણ ક્યાંય કોઈને છોડતો નથી. હું તો પરાત્પર પુરુષોત્તમ છું, આ સ્ત્રીના ડંસની બીક બતાવવા, તેની મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા, પ્રકૃત્તિના અતૂટ બંધનને તોડી મારા દિવ્ય અક્ષરધામનું સુખ મારા ભક્તોને આપવા હું પ્રગટ થયો છું. તમારાં રાજ્યમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા હું નથી આવ્યો. પરંતુ તમને મારા પ્રત્યે હેત થયું છે, મારી ભાવપૂર્વક તમે સૌએ સેવા કરી છે તેથી તમને અભય કરી પરમપદ જે મારું અક્ષરધામ તે આપવા જ હું અહીં આવ્યો છું.''[1]

નીલકંઠવર્ણી વંશીપુરથી નીકળી પુલહાશ્રમના માર્ગે આગળ જતાં હોય છે ત્યારે ત્યાં તેમને હિમગિરિ મળે છે. અને મહારાજ તેમને પુલહાશ્રમનો માર્ગ પૂછે છે. જવાબમાં હિમગિરિ કહે છે કે, ''મહારાજ ! આ બન્ને પર્વત વચ્ચેથી જે પ્રવાહ આવે છે તેમાં થઈને જ એ માર્ગે આગળ જવાશે. પરંતુ એ માર્ગ વિકટ છે. તેમાં ઝેરી સર્પો, કરચલા, કાચબા અને માછલીઓ છે. વળી, કિનારે કિનારે મગરો પણ મીટ માંડીને બેઠા જ હોય છે માટે આપ એ રસ્તે ન જશો.'' વર્ણી જણાવે છે કે, ''જીવજંતુઓની તો અમને બીક નથી. અમારે તો પુલહાશ્રમ પહોંચવાનું લક્ષ્ય છે.'' જવાબ સાંભળી હિમગિરિએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો. વર્ણી નિઃશ્વાસનું કારણ પૂછે છે. હિમગિરિ જણાવે છે કે , ''પ્રભુ ! આપ અકારણ આવું કષ્ટ ફક્ત જીવોના કલ્યાણને માટે વેઠો છો. પરંતુ પૃથ્વીના જીવો આપનો આ ઉદ્દેશ્ય નહિ સમજી શકે, આપને નહિ ઓળખી શકે. આગળના

(૧) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૪૦-૧૪૧.

સર્વ અવતારોને પણ કોઈએ ઓળખ્યા ન હતા.'' હિમગિરિની વાતનું કારણ સમજી વર્ણી જવાબ આપે છે કે, ''તમે નિશ્ચિંત રહો, આગળ જે જે અવતારો આવ્યા હતા તેમની પાસે જીવનું કારણશરીર ભેદવાનું સાધન નહોતું. હું મારા અનાદિ અક્ષરધામને સાથે લઈને જ પ્રગટ થયો છું. તે અક્ષરબ્રહ્મ જીવોના કારણ શરીરને ભેદી નાખશે અને મારા પરમ સત્યસ્વરૂપની મુમુક્ષુ જીવોને ઓળખાણ કરાવશે. જાણે-અજાણે પણ જે જે જીવો અમારા સંબંધમાં આવશે તે આત્યંતિક કલ્યાણના અધિકારી બની જ જશે.''[1]

વન વિચરણમાં વર્ણીની યાત્રા આગળ વધતી જ જાય છે ત્યાર બાદ મુક્તિનાથથી નાથથી નીકળી નેપાળના ગીચ જંગલ વિસ્તારમાંથી પસાર થતાં હતાં આ સમયે તેમને મોહનદાસ નામે એક સાધુ મળે છે. મોહનદાસની સાથે વાત કરતાં તેમને મોહનદાસ જણાવે છે કે, '' બ્રહ્મચારીજી ! હું હિમાલયની તળેટીમાં જતાં માર્ગ ભૂલ્યો છું. પણ આપ આવા ભયંકર અને નિર્જન વનમાં આ કિશોરવયમાં શા સારું નીકળી પડ્યા છો !'' વર્ણીએ પ્રત્યુતર આપતાં કહ્યું, ''હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.'' ત્યારબાદ મોહનદાસ વર્ણી સાથે પ્રવાસમાં આગળ વધતાં જાય છે. મોહનદાસ શુદ્ધ હૃદયનો સાધુ હતો, તેના અંતરમાં જગતની કોઈ કામનાઓ ન હતી, છતાં જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાતુ પણ ખરું. તે વર્ણીની સાથે સાથે ચાલે છે અને વર્ણીના દર્શન કરતા યાત્રા કરે છે. વર્ણી સાથે કોઈની ભેટ આપેલ પાણીની સુંદર કઠારી હતી. આ કઠારી મેળવવાની ઈચ્છા ન હતી પરંતુ તે કઠારી તુટી ન જાય તે માટેના તેને સતત સંકલ્પો થવા લાગ્યા અને વર્ણીના દર્શન કરવાના બદલે તે કઠારીનું ચિંતવન કરે અને તેને જ જોયા કરે. માર્ગમાં એક નદી આવી આ નદીમાં પથ્થરો શેવાળથી ચીકણા થઈ ગયેલા તે જોઈને મોહનદાસે વર્ણીને કહ્યું,'' જો જો બ્રહ્મચારીજી ! સંભાળીને ચાલજો, પથરા ઉપર લીલ જામી ગઈ છે એટલે પગ મૂકતાં લપસશો તો પડશો અને આ કઠારી તૂટી જશે.'' અને નદી પસાર કર્યા પછી તે કઠારીને વર્ણીએ પથ્થર સાથે અથડાવીને તોડી નાખી. તેનું કારણ સમજાવતાં વર્ણી કહે છે કે, ''કઠારી તોડી નાખી કારણ કે તમે કઠારીને જ જોયા કરતા હતા પણ મારા તરફ જોતા ન હતા. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને

(૧) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૫૦-૧૫૧.

બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?''

ત્યાર બાદ મોહનદાસ અને વર્ણી છુટા પડે છે તે સમયે વર્ણીએ મોહનદાસને કહ્યું, ''તમે હવે અહીં જ કોઈ તીર્થસ્થાન જોઈ રહી જાઓ. થોડા સમયમાં તમને મારો યોગ પશ્ચિમમાં થશે અને તમારું કલ્યાણ થશે.'' રામાનંદસ્વામીના સ્વધામગમન બાદ રામાનંદસ્વામીએ દર્શન આપી વર્ણીના સ્વરૂપની ઓળખાણ આપી. અને સહજાનંદસ્વામીએ મોહનદાસને દીક્ષા આપી વ્રજાનંદસ્વામી નામ આપ્યું.[૧]

બુટોલનગરના ધર્મપ્રેમી રાજા મહાદત્તના રાજ્યમાં વર્ણી પધારે છે અને વર્ણીના દર્શન થતાં વર્ણી સાથે સમાગમ કરે છે અને પૂછે છે, ''મહારાજ ! ગઈ કાલ સુધી આપ અહીં ન હતા એટલે મે પૂછયું, આપનું શરીર જોતાં તપની અવધિ દેખાય છે, આપના મુખની કાંતિ આકર્ષક છે. આપ આ બીજા વૈરાગીઓ કરતાં જુદા જ દેખાઓ છો.'' હસતાં હસતાં જવાબ આપતાં નીલકંઠ વર્ણી કહે છે કે, ''રાજન્ ! સમાગમ કરશો એટલે વૈરાગીની અને રાગીની ખબર પડશે. જગતમાં સાચો વૈરાગ તો ભગવાન સિવાય બીજો રાગ ન હોય તે જ છે. લોકોના અંતરમાં ભગવાનનો રાગ પ્રગટાવવા જ મે વૈરાગ ગ્રહણ કર્યો છે.''

રાજા વર્ણીને પોતાના મહેલમાં સંતો માટે તૈયાર કરાવેલા બંગલામાં નિવાસ કરવા પ્રાર્થના કરે છે. ત્યારે મહારાજ જણાવે છે કે, ''જેને ભગવાનનો આશ્રય હોય, તેને બંગલાનો આશ્રય ખપતો નથી.'' આ વાત સાંભળી રાજા મહાદત્ત તેમના હૈયાની વેદના વ્યક્ત કરતાં જણાવે છે કે, ''મહારાજ ! આ બંગલાઓ મેં સંતો માટે જ રાખ્યા છે. અત્યાર સુધી ઘણાં સંતો અહીં આવ્યા અને ગયા. મેં તેમની પ્રેમથી સેવા પણ કરી. પરંતુ મારા અંતરમાં ઊઠતા જગતના પંચવિષયના રાગ એ સેવાથી શમ્યા નહિ. આજે આપના દર્શનથી હું અપાર શાંતિ અનુભવું છું.'' આમ વિચરણ દરમ્યાન મુમુક્ષુઓને પોતાના દર્શન સમાગમથી ભગવાનની સાચી ઓળખાણ કરાવી.[૨]

આ વિચરણ દરમ્યાના કાઠમંડુમાં પધારે છે. નેપાળના રાજા પૃથ્વીનારાયણ શાહના પૌત્ર

---

(૧) અને (૨) દવે, હર્ષદરાય ટી. – ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ – ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૬૦-૧૬૨ અને પાના નં. ૧૭૪.

રણબહાદુરને અસાધ્ય દર્દ થયું હતું. દર્દના નિવારણ માટે નીલકંઠવર્ણી તેમના ગામમાં જાય છે. ત્યારે રાજાએ તેમના રોગની વિતક કહેતાં જણાવે છે કે, ''મારો રોગ અસાધ્ય છે, પરંતુ ભેખમાં ભગવાન હોય છે તેમ જાણીને હું અહીં જે સાધુ આવે છે તેમનું યોગ્ય સન્માન કરી મારા અસાધ્ય રોગનો ઉપાય પૂછુ છું. પરંતુ હજુ સુધી કોઈ મારો રોગ મટાડી શકયું નથી,એટલે એમને સૌને દંભી સાધુ જાણી હું કેદખાનામાં પૂરી દઉં છું.'' નીલકંઠ વર્ણીને રણબહાદુર ઉપર દયા ઉપજી કારણ તેનો અસાધ્ય મંદવાડ નહીં પરંતુ અસાધ્ય પ્રકૃત્તિ માટે કારણકે તેણે નિર્દોષ સાધુઓને પોતાનો ઉપચાર ન કરી શકવાને કારણે બંદી ખાને કેદ કરેલ હતા અને કેદ કરતો હતો. નીલકંઠ વર્ણીએ તેને કહ્યું, ''રાજન્ ! પૂર્વકર્મના સંબંધે તમારું જે પ્રારબ્ધ બંધાયુ છે, તે કોઈ મંત્ર-તંત્ર જાણનાર કે કોઈ કીમિયાગર મટાડી શકે તેમ નથી. ઈશ્વરના કરેલા નિયમોનું ઉલ્લંઘન કોઈથી થઈ શક્તું નથી. માટે જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધનું કર્મ સમજીને પરમાત્માની પ્રાર્થના કરતાં કરતાં ધીરજથી સહન કરવું. પરંતુ આવી મનસ્વી રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી, ઊલટું કર્મના નવા બંધનો તમે બાંધો છો.'' વર્ણીની વાત સાંભળી તેનું અંતઃકરણ નરમ થયું અને દર્દ નિવારણ માટે પ્રાર્થના કરી. વર્ણીને તેનું કલ્યાણ કરવું હતું અને નિરાપરાધી સાધુઓને મુક્ત કરાવવા હતા આથી વર્ણીએ હાથમાં જળની અંજલિ લઈ રાજાને તે જળ ભગવાનની પ્રસાદિના ભાવથી સ્વીકારી પીવડાવ્યું. રાજા શ્રદ્ધાપૂર્વક તે જળ પી જાય છે. વર્ણીના સંકલ્પે રાજાનો મંદવાડ જાય દૂર થાય છે. રાજાએ વર્ણીને કહ્યું, ''આપ તો મને નવજીવન આપવા પધાર્યા છો. આપે જે ઉપકાર કર્યો છે તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. છતાં આપની કાંઈક સેવા કરવાની મને ઈચ્છા રહે છે. આપ કાંઈક માગો.'' ત્યારે વર્ણી તેમને જણાવે છે કે, ''આ લોકની કોઈ વસ્તુ તમે અમને આપશો તો તે અમને ઉપયોગની નથી. છતાં જો તમારે સેવા કરીને સંતોષ માનવો હોય, તો બંદીખાને પૂરેલા સાધુઓને મુક્ત કરી દ્યો. અમારે એટલું જ માગવું છે.'' અને રાજાએ તમામ સાધુઓને બંદીખાનેથી મુક્ત કર્યા.

આ તીર્થાટન દરમ્યાન સીરપુરથી સિદ્ધો સાથે કામાક્ષી દેવીના મંદિર પાસેના ગામ નજીક

(૧) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૭૮-૧૭૯.

આવી પહોંચ્યા. ત્યાં પિબેક નામે કોઈ વામપંથી બ્રાહ્મણ મલિન ઉપાસનામાં રત રહેતો. પોતાની મલિન સિદ્ધિઓના મદમાં આવીને તેણે બધા સિદ્ધોને પોતાના શિષ્યો બનવા અથવા મૃત્યુ માટે તૈયાર રહેવા જણાવ્યું. સિદ્ધો ડરીને તાબે થવા તૈયાર થઈ ગયા ત્યારે નીલકંઠે તેમને વાર્યા અને આવા અતિ શુદ્ર તથા દુરાચારીથી ભય ન પામવા જણાવ્યું. તેમણે પહેલાં પોતાને શિષ્ય બનાવવા પિબેકને કહ્યું. પિબેકે નીલકંઠ પર કરેલા તમામ અભિચારો નિષ્ફળ ગયા. આખરે નીલકંઠના પ્રભાવથી મલિન ઉપાસના છોડીને પિબેક સાચે માર્ગે વળ્યો. ત્યારબાદ નવલખા પર્વત થઈ, બાલવા કુંડ નામે તીર્થમાં જઈને ગંગાસાગર પહોંચ્યા. ત્યાંથી કપિલાશ્રમ થઈ જગન્નાથ પુરી પહોંચ્યા. આ પ્રસિદ્ધ ઐતિહાસિક તીર્થસ્થાન હોવાથી અનેક પ્રકારના સાધુઓ, ખાખી બાવાઓ, વેરાગીની જમાતો વગેરે રહેતા હતા. તે માંહેના ઘણા માંસ, મદિરા, મૈથુન, મંત્ર-તંત્ર વગેરેમાં માનનારા તો કેટલાંક હથિયારો ધારણ કરનારા ઝનૂની ટોળાં હતાં. તેઓ ધર્મનું જે વિકૃત ચિત્ર ઉપસાવતા હતા તેની સામે કિશોરવયના નીલકંઠ પોતાના ત્યાગ અને શીલના કારણે લોકોના આદરને પાત્ર બન્યા. ત્યાંથી તેઓ દક્ષિણ તરફ ગયા. આદિકૂર્મ, માનસા, વેંકટાચળ, શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રી રંગમ્, રામેશ્વરમ, સુંદરરાજ થઈ કન્યાકુમારી પહોંચ્યા, ત્યાંથી વળતાં પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ થઈ મલયાચલમાં દર્શન કરીને કિષ્કિંધા થઈને પંપા સરોવર આવ્યા. ત્યાંથી પંઢરપુર, દંડકારણ્ય થઈને નાસિક પહોંચ્યા. તાપી તથા નર્મદાની યાત્રા કરી ભાલમાં થઈ, ગોપનાથ મહાદેવ ક્ષેત્રે ગયા. ગુપ્તપ્રયાગ, લોઢવા થઈને સૌરાષ્ટ્રમાં માંગરોળ પહોંચ્યા, છેલ્લે માંગરોળ નજીક લોજ ગામે રામાનંદસ્વામીના સાધુનો મેળાપ થતાં તીર્થાટનની સમાપ્તિ થઈ. આમ સમગ્ર વિચરણમાં તેઓએ ઉત્તરે હિમાલયની ગિરિકંદરાઓ અને દક્ષિણમાં રામેશ્વરમ અને કન્યાકુમારીની મુલાકાત લીધી તો પૂર્વમાં આસામ (કામરૂપ)થી માંડીને પશ્ચિમમાં દ્વારિકા તીર્થની પણ મુલાકાત લીધી. છપૈયા ગામમાં બાલ્ય અવસ્થામાં તેના સખાઓ સાથે વૃક્ષ ઉપર ચઢીને પશ્ચિમ દિશા તરફ નજર રાખીને તેઓએ જણાવેલ કે પશ્ચિમ દિશામાં મુમુક્ષુઓ મારી રાહ જુએ છે. પશ્ચિમ દિશામાં મુમુક્ષુઓ છે તે જાણી ત્યાં જ વાસ કરવા છપૈયાથી નીકળ્યા હતાં છતાં સમગ્ર ભારત, ભારતીય તીર્થો, સંતો, મઠાધિપતિઓને નિહાળવા, તેમની નીતિ-રીતિ જાણવા, તેમાંથી જો કોઈ

સંસ્કારી મુમુક્ષુ મળી જાય તો તેનું કલ્યાણ કરવા નીલકંઠ વર્ણીએ વિચરણ કર્યું. આ સમગ્ર વિચરણ દરમ્યાન અનેક લોકો તેમના યોગમાં આવ્યા. સમાજમાં પ્રવર્તેલ વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો અને પારંપરિક ખોટી માન્યતાઓનો ખ્યાલ મેળવ્યો. આમ તેઓશ્રીએ તેમના કઠિન વિચરણથી તત્કાલીન સમાજજીવનમાં પરિવર્તન કેટલું જરૂરી છે અને કેવી રીતે લાવી શકાય તેની ઝાંખી મેળવી. આથી કહી શકાય કે નીલકંઠવર્ણીનું વન વિચરણ એ સમાજશાસ્ત્રીય રીતે પોતીકું મહત્વ ધરાવે છે. ઉદ્ધવ સંપ્રદાયના વડા રામાનંદસ્વામીને મળે છે અને પછી તેઓ ત્યાં જ રહે છે.

રામાનંદસ્વામી નીલકંઠવર્ણીને સં. ૧૮૫૭માં કાર્તિકસુદ ૧૧ને તા. ૨૮-૧૦-૧૮૦૦ના શુભદિને દિક્ષા આપે છે અને સહજાનંદસ્વામી તરીકે નામાભિધાન કરે છે.[૧] દિક્ષા આપ્યા બાદ રામાનંદસ્વામી અંદાજે એક વર્ષ સુધી સહજાનંદસ્વામીને પોતાની સાથે રાખે છે. સંપ્રદાયના આચાર્યપદ માટે જરૂરી ગુણો સહજાનંદસ્વામીમાં નિહાળી સંપ્રદાયની ધૂરા તેમને સોંપવાનું વિચાર્યું. સહજાનંદસ્વામીની ઈચ્છા ન હોવા છતાં રામાનંદસ્વામી તેમને આચાર્યપદ સોંપવાનું નક્કી કરે છે. એનું સ્પષ્ટીકરણ કરતાં તેઓ સહજાનંદસ્વામીને જણાવે છે કે, ''આ પદ માટે તમારાથી વધુ કોઈ લાયક હું જોતો નથી. તમે આચાર્ય બનવાને કારણે અનેક સ્ત્રી-પુરૂષોના સંસર્ગમાં આવવા છતાં લોપાઓ તેવા નથી.''[૨] ગુરુની આગ્રહપૂર્વકની આજ્ઞા આખરે સહજાનંદસ્વામીએ સ્વીકારી લીધી અને જેતપુર મુકામે સં. ૧૮૫૮ની કાર્તિકસુદી ૧૧ ને તા. ૧૬-૧૧-૧૮૦૧ના રોજ તેમને ગાદીવારસ તરીકે નિયુક્ત કરે છે.[૩] ત્યારબાદ એક માસ બાદ તા. ૧૭-૧૨-૦૧ના રોજ રામાનંદસ્વામીનો દેહ વિલય થાય છે.[૪]

તેમના નેતૃત્વ સામે પડકાર પણ થયેલ હતો. તેમાં અમદાવાદ ખાતે રહેતા રઘુનાથદાસ નામે સાધુ હતાં. તેઓએ સહજાનંદસ્વામીનું આચાર્યપદ સ્વીકાર્યું નહી અને પંદરેક સાધુઓ સાથે છૂટા પડ્યા. તેમણે અમદાવાદ તથા ભૂજમાં સહજાનંદસ્વામીનો વિરોધ ચાલુ રાખ્યો હતો. સહજાનંદસ્વામી નિયમ-ધર્મના ખૂબ આગ્રહી હતા. તેઓએ ધર્મધૂરા સંભાળી તે સમયે ભાઈઓ

---

(૧), (૨), (૩) અને (૪) દવે, હર્ષદરાય ટી. - ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ - ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૩૪૮, પાના નં. ૩૭૧, પાના નં. ૩૮૬ અને પાના નં. ૩૮૭.

અને બહેનોની સભા સાથે મળતી પરતું તેમણે આ વ્યવસ્થાનો વિરોધ કર્યો અને ભાઈઓ તથા બહેનોની સભા નોખી કરવાની વાત વહેતી મૂકી. આ બાબતથી રામાનંદસ્વામીના ગુરુ આત્માનંદસ્વામીની બે શિષ્યા વાલબાઈ અને હરબાઈ, જે જ્ઞાની અને સુંદર વક્તા પણ હતાં. તેમને આ બાબત ખૂંચી, તેમનો અહમ્ ઘવાયો. જેના પરિણામે તેમણે પણ સહજાનંદસ્વામીનો વિરોધ કર્યો. પરંતુ આ લોકો પાસે કોઈ ચોક્કસ વિચારધારા કે સમુદાય ન હોવાના કારણે કાળના પ્રવાહ સામે ટકી શક્યા ન હતા.

રામાનંદસ્વામીના અનુયાયી વર્ગમાં 'રામકૃષ્ણ ગોવિંદ'ની ધૂન પ્રચલિત હતી. રામાનંદસ્વામી પણ આ ધૂન ગવડાવતાં હતાં. તો કોઈ 'નારાયણ.. નારાયણ...' મંત્રનું નામસ્મરણ કરતા હતા. રામાનંદસ્વામીના દેહોત્સર્ગ બાદ ઉત્તરક્રિયા નિમિત્તે તેમનો અનુયાયી વર્ગ ખૂબ જ બહોળી સંખ્યામાં ઉપસ્થિત થયેલ. આ સમયે મોટાભાગના અનુયાયીઓએ પ્રથમ વખત જ નવનિયુક્ત આચાર્યને નિહાળેલ. રામાનંદસ્વામીના દેહવિલયથી ઉપસ્થિત શોકગ્રસ્ત બનેલ અનુયાયી વર્ગને સહજાનંદસ્વામીએ પહેલાં ધીરજ બંધાવી સમજપૂર્વક શોક છોડવા કહ્યું અને સભામાં પહેલી જ વાર 'સ્વામિનારાયણ' મંત્રનો ઉદ્ઘોષ કરી, ધૂન બોલાવી અને આ નવો જ મંત્ર સૌને આપ્યો. આમ કરવા પાછળનો ઉદ્દેશ્ય ઉપાસના પદ્ધતિ અને મંત્રમાં એકસૂત્રતા લાવવાનો હતો. આ મંત્રનું હાર્દ સમજાવતાં તેઓએ જણાવેલ કે જેમ રાધા-કૃષ્ણ, સીતા-રામ, નર-નારાયણ એ યુગલ ઉપાસના છે તે ભક્ત સહિત ભગવાનની ઉપાસનાનો નિર્દેશ કરે છે, તેમ 'સ્વામિનારાયણ' એ પણ યુગલ ઉપાસનાનો નિર્દેશ કરે છે. જેવી રીતે રાધા ભક્ત અને કૃષ્ણ ભગવાન, સીતા ભક્ત તો રામ ભગવાન, નર એટલે અર્જુન અને નારાયણ એટલે ભગવાન, તેવી જ રીતે 'સ્વામિનારાયણ' એ પણ ભક્ત સહિત ભગવાનની ઉપાસનાનો નિર્દેશ કરે છે. ભક્ત સહિત ભગવાનની ઉપાસનાના આ સિદ્ધાંતને શાસ્ત્રોના મતાનુસાર વિશિષ્ટાદ્વૈતનો સિદ્ધાંત કહે છે. આ સિદ્ધાંત પ્રમાણે ભગવાનનું સ્વરૂપ સમજવા માટે ભગવાનને યોગ્ય રીતે સમજનાર ભક્ત જોઈએ. આ વાતનો ઉલ્લેખ તેઓએ સંપ્રદાયના પાયાના ગ્રંથ 'વચનામૃત'માં કરેલ છે. ભગવાનના જેટલું જ ભક્તનું મહત્વ છે. આજ ગ્રંથમાં તેઓએ જણાવેલ છે કે, ''આ જીવ જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ પ્રાપ્ત કરે છે, ત્યારે

ભગવાન અને ભગવાનના સંત જરૂર વિચરતા હોય છે, તેનો જ્યારે જીવને મેળાપ થાય છે ત્યારે તેના ભાગ્યનો પાર રહેતો નથી.''[1]

સત્સંગના સંવર્ધનના કાર્યની સાથે સાથે તેમણે સામાજિક મુસીબતોને પણ ઓછી કરવા માટે અથાગ મહેનત કરી હતી. તેમણે રામાનંદસ્વામીના વખતથી ચાલી આવતી સદાવ્રતની પ્રવૃત્તિ ચાલુ રાખી જેના કારણે સાધુઓનો લોકસંપર્ક જીવંત રહેતો હતો. વાવ, કુવા, તળાવ વગેરે ખોદાવી લોકોપયોગી કાર્યો કર્યા. હિંદુ ધર્મમાં આ પ્રકારના સેવાકાર્યોનું એક અદકેરું મહત્વ છે. તે સમયમાં પાણીના સંગ્રહની સુવિધાઓ અપૂરતી હતી. જેના કારણે પ્રજાને હાડમારી પણ ભોગવવી પડતી હતી. કામકાજ દરમ્યાન સૌ સાથે મળીને કામ કરે, સ્ત્રી-પુરૂષો ભજન-કિર્તન ગાય અને કામ કરતાં જાય, તેમજ નવરાશના સમયમાં કથાવાર્તાનો અખાડો પણ ચાલે. ઘણાં પ્રસંગોએ સહજાનંદસ્વામીએ પણ સૌ હરિભક્તો સાથે પથ્થર ઉપાડવાની, માટી ઉપાડવાની વગેરે સેવા પણ કરી હતી.

તેમણે પોતાની સાધના માનવસમૂદાયથી દૂર એકાંતમાં કરવાના બદલે સમાજના વિવિધ સ્તરે પડેલાં અબૂધ, અજ્ઞાન, અસ્વચ્છ, અસલામત, વહેમી અને વ્યસનમાં ડૂબેલા તથા વિવિધ મતો, પંથો, વૈરાગીઓ અને આચાર્યોની વચ્ચે અટવાતાં લોકોના જીવનધોરણ સુધારવા કરી હતી. નવો મત સ્થાપનારે શાસ્ત્રોના પ્રમાણભૂત આધારો સાથે તેનું પ્રમાણ આપવું પડે છે. સહજાનંદસ્વામીએ સંપ્રદાયના પ્રવર્તનનું કાર્ય શરૂ કર્યું ત્યારે વિદ્યમાન વિદ્વાનો, ધર્માચાર્યો, મતવાદીઓએ તેમની સામે અનેક પ્રકારના પડકાર ઊભા કરી શાસ્ત્રાર્થ માટે આહ્વાન આપતા હતા. આ સમયે સંપ્રદાયના વડીલ સંતો મારફત શાસ્ત્રાર્થ કરી સંપ્રદાયના ઉદ્દેશો, આધારો, પાયાના સિદ્ધાંતો વગેરે દ્વારા તેમણે પ્રવર્તાવેલ સિદ્ધાંતો શાસ્ત્રપ્રમાણભૂત છે તેવું પૂરવાર કરેલ જેના ફળસ્વરૂપ તેમના માટેનો આદર વધતો જતો હતો. ઘણાં સમયે તો એવું પણ બનેલ કે પડકાર ફેંકનાર તેમના શિષ્ય પણ બની ગયેલ.

જેમને નહાવા કે ગાળીને પાણી પીવાની ખબર ન હતી. જેમને મન ધર્મ એટલે દોરા, ધાગાં

(૧) સદ્. મુક્તાનંદસ્વામી, સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી અને સદ્.સુખાનંદસ્વામી''વચનામૃત'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૬. પાના નં. ૧૨૩

કે મંત્ર-તંત્રથી વિશેષ કંઇ ન હતું. આવા પ્રકારની આંતર-બાહ્ય અશુદ્ધિ ધરાવનાર લોકોને 'માણસ' બનાવવાનું ધ્યેય હતું. તેમણે હંમેશા ઉપદેશની વાતો લોકબોલીમાં કરીને સામાન્ય સ્તરના માણસોને પણ વાસ્તવિકતાથી વાકેફ કર્યા હતાં. સહજાનંદસ્વામીએ શરૂ કરેલ સત્સંગ પદ્ધતિના કારણે વિના ઉપદેશે પણ કેવું પરિવર્તન થાય છે તેનો એક રસપ્રદ પ્રસંગ સંપ્રદાયના ઇતિહાસમાં બનેલ છે.

એક વખત સહજાનંદસ્વામી ગઢડાથી ચરોતર પ્રદેશમાં વિચરણ માટે જવા તૈયાર થતા હતા, તે સમયે ખંભાળાથી મૂળુખાચર નામના કાઠી દરબાર પધાર્યા. તેમની જ્ઞાતિના જ સુરાખાચરે મૂળુ ખાચરને ધન્યતા પ્રાપ્ત કરવાના હેતુ સબબ મહારાજના પગમાં પડી જઇ આશીર્વાદ મેળવવા જણાવ્યું. આ સમયે મહારાજે તેમને સત્સંગી થવા માટે સાંપ્રદાયિક પ્રણાલી મુજબ વર્તમાન ધરાવવાનું કહેલ. વર્તમાન ધરાવેલ વ્યક્તિએ દારૂ, ચોરી, માંસાહાર અને વ્યભિચાર વગેરે દૂષણોનો ત્યાગ કરવાનો હોય છે. મૂળુખાચરે મહારાજને જણાવ્યું, ''મહારાજ ! મને અફીણ અને હોકાનું બંધાણ છે. માટે મારાથી આ નિયમમાં વર્તી નહી શકાય.'' મહારાજ કહે, ''ભલે હોકો પીએ, અરે ! અફીણેય ભલે ખાય પરંતુ વર્તમાન ધરાવીને કંઠી પહેરે !'' આમ ગમતું કરવાનું ને છતાં સત્સંગીનું બિરૂદ મળતું હોવાથી મૂળુખાચરે હાથમાં જલ લઇને સંકલ્પબદ્ધ થઇ કંઠી ધારણ કરી. મહારાજે મૂળુખાચરને પોતાની સાથે વડતાલ ગામના વિચરણમાં લીધા. માર્ગમાં જે જે ગામ આવે ત્યાંના લોકો સહજાનંદસ્વામીના પ્રભાવથી, એમની કાર્યપદ્ધતિ અને સાંપ્રદાયિક નિયમોથી સુપરિચિત હતાં. લોકોના શબ્દો કાને પડવા લાગ્યાં કે, ''ઓલો હોકા પીવાવાળો સત્સંગી નથી લાગતો.'' આવા શબ્દો કાનમાં પડતા મૂળુખાચરે હોકાનો ઘા કરી ફોડી નાખ્યો. થોડા દિવસ બાદ વડતાલમાં સંઘના ઉતારે બધા યાત્રીઓની ગુજરાતના હરિભક્તો ખબર અંતર પૂછવા આવતાં તે સમયે મૂળુખાચર કસુંબો (અફીણ) કાઢી પીતા હતા. તે જોઇ કેટલાંકે પરસ્પર વાત કરી, ''આ કાઠી દરબારો ભેળા આવ્યા છે, પરંતુ સત્સંગી નથી લાગતાં.'' મૂળુ ખાચરના કાને આ શબ્દો પડી ગયા ને હોકાના વ્યસનના કારણે માર્ગમાં સાંભળેલા વેધક શબ્દોની અસરથી હોકાને તત્કાળ ફેંકી દીધો તે રીતે અફીણનો પણ ત્યાગ કરી દીધો અને ભવિષ્યમાં ન લેવાનો દ્દઢ નિર્ધાર કર્યો.

બીજે દિવસે મૂળુખાચર મહારાજના દર્શને ગયા ત્યારે મહારાજે પૂછયું, '' મૂળુખાચર !

હોકાપાણીનો બંદોબસ્ત બરોબર થયો છે ને ?'' ત્યારે મૂળુખાચરે જવાબ આપ્યો કે, ''મહારાજ ! મેં તો હોકો ય ફોડી નાંખ્યો ને અફીણેય ફેંકી દીધું.'' મહારાજે આ સાંભળી આશ્ચર્ય વ્યક્ત કર્યું, ''કોણે ઉપદેશ દીધો તમને ?'' મૂળુખાચર બોલ્યા, ''મહારાજ ! આ તો આપનો ને આપે સ્થાપેલ સત્સંગનો પ્રતાપ છે. હોકો કુસંગીના વચને ફોડ્યો ને અફીણ સત્સંગીના વચને ફેંક્યુ.''[1]

નાની ઉંમરથી ઘર કરી ગયેલા વ્યસનો સહજાનંદસ્વામીના સાંનિધ્યમાં ખૂબ જ સહેલાઈથી હડસેલાઈ જતાં હતાં. વ્યસનમુક્તિનું કાર્ય તેમના દ્વારા અદ્‌ભૂત રીતે વેગપૂર્વક અને વ્યાપકતાથી આગળ ધપી રહ્યું હતું અને આ કાર્ય માત્ર વેગીલું કે વ્યાપક ન હતું તેમાં સાથોસાથ ઊંડાણ પણ હતું. તેમના શિષ્ય યોગાનંદ સ્વામી થકી શેલણા ભમોદરાના ઓઘડ ખુમાણ, વાજસુર ખુમાણ અને રામ ખુમાણને સત્સંગનો રંગ લાગી ગયો હતો અને વર્તમાન વિધી (સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત થવા ઈચ્છતા મુમુક્ષુને વર્તમાન ધારણ કરાવવાની વિધિ થાય છે. સંતો મુમુક્ષુના જમણા હાથમાં પાણી આપી મુમુક્ષુને શ્લોક બોલાવે છે. તેનો અર્થ એ થાય છે કે હું ભગવાન સ્વામિનારાયણના શરણે છું. તેઓ કાળ, માયા, પાપકર્મ, યમદૂતના ભયથી મારું રક્ષણ કરે - આટલું કહી દારૂ, ચોરી, માંસાહાર, વ્યભિચાર વગેરે દૂષણો તજવાનો ઉપદેશ અપાય છે. કંઠમાં ભગવાનના આશરાની બેવડી કંઠી ધારણ કરાવાય છે.) ધરાવી કંઠીબદ્ધા સત્સંગી થયા. એક વખત કામ પ્રસંગે તે ભાવનગર દરબારમાં ગયા. વજેસિંહ બાપુએ દરબારી રસમ પ્રમાણે દારૂ પીવાનો આગ્રહ કર્યો. ધર્મસંકટ ઊભું થયું. એક બાજુ બાપુનો હાથ ઠેલી તેમનો ખોફ વહોરવાની તો બીજી બાજુ નિયમ-ધર્મમાં ચૂક પાડી ભગવાનને કુરાજી કરવાની નોબત ત્રણેયને આવી પડી. પણ તે વખતે શૂરવીરતાથી છતાં નમ્રતાથી ત્રણેયે વજેસિંહના હાથમાં તલવાર મૂકીને કહ્યું, ''બાપુ ! અમે હવે સ્વામિનારાયણના સત્સંગી થયા છીએ. વ્યસન અમારાથી કરાય નહિ. તે છતાંય તમે અમારા મોટેરા ગણાઓ. તમને ના પાડી કચવાવાય કેમ ? માટે આ તલવારથી અમારા માથા વાઢી, પછી ધડમાં આપ ધરાઈ જાઓ એટલો દારૂ રેડજો. બાકી જે જીભે સ્વામિનારાયણનું નામ-રટણ કર્યું તે જીભે દારૂ નહીં મૂકાય.'' આમ ભગવાન સ્વામિનારાયણે શૂરવીરતાને સાચી દિશા આપી હતી.

(૧) સાધુ અક્ષરજીવનદાસ -''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૪૧

રૈયત પર શૂરા થતાં દરબારોએ વ્યસનો સામે રણશિંગા ફૂંક્યા હતા.

આ કાર્ય એટલા વેગ અને વ્યાપક્તા સાથે ચાલ્યું કે જતે દિવસે સ્વામિનારાયણ સંપ્રદાય વ્યસનમુક્તિ માટેના સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ થઇ ગયો. વ્યસનમુક્તિના કારણે સમાજજીવનની આર્થિક સ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો આવ્યો. આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણે વ્યસનમુક્તિના અભિયાનથી માનવજીવનમાં કેવું પરિવર્તન આવે છે તેનો અનુભવ તત્કાલીન સમાજજીવનને કરાવ્યો. આ પ્રભાવને વર્ણવતા ઈતિહાસકાર કે. કે. દત્તા જણાવે છે કે, ‘‘સહજાનંદજીના પ્રભાવ હેઠળ મનુષ્યોએ દારૂ પીવાની, જુગારની, માંસભક્ષણની, ધૂમ્રપાનની કુટેવો છોડી દીધી અને પોતાનું નૈતિક ધોરણ ઉન્મત કર્યું.’’[૧] આમ વ્યસનમુક્તિ દ્વારા સહજાનંદસ્વામીએ સમાજને સ્થિર અને સદ્ધર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. સમાજને અધોગતિ તરફ ધકેલનાર બીજુ એક પરિબળ વ્હેમનું હતું. આ સમયમાં લોકોમાં અંધશ્રદ્ધાની માન્યતાઓ ખૂબ ઘર કરી ગઈ હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાશ્ચાત્ય પ્રભાવનો અભાવ અને હિંદુ ધર્મની પરંપરાનો આદર પણ ભગવાન સ્વામિનારાયણના સામાજિક પરિવર્તનના કાર્યની અદકેરી વિશેષતા રહી છે. તેથી એમ.સી. પરીખ નોંધે છે કે, ભગવાન સ્વામિનારાયણ અને અન્ય સમાજ સુધારકો વચ્ચે ભેદ ત્યાં પડે છે કે અન્ય સમાજસુધારકો એક યા બીજી રીતે પશ્ચિમના પ્રકાશથી અસર પામેલા. જ્યારે ભગવાન સ્વામિનારાયણ વિદેશી અસરથી સંપૂર્ણ મુક્ત હતા અને અગાઉ થયેલા સુધારકોમાં, તેઓના કરતાં આધ્યાત્મિક બંધારણમાં શુદ્ધ હિંદુ હતા. સૌ સુધારકોમાં તેઓની આ અદ્વિતીયતા હતી કે તેઓમાં હિંદુ ધર્મ તેના શુદ્ધતમ સ્વરૂપમાં જોવામાં આવે છે. સહજાનંદસ્વામી ભારતીય સંસ્કૃતિના પોષણ અને પ્રર્વતન માટે અદ્વિતિય કાર્ય કર્યું તેમાં તેમની હયાતિમાં જ ભવ્ય શિખરબદ્ધ છ મંદિરોનું નિર્માણ કરાવ્યું. મંદિરોના નિર્માણનો આશય જણાવતાં તેઓ જણાવે છે કે, ‘‘માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસનામાં રહેવા સારું ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનના મંદિર કરાવ્યા છે, તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાંક

(૧) Datta, K.K. - "Comprehensive History of India", Vol. - XI, Page No. 848

જીવનાં કલ્યાણ થાશે... જે અતિશય ત્યાગ રાખીને ને અતિશય દયા રાખીને મૂઠીવાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થતી નથી. અને જ્યારે ભક્તિએ રહિત થાય છે ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. તે સારું અમે મંદિર કરાવ્યા છે. તે અખંડ ભગવાનની ઉપાસનામાં રહેવા સારું કરાવ્યા છે. : વચનામૃત ગ.મ.-૨૭''[1]

ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે, ''જે અતિશય ત્યાગ રાખીને અતિશય દયા રાખીને મૂઠીવાળીને બેસી રહે તેને ભગવાનની ભક્તિ થતી નથી અને મનુષ્ય જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય અને પાછળથી અંધપરંપરા ચાલે છે, તે સારું અમે મંદિર કરાવ્યા છે. તે અખંડ ભગવાનની ઉપાસનામાં રહેવા સારું કરાવ્યા છે. : વચ.ગ.મ.-૨૭''[2]

આમ આવી મહાકલ્યાણકારી યોજનાના ભાગરૂપે તેમની જ હયાતીમાં મહારાજે સં. ૧૮૭૮ થી ૧૮૮૬ના માત્ર આઠ વર્ષના ટૂંકાગાળામાં છ શિખરબંધ મંદિરો તૈયાર કર્યા. સંપ્રદાયમાં મુખ્યત્વે બે પ્રકારના મંદિરોનું નિર્માણ કરવામાં આવે છે. (૧) **શિખરબદ્ધ મંદિર** : પુરાતન ભારતીય શિલ્પશાસ્ત્ર તથા સ્થાપત્યશાસ્ત્ર પ્રમાણે મંદિરનું નિર્માણ કરવામાં આવે છે. અને પૂજા-સેવા-અર્ચન, આરતી વગેરે સંતો જ કરે છે. (૨) **હરિમંદિર** : સામાન્ય રહેણાંકના મકાનો જેવા જ હોય છે. તેમાં કથા-વાર્તા માટેનો ખંડ હોય છે અને કાષ્ઠના કલાત્મક સિંહાસનમાં ભગવાનની મૂર્તિ પધરાવવામાં આવે છે. જ્યાં મંદિરની સેવા હરિભક્તો જ કરતાં હોય છે.

આમ ઉપર જણાવેલ ઉદ્દેશોની પૂર્તિ માટે અને સંપ્રદાયના સુયોગ્ય સંચાલન માટે બે વિભાગ પાડયા. (૧) વડતાલ પ્રદેશ : સમગ્ર સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાત. અને (૨) અમદાવાદ પ્રદેશ : ઉત્તર ગુજરાત, કચ્છ, ગુજરાત બહાર જ્યાં સંપ્રદાયનો પ્રસાર હતો તેવા ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશનો સમાવેશ કર્યો હતો. આ બન્ને પ્રદેશના પ્રથમ વડા તરીકે પોતાના કૌટુંબિક ભત્રીજાઓ રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજને અનુક્રમે આચાર્યપદે નિયુક્ત કર્યા. આચાર્યપદે તેમના કૌટુંબિક વારસદારોની જ નિમણુંક થાય છે. તેઓ સત્સંગના

(૧) અને (૨) સદ્. મુકતાનંદસ્વામી, સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી અને સદ્.સુખાનંદસ્વામી''વચનામૃત'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૬. પાના નં. ૪૧૯

વડાનું સ્થાન શોભાવે છે. આવી વ્યવસ્થા કરવા પાછળનાં બે કારણો હતા, એક તત્કાલીન સમાજમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ તથા વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર માનવામાં આવે છે. આ સમયમાં ધાર્મિક વિધિ વિધાન બ્રાહ્મણો દ્વારા જ થઇ શકતાં અને ધાર્મિક ઉપદેશ માત્ર બ્રાહ્મણો જ આપી શકે તેવી સામાન્ય માન્યતા હતી અને બીજુ કારણ એ કે સંપ્રદાયના વિરોધીઓએ એવો પ્રચાર કરેલો કે સહજાનંદસ્વામીના ગામ, નાત, સગાસંબંધી બધુ અજાણ્યું છે. તેથી આ સંપ્રદાય ભ્રામક છે. આથી લોકોને સંપ્રદાયમાં વિશ્વાસ બેસે તે માટે અયોધ્યાથી પોતાના કૌટુમ્બિક સગાંઓને બોલાવી વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલીને અનુસર્યા. વૈષ્ણવ સંપ્રદાયમાં પણ સંપ્રદાયના નાના જૂથના વડા તરીકે આવી જ રીતે આચાર્ય (ગુંસાઇજી)ની પ્રણાલી છે.

આ સંપ્રદાયમાં ઉપાસના પદ્ધતિ બે રીતે અમલમાં છે.

**૧. મૂર્તિ પૂજા :**

મહારાજના વખતમાં વડતાલ અને અમદાવાદ પ્રદેશમાં નિયુક્ત થયેલા આચાર્ય મહારાજના તાબામાં રહેલાં મંદિરોમાં ભગવાન સ્વામિનારાયણની મૂર્તિની પૂજા-અર્ચન વગેરે સાંપ્રદાયિક કાર્યવિધિઓ કરવામાં આવે છે. જ્યાં દિક્ષા આપવાની પ્રણાલી આચાર્ય મહારાજ સંભાળે છે અને ગાદીપતિ તરીકે આચાર્ય મહારાજને માનવામાં આવે છે.

**૨. અક્ષર પુરૂષોત્તમ ઉપાસના :**

ભગવાન સ્વામિનારાયણે તેમના જીવનકાળ દરમ્યાન અનેક વખત સદ્. ગુણાતીતાનંદસ્વામીનો મહિમા ખૂબ જ ગાયો હતો. તેમણે ઘણાં પ્રસંગોએ પોતાના ઉત્તમ ભક્ત તરીકે પોતાના દ્વારા જ દિક્ષિત સદ્. ગુણાતીતાનંદસ્વામીની ઓળખ આપી હતી. આ ગુણાતીતાનંદસ્વામીનો જન્મ આસો સુદ પૂનમ, સં. ૧૮૪૧માં જામનગર જીલ્લાના ભાદરા ગામે થયો હતો. તેમનું બાળપણનું નામ મૂળજી શર્મા હતું. ‘સ્વામિનારાયણ’ સંપ્રદાયના પ્રચાર અને પ્રસારમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું હતું. ‘સ્વામિનારાયણ’ સંપ્રદાય પ્રત્યે નિષ્ઠા દઢ કરાવવા તેમજ સહજાનંદસ્વામીના જીવનને આમ પ્રજા સમક્ષ પ્રસ્તુત કરવામાં તેઓએ સમગ્ર ગુજરાતના ગામડે ગામડે વિચરણ કરી કથાવાર્તા અને પ્રવચનો દ્વારા ઉપદેશ આપ્યો હતો. આના પ્રતિભાવમાં

તેમના વચને અને સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો અને સહજાનંદસ્વામીની જીવન ભાવનાને ચરિતાર્થ કરી શકે તેવા ઉત્કૃષ્ટ સમાજનું સર્જન કર્યું હતું. ગુણાતીતાનંદસ્વામીએ અંગુલી નિર્દેશ કરેલ આ ઉપાસના પદ્ધતિને સમજનાર બહુ ઓછો વર્ગ તે સમયે હતો. ગુણાતીતાનંદસ્વામીની સાધુતા અજોડ હતી અને આપણે આગળ જોયું તેમ સ્વયં સહજાનંદસ્વામીએ પણ તેમની સમજણને વખાણી હતી. તેઓના ઉપદેશના સંકલિત અંશો આજે પણ સંપ્રદાયમાં 'સ્વામીની વાતો' તરીકે પ્રચલિત છે. તેમાં તેઓ જણાવે છે કે, ''જીવ 'ક્ષર' છે. આ જીવ જ્યારે ભગવાન એટલે કે 'પુરૂષોત્તમ'નો ભક્ત થાય છે ત્યારે તેનામાં ભગવાનને પામીને ગમે તેટલાં ગુણ, ઐશ્વર્ય અને મોટપ આવે તો પણ એ પુરૂષોત્તમથી હંમેશા ન્યુન જ રહે છે.'' આમ ભક્ત એ સેવક છે. જેના સ્વામી એ નારાયણ છે અને ભગવાન તેના ઉત્તમ ભક્તમાં હંમેશા નિવાસ કરે છે. દૈહિક રીતે તે પૃથ્વી પરથી વિદાય લે છે. પરંતુ તે પોતાના સંત થકી પૃથ્વી પર પ્રગટ રહે છે. ભગવાન સ્વામિનારાયણના દેહત્યાગના સમયે ગુણાતીતાનંદસ્વામી મૂર્છિત થઈ પડી જાય છે. ત્યારે શ્રીજી મહારાજે તેમને દિવ્ય દર્શન આપીને જણાવેલ કે, ''સ્વામી ! હું ક્યાં ગયો છું, હું તો તમારામાં અખંડ નિવાસ કરીને રહ્યો છું.''[૧] આમ ભગવાન સ્વામિનારાયણે તેમની અનુવૃતિ મુજબનું જીવન જીવતાં પરમ એકાંતિક સંત થકી પૃથ્વી પર પોતાની હાજરીનો અહેસાસ કરાવી આપેલ. આ પરંપરા મુજબ મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાના ગ્રંથ વચનામૃતમાં પણ સંતપરંપરા થકી પોતાનું પ્રાગટ્ય પૃથ્વી પર રહેશે તેવી અગમવાણી પણ ઉચ્ચારેલ હતી. આ પરંપરામાં આધ્યાત્મિક વારસદારો સતત અવતરતાં રહ્યા છે.

સંપ્રદાયનો શાસ્ત્રસાગર ઘણો જ વિશાળ છે. પરંતુ આમ જનતાને માટે મુખ્યત્વે માર્ગદર્શન આપતાં બે ગ્રંથો છે. (૧) શિક્ષાપત્રી અને (૨) વચનામૃત

શિક્ષાપત્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મશાસ્ત્ર છે. તેમાં ૨૧૨ શ્લોક સંસ્કૃતભાષામાં લખવામાં આવ્યા છે. શિક્ષાપત્રી માનવજીવન માટે માર્ગદર્શિકાના રૂપમાં અજોડ છે. શ્રીમદ્ ભગવત્ ગીતા કરતાં ખૂબ જ નાના કદમાં તેનું ગઠન કરવામાં આવ્યું છે. સહજાનંદસ્વામીએ

(૧) દવે, હર્ષદરાય ટી. – ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ – ૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૩૨૪.

આત્મજ્ઞાનની વાતો વચનામૃતમાં ખૂબ જ કરી છે તો સાથોસાથ વ્યાવહારિક જ્ઞાનને પણ તેઓ ભૂલ્યા નહોતા. શિક્ષાપત્રીમાં તેમણે વ્યાવહારિક સૂઝ આપતાં શ્લોક ૧૪૩માં જણાવતાં તેઓ લખે છે કે, ''શાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણ કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો.'' તેમના કાર્યથી તત્કાલિન અંગ્રેજ ગર્વનર સર જહોન માલ્કમ પણ અચંબામાં પડી ગયેલા અને ભગવાન સ્વામિનારાયણ સાથે રાજકોટમાં મુલાકાત કરી તે સમયે તેઓએ જણાવેલ કે, ''તમારા પ્રતાપથી સૌરાષ્ટ્રના તોફાની વિસ્તારમાં તોફાનો શમી ગયા છે અને શાંતિ સ્થપાઈ છે. ચોર-ડાકુઓ પણ તમારા ભક્તો બની ગયા છે. અમે તલવારથી જે ન કરી શક્યા તે તમે તમારા પ્રતાપથી કરી શક્યા.'' પ્રત્યુતર આપતાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું, ''લોકોને નીતિ, ન્યાય અને ધર્મના સિદ્ધાંતો શીખવાડી અમે આ કાર્ય કર્યું છે.'' આ વખતે જહોન માલ્કમની માંગણીથી ભગવાન સ્વામિનારાયણે તેમને શિક્ષાપત્રીની ભેટ આપી. જે આજે પણ ઈંગ્લેન્ડમાં ઓક્સફર્ડ ખાતે બોડલીયન લાઈબ્રેરીમાં સાંચવીને રાખવામાં આવી છે. ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન તથા ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ પણ કહેતા, ''દેશના લોકો જો શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો, પોલીસ અને અદાલતોની ઓછી જરૂર પડે.'' ભગવાન સ્વામિનારાયણના વખતમાં બની ગયેલા બનાવો પૈકી કે જેના કારણોસર અંગ્રેજો પણ તેમનો આદર કરતાં થયા તેવો શાર્દુલસિંહનો પ્રસંગ જાણવા જેવો છે.

સૌરાષ્ટ્રના કાશ્મીર સમા મહુવાની નજીક મોણપુર ગામ છે. તેમાં શાર્દૂલ ખસિયા નામે શ્રીજીમહારાજના સત્સંગી રહેતા હતા. એકવાર શ્રીજીમહારાજ સંતો સાથે અચાનક તેમને ઘેર જઈ ચઢયા. ભગવાન અણતેડ્યા પધાર્યા તેથી ભગતનું મન રળિયાત થયું હોંશે હોંશે થાળ તૈયાર કર્યો, મહારાજ આગળ ધર્યો ને શ્રીજીમહારાજના મુખના ભાવ બદલાયા. તે ઊભા થઈ ગયા ને બોલ્યા, ''રસોઈ રહેવા દો. અમારે હાલ ને હાલ મહુવા જવું છે. ઘોડા તૈયાર કરો.''

આ સાંભળી સંતોને આશ્ચર્ય થયું ! શાર્દૂલ પર તો વિજળી પડી !! તે શ્રીજીમહારાજના પગમાં પડી આજીજી કરવા લાગ્યો, ''પ્રભુ ઘડીમાં કેમ બધું બદલાઈ ગયું ? મને સમજ પાડો.

મારે માથે મહેણું રહી જશે. તમે મને કેવો જાણ્યો ?'' શ્રીજીમહારાજે કહ્યું શાર્દૂલ ! અમારો સત્સંગ સૌના ચારિત્ર્યે કરીને ઊજળો છે. તમે લોભ કરો તે અમને ના ગમે. શત્રુંજ્યના સંભવનાથનો તિલકમણિ તમે ચોરીનો માલ જાણ્યા છતાં કેમ ઘરમાં રાખ્યો છે ?''

''પણ મેં મોં માંગ્યુ ધન આપીને તે લીધો છે, દયાળુ !''

''એ તારી વાત સાચી પણ દેવ તમને આપે તો એ ધન તમારું, આ વસ્તુ એમની દીધેલી નથી, હરી લીધેલી છે. માટે તે પાછી આપી દો. અંગ્રેજ સાહેબ એ મણિ શોધે છે. તેમને આપી આવો.''

મહારાજની આજ્ઞામાં વર્તવામાં જોખમ હતું. ચોરીનો માલ રાખવા સબબ સજા થાય તેમ હતી. સમાજમાં નીચા જોવા જેવું પણ થાય તેમ છતાં શ્રીજીમહારાજની આજ્ઞા અને તેના વચને તે મણિ અંગ્રેજ અમલદાર મીલસાહેબના હાથમાં મૂકે છે અને શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ વર્ત્યાની વાત કરે છે.

આકાશ-પાતાળ એક કરવા છતાં એ મણિ અંગ્રેજ સરકાર શોધી શકી ન હતી તે સામેથી જ અચાનક તેમના હાથમાં આવે છે. એ વાત અંગ્રેજ અમલદારને ગળે ઉતરતી ન હતી. માનવીને આટલી હદ સુધી નીતિપરાયણતામાં જીવવા અસ્તેયના પાઠ ઘૂંટાવનાર ભગવાન સ્વામિનારાયણને મળવાનું તેમને મન થયું. તે શાર્દૂલ સાથે જ શ્રીજી મહારાજ પાસે આવે છે અને હાથ જોડી પ્રણામ કરી કહે છે, ''તમે લોકોના દિલના ઘાટ આટલી સહેલાઈથી બદલી શકો છો તે મોટું આશ્ચર્ય છે.'' અને અંગ્રેજ અમલદાર મીલે જણાવ્યું કે, ''શાર્દૂલ સજાને નહિ ઈનામને પાત્ર છે.'' અને તેને છોડી મૂકવામાં આવે છે.

વચનામૃત : સંપ્રદાયના ચાર વિદ્વાન સદ્‌ગુરુઓએ - નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, સુખાનંદસ્વામીએ આ ગ્રંથની રચના કરી છે. ભ.સ્વા. જ્યારે પણ કથા કરતાં ત્યારે આ સદ્‌ગુરુઓ કથાવાર્તાને અક્ષરશઃ ટપકાવી લેતા હતા. કથાવાર્તા ઘણી જ સંગ્રહિત થયેલી

---

સાધુ આદર્શજીવનદાસ - ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ :જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૬૦

પરંતુ ૨૭૩ વચનામૃતોનો સંગ્રહ ગ્રંથ તરીકે તૈયાર થયો છે. સરળ શૈલી, દૃષ્ટાંતસભર લખાણ અને પ્રશ્નોના જવાબ આપીને વચનામૃતો તૈયાર કરવામાં આવ્યા છે. વચનામૃતની ભાષા કોઈપણ વર્ગની વ્યક્તિને સરળતાથી સમજાઇ શકે તેવી સરળ શૈલીમાં છે. દરેક લખાણ સ્પષ્ટ છે. કોઈપણ જગ્યાએ સંશયાત્મક વાતો કે મોળી વાતો જોવામાં આવતી જ નથી. ગામ શ્રીલોયા ખાતે સંવત ૧૮૭૭ના માગશર સુદ ત્રીજના દિવસે નિત્યાનંદસ્વામીએ 'વચનામૃત' પુસ્તક શ્રીજી મહારાજને સભામાં બતાવ્યું ને શ્રીજીમહારાજે તે પ્રમાણભૂત કરી આપ્યું તેવો ઉલ્લેખ થયો છે. આમ, આ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રમાણિત વાણી છે. આ વચનામૃતની ખાસિયત એ છે કે દરેક વચનામૃતમાં વચનામૃતના માહોલનું વર્ણન શરૂઆતમાં આવે છે. જેમાં મહારાજના વસ્ત્રો પરિધાનની વાત, સમયની વાત બેઠકની વાત હાજર રહેલ સંતો, હરિભક્તો વગેરેનું વર્ણન કરવામાં આવેલ છે. તેમની પરાવાણીના પરિઘમાં સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, વિજ્ઞાન, રાજનીતિ વગેરેનો સમાવેશ થઈ જાય છે. ગ્રંથ વાંચનારને તેનો અનુભવ થયા વિના રહેતો નથી. ગ્રંથ વાચનાર દરેકને તેમાંથી પોતાને જોઈતું સમાધાન મળી રહે છે. તેને હંમેશ એવું જ લાગે કે આ વાત મારા માટે જ ભગવાને વચનામૃતમાં કહી છે. 'માયા' જેવા ગહન વિષયને એક જ વાક્યમાં સમજાવી દેતાં તેઓ વચનામૃતના પ્રથમ પ્રકરણમાં જ સ્પષ્ટતા કરતાં કહે છે કે, ''ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આચરણ કરે તેને માયા કહીએ.'' આમ ટૂંકમાં છતાં ખૂબ જ સ્પષ્ટ થતો સંદેશો વાંચકને નિરંતર મળતો રહે છે.

શિક્ષાપત્રી અને વચનામૃતને રચાયાને હજુ બહુ લાંબો સમય નથી થયો તેમ છતાં તેને સમયનો પ્રભાવ નકારાત્મક રીતે સ્પર્શી શક્યો નથી અને દિનપ્રતિદિન તેની ચમકતામાં અને રણકારમાં વધારો જ થતો જાય છે. આ બન્નેનું અનુસંધાન શાશ્વતી જણાઈ આવે છે. આ બન્ને ગ્રંથો સમજવા માટે કોઈ વિશેષ જ્ઞાનની, બુદ્ધિ પ્રતિભાની જરૂર નથી. સામાન્યમાં સામાન્ય માનવીને પણ સમજણ પ્રાપ્ત થાય તેવી સરળ શૈલીમાં રચાયા છે. તેથી જ કવિ ન્હાનાલાલ જણાવે છે કે, ''તપશ્ચાર્યાથે તીર્થમંડળમાં ફરી ફરી નીલકંઠ વર્ણી સર્વ મંત્રો વીણી લાવ્યા. તે ગૂંથી ગૂંથી બે ગ્રંથો વચનામૃત અને શિક્ષાપત્રી એમણે સંપ્રદાયને આપ્યાં નવશિક્ષિતો સમજે છે એથી એ બન્ને ગ્રંથો

બહુ મ્હોટેરા છે.''[1] સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ (પાના.૯૭)

આ તો વાત થઈ મંદિર અને શાસ્ત્રની. આ બન્નેના પ્રસાર અને પ્રચારનું માધ્યમ બની સોહામણી સંતમાળ. એ સહુનો વૈરાગ્ય ને સાધુતા ભારતના સનાતન કાષાયનેય શોભાવે એવા હતા. પરધર્મીને પણ મનમાં પહેલી ને વહેલી વસી જાય તેવી સાધુતા સ્વામિનારાયણના પરમહંસોમાં હતી. આ પરમહંસો તો સામર્થ્ય અને સાધુતાનો સમન્વય હતા. સંપ્રદાયના વરિષ્ઠ સંત ગોપાળાનંદસ્વામી ખૂબ જ સમર્થ હતા. તેમના સમયનો એક પ્રસંગ જોઈએ.

સંપ્રદાયના એક વરિષ્ઠ સંત વ્યાપકાનંદસ્વામીએ બોટાદના હમીર ખાચરની મરેલી ઘોડી જીવતી કરી ગઢડા પધાર્યા, ત્યારે શ્રીજીમહારાજ એમની ગાદી પરથી ઊભા થઈ ગયા ને સ્વામીને કહે, ''આવો, આ તમારી ગાદી પર બેસો.'' સ્વામી કહે, ''મહારાજ ! કેમ આમ બોલો છો?'' મહારાજે કહ્યું, ''તમે અમારાં કામ કરવા માંડ્યા છો તે !'' એમ કહી મહારાજે શીખ આપી, ''મરેલાને જીવતા કરશો તો અહીં મડદાના ઢગલા ખડકાશે ને જીવો ઐશ્વર્યના લાલચી થઈ જશે. માટે ભગવાને જે નિરમ્યું હોય તે પ્રમાણે થવા દેવું. આપણું કામ ભજન કરવાનું અને કરાવવાનું છે.''[2] આમ શ્રીજી મહારાજ સંતો સાધુતાનો માર્ગ ચૂકે તો તરત જ સાવધ કરતા.

ભગવાન સ્વામિનારાયણ ઘણીવાર કહેતા, ''વર્તન વાતુ કરશે.'' તેઓના આ અભિગમથી પરમહંસ મંડળમાં સાધુતાના ઢગ ખડકાયા હતા ! વર્તન વાતુ કરશે એવો પ્રસંગ જામનગરની ધરતી પર બનેલો. એકવાર ગુણાતીતાનંદસ્વામી જામનગર પધારેલા. સ્વામી અને સંતો શહેરના રાજમાર્ગો પરથી પસાર થયા પણ કોઈએ ઊંચી દૃષ્ટિ કરીને બજારમાં જોયું નહીં. આ જોઈને શહેરની સ્ત્રીઓ પરસ્પર વાતો કરવા માંડી કે ''આ તો ભગવાનના સાધુ છે. આપણા સાધુઓ નહીં. જો આપણા હોય તો આપણા સામું જુએ ને !'' એ વાત ગુણાતીતાનંદસ્વામીને હરિભક્ત દ્વારા ખબર પડી, ત્યારે સ્વામીએ કહ્યું, ''આપણે સભા જીતી લીધી.'' [3]

શ્રીજીમહારાજનું ક્રાંતિકારી પગલું એ હતું કે સાધુઓને શારીરિક શ્રમમાં જોડવાનું. કૂવા

(૧), (૨) અને (૩) સાધુ આદર્શજીવનદાસ - ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ :જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૯૭, પાના નં. ૧૦૦ અને પાના નં. ૧૦૧

ખોદાવવા, નવા તળાવો ખોદાવવાં, તથા જૂના નિરૂપયોગી તળાવોની મરામત કરવાનો તેમણે આદેશ આપ્યો. દુષ્કાળના સમયે રસોડા ખોલીને ભૂખ્યાઓને જમાડ્યા.

તેઓએ કહ્યું કે સાધુ પર્વતની ગુફા કે નદી તટે ઝુંપડીમાં ન જોઇએ. કોઇ એકાંત સ્થળના આશ્રમમાં ન જોઇએ. ગંગા હિમાલયમાં જ રહે તો ? તેણે તો લોકોપયોગ માટે સમાજમાં વહેવું જોઇએ. તેમ સંતસરિતાએ પણ લોકસેવા માટે સમાજમાં જ રહેવું જોઇએ. તેઓએ વનનો નહીં પણ મનનો એકાંત સાધુઓને શીખવ્યો. સંત એ સંસારસરોવરની માછલીઓ છે. જેમ માછલી સરોવરની ગંદકી દૂર કરી તેને સ્વચ્છ રાખે છે તેમ સંતોએ પણ સમાજને શુદ્ધ અને પવિત્ર રાખવા સમાજમાં રહેવું જોઇએ. સાધુસમાજ આ ફરજ ચૂકેલો. સમાજના રોટલા ખાવા છતાં સમાજ પ્રત્યે ઉદાસીન હતો. કેટલાંક સાધુ સમાજસુધારણા માટે કામ કરતા પણ અંતરે શુદ્ધ ન હતા. તેથી ગંદા કપડાંથી સાફ થતું ટેબલ વધારે ગંદુ થાય તેમ સમાજ વધુ ને વધુ ગંદકી તરફ ગબડતો ગયો. શ્રીજીમહારાજે બન્ને ભૂલો સુધારી. સાધુતાને સ્વચ્છ કરીને સેવામાં જોડી. તેમના મતે મોટામાં મોટી જનસેવા વ્યક્તિને સંસ્કાર આપવાની હતી. તેથી તેમણે પરમહંસોને સતત વિચરણમાં જ રાખ્યા. પાંચ જણને વ્રતધારી બનાવી ભીક્ષાનું અન્ન જમવાની આજ્ઞા કરી હતી. ઘણીવાર સંતો ભૂખ્યા પણ રહેતા હતા. તેમના વિચરણથી સમાજ સુધારાની દિશા ભણી દોડવા લાગ્યો.

વિખ્યાત સાહિત્યકાર કાકા કાલેલકર ભગવાન સ્વામિનારાયણના કાર્ય માટે લખે છે કે, ''ગુજરાતમાં સહજાનંદસ્વામી નામના એક સત્પુરુષ થઇ ગયા. એમના શિષ્યો મંદિરમાં બેસીને પ્રવચન કરવાને બદલે પ્રખર તાપમાં હળ ચલાવનારા ખેડૂતોની પાછળ પાછળ ચાલીને તેમની ભાષામાં ઉપદેશ કરતા હતા. 'ભાઇ, જો તો, તારે તાપમાં કેટલી બધી તકલીફ વેઠવી પડે છે. જો તારા શરીર ઉપર પણ પરસેવાના રેલા ઊતરી રહ્યા છે. પરંતુ આ તાપથી પણ વધુ તાપ છે - કામ, ક્રોધ વગેરે વિકારોનો. આ ભવતાપ સંબંધે તું કેમ વિચાર કરતો નથી ?'' આટલી હદ સુધીની જો લગની હશે, જનસેવાની તત્પરતા હશે અને પ્રત્યેક ચીજને સરળ બનાવી કહેવાની સાચા શિક્ષકની ઉત્કંઠા હશે તો જ જનતાને ઉપયોગી સાહિત્ય આપણે નિર્માણ કરી શકીશું.''[૧]

(૧)સાધુ આદર્શજીવનદાસ - ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ :જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૧૧

શ્રીજીમહારાજ સ્વયં બોલેલા કે પૃથ્વી પર કીર્તિ, કાંચન અને કામિનીના રસને રાગ રહિતના પવિત્ર સંત થકી હું અખંડ રહીશ. એ ઉક્તિ અનુસાર શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ તેમના આધ્યાત્મિક વારસદાર સદ્.ગુણાતીતાનંદસ્વામી થકી તેમની ચેતના પૃથ્વી પર સંપ્રદાયના પ્રસાર અને પ્રચારનું કાર્ય આગળ ધપાવતી હતી. ગુણાતીતાનંદસ્વામીના વખતમાં બનેલા બે બનાવો પરથી આપણને ખ્યાલ આવશે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં લોકો વધારેને વધારે રસરૂપ થવાનું કારણ શું છે.

બાબરિયાવાડ પ્રદેશમાં નોરમાણસાના ઠાકોરના દેહાવસાન બાદ તેમના નાના દિકરા સીદી વરુએ મોટાભાઈ વાલેરા વરુનો ભાગ પડાવી લીધો. વાલેરાએ ન્યાય માગ્યો પણ મળ્યો નહીં. માટે તે બહારવટે ચડે છે. અને ગીરના જંગલમાં સાણાના ડુંગરમાં સાથીઓ સાથે આશ્રયસ્થાન બનાવ્યું. પૈસાપાત્ર માણસોને જાસા ચિઠ્ઠી મોકલાવી પોતાની જરૂરિયાતની માંગણી કરે અને જો તે આપવામાં તે વ્યક્તિ ચૂક કરે તો તેને મોતને ઘાટ ઉતારે. આમ દિવસોના દિવસો આ રીતે પસાર થતાં ગયા. એક દિવસ તેની નજર મોરબી નજીક આવેલ જેતપુર ગામના રહેવાસી નરસી પીતાંબર પર પહોંચી, તેને જાસા ચિઠ્ઠી મોકલી પોતાની માંગણી પૂરી કરવા જણાવે છે. પરંતુ નરસીની હાલત એવી ન હતી કે તે માંગણી સંતોષી શકે, માંગણી પૂરી કરવા ખૂબ જ મહેનત કરી પણ કોઈ હિસાબે માંગણી પૂર્ણ થાય તેમ ન હતી. માંગણીના અંતિમ દિવસે સદ્. ગુણાતીતાનંદસ્વામી તે ગામમાં કોઈ હરિભક્તના ઘરે પધાર્યા હતા. નરસીએ ત્યાં જઈ તેમને પોતાની વિતક કહી. સ્વામીએ તેમને અભય કર્યા. નરસીને શોધતો વાલેરો ત્યાં જઈ ચડે છે. અને નરસીને બહાર બોલાવવા હાકલ કરે છે. 'મારનાર કરતાં રક્ષનાર મોટો હોય છે' એ ઉક્તિ અનુસાર સ્વામીશ્રીની દૃષ્ટિએ - સહજાનંદી સાધુતાના યોગે વાલેરાની પશુતા પીગળી ગઈ ને બંદુક પાછી ખેંચાઈ ગઈ. તેને અગમ શાંતિનો અનુભવ થયો. તેને કાને સ્વામીશ્રીના માધુર્ય અને વાત્સલ્યપૂર્ણ શબ્દોનો ધ્વનિ સંભળાયો, ''બહાર શું કામ ઊભા છો ? આવો, અમારી પાસે આવો. આ નરસી અમારે શરણે આવ્યો છે તેને અમે અભયદાન દીધું છે, તમે તેને મારશો નહિ.'' તે સ્વામીશ્રીના ચરણોમાં પડી ગયો. ત્યારે સ્વામીશ્રી કહે છે, ''તમે જેમ આના દેહની અમારા વચને રક્ષા કરી તેમ હું તમારા દેહની રક્ષા

કરીશ. તમારા પ્રાણ નહિ જાવા દઉં.'' ત્યારબાદ તે ગુણાતીતાનંદસ્વામીનો આશ્રિત થાય છે. અને તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવે છે. અંતસમયે તે સ્વામીશ્રીને પોકારીને પ્રાર્થના કરતો હોય છે. ત્યારે સ્વામીશ્રી તેના ગામ આવી પહોંચે છે અને સ્મૃતિપટ પર જેતપુરમાં સ્વામી કહેલા વચનો આવી જાય છે. 'તમે નરસીના દેહની રક્ષા કરી, તેમ હું તમારા દેહની રક્ષા કરીશ. તમારા પ્રાણ નહિ જાવા દઉં.'' વાલેરો ગદ્ગદ કંઠ થઇ ગયો. સ્વામીશ્રીના પગમાં પડી બોલ્યો, 'સ્વામી ! તમે તમારું વચન રાખ્યું.' આમ બહારવટીયાના જીવનનું પરિવર્તન સહજાનંદી સાધુના પ્રતાપથી થયું.

ગુણાતીતાનંદસ્વામીને સંત મંડળી સાથે ઊના જવાનું હતું. સ્વામીશ્રીએ બહારવટિયો વાલેરો વરુ જયાં રહેતો હતો તે નેસનો રસ્તો લીધો. બધાએ તેમન ખૂબ રોક્યા પણ સ્વામીશ્રી નિધડકપણે જવાબ આપે છે, 'અમે તો સાધુ છીએ. પૈસો ટકો રાખતા નથી. અમારી પાસે તો ભગવાં કપડાં, તુંબડી, જમવા માટેનાં લાકડાંના પત્તર, પૂજા અને પુસ્તકો છે. માંગશે તો કહીશું, 'લ્યો, તમે વાપરો,' અને વળી, અમે તો સ્ત્રીના પણ ત્યાગી છીએ. તો જો અમને મારી નાંખશે તો અમારી પાછળ કોઇ રાંડવાનું નથી. અમે તો ભગવાનના ધામમાં જઇશું. માટે સાધુને વળી ભય શાનો ?' આમ કહી સ્વામીશ્રીએ તો તે જ રસ્તો લીધો. ત્યાં તેને વાલેરા વરુની સાથે મુલાકાત થાય છે. ખૂબ આગ્રહથી વાલેરો તેમને સંતોના હાથે રસોઇ તૈયાર કરાવીને જમાડે છે. તેણે પોતાની મનોવ્યથા સ્વામીને કહી. સ્વામીને તો તેનામાંથી આસુરી ભાવનાનો નાશ કરવો હતો. સ્વામીશ્રીએ તેને કહ્યું, 'અમે તમને ગરાસ અપાવીશું પણ હવેથી તમારે ખૂન ખરાબો કરવો નહિ.' પછી સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવીને દારૂ, માટી, ચોરી, અવેરીનો ત્યાગ કરવા કહ્યું. વાલેરાએ સ્વામીશ્રીને કહ્યું, 'મને કેટલા વખતમાં મળશે?' સ્વામીશ્રીને તો તે વેળાસર સાચું જીવન જીવે તે જોઇતું હતું તેથી તેમણે કહ્યું, 'આજથી સાતમે દિવસે તમને ગરાસ મળશે.' વાલેરાને તો એકથી સાત સુધી ગણતાં પણ આવડતું ન હતું. એટલે તેણે સ્વામીને કહ્યું, 'મારે સાત દહાડા ગણવા કેમ ?' પછી સ્વામીશ્રીએ કાથી દોરડીમાં સાત ગાંઠ વાળી આપી અને એક ગાંઠ છોડીને કહ્યું રોજ એક ગાંઠ છોડવાની અને સાત ગાંઠ છુટી જતાં તેનો ગરાસ તેને પરત મળી જાય છે. અને ગરાસમાં મળેલ

સાત હજાર રૂપિયા અને અનાજ તે સ્વામીશ્રીને મંદિરમાં સેવામાં આપે છે. કારણ કે તેણે માની લીધેલ કે મને જે કાંઇ મળ્યું છે તે માત્ર ને માત્ર આ સ્વામીની કૃપાથી જ મળ્યું છે. આમ તેના અંતરના સંસ્કાર જાગૃત થયા. વાલેરો જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી પ્રતિ વર્ષ જુનાગઢ મંદિરે બે હજાર રૂપિયા રોકડાનો ધર્માદો કરે અને બારમાસમાંથી એક માસ તે સ્વામીશ્રીની કથાવાર્તાનો લાભ લેવા જુનાગઢ આવી જાય. આમ ધર્મપરાયણ જીવન જીવતા હતા. તેના ગામમાં મંદિર પણ બનાવડાવ્યું હતું અને પૂજા અર્ચન પોતે જ કરતો હતો.

ગુણાતીતાનંદસ્વામીના આધ્યાત્મિક વારસદાર પ્રાગજીભક્ત ભક્તોના ભક્તે એ ન્યાયે લોકો સાથે કેવું જીવન જીવતા તેનો ખ્યાલ આવી શકે તે માટે આ પ્રસંગનો વિચાર કરીએ. આ સમયમાં લોકોનું માનસ વહેમભર્યું અને અંધશ્રદ્ધાપૂર્ણ રહેતું હતું. એક વખત વરખેડાના કણબી લક્ષ્મણભાઈના છોકરાને ભગતજીએ વર્તમાન ધરાવીને કંઠી બાંધી હતી. આ છોકરાના શરીરમાં તેના પૂર્વજો (પિતૃ) ધૂણીને કહે કંઠી તોડી નાખો, નહીં તો ત્રણ માસની અંદર આ છોકરાને મારી નાખીશ એવું કહેતાં તો ભગતજી મહારાજને પત્ર લખીને શું કરવું તેનું પૂછાણ કરતાં. ત્યારે તે સમયના વ્હેણ મુજબ ભગતજી મહારાજ મહુવાના હનુમાનજીની માનતા કરાવતા. ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત 'શિક્ષાપત્રી'ના શ્લોક ૧૧૬માં પણ ભૂતપ્રેતાદિક ઉપદ્રવમાં હનુમાનજીનો પાઠ કરવો તેની આજ્ઞા મહારાજે કરી છે. તે હરિભક્તના પત્રના જવાબમાં તેમને હનુમાનજીનો મંત્ર જાપ ૭ વખત અને ૨૫ માલા સ્વામિનારાયણ મહામંત્રની કરવા આજ્ઞા આપે છે. અને સાથે સાથે વરખેડાના બીજા એક હરિભક્ત નરભેરામભાઈની બ્હેનને પણ ભૂત ત્રણ વરસથી વળગેલ હતું તેને પણ આ પ્રમાણે જ કરવા પત્ર દ્વારા આજ્ઞા કરેલ હતી.[૧] આમ સંપ્રદાયમાં આશ્રિતોના દુ:ખદર્દમાં સંતોનો સતત સધિયારો મળતો હતો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું સુત્ર હતું, 'યુવકો મારું હૃદય છે' તે મુજબ તેઓ હંમેશા યુવકોને સત્સંગમાં વધારેને વધારે ઓતપ્રોત થાય તે માટે સતત દાખડો કરતાં રહેતાં હતા. યાત્રા માટે સ્પેશિયલ ટ્રેનનું આયોજન કરવામાં આવેલ હતું. ટ્રેનમાં હરિભક્તોની સેવા કરવા બાપા

(૧) સાધુ વિવેકપ્રિયદાસ - "લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી-૧", સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. પાના નં. ૪૮)

યુવકોને સાથે લાવેલા. કેટલાંક હરિભક્તો યુવકોને ગણકારતાં નહીં અને જાહેરમાં સેવા કરતાં યુવકોને ઉતારી પાડતા અને અપમાન કરતાં. આથી યુવકોએ નક્કી કરેલું કે હવે ઘરે જતાં રહેવું છે અને સેવા નથી કરવી. અહીંયા યાત્રામાં બાપાનો લાભ મળતો નથી અને ઉલટાનું અપમાન થાય છે અને તિરસ્કાર કરવામાં આવે છે.

સ્વામીશ્રી ક્યારેક સમય મળે ત્યારે યુવકોને પોતાના ડબ્બામાં બોલાવીને વાતો કરતાં અને યુવકો બળમાં આવી જતાં. તેમ છતાં એક દિવસ એવો પ્રસંગ બન્યો ને યુવકો પોતાનો સામાન બાંધી બાપાની રજા લેવા જ પહોંચી ગયા. સ્વામીશ્રીએ જાણે તૈયારી કરી રાખી હોય તેમ ઊભા થઈને યુવકોને પ્રેમપૂર્વક આવકાર આપ્યો. બધાને ભેટ્યા, ધબ્બો માર્યો અને બેઠા, પછી ઘણી બળની વાતો કરી અને કહે, 'તમે બધા ખરેખરા યુવકો છો, એકાંતિક છો, આવો ભીડો કોઈ વેઠી ન શકે. કેટલું અપમાન થાય તે હું જાણું છું. આવું કોઈ સહન ન કરી શકે. તમે બધાએ મને ખૂબ ટેકો આપ્યો છે.' સ્વામીશ્રીએ યુવકોને ઘણી ઘણી પ્રશંસાની વાતો કરી. યુવકોને ઠંડા પાડ્યા. સૌની આંખોમાં સ્વામીશ્રીનો પોતા પ્રત્યેનો પ્રેમભાવ જોઈને હર્ષાશ્રુ આવી ગયાં. યુવકોએ પોતાના ડબ્બામાં જઈ બિસ્તરાં પોટલાં છોડી નાખ્યા અને નક્કી કરી નાખ્યું કે ગમે તેવું અપમાન થાય તો પણ જવાનો સંકલ્પ કરવો જ નથી. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જ વર્તવું છે, એમને ઓશીયાળા નથી કરવા; મનધાર્યું કરવું જ નથી.[૧] આમ બાપા સૌ યુવકોના દિલમાં બેસી ગયા હતા.

પીપલગ ગામના હરિભક્ત મનુભાઈ ઉમેદભાઈ પટેલ વડતાલ મંદિરે સ્વામીશ્રીના દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીએ ધબ્બો મારી પૂછ્યું, ''બીડી પીવો છો?'' જવાબ આપતાં કહે, ''દરરોજની ૧૦૦ પિવાય છે.'' સ્વામીશ્રીએ હેતપૂર્વક કહ્યું, ''બંધ કરો તો સારું.''

સ્વામી, 'બંધ તો નહીં થાય, કારણ કે દરરોજ ૧૮ કલાક મહેનત કરું છું.'

''ડુંગળી, લસણ બંધ કરશો?'' સ્વામીશ્રીએ ફરી એટલા જ હેતથી કહ્યું.

'એ પણ મૂકી ન શકાય. મારે તો ડુંગળીના ભજિયાં ખાધા વિના ચાલે જ નહિ. બીજું કાંઈ મૂકવું ન પડે તેવું કહો.' તેમણે કહ્યું.

---

(૧) દવે, હર્ષદરાય ટી.- ''બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. પાના નં.૧૭૮

સ્વામીશ્રી હસી રહ્યા હતા. સહેજ પણ ધીરજ ગુમાવ્યા વગર સ્વામીશ્રીએ ફરી કહ્યું, 'વડતાલમાં તમારી લાતી છે. તે દરરોજ મંદિરમાં જશો?'

ત્યારે તેમણે કહ્યું, 'આ જરૂર થશે. કારણ, આમાં કાંઈ મૂકવાનું નથી કે પૈસા ખર્ચવાના નથી.'

સ્વામીશ્રીએ રાજી થઈને તેમને મગજના લાડુનો પ્રસાદ આપ્યો, આશીર્વાદ આપ્યા.

મનુભાઈને જીવનમાં પ્રથમવાર જ આવા સંત મળ્યા હતા, જેમણે, નિયમો પાળવાની ના પાડી છતાં સહેજ પણ ગુસ્સો કે નારાજી ન બતાવી; ઊલટા રાજી થઈ પ્રેમ વરસાવ્યો.

તેઓ કંઠી બાંધીને સત્સંગી થયા. તેમના જીવનના સુખદુઃખના ઘણીવાર પલટા આવ્યા, પરંતુ સ્વામીશ્રીનો એક આધાર તેમના જીવનનું કેન્દ્ર બન્યું અને તેમની સત્સંગની દૃઢતા પણ દિનપ્રતિદિન વધવા લાગી. વ્યસનો છુટી ગયા અને ચુસ્ત સત્સંગી થયા.[૧]

ગુણાતીતાનંદસ્વામીએ પ્રાગજી ભક્તને પોતાના સ્થાને સૌના આધ્યાત્મિક ગુરુપદે સ્થાપ્યા હતા. ગુણાતીતાનંદસ્વામીના સ્વધામગમન પહેલાં તેમણે પણ અગમવાણી ઉચ્ચારેલ કે, ''હવે અમે મહુવે જઈને રહીશું.''[૨] કારણ કે તેમની અનુવૃતિ મુજબનું જીવન જીવતાં અનાદિ મૂળ અક્ષરમુક્ત પ્રાગજી ભગત (ભગતજી મહારાજ) મહુવા રહેતા હતા. બ્રહ્મના આનંદના અપરોક્ષ અનુભવી પ્રાગજી ભગત નિર્ભય હતા. શ્રીજી મહારાજ પુરૂષોત્તમ છે ને ગુણાતીતાનંદસ્વામી અક્ષર છે – એ વાત તેઓ છડેચોક કરતા. આથી સર્વત્ર અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ થયો. આ પરંપરામાં ભગતજી મહારાજનું સેવન કરીને સાધુ યજ્ઞપુરૂષદાસજી (શાસ્ત્રીજી મહારાજ) વર્તી ગયા. તેમણે પણ ભગતજી મહારાજનો અપરંપાર રાજીપો મેળવેલ હતો. સ્વામી યજ્ઞપુરૂષદાસજી (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ) દ્વારા પોતે પ્રગટ છે, એમ નિર્દેશ કરીને સં. ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ના દિને આદર્શ સાધક તરીકે જીવેલા અનાદિ સિદ્ધપુરૂષ પ્રાગજી ભક્તે સ્વતંત્રપણે ભૌતિક દેહનો ત્યાગ કર્યો. શ્રીજી મહારાજની અનુવૃતિ મુજબ સ્વામિ અને નારાયણ એટલે કે ભક્તે સહિત ભગવાનની

(૧) દવે, હર્ષદરાય ટી.''બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ, પાના નં.૨૦૧-૨૦૨(૨) દવે, હર્ષદરાય ટી. - ''શ્રી ગુણાતીતાનંદસ્વામી ભાગ -૨ : જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ અમદાવાદ, સાતમી આવૃત્તિ - ૨૦૦૦, પાના નં. ૩૫૨.

યુગલ ઉપાસનાના શુદ્ધ ખ્યાલોના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ વડતાલ મંદિરનો ત્યાગ કરી બોચાસણ આવે છે અને ત્યાં અક્ષરપુરૂષોત્તમ યુગલ ઉપાસનાના પ્રવર્તનની કામગીરી હાથ ધરે છે. ગુણાતીતાનંદસ્વામી એટલે 'અક્ષર' અને સહજાનંદસ્વામી એટલે 'પુરૂષોત્તમ' એમ માનનાર અક્ષરપુરૂષોત્તમ સંસ્થાની સ્થાપના તારીખ ૫-૬-૧૯૦૭ના વૈશાખ વદ દશમના દિવસે બોચાસણમાં થઈ. જેના સ્થાપક સાધુ યજ્ઞપુરૂષદાસજી (શાસ્ત્રીજી મહારાજ) હતા.[૧] શાસ્ત્રીજી મહારાજે અનેક મુમુક્ષોઓને વાતો કરી તથા પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં બળભર્યા પત્રો લખી અક્ષર-પુરૂષોત્તમના શુદ્ધ સિદ્ધાંતનો પ્રચાર કર્યો. શાસ્ત્રીજી મહારાજે ૮૭ વર્ષની વૃદ્ધ અવસ્થા સુધી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચાર અને તે દ્વારા સામાજિકોત્થાન માટે અવિરતપણે વિચરણ કરી સંવત ૨૦૦૭માં વૈશાખ સુદ ૪ના દિવસે ભૌતિક દેહનો સ્વતંત્રપણે ત્યાગ કરીને ધામમાં પધાર્યા. અક્ષરધામગમન સમયે શાસ્ત્રીજી મહારાજે જણાવ્યું હતું કે, ''મારામાં અને યોગીજી મહારાજમાં રોમનો પણ ફેર નથી. આ યોગીજી મહારાજ જેવા સંતનો જોટો બ્રહ્માંડમાં ક્યાંય મળે તેમ નથી.''[૨] આમ યોગીજી મહારાજ થકી ભગવાન સ્વામિનારાયણની ચેતના પૃથ્વી પર પ્રગટ છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતપરંપરા થકી સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી પર અખંડ નિવાસ કરીને રહેતાં હોવાની પ્રતીતિ સંપ્રદાયના ભાવિકોને અને સાધકોને નિરંતર થતી રહેતી હોવાનું જણાયેલ છે.

અક્ષરપુરૂષોત્તમ સંસ્થાની ઉપાસના પદ્ધતિમાં ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ તેમના બાદ ગુણાતીતાનંદસ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા ઉત્તમ કોટીના સંતોમાં પ્રગટ રહેલ છે. આ સંપ્રદાયમાં મુખ્ય ઉપાસના પદ્ધતિ બે જ છે પરંતુ વ્યવહારની સાનુકૂળતા, સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર થવાને કારણે આર્થિક રીતે એકબીજાથી સ્વતંત્ર અને સ્વાવલંબી જુથો અસ્તિત્વમાં આવ્યા. પોતાની આગવી રીતે મંદિરોનું સર્જન કર્યું. પરંતુ બધાં જ મંદિરોમાં ભગવાન તરીકે ઉપાસ્ય મૂર્તિ તો સહજાનંદ સ્વામીની જ છે. તમામ ફાંટાઓનો મુખ્ય ઉદ્દેશ

(૧) સાધુ વિવેકપ્રિયદાસ - ''લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી-૧'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૧૮૧ (૨)સાધુ આદર્શજીવનદાસ - ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ :જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૨૩૪

સદાચારનો પ્રચાર, પ્રસાર અને સમાજસેવા દ્વારા પ્રભુ સેવા એ જ છે. અક્ષરપુરૂષોત્તમ સંસ્થાના સ્થાપક સ્વામી યજ્ઞપુરૂષદાસજીએ (શાસ્ત્રીજી મહારાજે) પ્રાચિન ભારતીય સંસ્કૃતિના વારસાની યાદ અપાવતાં મંદિરોનું સર્જન કર્યું. તેઓએ બોચાસણ, ગઢડા, અમદાવાદ, ગોંડલ અને અટલાદરા ખાતે ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું. તેઓની આગવી સૂઝ તથા ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ભક્તિને કારણે તેઓએ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચારમાં મહત્વનો ભાગ ભજવ્યો. તેઓના શિષ્ય સ્વામીજ્ઞાનજીવનદાસજીએ (યોગીજી મહારાજે) શાસ્ત્રીજી મહારાજે શરૂ કરેલા કાર્યને વેગથી આગળ ધપાવ્યું. તેઓની જીવન ભાવના હતી 'ભગવાન સૌનું ભલું કરો' અને 'સંપ, સુહૃદભાવ અને એકતા રાખવા'. યોગીજી મહારાજના કાર્યકાળ ૧૯૫૧ થી ૧૯૭૨ દરમ્યાન સંપ્રદાયનો પ્રચાર દક્ષિણ આફ્રિકા અને ઇંગ્લેન્ડ સુધી થયો. તેઓએ અનેકવાર વિદેશમાં વિચરણ કરી ત્યાં વસતાં ગુજરાતી પરિવારોમાં ભક્તિ અને નિષ્ઠાની જ્યોત જલાવી. યોગીજી મહારાજે યુવા વર્ગના ઉત્થાનમાં અત્યંત રસ દાખવ્યો. તેઓ યુવાનો સાથે યુવાન જેવા બન્યા. તેઓ કહેતાં કે, 'યુવકો મારું હૃદય છે.' તેઓએ ડોક્ટર, એન્જીનીયર જેવું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવકોને દિક્ષા આપી સાધુ બનાવ્યા અને સંપ્રદાયના પાયા મજબુત કર્યા. તેઓ બાદ પ્રમુખસ્વામીજીએ સંપ્રદાયની વૈશ્વિક ઓળખ ઊભી કરી. વિશ્વભરમાં સ્થાપત્ય અને કલાના અદ્ભૂત સંગમ ધરાવતાં મંદિરો બનાવ્યા. વિદ્વાન લેખકો અને સંતો દ્વારા ઉત્કૃષ્ટ સાહિત્યનું સર્જન કરાવી સંપ્રદાયનો સુપેરે પરિચય કરાવ્યો. આજે અક્ષરપુરૂષોત્તમ સંસ્થાએ સંગીત, કલા, આયુર્વેદિક ઔષધિઓનું ઉત્પાદન, સ્થાપત્યકલા વગેરે ક્ષેત્રોમાં સમાજને કરેલું પ્રદાન જ તેનો પરિચય છે.

ભગવાન સ્વામિનારાયણે મુક્તાનંદસ્વામી પાસે સધવા - વિધવાના ધર્મો નિરૂપતો 'સતી ગીતા' ગ્રંથ પણ રચાવ્યો હતો. આ પુસ્તકથી પ્રભાવિત થઈને પેરિસ (ફ્રાંસ)ની મેલીજોં ફ્રાંઝવાએ ફ્રેંચ ભાષામાં 'સતી ગીતા' પર મહાનિબંધ લખીને પેરિસથી પ્રકાશિત કર્યો છે. આ વિદુષીએ ગુજરાતી ભાષા શીખીને આ મહાનિબંધ લખ્યો છે. તેણી કહે છે કે, ''મુક્તાનંદસ્વામીએ સતીઓના જેવા ધર્મો લખ્યા છે તેવા હજુ સુધી કોઈએ લખ્યા નથી.''[૧]

(૧) Fracoise Mallison - "La- Satigita de Muktanand" p\: Mstitat - de - civilisation indience, PARIS - A.D. 1973

ભગવાન સ્વામિનારાયણે કરેલાં મહિલા ઉત્કર્ષની ચરમસીમા હતી, સ્ત્રીઓના આધ્યાત્મિક ઉત્થાનમાં ખૂબ જ સક્રિયતાથી ઉઠાવ લીધેલ હતો. ''સ્ત્રીનો મોક્ષ થઈ શકે નહી, તેણીએ મોક્ષ માટે પુરૂષનો દેહ ધરવો પડે.'' જેવી ક્ષેપક વાતો શાસ્ત્રોમાં પ્રવેશી ગયેલી. ભગવાન સ્વામિનારાયણે રદિયો આપ્યો. તેઓએ કહ્યું, ''દેહ તો પુરૂષનો અને સ્ત્રીનો બેય માયિક છે ને નાશવંત છે અને ભજનનો કરનારો જે જીવાત્મા તે પુરૂષ પણ નથી ને સ્ત્રી પણ નથી. એ તો સત્તામાત્ર★ ચૈતન્ય છે. તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે જેવી ભગવાનની મરજી હોય તેવો આકાર બંધાય છે.(વચ.ગ.અંત્ય-૨૨)''[૧] આ વિચારને કેન્દ્રવર્તી વિચાર બનાવી યોગી ડિવાઈન સોસાયટી, હરિધામ-સોખડાના અધ્યક્ષ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ પોતાના ગુરુહરિ યોગીજી મહારાજના સંકલ્પે બહેનોના ઉત્કર્ષ માટે સ્ત્રીઓને ભગવાન ભજવા માટેની વ્યવસ્થા ઊભી કરી. જ્યાં અનેક બહેનો વડીલ સાધક બહેનો થકી દિક્ષા પામીને ભક્તિના માર્ગે નિશ્ચિતતાથી ચાલી રહ્યા છે. (★સત્તામાત્ર ચૈતન્ય = શારીરિક દષ્ટિએ સ્ત્રી અને પુરૂષ એવો ભેદ છે પરંતુ બન્નેમાં રહેલું ચૈતન્ય સ્વરૂપ (આત્મતત્વ) એક જ છે. દેહ પડી ગયા પછી ભગવાનના ધામમાં ગયા પછી ભગવાન તેને પોતાની મરજી મુજબ આકાર આપે છે.)

યોગીજી મહારાજના શિષ્ય હરિપ્રસાદસ્વામીજીએ વડોદરા જીલ્લાના સોખડા ખાતે અક્ષરપુરૂષોત્તમ સંસ્થાથી અલગ પરંતુ એ જ ઉપાસનાના સિદ્ધાંત પર આધારિત મંદિરની સ્થાપના કરી, જે યોગી ડિવાઈન સોસાયટી તરીકે ઓળખાય છે. આ સંસ્થા દ્વારા 'યોગીધામ શિક્ષણ સંકુલ'-રાજકોટ, સર્વનમન ગર્લ્સ એકેડમી - ભરૂચ તથા આત્મીય વિદ્યામંદિર - ભરથાણા (જી. સુરત)ની સ્થાપના કરવામાં આવી છે. આમ હરિપ્રસાદસ્વામીજીનું શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન છે. ઉક્ત સંસ્થાઓમાં બાલમંદિરથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસક્રમોનું શિક્ષણ આપવામાં આવે છે. આ બન્ને સંસ્થાઓ ઉપરાંત સંપ્રદાયના પ્રચાર - પ્રસાર તથા સામાજિક ક્ષેત્રે કાર્યરત એવી સંસ્થા છે, સ્વામિનારાયણ ગુરુકુળ - રાજકોટ. આ સંસ્થાની જુનાગઢ, અમદાવાદ, હૈદ્રાબાદ, છારોડી વગેરે સ્થળોએ શાખા છે. દરરોજનો માત્ર એક રૂપિયો ટોકન ચાર્જ

(૧) સદ્. મુક્તાનંદસ્વામી, સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી અને સદ્.સુખાનંદસ્વામી''વચનામૃત'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૬. પાના નં. ૫૮૪

લઈ વિદ્યાર્થીઓને રહેઠાણ અને ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સંસ્થામાં ભણેલા અનેક વિદ્યાર્થીઓ આજે નામાંકિત ડોક્ટર, એન્જીનીયર બન્યા છે. રાજકોટમાં તો આ સંસ્થાએ હોસ્પિટલ પણ સ્થાપી છે. આ સંસ્થાના વડા પૂ.માધવજીવનસ્વામીએ પણ સામાજિક ક્ષેત્રે આગવું પ્રદાન કરેલું છે. આમ જોઈએ તો સ્વામિનારાયણ સંપ્રદાયની તમામ સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ ધર્મની સાચી સમજણ આપવી, યુવાનોને વ્યસનની ગર્તામાં ધકેલાતાં બચાવવા અને આરોગ્ય અને શિક્ષણ દ્વારા સમાજ સેવા કરવી એ રહ્યો છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાયના લગભગ સંતોએ શિક્ષણના માધ્યમથી સમાજસેવાની આહલેક જગાવી છે. આમ આપણે અહીં સ્વામિનારાયણ સંપ્રદાયની સમગ્ર સમાજ ઉપર અસર વિષે ચર્ચા કરીશું.

**૧.૫ સ્વામિનારાયણ સંપ્રદાયની સમગ્ર સમાજ પર અસર :**

૧૮મી સદીમાં ભારતનું રાજકીય કે સામાજિક ચિત્ર ખૂબ જ ખરાબ હતું. તમામ સ્તરે અંધાધૂંધી પ્રવર્તતી હતી. આ સમયગાળામાં ધાર્મિક રૂઢિચૂસ્તતાએ ખૂબ જ પકડ રાખી હતી. શું ખાવું, સ્નાન કઈ જગ્યાએ કરી શકાય, ક્યા સંવર્ગના લોકો સાથે સંબંધ રાખી શકાય વગેરે નિયમોના કારણે લોકો બીજા પ્રત્યે અસહિષ્ણુ અને સંકુચિત વિચારસરણીમાં રહેતા થયા. ધર્મગુરુઓ પણ તેમના સ્વાર્થ પોષવામાં જ રત રહેતા હતાં. સ્ત્રીઓ માટે ખૂબ જ જડત્વની ભાવનાથી વર્તન કરવામાં આવતું હતું. સામાજિક નીતિમતાનો પણ હ્રાસ થતો હતો. આ સમયમાં ભગવાન સ્વામિનારાયણે સમગ્ર દેશમાં તીર્થાટન કરી દેશની અંદર પ્રવર્તતી માન્યતાનો અભ્યાસ કર્યો. તત્કાલિન સમાજજીવન સાથે તાદાત્મ્યતા સાધી જનમાનસ પર પક્કડ જમાવી. આ પક્કડ મજબૂત થવાનું કારણ એ હતું કે તેમનો ઉપદેશ સહેલી અને સરળ ભાષામાં હતો. સ્વામિનારાયણ ધર્મ અને તેમનો ઉપદેશ એ કોઈ ચોક્કસ વર્ગનો ન બની રહેતાં સમાજના નિમ્ન સ્તરના માનવી સુધી પહોંચ્યો. સમાજજીવન ઉપર આ ધર્મની વ્યાપક અસર જોવા મળે છે. જેમ કે...

૧. અહિંસાના ઉપદેશને કારણે હોમ-હવનમાં દેવતાને રાજી કરવા નિર્દોષ પશુના બલિ ચડાવવાની ખોટી માન્યતાનું ખંડન થયું એના ફળસ્વરૂપે લોકોમાં આ પ્રકારના યજ્ઞ-હવનનું પ્રમાણ ઘટવા લાગ્યું.

૨. શુભ પ્રસંગોએ અશ્લીલ ભાષાનો ઉપયોગ કરી ગવાતાં ફટાણાં બંધ થયા.

૩. ગમે ત્યાં થૂંકવાની, સ્નાન-શૌચાદિક ક્રિયાઓ કરવાથી નદી, તળાવ, બાગ, બગીચા, ખેતરમાં ગંદકી થાય છે. પર્યાવરણ શુદ્ધ રહે એ માટે નદી, તળાવ, રસ્તા, વાવેલું ખેતર વગેરેમાં મળમૂત્ર કરવા તથા થૂંકવાનો નિષેધ કરવામાં આવ્યો અને પર્યાવરણ શુદ્ધિને મહત્વ અપાયું.

૪. પ્રાચીન સમાજ હોય કે અવાર્ચીન સમાજ પરંતુ વ્યસનોની બદી તો વ્યાપક હોય છે. શિક્ષાપત્રીમાં કોઈપણ પ્રકારના વ્યસનો ન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આમ સમગ્ર કુટુંબ અને સમાજની આબાદીનો વિચાર કરવામાં આવ્યો છે.

૫. ગુરુ, માતા-પિતા, રોગગ્રસ્ત મનુષ્યો, પશુપક્ષીઓ અને જીવપ્રાણીમાત્રની સેવાના ઉપદેશથી માનવીને સમાજ પ્રત્યેની ફરજોનું ભાન થયું.

૬. હિંદુ ધર્મના પરંપરાગત તહેવારો જેવાં કે હોળી, વસંત પંચમી, દિવાળી, ઉત્તરાયણ વગેરેનું મહત્વ લોકોને સમજાવવા માટે ઉત્સવો (સમૈયા)નું તેમની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આયોજન કર્યું અને લોકોને સારાસારનો ભેદ સમજાવ્યો અને સમાજને નવજાગૃત કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું.

૭. કુટુંબના બાળકરૂપે પુત્રીનો જન્મ આફતરૂપ જ મનાતો હતો અને તેને જન્મતાવેંત જ દૂધપીતી કરવાનો એટલે કે ક્રૂર રીતે હત્યા કરવાનો રીવાજ હતો, આ કુરિવાજ સહજાનંદસ્વામીએ બંધ કરાવ્યો અને સમાજ નવરચનાની પહેલ કરી.

૮. સ્ત્રી એ સમાજનું દબાયેલું, કચડાયેલું અને પુરૂષને આધીન પાત્ર હતું. કોઈ સ્ત્રીનો પતિ મરણ પામે તો તેને પરાણે જીવતાં બળી મરવુ પડતું હતું. તેવો ‘સતીપ્રથા’નો રીવાજ બંધ કરાવી આવા દુષણોના કારણે મૃતઃપાય થયેલા સમાજને નવજીવન બક્ષ્યું.

વર્તમાન સમયે લોકોમાં એક માન્યતા ઘર કરી ગઈ છે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધકોથી સ્ત્રીનું મોઢું ન જોવાય, તેમની સાથે વાતચીત ન કરાય, સ્ત્રીઓને ઘૃણાત્મક ભાવથી

જોવામાં આવે છે વગેરે વગેરે... પરંતુ હકીકત જુદી જ છે.

લોજપુર ગામમાં આશ્રમની બાજુમાં જીવરાજ શેઠના ડેલામાં સત્સંગી ભાઈઓ-બહેનોની સભામાં મુક્તાનંદસ્વામી કથાવાર્તા કરતા હતા. આ સમયે નીલકંઠ પણ સૌ સંતો સાથે કથા સાંભળવા ત્યાં ગયા, પણ અહીં આવતાં તેઓની વ્યગ્રતા વધી ગઈ. ત્યાગીના અષ્ટાંગ બ્રહ્મચર્યમાં થતો વિક્ષેપ નીલકંઠવર્ણીને ગમ્યો નહી તેમને આ પ્રથામાં ત્યાગાશ્રમનું દૂષણ દેખાયું. તેઓ તો ચાલુ કથાએ જ ઊભા થઈ ચાલવા લાગ્યાં ત્યારે મુક્તાનંદસ્વામી તેમને વિવેક સમજાવતાં કહે છે કે શ્રોતાઓ જતાં રહે પછી જ વક્તાઓએ આસન છોડાય, આ સમયે શ્રીમદ્ ભાગવતના અગીયારમાં સ્કંધના ૧૭/૩૩ના શ્લોકનું અનુસંધાન આપીને નીલકંઠ વર્ણીએ જણાવ્યું કે, ''ત્યાગીના અષ્ટાંગ બ્રહ્મચર્યમાં સ્ત્રીઓના આ અનિચ્છનીય સંપર્કથી વિઘ્ન આવે છે. ગૃહસ્થ સિવાયના બીજા આશ્રમીઓને માટે સ્ત્રીઓના દર્શન, સ્પર્શ, ભાષણ વગેરે ત્યાજ્ય છે એમ શાસ્ત્રો કહે છે.'' [૧]

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પુરૂષો અને સ્ત્રીઓના વિભાગ સહજાનંદસ્વામીની હયાતીમાં જ અલગ પાડેલ હતાં. સ્ત્રીઓ પણ સ્વતંત્ર રીતે ભગવાનની ઉપાસના કરી શકે, સ્ત્રી સન્માન યોગ્ય બને, પોતાની આગવી ઓળખ ઊભી થાય અને સંપ્રદાયથી સુપેરે પરિચિત થાય તે માટે સહજાનંદસ્વામીએ સ્ત્રીઓ માટે અલગ મંદિરોની સ્થાપના કરાવી. તેમના મતે આધ્યાત્મિક આરાધનાનું મૂળ બ્રહ્મચર્ય છે. સંપ્રદાયના પાયાના ગ્રંથ શિક્ષાપત્રીમાં ગૃહસ્થના વિશેષ ધર્મના શ્લોક ૧૩૬માં જણાવ્યા મુજબ 'ગૃહસ્થાશ્રમી પુરૂષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત પોતાની મા, બહેન, દીકરી સંગાથે પણ આપ્તકાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું.'[૨] આવી સ્પષ્ટ આજ્ઞા આશ્રિતજનોને આપવા પાછળનો હેતુ એ હતો કે જેમ આગ અને ઘી બન્ને એકબીજાના પૂરક બનીને પોતાનો જ નાશ કરે છે તેમ આશ્રિતજનો પણ ભક્તિમાર્ગમાંથી વિચલિત ન થઈ જાય.

તેઓ સ્ત્રી સમુદાયના વિરોધી ન હતા પરંતુ ત્યાગાશ્રમમાં જીવનાર સાધકો માટે સ્ત્રી બાધારૂપ

(૧)સાધુ આદર્શજીવનદાસ - ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ :જીવન અને કાર્ય'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૪. પાના નં. ૨૦ (૨) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૪૩.

છે. તેમના જીવનકાળ દરમ્યાન પણ ભગવાન ભજવા અનેક બહેનો આશ્રમમાં રહેતી હતી.

૯. સ્ત્રીઓ પણ પ્રભુધારક સંત પરંપરાના સત્પુરૂષની સમર્થ નિશ્રામાં રહીને ભગવાનની ઉપાસના કરી શકે, સ્ત્રી સન્માન યોગ્ય બને, પોતાની આગવી ઓળખ ઊભી થાય અને સંપ્રદાયથી સુપેરે પરિચિત થાય તે માટે સહજાનંદસ્વામીએ સ્ત્રીઓ માટે અલગ મંદિરોની સ્થાપના કરાવી.

આમ સહજાનંદસ્વામીએ સમાજના દરેક વર્ગ પર અસર પાડીને સમાજને નવો રાહ ચીંધ્યો. તેઓએ તત્કાલીન સમાજજીવનમાં પરિવર્તનની લહેર પ્રસરાવી દીધી અને તેઓએ સમાજના સર્વાંગી જ્યોતિર્ધર સ્વરૂપે આગવી ઓળખ ઊભી કરી.

આમ આ વિભાગમાં આપણે સ્વામિનારાયણ સંપ્રદાયની સમગ્ર સમાજ પર અસર વિષે ચર્ચા કરી. હવે યુવાન એટલે શું ? ની ચર્ચા હવેના વિભાગમાં કરીએ.

### ૧.૫.૧ યુવાન એટલે શું ? વ્યાખ્યાઓ – અર્થ

**युवास्यात् साधु युवाध्यायक, आशिष्ठ दृढिष्ठ, वलिष्ठ** (જે સરળ વૃત્તિનો, અધ્યયનશીલ, આશાવાન, દ્દઢ નિશ્ચયવાળો અને બળવાન છે તે યુવાન) કોઈપણ દેશનો કોઈપણ ક્ષેત્રે યુવાનો વગર વિકાસ અશક્ય છે. સ્વામી વિવેકાનંદે નચિકેતાની કાર્યદક્ષતા અને મેધાવી પ્રતિભાને જાણીને તેમના શિષ્યને કહેલું કે, ''Give me hundred Nachiketa, I will change the world''[1]

આ વિધાન જ આપણને યુવાનોની શક્તિ વિષે ઘણું જ કહી જાય છે. યુવાન એટલે શક્તિનો પ્રવાહ, થનગનાટ અને ગતિશીલતા. યુવાનની ઉપર્યુક્ત વ્યાખ્યાઓને સમર્થન આપતાં ડૉ. ટી.કે. ઓમેન પણ નોંધે છે કે ''આપણે જ્યારે 'યુવાન'નો ઉલ્લેખ કરીએ ત્યારે અમુક ઉંમર-જૂથ, સામાન્યતઃ ૧૫ થી ૩૦ વર્ષના ગાળાની વ્યક્તિઓનો ખ્યાલ આપણાં મનમાં રહેલો હોય છે. આ ઉંમર-જૂથ જેનો આપણે નિર્દેશ કરીએ છીએ, તેઓમાં શારીરિક શક્તિ અને માનસિક ઉત્સાહ સવિશેષ ઊભરાતાં હોય છે. જેની અભિવ્યક્તિને પૂરતો અવકાશ અને તક આપવાની જરૂર છે. વળી, યુવાનોનો વિચાર અલગ ઘટનારૂપે થઈ શકે નહી. તેઓનું સ્થાન, ભૂમિકા વગેરે જે તે

(૧) સ્વામી વિવેકાનંદ જીવન ચરિત્ર : રામકૃષ્ણ મિશન, રાજકોટ. ૧૯૯૯. પાના નં. ૧૫

સમાજના અનુસંધાનમાં જ સમજી શકાય.''[1] આધુનિક સમયમાં કોમ્પ્યુટરને જનસુલભ બનાવનાર બિલગેટ્સ, ભારતને કોમ્પ્યુટર ક્ષેત્રમાં અમેરિકાની સમકક્ષ બનાવનાર ઈન્ફોસિસ કંપનીના વડા નારાયણમૂર્તિ, વિપ્રો કંપનીના વડા અઝીઝ પ્રેમજી, એવરેસ્ટ આરોહક પ્રથમ મહિલા બચેન્દ્રીપાલ, પ્રથમ મહિલા પાયલોટ સૌદામિની, જાંબાઝ મહિલા પોલિસ અધિકારી કિરણ બેદી, માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડૂલકર આવા અનેક જીવંત ઉદાહરણો આ ભૂમિ પર આજે પણ તેમના ક્ષેત્રમાં આગેકૂચ કરી રહ્યા છે. યુવાનો એ સમાજ વ્યવસ્થાનો એક આધારભૂત સ્તંભ છે. યુવા વર્ગમાં જેટલું પરિવર્તન શક્ય બને તેટલું સામાજિક પરિવર્તન શક્ય બને. યુવાનોની શક્તિને પારખીને જ સમાજજીવનના અભ્યાસીઓ માટે તેઓ ધ્યાનપાત્ર બન્યા છે. ''યુવાનોના વિવિધ પ્રશ્નો અને યુવા પ્રવૃત્તિઓના વિવિધ પાસાંઓએ સંશોધકોને નવું ક્ષેત્ર પૂરું પાડયું છે. યુવાનોનું સમાજશાસ્ત્ર એક સમાજશાસ્ત્રીય વિજ્ઞાનના સ્વરૂપમાં પોતાનું અલગ અસ્તિત્વ અને આગવું મહત્વ ધરાવે છે.''[2] કેમ કે 'યુવાન' અંગે પ્રો. આઈઝેન્સ્ટેડ કહે છે તેમ, 'મૂળભૂત રીતે ભલે જૈવિક ઘટના હોય પરંતુ તેની વ્યાખ્યા હંમેશા સાંસ્કૃતિક ધોરણે જ કરવામાં આવે છે અને તે અર્થમાં તેને વિસ્તૃત ઘટનાના ભાગરૂપે જ જોઈ શકાય.'[3]

પ્રત્યેક સમાજમાં ઉંમર અને ઉંમરના તફાવતોને આધારે કેટલાંક ઉંમર વિભાગને ચોક્કસ પ્રકારે સામાજિક અને સાંસ્કૃતિક મહત્વ અપાતું હોય છે. એટલું જ નહી પરંતુ સમાજ રચનાના માળખામાં વ્યક્તિનું સ્થાન, દરજ્જો, તેની કાર્યભૂમિકા તેમજ તેના વર્તન-વ્યવહારો અને પરસ્પરની અપેક્ષાઓના નિર્માણમાં તેની ઉંમર અને ઉંમરના તફાવતો મહત્વનો ભાગ ભજવે છે. સમાજમાં જીવીત વ્યક્તિ, સામાન્યતઃ જન્મથી મરણ સુધીના ગાળામાં ઉંમરની દષ્ટિએ બચપણ, યુવાની, પુખ્તતા, પ્રૌઢતા અને વૃદ્ધત્વ એવા વિવિધ ઉંમર વિભાગોમાંથી પસાર થાય છે. આ દરેક ઉંમર વિભાગને સામાજિક અને સાંસ્કૃતિક રીતે જુદુ જુદુ મહત્વ અપાતું હોય છે. અલબત, તેમાંથી

(૧) Ouman T.K., - "Status and Role of Youth in Society", National Service Journal, Vol.1, No.1, March-1973, Delhi School of Social Work, Uni. of Delhi, Page No.1. (૨) ''યુવાનોનું સમાજશાસ્ત્ર : વિકાસના વિજ્ઞાનની રૂપરેખા'', સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનું મુખપત્ર માર્ચ-૧૯૭૫, પાના નં. ૧૩૭. (૩) Manning - Truzzi - Eisenstalt S.N. -"Archetypal Pattern of Youth", Page 16.

ઉંમરના ક્યા વિભાગને કેટલું મહત્વ અપાશે તેનો આધાર જે તે સમાજ અને તેની સંસ્કૃત્તિ પર રહેલો હોય છે.[૧]

આમ, ઉંમરના ધોરણે, સમાજમાં વિવિધ ઉંમર વિભાગો જોવામાં આવે છે. તેમાં એક ઉંમર વિભાગરૂપે યુવાનોનો સમાવેશ થાય છે. આ રીતે વિચારતાં, યુવાનો સમાજવ્યવસ્થાનું અવિભાજ્ય અંગ છે, વિશેષમાં પ્રત્યેક સમાજમાં છેક માનવસમાજના ઉગમકાળથી આજસુધી આ યુવાવર્ગ હરહંમેશ જોવામાં આવે છે. એટલે જ પ્રો. આઈઝેન્સ્ટેડ યુવાવર્ગને એક સાર્વત્રિક ઘટનારૂપે ગણાવે છે તે યથાર્થ છે.[૨]

બીજા શબ્દોમાં 'યુવાન' શબ્દને ઉંમર – જે એક જૈવિક હકીકત છે તેને આધારે એક ઉંમર વિભાગરૂપે સમાજજીવનની સાર્વત્રિક ઘટના તરીકે પરિભાષિત કરી શકાય. પરંતુ 'યુવાન' શબ્દને જૈવિક ધોરણે પૂરેપૂરો સમજી શકાય નહી તેમજ તે જૈવિક હકિકતના આધારે પરિભાષિત થઈ શકે તેમ નથી.

પ્રો. માનીંગના શબ્દોમાં 'યુવાન' શબ્દ એક ભાષાકિય શબ્દપ્રયોગ છે. જેનો ઉપયોગ અમુક ઉંમરવિભાગને માટે કરે છે, આને પરિણામે (તે ઉંમરવિભાગ માટે) સામાજિક ભૂમિકા, કેટલીક લાક્ષણિકતાઓ અને જેમના માટે આ શબ્દપ્રયોગ વપરાય છે તેઓના માટે વિશેષ અર્થપૂર્ણતા સહિત કેટલાંક જોઈ શકાય તેવા પરિણામો સર્જાય છે.[૩]

ટૂંકમાં, આ પ્રકારે યુવાનની સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં વ્યાખ્યા અપાતી હોવાથી દરેક સમાજમાં યુવાનોનો દરજ્જો, કાર્યભૂમિકા, સામાજિક જવાબદારી, ફરજો, હક્કો તેમજ તેમનું સામાજિક મહત્વ જુદા જુદા પ્રકારે જોઇ શકીએ છીએ, કેટલાંક સમાજ, દા.ત. આધુનિક અમેરિકન સમાજ યુવાનોના સામાજિક મહત્વને સ્વીકારે છે અને તે પ્રમાણે યુવાનોને આગળ પડતું સ્થાન અને મહત્વ આપે છે. જ્યારે રૂઢિચુસ્ત ભારત કે જ્યાં વડીલશાહીને પ્રાધાન્ય મળ્યું હતું ત્યાં

---

(૧) Age and Sex in the Social Structure of the United States - For example, See : parsons Taleott, Americal Sociological Review Vol. VIII, Oct. 1942, Page 604-18 (૨) Archetypal Pattern of Youth : Manning - Truzzi - Eisenstadt S.N. Page 15. (૩) Manning - Truzzi - Eisenstalt S.N. -"Archetypal Pattern of Youth", Page 16.

યુવાનોની અવગણના થતી પણ જોવામાં આવતી હતી. આમ, યુવાનો એક જૈવિક ઘટના હોવા છતાં તેની વ્યાખ્યા સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં અપાતી જોઈ શકાય છે.

આના ઉપરથી આપણે કહી શકીએ કે 'યુવાન' તે એક સામાજિક સર્જન છે, જે અમુક ઉંમર-ગાળાની વ્યક્તિઓને માટે સમાજ પ્રયોજે છે. એટલે યુવાન શબ્દને માત્ર જૈવિક રીતે વિચારવાને બદલે સામાજિક તેમજ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજવો જરૂરી છે.

૧. 'યુવાન' એક જૈવિક ઘટના છે અને તે શબ્દ અમુક ઉંમર વિભાજન માટે વાપરવામાં આવે છે. સામાન્યતઃ ૧૪-૩૫ વર્ષના ઉંમર ગાળાની વ્યક્તિઓને માટે 'યુવાન' શબ્દનો ઉપયોગ થતો જોવામાં આવે છે.

૨. યુવાનો પાસેથી એક સામાજિક વિભાગ તરીકે પ્રત્યેક સમાજમાં અમુક દરજ્જો, સ્થાન, કાર્યભૂમિકા, ફરજો અને જવાબદારી તેમજ અમુક પ્રકારની અપેક્ષાઓ અને ધારણાઓ રાખવામાં આવતી હોય છે. અહીં નોંધવું જરૂરી છે કે દરેક સમાજમાં યુવાનોનો સામાજિક દરજ્જો, સ્થાન, કાર્યભૂમિકા, ફરજો અને જવાબદારીઓ તેમજ અપેક્ષાઓ જુદી જુદી હોય છે.

૩. યુવાનોનું સામાજિક કે સાંસ્કૃતિક મહત્વ કેટલું છે ? તે પરિસ્થિતિનો ખ્યાલ તે સમાજમાં તેનું સામાજિક અને સાંસ્કૃતિક મહત્વ કેટલું છે તેના પરથી આવી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો જે તે સમાજમાં યુવાનોને કેટલું પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેટલી અવગણના કરવામાં આવે છે તેના પરથી સામાજિક અને સાંસ્કૃતિક વિકાસનો ખ્યાલ આવી શકે છે.

આમ, યુવાન મૂળભૂત રીતે જૈવિક ઘટના હોવા છતાં તેનો વિચાર, સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં કરવો અનિવાર્ય બની રહે છે અને તો જ યુવાનોના વિચારો, વલણો, વર્તનો અને મૂલ્યોને આપણે સુપેરે સમજી શકીશું.

ટૂંકમાં, સમાજશાસ્ત્ર તેની પરિભાષામાં યુવાનોને એક સામાજિક અને સાંસ્કૃતિક જૂથના રૂપમાં ગણીને તેનો વિચાર કરે છે. બીજા શબ્દોમાં ડૉ. ગોરેના મંતવ્ય અનુસાર, ''યુવાનો એક

સામાજિક કક્ષા છે. તેમ યુવાનોને વિશિષ્ટ 'સામાજિક જૂથ'ના સ્વરૂપમાં સ્વીકારીને સમાજશાસ્ત્રીય અર્થસંદર્ભમાં આ 'યુવાન' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

આ મંતવ્ય પ્રમાણે કોઈપણ દેશ, સંસ્થા, ધર્મ કે સંપ્રદાયના વિકાસમાં મહત્વનું પ્રદાન છે યુવાનોનું. ભારતના ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો સનાતન હિંદુ ધર્મની સ્થાપના કરનાર શંકરાચાર્યજી, સર્વધર્મ સમભાવનું પ્રવર્તન કરનાર શહેનશાહ અકબર, હિંદુ ધર્મનો વાવટો લહેરાતો રાખનાર છત્રપતિ શિવાજી, ગુજરાતને સમૃદ્ધ બનાવનાર રાજા સિદ્ધરાજ જયસિંહ, સામાજિક રીતે કચડાયેલી અને ધાર્મિક અંધશ્રદ્ધા અને વિષય, વ્યસન અને વ્હેમથી પીડિત પ્રજાને સન્માર્ગે વાળનાર શ્રી સહજાનંદસ્વામીએ યુવાન તરીકે સમાજને અદ્ભૂત આદર્શ પૂરો પાડયો છે. જે સંપ્રદાય યુવાનોને આકર્ષી શકે તેનો વિકાસ ઝડપી અને સંગીન થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને હવે આપણે સ્વામિનારાયણ સંપ્રદાયની યુવાનો પર અસરની ચર્ચા કરીશું.

### ૧.૫.૨ સ્વામિનારાયણ સંપ્રદાયની યુવાનો ઉપર અસર :

આજે આપણે યુવા વર્ગ તરફ નજર કરીએ તો તે વ્યસન અને કુટેવોના ચક્કરમાં પડી ગયેલો જણાય છે. પાન, ફાકી, માવો, સિગારેટ, બીડી અને તમાકુના વ્યસનથી પોતાની જીંદગીને બરબાદી તરફ ઢસડી રહ્યો છે અને જેના કારણસ્વરૂપ તેનું કુટુંબ પણ આ અસરમાંથી મુક્ત રહી શકતું નથી. હવે તો સર્વવિદિત છે કે તમાકુનું સેવન એટલે કેન્સરને 'આમંત્રણ'. આમ છતાં યુવા માનસ આવા વ્યસનો ત્યજવા તૈયાર નથી અને વ્યસનોને કારણે શરીર અને પૈસાની બરબાદી થાય છે. આવી પરિસ્થિતિ જ્યારે જોવા મળે છે ત્યારે બીજી બાજુ સ્વામિનારાયણ સંપ્રદાયની નજીક રહેલો અને સંપ્રદાયથી પરિચિત યુવા સમાજ વ્યસનોથી મુક્ત થાય છે. આ સંપ્રદાયે યુવા સમાજને વ્યસનોથી મુક્ત કરવાનું જાણે બીડું ઝડપ્યું છે. દેશ અને વિદેશમાં રહેતાં યુવાનોને તમાકુ અથવા તમાકુના વ્યસનો ઉપરાંત દારૂ, બ્રાઉન સુગર જેવા અન્ય કેફી પદાર્થોના સેવનમાંથી મુક્ત કરાવ્યા છે.

આજે જ્યારે આધુનિક યુગમાં યુવાવર્ગ માતા-પિતા, કુટુંબ અને વડીલોથી વિમુખ થતો જણાય છે. ડાઈનીંગ ટેબલ પર સાથે મળીને જમી શકાતું નથી, તેવી સંસ્કૃતિ પાંગરી રહી છે,

ત્યારે આ સંપ્રદાયના અનુયાયીઓએ કુટુંબભાવના જીવંત રાખવા 'ઘરસભા'નો અદ્‌ભૂત રાહ ચીંધ્યો છે. આ 'ઘરસભા' એટલે ઘરના તમામ સભ્યો ૧ કલાક સાથે બેસીને ધાર્મિક સંસ્કાર અને સંસ્કૃતિનું ચિંતન કરતાં પુસ્તકોનું વાંચન કરે છે. ધૂન, ભજન, પ્રાર્થના કરે છે અને વિચારોનું આદાન-પ્રદાન કરે છે. આ માધ્યમથી યુવા માનસ કુટુંબસંસ્થાને સમજી શકયું છે. જે કુટુંબભાવનાને અકબંધ રાખે છે.

આજના આ સતત વિકાસશીલ જમાનામાં ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ ફોન વગેરે જીવનનો એક ભાગ બની ગયા છે. પરંતુ આ ઉપકરણોનો દુરૂપયોગ, બિભત્સ ફિલ્મો, કાર્યક્રમો જોવામાં, અશ્લિલ વેબસાઈટ સર્ચ કરી નિહાળવામાં, અરૂચિકર ફોટોગ્રાફ્સની આપલે કરવામાં નિરંકુશ વધ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાય યુવાનોને માત્ર જ્ઞાનવર્ધક અને સુરૂચિપૂર્ણ કાર્યક્રમો, ફિલ્મ વગેરે જોવા ઉપદેશ આપે છે. જેને પરિણામે આજે વિદેશમાં હજારો યુવાનોના વર્તન વિનમ્ર બન્યા છે. આ યુવાનો આધુનિક બન્યા છે. પરંતુ આછકલા નથી. આ યુવાનો માતા-પિતા અને વડીલોનો આદર કરતાં થયાં છે. જીવનમાં ધર્મને કેન્દ્ર સ્થાને રાખી જીવન જીવે છે.

વલસાડ જીલ્લામાં જ્યાં આદિવાસી પ્રજાની વસતી વિશેષ છે, ત્યાં સ્વામિનારાયણ સંપ્રદાયે યુવાનોના વિકાસમાં વિશેષ રસ લીધો છે. આ વિસ્તારના એક યુવાનના લગ્નનો વરઘોડો નીકળે છે. બેન્ડ વાજા જાતજાતની સુરાવલીઓ છેડતાં આગળ વધતાં હોય છે. સંધ્યાકાળ થતાં ભગવાનની સંધ્યા આરતીનો સમય થવાથી વરરાજાએ બગીમાંથી બહાર આવીને બેન્ડવાજાની પાર્ટીને સૂચના આપીને સંધ્યા આરતીની સૂરાવલી છેડવા જણાવ્યું અને વરઘોડામાં જોડાયેલાં લોકો સામૂહિકપણે સંધ્યા આરતીમાં સાથ આપે છે. ત્યારબાદ વરરાજા લગ્ન મંડપ તરફ પ્રયાણ કરે છે. સ્વામિનારાયણ સંપ્રદાયની આવી બેનમૂન અસર યુવા સમાજ પર જોવામાં આવે છે.

સહજાનંદસ્વામીએ પ્રબોધેલ ગ્રંથ 'શિક્ષાપત્રી'ના ૧૩૨માં શ્લોકમાં ''સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવાની વાત કહી છે. તે અનુસાર આજે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈપણ નાતજાતના ભેદભાવ વગર પ્રવેશ આપવામાં આવે છે. આવી સંસ્થાઓમાં શિક્ષણની સાથે સાથે શારીરિક સ્વાસ્થ્ય અને ધાર્મિક સંસ્કારોનું પણ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં :

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.''[૧] આવી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરીને અનેક યુવાનોએ પોતાની ઉચ્ચ કારકિર્દી ઘડી છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉપદેશ અને સંવાહકો દ્વારા હાથ ધરાયેલાં સમાજઉપયોગી કાર્યોએ યુવાસમાજને નવો રાહ ચિંધ્યો છે, તેમ કહી શકાય.

**૧.૬ ઉપસંહાર :**

આમ આ પ્રકરણમાં આપણે ધર્મ અને સંપ્રદાય એટલે શું ? તેનો સમાજશાસ્ત્રીય રીતે ખ્યાલ મેળવ્યો. મધ્યયુગના ભક્તિઆંદોલનો વિષે ચર્ચા કરી. સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના અને આ સંપ્રદાય વિષે વિગતવાર ખ્યાલ મેળવ્યો. સ્વામિનારાયણ સંપ્રદાયની જુદી જુદી સંસ્થાઓ તથા સંતો દ્વારા યુવા સમાજ પર થતી અસરની જાણકારી મેળવી.

યુવાનોના સાંસ્કૃતિક અને સ્થાપિત મૂલ્યોનું પરિવહન યોગ્ય રીતે થાય તેનું ઉત્તમ માધ્યમ શિક્ષણ છે. આથી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ એ આપણાં સંશોધનનો વિષય હોવાથી એ હેતુને કેન્દ્રસ્થાને રાખીને હવે પછીના પ્રકરણમાં સમગ્ર સંશોધનની રૂપરેખા તથા તેના આયોજનની વિગતે વાત કરીશું. કારણ કે કોઈપણ કાર્ય આયોજન વગર પાર પડતું નથી. તેમ સંશોધન મહત્વનું અંગ પણ તેનું આયોજન છે. એ ન્યાયે સંશોધનની સમસ્યા, સંશોધનનું ક્ષેત્ર, સંશોધનની પૂર્વધારણાઓ, સંશોધનની પ્રવિધીઓ વગેરેનો ખ્યાલ હવે પછીના પ્રકરણમાં તબક્કાવાર મેળવીશું.

-o-o-o-

(૧) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૪૨.

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૨

## સંશોધન આયોજન


| | | |
|---|---|---|
| ૨.૧ | પ્રસ્તાવના | ૬૧ |
| ૨.૨ | સંશોધન યોજનાની રૂપરેખા | ૬૨ |
| ૨.૨.૧ | સંશોધન પ્રશ્ન | ૬૩ |
| ૨.૨.૨ | સંશોધન વિષયની પસંદગી | ૬૪ |
| ૨.૨.૩ | સંશોધનના હેતુઓ | ૬૫ |
| ૨.૨.૪ | સંશોધનનું સ્વરૂપ | ૬૬ |
| ૨.૩ | સંશોધકે ઘડેલી ઉપકલ્પનાઓ | ૬૬ |
| ૨.૪ | સંશોધનનું ક્ષેત્ર | ૬૮ |
| ૨.૪.૧ | ક્ષેત્ર પરિચય | ૬૮ |
| ૨.૪.૨ | રાજકોટ જિલ્લો | ૬૮ |
| ૨.૪.૩ | રાજકોટ શહેર | ૭૧ |
| ૨.૫ | સંશોધન પદ્ધતિ અને તે પદ્ધતિના પસંદગીના કારણો | ૮૦ |
| ૨.૬ | નિદર્શ | ૮૧ |
| ૨.૭ | સંશોધનનું સૈદ્ધાંતિક માળખુ | ૮૨ |
| ૨.૮ | ઉપસંહાર | ૮૫ |

## ૨.૧ પ્રસ્તાવના :

સંશોધનની યોજના એ કોઈપણ સંશોધન માટેનું અનિવાર્ય અંગ છે. કોઈપણ કાર્ય આયોજીત રીતે થાય ત્યારે જ સફળતા પ્રાપ્ત થતી હોય છે. આથી જ સંશોધકે સુઆયોજીત પથ પર ચાલવાનું હોય છે. આયોજન નબળું હોય તો ચોકક્સ તે સંશોધનની સીડીના દરેક સોપાન નબળાં જ રહે છે. સંશોધનના તારણો પણ મહત્વ વગરના બની રહે છે. સંશોધનમાં જેનું વિશેષ મહત્વ છે તેવા અવિભાજ્ય અંગ સંશોધનના આયોજનની ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરીશું.

સંશોધનની યોજનામાં શરૂઆતથી સમાપન સુધીની કાર્યવાહીનું વિગતવાર આલેખન થાય છે. આથી યોજનાનો હેતુ સંશોધકને દિશા સૂચન કરવાનો છે. જેમ-જેમ સંશોધન કાર્ય આગળ વધે તેમ તેમ નવી દિશાઓ મળતી જાય છે. આપણે પ્રકરણ-૧માં જોયું તેમાં સમાજના દરેક વર્ગના પરિવર્તન અને વિકાસ માટે સમાજ સુધારણા એ મહત્વનું પરિબળ છે.ભક્તિ આંદોલનો અને સંપ્રદાયની સ્થાપનાએ સામાજિક પરિવર્તનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આ પરિવર્તનથી સમાજ ચેતનવંતો બન્યો છે. આથી સમાજ સુધારણા માટે પ્રાર્થના સમાજ, બ્રહ્મોસમાજ, થીયોસોફિકલ સોસાયટી, વૈષ્ણવ, રામાનંદી તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થયેલ પરિવર્તનનો અભ્યાસ કર્યો છે.

પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રત્યેક સમાજમાં આ પ્રક્રિયા નિરંતર રીતે સર્જાય છે. એટલું જ નહી પણ પરિવર્તન એ સમાજની અનિવાર્ય જરૂરિયાત પણ છે. જેમ વહેતા પાણી સ્વચ્છ રહી શકે તેમ સમાજ પણ પરિવર્તનના કારણે સ્વસ્થ સમાજ બનતો હોય છે.

સમાજનું એકમ વ્યક્તિ છે. સમાજમાં ઉદ્‌ભવતું પરિવર્તન સમાજની સભ્ય એવી વ્યક્તિને પણ અસર કરે છે. સમાજમાં સર્જાતું પરિવર્તન જુદા-જુદા પરિબળોને આભારી હોય છે. ઘણીવાર 'ધર્મ' પણ સામાજિક પરિવર્તન સર્જવામાં પ્રેરક પરિબળ તરીકેની ભૂમિકા પૂરી પાડે છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસ 'સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં પરિવર્તન અને વિકાસ'ને હાથ ધરવામાં આવેલ છે.

કોઈપણ સમાજની જે અણમોલ મૂડી છે તે યુવાવર્ગ છે. સમાજની ઉન્નતિ, સમાજના

વિકાસનો આધાર આ યુવાવર્ગ પર ઘણો બધો રહેલો હોય છે. ખાસ કરીને જે તે સમાજની સંસ્કૃતિ તેના મૂલ્યો અને આદર્શોની જાળવણી કે તે મૂલ્યોનો હ્રાસ સર્જવામાં યુવા પેઢીની નિર્ણાયક ભૂમિકા રહેવા પામતી હોય છે. આમ યુવા પેઢી જે તે સમાજની 'આવતી કાલ' હોય છે. દુનિયાના તખ્તા પર પોતાના સમાજ અને સંસ્કૃતિની એક અસર આ યુવા પેઢી દ્વારા જ નિર્માણ થવાની હોય છે. આ યુવા પેઢીને દોરનાર જે અનેક માધ્યમો અને પરિબળો છે તે માંહેનું એક માધ્યમ 'ધર્મ' પણ છે.

સ્વામિનારાયણ ધર્મ દ્વારા યુવાવર્ગમાં પરિવર્તનની એક પ્રક્રિયા સર્જાઇ રહી છે. યુવા વર્ગમાં થયેલું અને થઈ રહેલું પરિવર્તન ઘણી રીતે પ્રગટ થાય છે. જેમ કે તેના સામાજિક સ્થાન, દરજ્જો, ભૂમિકા, કાર્યક્ષેત્ર, સત્તા, જવાબદારીઓ, પ્રાપ્ત થતી વિકાસની તકો તદ્ઉપરાંત વિકાસની સુવિધાઓ તેમની સાથે સંકળાયેલી વ્યક્તિઓ વગેરેના આધારે સમાજના દરેક સ્તરે વિચારો, વલણો, માન્યતાઓ અને મૂલ્યોમાં ફેરફાર થાય છે. આ સંદર્ભમાં સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત કોલેજોમાં અભ્યાસ કરતાં યુવાનોમાં આવેલ પરિવર્તનને સંશોધન પ્રશ્ન ગણીને સંશોધનની યોજનાની રૂપરેખાનું આયોજન કરવામાં આવ્યું છે.

**૨.૨ સંશોધન યોજનાની રૂપરેખા :**

માનવ સભ્યતાના વિકાસના પાયામાં સામાજિક સંશોધન રહેલું છે. સામાજિક સંશોધન દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં મૌલિક વધારો થાય છે. સંશોધનથી સ્થાપિત સિદ્ધાંતોમાં જરૂરી પરિવર્તન લાવી શકાય છે. આમાં સામાજિક સંશોધન એ સામાજિક જીવનને લગતાં જ્ઞાનનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવાનો અભિગમ છે. રાષ્ટ્રના સાંસ્કૃતિક વિકાસનું સાતત્ય જાળવવામાં આવા સંશોધનનો મહત્વનો ફાળો હોય છે. આવા સંશોધનના પરિપાકરૂપે મળતાં નવા સત્યો, તથ્યો, વિચારો અને પ્રણાલિકાઓ રાષ્ટ્રના વિકાસને નવો રાહ ચીંધે છે.

૨.૨.૧ સંશોધન પ્રશ્ન :

સંશોધનની સીડીનું પ્રથમ સોપાન એ સંશોધન પ્રશ્નની ઓળખ આપવાનું છે. સંશોધન પ્રશ્નને એક ચોક્કસ વિધાનમાં મૂકીને સંશોધન કાર્યની શરૂઆત કરવામાં આવતી હોય છે. આથી

જ પ્રો. વિમલ પી. શાહ નોંધે છે કે, 'સંશોધન સમસ્યા લેખન અંગેના માર્ગદર્શન, સૂચનો, સંશોધનો અને તેની સમસ્યા તૈયાર કરવામાં મદદરૂપ બને છે.'[૧]

પ્રત્યેક સમાજમાં કેટલીક હકીકતો એવી હોય છે કે જે સમાજ માટે પ્રશ્નો અને સમસ્યાઓ સર્જનારી હોય છે. સંશોધકો માટે આવી હકીકતો પડકારરૂપ બનતી હોય છે. આથી સંશોધકો માટે આવી હકીકતો સંશોધન માટેના પ્રશ્નો બની રહે છે.

પ્રસ્તુત સંશોધન 'સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ'માં સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓને કારણે યુવા વર્ગમાં આવેલા પરિવર્તનને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૨.૨.૨ સંશોધન વિષયની પસંદગી :

કુતૂહલ અને નવી બાબતો જાણવાની ઈચ્છાએ માનવીમાં રહેલી એક સામાન્ય વૃત્તિ છે. પોતાની આસપાસના જગત વિષે માનવીના મનમાં અનેક પ્રશ્નો ઉઠતાં જ રહે છે. જે પ્રશ્નોના કાર્યકારણ સંબંધી મનન પણ માનવી કરતો જ આવ્યો છે. આ પ્રકારની માનવીની વૃત્તિ જ તેને સંશોધન તરફ દોરી જતી હોય છે.

આજનો યુવા વર્ગ ઘણીવાર દિશાહીન બનેલો લાગે છે. તો બીજી તરફ કેટલાંક યુવાનો એવાં પણ છે કે જેઓ 'પરિવર્તનના પ્રવર્તક' બની રહ્યા છે. આવા યુવાનો કઈ રીતે નિર્ભયતા કેળવી શક્યા ? તેઓ કઈ રીતે સમાજના પ્રહરી બની શક્યા તે પ્રશ્ન સહજ રીતે જ ઉદ્‌ભવેલો, જેના વિષે વિચાર કરતા જણાયું કે યુવાવર્ગને સાચા માર્ગ પર ચાલવામાં ધર્મની મહત્વની ભૂમિકા રહેલી છે. આ પૂર્વ ભૂમિકાના સંદર્ભ સાથે પ્રસ્તુત વિષયમાં સંશોધન કરવાનું પસંદ કર્યું. આ ઉપરાંત પણ નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને વિષયની પસંદગી કરવામાં આવી છે.

૧) સંશોધન પ્રવૃત્તિને એક પ્રવાહરૂપે ગણીને ક્ષેત્રમાં પુરોગામી અભ્યાસને તપાસી તેમાં રહેલા સંશોધનના અવકાશને ધ્યાનમાં રાખીને સમસ્યા પસંદ કરાય છે. આ પ્રકરણમાં પુરોગામી અભ્યાસની સમીક્ષા કરી ત્યારે જાણવા મળ્યું કે યુવાનોમાં

(૧) ડૉ. શાહ, વિમલ પી. - ''સંશોધન અહેવાલ લેખન'', યુનિ. ગ્રંથ નિર્માણ બોડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. ૧૯૮૮. પાના નં. ૧

થયેલ પરિવર્તન એ અંગે ઘણા અભ્યાસો થયેલા છે. પરંતુ 'સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થયેલું પરિવર્તન' તે ક્ષેત્રમાં હજુ પણ સંશોધનને અવકાશ હોવાથી આ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

૨) અંગત હોવા છતાં અગત્યનું છે કે આ સંશોધક પોતે યુવાન છે અને બાળપણથી જ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી છે. પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી, (હરિધામ-સોખડા) દ્વારા સંચાલિત યોગીજી મહારાજ આટર્સ એન્ડ કોમર્સ કોલેજમાં માનદ સેવા આપે છે. આ ઉપરાંત આજીવન કૌમાર્યવ્રત ધારણ કરી, દિક્ષીત થઈ અને સંપ્રદાયની પ્રણાલિકાગત અનેકવિધ સેવા પ્રવૃત્તિ કરવાની નેમ ધરાવે છે. આથી આ સંપ્રદાય દ્વારા યુવાનોમાં થયેલાં પરિવર્તનનો અભ્યાસ એ સમાજશાસ્ત્રીય સંશોધનની સાથે-સાથે અંગત રસનો વિષય પણ બની જાય છે. આમ સંશોધક બાળપણથી યુવાવસ્થા સુધી આ સંપ્રદાયના પ્રભાવમાં ઉછર્યો છે. તેથી સંપ્રદાયથી પરિચિત છે. એટલું જ નહી 'યુવા પરિવર્તન' માટે થતાં કાર્યોના સહભાગી છે, પરિણામસ્વરૂપે સંશોધન સમસ્યાને પૂરતો ન્યાય મળવાની શક્યતાઓ વધી જાય છે. તેથી આ સંશોધન હાથ ધરેલ છે.

૩) યુવાનોમાં આવેલું પરિવર્તન એ આપણા દેશના પરિવર્તનનો આધારસ્તંભ છે. તેથી આ પરિવર્તનના પ્રવર્તકો સમજવા આ અભ્યાસ હાથ ધરેલ છે.

૪) હાલમાં સામુદાયિક અને સાંપ્રદાયિક પરિવર્તને અનેક સમાજશાસ્ત્રીઓનું ધ્યાન ખેચ્યું છે અને તેની પર વિવિધ સંશોધનો થઈ રહ્યા છે. તેના એક ભાગરૂપે આ સંશોધન કરવાનું નક્કી કર્યું છે.

### ૨.૨.૩ સંશોધનના હેતુઓ :

પ્રવૃત્તિ પાછળ કોઈને કોઈ હેતુ રહેલો હોય છે. સ્વાભાવિક રીતે જ સંશોધન કાર્ય પણ હેતુપૂર્ણ પ્રવૃત્તિ છે. સંશોધનમાં રહેલા જે અનેકવિધ હેતુઓ છે તેમાં બે હેતુઓ મૂળભૂતસ્વરૂપે રહેલા હોય છે. જેમાંનો એક હેતુ જ્ઞાનપ્રાપ્તિનો છે. જે હેતુ વ્યાપક હેતુ તરીકે રહેલો છે. કારણકે

મોટાભાગના સંશોધકો એક યા બીજી રીતે આ હેતુઓ ધરાવે છે. જ્યારે બીજો હેતુ ઉપયોગીતાના સંદર્ભમાં રહેલો છે.

પ્રસ્તુત સંશોધનમાં સામાન્ય હેતુ એ છે કે સામાજિક જીવનના ક્ષેત્રે આ સંશોધન દ્વારા નવીન તથ્યો પર પ્રકાશ પાડવો. આ ઉપરાંત વિશિષ્ટ હેતુના સંદર્ભમાં જોઈએ તો 'સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલું પરિવર્તન' તપાસવાનો હેતુ રહ્યો છે. જેના અનુસંધાને પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓ ધ્યાનમાં રખાયા છે.

૧) સ્વામિનારાયણ સંપ્રદાયની અનેકવિધ પ્રવૃત્તિઓ પૈકી સંપ્રદાય દ્વારા ચલાવાતી શૈક્ષણિક પ્રવૃત્તિ અન્વયે જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરતાં યુવાનોમાં શું પરિવર્તન આવ્યું ? તે જાણવાનો હેતુ છે.

૨) સમાજજીવનના અભિન્ન અંગ એવા યુવાનોની સબળ ભૂમિકા છે તેવા યુવા વર્ગના વિચારો પર સ્વામિનારાયણ સંપ્રદાયની અસર જાણવા માટે આ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

૩) સંપ્રદાયના ઉપદેશ અને સાહિત્યથી યુવાનોમાં વ્હેમ, અંધશ્રદ્ધા તેમજ વ્યસનો અંગે વલણો બદલાયાં છે કે કેમ ? તે જાણવાનો હેતુ આ સંશોધનનો છે.

૪) સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક પ્રવૃત્તિ અને શૈક્ષણિક પ્રવૃત્તિની સ્પષ્ટ અસરરૂપે પ્રાપ્ત થયેલી હકીકતો તપાસી અને ચકાસણી કરવી અને હકીકતો વચ્ચેનો સંબંધ શોધવાનો મૂળભૂત હેતુ રહેલો છે.

ટૂંકમાં યુવા વર્ગ પર સ્વામિનારાયણ સંપ્રદાયની અસર, પ્રશ્નો અને તેના પ્રતિભાવોને પરિવર્તનના સંદર્ભમાં યોજી તેનો સમાજશાસ્ત્રીય અભ્યાસનો હેતુ આ સંશોધનના પાયામાં રહેલો છે.

### ૨.૨.૪ સંશોધનનું સ્વરૂપ :

પ્રસ્તુત સંશોધન એ વર્ણનાત્મક સ્વરૂપનું સંશોધન છે. સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિથી યુવાવર્ગમાં આવેલ પરિવર્તનને વર્ણનાત્મક દૃષ્ટિકોણથી સમજવાનો

અને તેનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રાચીન સમયથી મનુષ્યો સમાજના પ્રશ્નોમાં રસ લેતાં આવ્યા છે. સામાજિક પ્રશ્નોની સાચી માહિતી મેળવતા પહેલાં જુદી જુદી પ્રયુક્તિઓ દ્વારા મોજણી કરવામાં આવે છે. પ્રવર્તમાન સમાજની વિશાળતાને લક્ષમાં લઈને આવી મોજણીને ચોકકસ વર્ગ પુરતી સિમિત રાખી અને તેનું વર્ણનાત્મક વિશ્લેષણ કરવામાં આવે છે. પર્વતના એક શિખર સાથે બીજુ અને બીજા સાથે ત્રીજું જોડાયેલ હોય છે. તેમ સંશોધનોને પણ એકબીજા સાથે સાંકળી તપાસવાનું કામ મહત્વનું છે. આ દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને મેં પ્રસ્તુત સંશોધનનું સ્વરૂપ વર્ણનાત્મક પસંદ કરેલ છે.

**૨.૩ સંશોધકે ઘડેલી ઉપકલ્પનાઓ :**

માનવીને ઈશ્વરે બુદ્ધિની એક વિશિષ્ટ ભેટ આપેલી છે. જેની મદદથી માનવી એક પછી એક પ્રકૃત્તિના પરિબળોને નાથવા અને તેને માનવ કલ્યાણમાં રોકવા શક્તિમાન બન્યો છે. વિવિધ વૈજ્ઞાનિક શોધખોળો અને તેના પરિણામો, સુલભ બનતી જીવનની સુખસગવડતાઓ અંતે તો માનવબુદ્ધિનું જ પ્રદાન છે. અત્યારે માનવી પ્રકૃત્તિના વિવિધ પરિબળોને સમજવા, તેની આગાહી કરવા અને તેનું નિયમન કરવા શક્તિમાન બન્યો છે. તેનું કારણ તેની વિચારશક્તિ છે. તેથી જ વર્ષો પૂર્વે એરિસ્ટોટલે માનવીને વિચારશીલ તરીકે બિરદાવ્યો છે. વિચાર કરવો, તર્ક કરવો, દલીલો કરવી વગેરે માનવી માટે સહજ છે. પરંતુ તે હંમેશા સત્ય જ હોય તેમ માનવાને કારણ નથી. તેથી વિચાર, તર્ક કે દલીલોને સાર્થક કરવા માટે સંશોધન જરૂરી છે.

કોઈપણ સંશોધનની શરૂઆત કરવા માટે વૈજ્ઞાનિકે કોઈ પ્રશ્નરૂપ વિધાન રચવું પડે છે અને આવા પ્રશ્નના આધારે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંશોધનનો હેતુ વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્રશ્નનો ઉત્તર મેળવવાનો છે. આવા પ્રશ્નરૂપ વિધાનને ઉપકલ્પના કહેવામાં આવે છે. આવા પ્રશ્નરૂપ વિધાનો એવા હોવા જોઈએ કે તેમાં સમાવિષ્ટ થતાં ખ્યાલો સ્પષ્ટ હોવા જોઈએ. એટલું જ નહી પણ આ પ્રશ્નરૂપ વિધાન હકીકત પ્રેરિત હોવું જોઈએ. તેથી ''ઉપકલ્પના એ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખ છે.''[૧]

(૧) પ્રો. દેસાઇ, એચ.જી. અને પ્રો. કે.જી. દેસાઇ – ''સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ'', યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. પાના નં. ૯૪

ઉપકલ્પનાનો અર્થ સ્પષ્ટ કરતાં ગુડે અને હટ્ટ લખે છે કે, ''ઉપકલ્પના એક એવું વિધાન છે કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે. વધુ સ્પષ્ટતા કરતાં આ લેખકો કહે છે કે ઉપકલ્પના એવો એક પ્રશ્ન છે જેનો કોઈપણ પ્રકારનો જવાબ મેળવવાનો હજુ બાકી હોય છે. ઉપકલ્પના લોકોના સામાન્ય મતને અનુરૂપ પણ હોઈ શકે અને વિરૂદ્ધની પણ હોઈ શકે. ચકાસણીના અંતે ઉપકલ્પના સાચી પણ પૂરવાર થાય અને ખોટી પણ પૂરવાર થાય.''[૧]

ટૂંકમાં, ઉપકલ્પના એક અનુમાન છે, વિચાર છે, કલ્પના છે. સામાન્ય લોકોમાં પ્રચલિત માન્યતાઓ સાચી છે કે ખોટી તેને વૈજ્ઞાનિક રીતે ચકાસવા માટે દરેક સંશોધનમાં કેટલીક ઉપકલ્પનાઓનું નિર્માણ કરવું જરૂરી છે. આ સંશોધન વિષય સાથે સુસંગત ઉપકલ્પનાઓ આ પ્રમાણે છે.

૧. સામાજિક પરિવર્તન માટે સાંપ્રદાયિક કે ધાર્મિક પ્રવૃત્તિ આવશ્યક જ નહી, પરંતુ અનિવાર્ય બની ગઈ છે.

૨. સ્વામિનારાયણ સંપ્રદાયે આજે સમાજને વિષય, વ્યસન, વ્હેમથી મુક્ત થવા જાગૃત કર્યો છે.

૩. સ્વામિનારાયણ સંપ્રદાયે યુવાનોમાં સહકાર, સંઘભાવના, આત્મીયતાની ભાવનાને જાગૃત કરી છે.

૪. સ્વામિનારાયણ સંપ્રદાયે સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ચારિત્ર્યના ક્ષેત્રે પરિવર્તન આણ્યું છે.

૫. સ્વામિનારાયણ સંપ્રદાય સામાજિક સમસ્યા પ્રત્યે યુવાનોને જાગૃત કરીને સમસ્યાને હલ કરવાની ભાવનાને બળવત્તર કરે છે.

૬. સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસના કારણે વિદ્યાર્થીની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. માં જોડાયેલ યુવાનો આત્મનિર્ભર બન્યા છે.

૭. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં સ્વવિકાસની પ્રેરણાનું સિંચન થયેલ છે.

---

(૧) ***Goode & Hatt - ''Methods in Social Research '', Megraw. Hill Book Co. 1952. Page 58***

**૨.૪ સંશોધનનું ક્ષેત્ર :**

પ્રત્યેક વિષયમાં સંશોધનની વિશાળ તક હોય છે અને સંશોધનના અનેકવિધ ક્ષેત્રો પણ હોય છે. સંશોધકે પોતે પસંદ કરેલ સમસ્યા સંશોધનના ક્યા ક્ષેત્રમાં આવે છે ? તે સંશોધકે જાણી, સમજી અને સ્પષ્ટ રીતે સંશોધનનું ક્ષેત્ર નક્કી કરવું જોઇએ. આવું ક્ષેત્ર નક્કી કરવામાં સંશોધક્નું વિષયનું જ્ઞાન, વિષયની સમજશક્તિ, નાણાં અને સમયની મર્યાદાને પણ ધ્યાનમાં રાખવાં જોઇએ. તદ્અનુસાર અહીં રાજકોટ જીલ્લાના સંદર્ભમાં સંશોધન હાથ ધરેલ હોય સૌ પ્રથમ આપણે રાજકોટ જીલ્લા અને શહેરનો પરિચય મેળવીશું.

૨.૪.૧ ક્ષેત્ર પરિચય :

ભારતમાં ગુજરાત વિકસીત રાજ્યનો દરજ્જો ધરાવતું રાજ્ય છે. ૧૯૬૦ સુધી ગુજરાત સંયુક્ત મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. પરંતુ મહાગુજરાતના આંદોલનના પરિણામસ્વરૂપે ૧લી મે, ૧૯૬૦માં ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો. તે સમયે કુલ સત્તર જીલ્લામાં વહેંચણી કરવામાં આવેલ. ૧૯૬૪માં બીજા બે નવા જીલ્લાની રચના થતાં કુલ ઓગણીસ જીલ્લાઓના માધ્યમથી વહીવટ ચાલુ થયો. ૧૯૯૭માં નવા છ જીલ્લાઓની રચના થતાં કુલ પચ્ચીશ જીલ્લાઓ અમલમાં આવ્યા.

૨.૪.૨ રાજકોટ જીલ્લો :

ગુજરાત રાજ્યના આ પચીશ જીલ્લાઓ માંહેના અતિ મહત્વના સ્થાને રાજકોટ જીલ્લો રહેલો છે. ઔદ્યોગિક, રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક રીતે રાજકોટ જીલ્લો એક આગવું સ્થાન ધરાવતો જીલ્લો બની રહ્યો છે.

ભૌગોલિક સ્થાનની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર એક દ્વીપકલ્પ છે અને તેના મધ્યમાં રાજકોટ જીલ્લો આવેલો છે. રાજકોટ જીલ્લાની ઉત્તર બાજુએ કચ્છનો અખાત છે. દક્ષિણ બાજુએ જુનાગઢ અને અમરેલી જીલ્લો છે. પૂર્વ દિશામાં સુરેન્દ્રનગર અને ભાવનગર જીલ્લો આવેલો છે. પશ્ચિમે જામનગર અને પોરબંદર જીલ્લો આવેલો છે.

અક્ષાંશ - રેખાંશ અને ક્ષેત્રફળના સંદર્ભમાં રાજકોટ જીલ્લાનું સ્થાન નીચે મુજબ છે.

અક્ષાંશ : ૨૦.૫૮ ઉત્તર અક્ષાંશથી ૨૩.૦૮ ઉત્તર અક્ષાંસ

રેખાંશ : ૭.૨૦ પૂર્વ રેખાંશથી ૭૧.૪૦ પૂર્વ રેખાંશ.

ક્ષેત્રફળ : ૧૧,૨૦૩ ચોરસ કિલોમીટર

૨૦૦૧ની વસતી ગણતરી મુજબ રાજકોટ જીલ્લાની કુલ વસ્તી ૩૧,૬૯,૮૮૧ની છે. જેમાં પુરૂષોની સંખ્યા ૧૬,૪૨,૦૧૮ અને સ્ત્રીઓની સંખ્યા ૧૫,૨૭,૮૬૩ છે.[૧]

રાજકોટ જીલ્લો ચૌદ તાલુકાઓનો બનેલો છે.

રાજકોટ જીલ્લામાં કુલ ૮૫૬ ગામો અને ૧૨ શહેરો આવેલા છે.

રાજકોટ જીલ્લાની કુલ ગ્રામ્ય વસતી ૧૫,૪૪,૦૧૯ છે જ્યારે શહેરી વસતી ૧૬,૨૫,૮૬૨ છે.

રાજકોટ જીલ્લામાં અનુસૂચિત જાતીની વસતી ૨,૪૪,૩૬૪ અને અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૧૩,૧૬૩ છે.[૨]

અક્ષરજ્ઞાનના સંદર્ભમાં રાજકોટ જીલ્લાની  પરિસ્થિતિ જોઈએ તો ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ૧ધરાવતાં પુરૂષોની સંખ્યા ૯,૬૭,૦૧૦ છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૭,૩૭,૪૦૬ છે. અક્ષરજ્ઞાન ધરાવનારાની મોજણીમાં સ્ત્રીઓની સાપેક્ષમાં પુરૂષોની સંખ્યા વધારે જોવામાં આવેલ છે.[૩]

૨.૪.૩ રાજકોટ શહેર :

ઐતિહાસિક દષ્ટિએ જોઈએ તો રાજકોટ શહેરની ઉત્પતિ ઈ.સ. ૧૬૧૦માં થયેલી મનાય છે. તે વખતે રાજકોટથી ૩૦ કિલોમીટર દૂર આવેલ સરધાર નામે નાનુ રજવાડુ હતું. આ રજવાડાના ઠાકોર વિભાજીએ પોતાના મિત્ર રાજુ સિંધિના નામથી રાજકોટ નામે ગામ વસાવ્યું અને તેનો વહિવટ રાજુ સિંધિને સોંપ્યો. વિભાજી ઠાકોરે પોતાની રાજધાની સરધારમાં જ રાખી.

૧૭૨૦માં સોરઠનો નાયબ ફોજદાર માસુમખાન રાજકોટ અને સરધાર પર ચડી આવ્યો

(૧) અને (૩) ***Saurashtra Arthashastra Abhyas Vartul Rajkot - Primary Census Abstract - Gujarat State - 2001. Page No. 3*** (૨) સંયુક્ત માહિતી નિયામક, માહિતી ખાતુ, રાજકોટ - ''રાજકોટ જીલ્લાની વસતી ગણતરી - ૨૦૦૧''ની આંકડાકિય માહિતી

અને તેને જીતી લઈ રાજકોટને પોતાના નામ પરથી માસુમાબાદ નામ આપ્યું.

ઈ.સ. ૧૭૩૨માં ઠાકોર રણમલજીએ બાપદાદાનું વેર વાળવા માસુમખાનને રાજકોટમાં જ મારી નાખ્યો, પોતે રાજા બન્યા અને ફરીને રાજકોટ નામ આપવામાં આવ્યું અને રાજકોટને પોતાની રાજધાની બનાવી.[1]

અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન રાજકોટમાં બ્રિટીશ એજન્સીની શરૂઆત થઈ અને તેને કાઠીયાવાડ એજન્સી નામ અપાયું. આઝાદી બાદ દેશી રજવાડાઓનું વિલીની કરણ થતાં જ સૌરાષ્ટ્ર રાજ્ય અમલમાં આવ્યું. જેનું પાટનગર રાજકોટ શહેર બન્યું. વિભાગીય કમિશ્નર અને વિભાગીય અધિક્ષક (રેલ્વે)ના મુખ્ય મથક તરીકે ૧૯૫૬ સુધી રાજકોટે પોતાનું મહત્વ જાળવી રાખ્યું. ત્યારબાદ પણ રાજકોટે રાજકીય શક્તિ અને વગના પ્રભાવને લીધે મહત્વનું સ્થાન ધરાવ્યું છે.

આમ છેલ્લા એકસો કરતાં પણ વધુ વર્ષોથી રાજકોટ શાન, બાન અને આન ધરાવતું એક રંગીલુ નગર ગણાય છે. આ નગરની અનેક ખાસિયતો છે. નગરની પ્રજા આનંદી - મોજીલી અને સાથોસાથ શાંતિપ્રિય છે. જુદી જુદી જ્ઞાતિ અને જુદી જુદી જાતિ, જુદા જુદા ધર્મ અને જુદી જુદી ભાષા બોલતી પ્રજા આ નગરમાં એકબીજા સાથે સુમેળભર્યા સંબંધો જાળવી સહઅસ્તિત્વનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂં પાડે છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને રાજકોટ નગરનો સંબંધ ઐતિહાસિક દૃષ્ટિએ નોંધનીય રહ્યો છે. મહાત્મા ગાંધીજીનો વિદ્યાર્થી કાળ રાજકોટમાં આવેલી આલ્ફ્રેડ હાઈસ્કુલમાં પસાર થયો છે. આજે આ આલ્ફ્રેડ હાઈસ્કુલને મહાત્મા ગાંધી વિદ્યાલય તરીકે ઓળખવામાં આવે છે. રાજકોટમાં લાખાજીરાજ રોડ નજીક જે સ્થળે ગાંધીજી રહેતા હતા, તે સ્થળ કબા ગાંધીના ડેલાને ગાંધી સ્મૃતિ તરીકે નામાભિધાન કરેલ છે.

રાજકોટમાં રાષ્ટ્રિય શાળાની પ્રવૃત્તિ શરૂ કરાવનાર મહાત્મા ગાંધીજી હતા, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની રાષ્ટ્રિય ચળવળ અને ખાસ કરીને 'હિંદ છોડો' ચળવળના સમયે રાજકોટમાં ભૂગર્ભ પ્રવૃત્તિઓ

(૧) ''નિરંતરા'', (સવાશતાબ્દી સ્મૃતિ ગ્રંથ) લેંગ લાયબ્રેરી, રાજકોટ. ૧૯૮૧-૮૨.

ચાલતી હતી. આમ આ ક્ષેત્રે રાજકોટ મહત્વનું કેન્દ્ર બની રહેલું.

આ નગરનો જ્યુબીલી બાગ નગરની શોભામાં જ નહી પણ નગરના ઐતિહાસિક મહત્વનું પ્રતિનિધિત્વ કરતું સ્થળ છે. જ્યુબીલી બાગમાં આવેલ વોટસન મ્યુઝિયમ જુના રજવાડાની યાદ તાજી કરાવી જાય છે. જ્યુબીલી બાગની આ ઈમારતમાં ૧૪૬ વર્ષ જુની લેંગ લાયબ્રેરી વર્ષોથી રાજકોટની પ્રજાની જ્ઞાનપિપાસાને તૃપ્ત કરી રહી છે. આ ઈમારતની એક બાજુએ મોટો થિયેટર હોલ આવેલો છે. જે એક સમયે કોનોટ હોલ તરીકે ઓળખાતો હતો, જે આજે અરવિંદભાઈ મણીયાર હોલ તરીકે ઓળખાય છે. એક સમયે સૌરાષ્ટ્ર રાજ્યની વિધાનસભા આ હોલમાં કામ કરતી હતી. જ્યુબીલી ગાર્ડનમાં જ ગુજરાત સરકારની માહિતી ખાતાની ઓફિસ અને પુરાતત્વ ખાતાની ઓફિસ કાર્યરત છે.

રાજકોટ નગરમાં કોઠી કંપાઉન્ડ નામે ઓળખાતી જગ્યામાં બ્રિટીશ અમલદારોના નિવાસ અને એજન્સીનું થાણું હતુ. આજે આ જગ્યામાં રેલ્વેની કચેરીઓ અને રેલ્વે સ્ટાફ ક્વાટર્સ આવેલા છે.

રાજકોટનો કેસરી હિંદ પુલ ૧૧૦ વર્ષ જુનો છે. જેની પહોળાઈ ૧૦ મીટર હતી. પરંતુ ટ્રાફિક અને વિકસતાં જતા રાજકોટની જરૂરિયાતને ધ્યાને લઈ આ પુલનું નવિનીકરણ કરવામાં આવેલ છે.

શહેરની મધ્યમાં લાખાજીરાજ રોડ પર આવેલી લાખાજીરાજ લાયબ્રેરી રાજકોટની પ્રજા માટેની જ્ઞાનની પરબ બની રહી છે. આ પુસ્તકાલયના પ્રાંગણમાં સર લાખાજીરાજની પ્રતિમા મૂકવામાં આવી છે. શહેરના ત્રિકોણબાગ તરીકે ઓળખાતો વિસ્તાર સતત ધમધમતો રહેતો વિસ્તાર છે. ત્યાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીની પ્રતિમા મૂકાયેલી છે અને તેને જોડતાં રોડને ઢેબરભાઈ રોડ નામકરણ કરવામાં આવ્યું છે. રજવાડાના સમયમાં આ જગ્યાએ ટ્રામ સ્ટેશન કાર્યરત હતું. આ ઉપરાંત જામ ટાવર, યુરોપીયન જીમખાના, કાઠીયાવાડ જીમખાના, જીલ્લા ગાર્ડન આ શહેરના આભૂષણરૂપ સ્થળો છે.

અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન રાજા રજવાડાના રાજકુમારોને શિક્ષણ આપવાના હેતુથી

ઊભી કરાયેલી રાજકુમાર કોલેજ એક મહત્વની શિક્ષણ સંસ્થા છે. જ્યાં એક સમયે માત્ર રાજકુમારોને જ પ્રવેશ મળતો હતો. આજે આ સંસ્થામાં રાજકુમાર સિવાયના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ મેળવી શકે છે. સર લાખાજીરાજના વહીવટકાળ દરમ્યાન તેમણે પોતાની આગવી સૂઝથી પ્રજાની સુખાકારી માટે ઘણા બધા કાર્યો હાથ ધરેલ હતા. રાજકોટ શહેરને ગઢથી સુરક્ષિત કરવામાં આવેલ હતો. અને આ ગઢની બહાર નીકળવાના મુખ્ય માર્ગો પર ટાવર બનાવવામાં આવેલ હતા. જે તે સમયે બેડીનાકા, રૈયાનાકા, કોઠારીયા નાકા વગેરે નામે ઓળખાતા હતા.

રાજકોટ શહેરનો વિકાસ સૌરાષ્ટ્રના અન્ય શહેરો કરતાં ખૂબ જ ઝડપથી થતાં આ શહેરમાં નવા નવા સંસ્થાનોનું સર્જન થવાં લાગ્યું. પ્રજાના વિકાસના કાર્યો સતત ચાલુ જ રહ્યા. આ બધી પ્રક્રિયાના ભાગરૂપે શહેર વિસ્તારમાં યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં સામાજિક ઉત્કર્ષના કાર્યો હાથ ધરે છે. સાથોસાથ સંસ્થાની અંદર ધાર્મિક પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવે છે. સંસ્થાની અંદર લાયબ્રેરી, તબીબી સુવિધા ઉપરાંત વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. રામકૃષ્ણ મિશનની ધાર્મિક પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રજાને આધ્યાત્મિક જ્ઞાનની સૂઝ મળી રહે તે માટે સત્સંગ વગેરે કાર્યક્રમો અવારનવાર યોજાતા હોય છે. સંસ્થાના પરિસરમાં બેલુર મઠની પ્રતિકૃતિ સમુ મંદિર બનાવવામાં આવેલ છે.

રળિયામણાં રાજકોટનું રળિયામણું રેસકોર્સ રાજકોટવાસીઓ માટે વિવિધલક્ષી ઉપયોગીતાની ગરજ સારતું સ્થળ છે. કારણ કે રાજકોટ નગરના ફેફસાં તરીકે રેસકોર્સનું મહત્વ અદકેરું છે. સવારમાં લોકો સ્વાસ્થ્ય સુખાકારી માટે દરરરોજ આબાલવૃદ્ધો આ સ્થળે આવે છે. મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સમાં બાળનગરી, બાલભવન, વિજ્ઞાન ભવન, ઈન્ડોર અને આઉટડોર સ્ટેડિયમ, જીમ્નેશીયમ હોલ વગેરેનું આયોજન કરવામાં આવેલ છે. આ પરિસરમાં પ્રણવાનંદ સંસ્કૃત ભવનમાં ચાલતાં વ્યાખ્યાનો રાજકોટની પ્રજાના આધ્યાત્મિક ઉત્થાનમાં યોગદાન આપે છે. વૈજ્ઞાનિક માહિતી અને ખગોળિય માહિતી માટે પ્લેનેટોરિયમની રચના પણ ત્યાં કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્વીમીંગ પુલ પણ કાર્યરત છે. તેમજ સદર જગ્યાએ

એક વિશાળ મેદાન ખુલ્લુ રાખવામાં આવેલ છે. જેમાં અવારનવાર સામાજિક, ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હોય છે.

સૌરાષ્ટ્રમાં વૈષ્ણવ ભકતોની સંખ્યા વિશેષ હોવાથી જુના રાજકોટ શહેરમાં બાલકૃષ્ણલાલજીની હવેલી આવેલી છે અને ત્યાંથી થોડે દૂર સ્વયભૂ રામનાથ મહાદેવનું મંદિર આજી નદીના કાંઠે આવેલ છે. આ મંદિર પાસે ઘાટ પણ બનાવવામાં આવેલ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના વિચરણ દરમ્યાન તેઓ રાજકોટ ખાતે સર માલ્કમને મળેલાં તે સ્થળ ભૂપેન્દ્ર રોડ પર આવેલ છે. આ જગ્યાએ સુંદર મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની શૈક્ષણિક પ્રવૃત્તિઓના ભાગરૂપે ગોંડલ રોડ પર શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ સ્વામિનારાયણ ગુરુકુળની સ્થાપના કરી હતી. શરૂઆતના સમયમાં આ સંસ્થાએ પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરેલ હતી. આ સંસ્થામાં સૌરાષ્ટ્રભરમાંથી કોઈપણ જ્ઞાતિ – વર્ણના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે. આ સંસ્થામાં પ્રાથમિક શિક્ષણની સુવિધા માત્ર દિવસના એક રૂપિયાના દરે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સંસ્થાએ ઉત્તરોતર વિકાસ સાધીને કોલેજ સુધીનો અભ્યાસક્રમ શરૂ કરેલ છે. આ પરિસરમાં હાલમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીની કોલેજ શરૂ કરવામાં આવી છે. આ સંસ્થામાં અદ્યતન સુવિધા ધરાવતી તમામ રોગોના નિદાનની હોસ્પિટલ પણ કાર્યરત છે. સંસ્થામાં શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન થાય તે માટે સંસ્થાના વડા શ્રી માધવપ્રિયદાસજી સતત પ્રવૃત્તિશીલ રહે છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રણાલીઓ અને પરંપરાઓથી માહિતગાર કરવામાં આવે છે. જેના ફળસ્વરૂપે વિદ્યાર્થીઓમાં ચારિત્ર્યતા, સુહૃદભાવ વગેરે જેવા ગુણોનું સિંચન થયેલ છે.

રાજકોટ શહેરમાં કુવાડવા રોડ તરીકે ઓળખાતા વિસ્તારમાં આજી નદી વચ્ચે આવતી હોવાના કારણે વિકાસ ધીમો થતો હતો. જામનગર સરકારી હોસ્પિટલ, કોઠી કંપાઉન્ડ અને પોલિસ હેડક્વાટર્સના કારણે વિકાસની પ્રક્રિયા ધીમી હતી. ભાવનગર રોડ અને ગોંડલ રોડ પર ઈન્ડસ્ટ્રીઅલ ઝોનના કારણે રહેણાંક વિસ્તાર વિકસતો ન હતો. આ સંજોગોમાં રહેણાંક વિસ્તાર તરીકે લોકોએ કાલાવડ રોડ અને રૈયા રોડને પ્રાધાન્ય આપ્યું.

રાજકોટ શહેરનો વિકાસ દિનપ્રતિદિન સતત વધતો જ જતો હોવાથી શૈક્ષણિક સંકુલો માટે પૂરતી માત્રામાં જમીન કાલાવડ રોડ પર ઉપલબ્ધ હતી અને આ રોડની આજુબાજુનો વિસ્તાર પણ રહેણાંક વિસ્તાર તરીકે વિકસતો જતો હતો. જેના ફળસ્વરૂપે કાલાવડ રોડને શિક્ષણના કાર્ય સાથે જોડાણ મળી ગયું. કાલાવડ રોડ પર માતુશ્રી વિરબાઈમા મહિલા કોલેજની સૌ પ્રથમ સ્થાપના થઈ, ત્યારબાદ એસ.એન.કણસાગરા ટ્રસ્ટ દ્વારા સ્કૂલ અને કોલેજની સ્થાપનાઓ કરવામાં આવી. આ બધી શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં સહાયભૂત એવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના પણ કાલાવડ રોડથી નજીક મુંજકા ગામમાં થઈ. આમ કાલાવડ રોડને શૈક્ષણિક ઝોનનું બિરૂદ મળી ગયું. ભારતભરમાં સમાન શિક્ષણ પદ્ધતિ ધરાવતી કેન્દ્રિય વિદ્યાલય પણ આ રોડ પર જ કાર્યરત છે. આ કેન્દ્રિય વિદ્યાલયની સામે જ વિરાણી સાયન્સ કોલેજ પણ કાર્યરત છે.

કાલાવડ રોડ પર વિકાસ થતો ગયો તેમ તેમ ધાર્મિક સંસ્થાનો અને શૈક્ષણિક સંસ્થાનો પણ સ્થપાતાં ગયા. મહિલા કોલેજ પાસે અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિરની સ્થાપના થઈ, આગળ થોડે દૂર ગાયત્રી મંદિર, ખ્રીસ્તીઓનું ચર્ચ વગેરે સંસ્થાનો હાલમાં છે. ઈસ્કોન દ્વારા રાજકોટથી દશ કિલોમીટર દૂર મંદિરની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરાંત આશારામજી બાપુનો આશ્રમ, પાંડુરંગ શાસ્ત્રીજીનું વૃક્ષમંદિર વગેરે સંસ્થાનો આવેલ છે.

૧૯૮૭માં હરિધામ સોખડા (જી. વડોદરા) સ્થિત યોગી ડિવાઈન સોસાયટીના પરમાધ્યક્ષ પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ હસ્તકની વિરાણી સાયન્સ કોલેજનું સંચાલન સંભાળ્યું. આ સમયે સંસ્થામાં માત્ર વિજ્ઞાન વિદ્યાશાખાના વિષયો જ ભણાવવામાં આવતા હતા. ત્યારબાદ આ સંસ્થાના માનદ્ સેક્રેટરી પૂ. ત્યાગવલ્લભસ્વામીએ સતત પ્રયત્નશીલ રહીને બહારના રાજયોમાં ચલાવાતાં નવા નવા અભ્યાસક્રમો રાજકોટ ખાતે ચલાવી શકાય તે માટે ખૂબ જ જહેમત ઉઠાવી. સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને ઘર આંગણે વર્તમાન સમયની જરૂરિયાત ધરાવતાં અભ્યાસક્રમો શરૂ કરાવ્યા. ઉપરાંત વિદ્યાર્થી માત્ર શિક્ષણ જ પ્રાપ્ત કરે એ જ ધ્યેય નહી પરંતુ અભ્યાસ કર્યા બાદ એ જ અભ્યાસક્રમ એના જીવનનિર્વાહમાં ઉપયોગી બને તે કક્ષાનું શિક્ષણ ઉપલબ્ધ કરાવ્યું.

આ સંસ્થામાં હાલમાં બાલમંદિરથી અનુસ્નાતક કક્ષા સુધીના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ સંસ્થામાં હાલમાં વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાની કોલેજ કાર્યરત છે. ઉપરાંત એન્જીનીયરીંગ કોલેજ પણ કાર્યરત છે. પૂ. ત્યાગવલ્લભસ્વામીના માર્ગદર્શન નીચે સંસ્થામાં અભ્યાસ પ્રાપ્ત કરવા આવતો વિદ્યાર્થી શિક્ષણની સાથે જીવન વ્યવહારના પાઠો પણ શીખે છે. સંસ્થામાં નિયમિત રીતે વ્યક્તિત્વ વિકાસના સેમિનાર, વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. વિદ્વાન વક્તાઓ, સંતો, મહંતોના પ્રવચનોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થી તનથી અને મનથી ચુસ્ત રહે તે માટે યોગા અને રમતગમતની પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે છે. આ સંસ્થામાં છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ છે. હરિધામ-સોખડા ખાતે પ્રતિવર્ષ ડિસેમ્બર માસમાં વિદ્યાર્થીઓને સમાજના પ્રવાહોથી માહિતગાર કરવા અને ધાર્મિક તેમજ આધ્યાત્મિક જ્ઞાનની જાણકારી મળી રહે અને વ્યસનોથી થતાં નુકશાન અંગે જાણકારી આપવા શિબિરનું આયોજન કરવામાં આવે છે.

રાજકોટ નાગરિક બેંક પ્રેરિત વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન નામે એન્જીનીયરીંગ કોલેજ કાલાવડ રોડ પર દશ કિલોમીટર દૂર આવેલી છે. ત્યાં પણ એન્જીનીયરીંગ વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આમ રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું મધ્યમાં આવેલ શહેર હોવાથી તેમજ આબોહવા પણ સાનુકૂળ રહેતી હોવાથી અન્ય શહેરોની સરખામણીમાં બધી રીતે વિકસીત રહેલ છે.

પ્રસ્તુત સંશોધનમાં કેન્દ્રવર્તી બાબત તરીકે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંશોધનના આધાર તરીકે લીધેલ હોય, મારા સંશોધન કાર્ય માટે આવરી લેવાયેલ ચાર શૈક્ષણિક સંસ્થાઓ અંગેની માહિતી આ મુજબ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામુ | અભ્યાસની સવલત | વિદ્યાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | શ્રી એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ એન્ડ શ્રી યોગીજી મહારાજ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ | કાલાવડ રોડ | વિજ્ઞાન વિનયન વાણિજ્ય | ૧૪૮૨ |
| ૨ | આત્મીય ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ | કાલાવડ રોડ | ટેકનીકલ | ૧૪૮૨ |
| ૩ | શાસ્ત્રી સ્વામીશ્રી ધર્મજીવનદાસજી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મ. ટેકનોલોજી | ગોંડલ રોડ | કોમ્પ્યુટર એન્જીનીયરીંગ | ૨૮૬ |
| ૪ | જ્ઞાનયજ્ઞ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ | કાલાવડ રોડ | વિજ્ઞાન | ૫૦ |

**૨.૫ સંશોધનની પદ્ધતિ અને તે પદ્ધતિના પસંદગીના કારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં યુવાનો શિક્ષિત હોવાથી પ્રશ્નાવલી પદ્ધતિ ઉપયોગમાં લીધેલ છે. તેમજ આ પદ્ધતિથી ક્ષેત્રકાર્ય ઘણું ઝડપી બને છે. સમય અને નાણાંનો ઉપયોગ મર્યાદિત થાય છે. સૌથી મહત્વનું કારણ તો એ છે કે આ પદ્ધતિના પરિણામે વ્યક્તિનું પ્રત્યક્ષીકરણ, માન્યતાઓ, લાગણીઓ, પ્રેરકો, વલણો, અભિપ્રાયો વગેરે અંગેની સચોટ, ચોક્કસ અને વિશ્વસનિય માહિતી જે નિરીક્ષણ દ્વારા મુશ્કેલ બને છે તે આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત થાય છે. આમ આવી કેટલીક માહિતી મેળવવા પ્રશ્નાવલી પદ્ધતિ અસરકારક બની રહે છે.

પ્રશ્નાવલી એ સંશોધન સમસ્યાના અનુસંધાનમાં રચેલા પ્રશ્નોના ઉત્તર મેળવીને માહિતી મેળવવાની એક પ્રયુક્તિ છે. પ્રશ્નાવલીમાં બંધ અને ખુલ્લા પ્રશ્નોનું ઘડતર કરેલું છે. ખુલ્લા પ્રશ્નોના પરિણામ સ્વરૂપે યુવાનો સ્વતંત્રરીતે પોતાનો વૈકલ્પિક જવાબ આપી શકે તેવી ગોઠવણ કરેલી છે.

આ પદ્ધતિ દ્વારા મુખ્યત્વે અભ્યાસ કરતાં યુવાનોમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પરિણામે તેમના વિચારો, વલણો અને સંસ્કારમાં શું પરિવર્તન આવ્યુ છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૨.૬ નિદર્શ પસંદગી :

'નિદર્શ' એટલે સમષ્ટિના અમુક એકમોનો ભાગ. નિદર્શ પસંદ કરવાની કાર્યપ્રણાલીને નિદર્શન કહેવાય છે. નિદર્શનનો હેતુ સમષ્ટિના ભાગરૂપ અમુક એકમોને નમુના તરીકે લઈને તેના અભ્યાસ દ્વારા સમષ્ટિની લાક્ષણિકતાઓ જાણવાનો છે.

***Coxton***ના મતાનુસાર આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ પદ્ધતિ અને તેની વિશ્વસનિયતા મહત્વના છે અને જો તે સચોટ પુરવાર થાય તો જ તેનું મહત્વ છે. તેઓ નોંધે છે કે, ''***Without an adequate understanding of the statistical methods, the investigator in the social sciences may be like the blindman grouping in a dark room for a black cat that is not there. The methods of statistics are useful in an over widening range of human activities in any field of thought in which numerical data may be had.***''[૧]

આ મતાનુસાર સામાજિક સંશોધનનું ધ્યેય સમાજજીવન વિશે વિશ્વસનીય અને યથાર્થ તારણો તારવવાનું છે. આ ધ્યેય સિદ્ધ કરવામાં નિદર્શન મહદઅંશે જરૂરી બને છે. સામાજિક સમસ્યાનો અભ્યાસ કરી સામાજિક નીતિનું ઘડતર કરવા માટે કેટલીક માહિતીની તત્કાળ જરૂરિયાત રહે છે. નિદર્શનની પદ્ધતિથી ઊંડાણપૂર્વક અને વિવિધ દૃષ્ટિકોણથી અભ્યાસ કરવો શક્ય બને છે. નિદર્શન પદ્ધતિના બે પ્રકાર છે.

૧. બિન યદ્દચ્છનિદર્શન

૨. યદ્દચ્છનિદર્શન

પ્રસ્તુત સંશોધનમાં મે યદ્દચ્છનિદર્શનનો ઉપયોગ કર્યો છે અને તે માટે ૨૦૦ ઉત્તરદાતાઓને પસંદ કરવામાં આવ્યા છે. રાજકોટ જીલ્લામાં આવેલ ચાર કોલેજો કે જેનું સંચાલન સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થાય છે એવી દરેક સંસ્થાઓમાંથી યદ્દચ્છનિદર્શન દ્વારા ૬.૦૬ % વિદ્યાર્થીઓને ઉત્તરદાતા તરીકે લેવામાં આવેલ છે. આવા ૬.૦૬ % ઉત્તરદાતાઓની પસરંદગી કરવા માટે સમાનસ્વરૂપની ચિઠ્ઠીઓનો ઉપયોગ કરીને નિદર્શ પસંદ કરાયું છે. આમ કુલ ૨૦૦ ઉત્તરદાતાઓને

(૧) ***Gupta, C.S. - 'Fundamentals of Statistics'', Himalaya Publishing House, 2000. Page 18***

નિદર્શ તરીકે પસંદ કરવામાં આવેલાં છે. આમ આ રીતે ઉત્તરો મેળવી માહિતી એકત્ર કરેલ છે. આમ મારા સમગ્ર સંશોધનમાં યુનિવર્સ એટલે કે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત રાજકોટ જીલ્લાની ચાર સંસ્થાઓમાંથી પ્રતિનિધિત્વ કરતું આ સેમ્પલ છે. યદ્દચ્છનિદર્શનની પદ્ધતિમાં સમગ્ર યુનિવર્સનું સેમ્પલ લઈ તેનો અભ્યાસ કરી વૈજ્ઞાનિક તથ્ય તારવી અને સમગ્ર યુનિવર્સ માટે સામાન્યીકરણ કરવામાં આવે છે.

**૨.૭ સંશોધનનું સૈદ્ધાંતિક માળખું :**

આજે સમગ્ર વિશ્વનું ધ્યાન યુવાવર્ગ પર કેન્દ્રિત થયેલું છે. આજનો યુવાન એ વિશ્વની આવતીકાલ છે. તેથી જ યુવાનોનો વિકાસ તથા તેની સમસ્યાઓ પરના અભ્યાસનું મહત્વ વધતું જ રહ્યું છે. આ સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. આ અભ્યાસની સૈદ્ધાંતિક ભૂમિકા માટે ***Structure*** અને ***Functional Theory*** નો આધાર લેવામાં આવેલ છે. સમાજની સાર્વત્રિક સંસ્થાઓમાં ધર્મ એક મહત્વની સંસ્થા છે. તે સંદર્ભ સ્વામિનારાયણ ધર્મના સંદર્ભમાં શૈક્ષણિક પ્રવૃત્તિના ઉપલક્ષ્યમાં યુવાનોમાં આવેલ પરિવર્તન તપાસવા કાર્યાત્મકવાદનો આધાર લેવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્રની જે વિભિન્ન શાખાઓમાંની એક શાખા કાર્યાત્મકવાદ શાખા છે. આ શાખા મુજબ સમાજ એક વ્યવસ્થા છે. જે વ્યવસ્થા પરસ્પર ભાગોની બનેલી છે. આ વ્યવસ્થાને પોતાની કેટલીક જરૂરિયાતો છે. જેને સંતોષવી અનિવાર્ય છે. જે જરૂરિયાતો રચનાતંત્ર દ્વારા સંતોષાય છે. રચનાતંત્ર એ સમાજજીવનનો ઢાંચો તેમજ માળખું છે જે સમાજના વિવિધ એકમોની સુવ્યવસ્થિત ગોઠવણીમાંથી સર્જાય છે. આવા માળખાને સામાજિક રચનાતંત્ર કહે છે. સામાજિક માળખાના જુદા જુદા તત્વો કે એકમોને અલગ અલગ રીતે ન જોતાં ‘સમગ્ર’ રીતે જોવામાં આવે છે. રચનાતંત્રના વિવિધ ભાગો પરસ્પાવલંબન છે. જે સમગ્ર સાથે કાર્યાત્મક સંબંધ ધરાવે છે. આથી જ સામાજિક રચના અને કાર્યના ખ્યાલને આપણે એકબીજાના સંદર્ભમાં જ સ્પષ્ટ કરી શકીએ. રચનાતંત્રની વ્યાખ્યા આપતાં જોન્શન નોંધે છે કે, “કોઈપણ બાબતની રચના અથવા માળખું એના ભાગોથી સંબંધિત સ્થિર સંબંધોનું બનેલું હોય છે. તેના ભાગો પણ સ્થિર હોવા

જોઇએ. સામાજિક રચનાતંત્રના ભાગો અને આંતરસંબંધો સ્થિર હોવા જોઇએ.''[1]

કાર્યાત્મકવાદના મૂળ જીવશાસ્ત્રમાં રહેલા છે. અઢારમી સદીમાં યુરોપની ઔદ્યોગિક ક્રાંતિ અને ફ્રાંસની રાજ્ય ક્રાંતિએ સામાજિક અને રાજકિય ક્ષેત્રે અનેક ફેરફારો સર્જ્યા. આ ફેરફારોએ સમાજશાસ્ત્રીઓને વિચારતાં કરી મૂક્યા. ખાસ કરીને સામાજિક વ્યવસ્થાની જાળવણી અને સુગ્રથિતતા અંગે જે બૌદ્ધિક ચિંતન થયું તેમાં સમાજને એક દેહ તરીકે કલ્પવામાં આવ્યો. જીવશાસ્ત્રની શોધખોળના પરિણામે માનવશરીરની રચના અને તેના કાર્યો અંગેની જાણકારી મળી અને તેને પરિણામે સમાજમાં વિભિન્ન અંગો વચ્ચેના પારસ્પરિક કાર્યાત્મક સંબંધ જોવાનો પ્રયાસ થયો છે. જેમ માનવ દેહની રચના તેના વિવિધ અંગોની બને છે તેમ સામાજિક રચનાતંત્ર પણ પરસ્પરાશ્રિત વિવિધ ભાગોની બનેલી એક વ્યવસ્થા છે. જોન્શને, ''સામાજિક રચનાતંત્રના આ અંગો કે તત્વો તરીકે ઉપજુથો, ભૂમિકાઓ, ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યોને ગણાવ્યા છે.''[2] આ ભાગોને આપણે અલગ અલગ રીતે ન જોતાં એક સમગ્ર તરીકે જ જોઇ શકીએ. દા.ત. ધર્મ સંસ્થાઓ તેની સાથે સંકળાયેલા ઉપજુથો, ભૂમિકાઓ, સાંસ્કૃતિક મૂલ્યો, પરિવર્તન વગેરે સમાજના સંદર્ભમાં જ સમજી શકાય.

જોન્શનના ઉપર્યુક્ત મત પ્રમાણે જોઇએ તો સામાજિક વ્યવસ્થા પોતે જ એક સંગઠિત જુથ છે. આ જુથમાં બીજા પેટા વિભાગો ઊભા થયેલા હોય છે જેને ઉપજુથો તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે 'ધર્મ' એક વ્યવસ્થા જુથ ગણીએ તો 'સંપ્રદાય' એ એક ઉપજુથ ગણાશે. 'સંપ્રદાય'ને વ્યવસ્થા ગણીએ તો 'સ્વામિનારાયણ સંપ્રદાય' એ એક ઉપજુથ તરીકે ગણાશે. 'સ્વામિનારાયણ સંપ્રદાય'ને વ્યવસ્થા ગણીએ તો આ સંપ્રદાય દ્વારા સંચાલિત 'શૈક્ષણિક સંસ્થાઓ' એ ઉપજુથ ગણાશે. આ ઉપજુથોની આંતરક્રિયાની વ્યવસ્થા જુથની આંતરક્રિયાનો ભાગ બની રહે છે.

રચનાતંત્રીય વ્યવસ્થાનું બીજુ તત્વ એટલે ભૂમિકાઓ. આ ભૂમિકાઓ જવાબદારી કે સામાજિક અપેક્ષાઓની પૂર્તિને પરિભાષિત કરે છે. વ્યક્તિએ અન્ય માટે, સમાજ માટે જે ફરજો

---

(૧) અને (૨) **ज्होन्सन, हैरी एम., (अनुवादक : योगेश अहल) - ''समाजशास्त्र'',कलयानी पब्लिशर्स, लुधियाना. १९७०.**

બજાવવાની છે તે તેની ભૂમિકાઓ છે. જેમ કે સંપ્રદાયનું ધાર્મિક ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે મહત્વનું પ્રદાન એ એની આગવી ભૂમિકા છે. શૈક્ષણિક સંસ્થામાં ભણતો વિદ્યાર્થી એ એક સમયે વિદ્યાર્થી છે. તો તેણે સત્સંગની સભામાં સત્સંગી તરીકે, ઘરમાં પુત્ર-પુત્રી, ભાઇ-બહેન, તરીકેની ભૂમિકા ભજવવાની રહે છે. આમ સામાજિક રચનાતંત્રમાં ભૂમિકા એકબીજા સાથે સંકળાયેલી હોય છે, જે સમાજના આંતરસંબંધોને ગત્યાત્મક બનાવે છે. આપણે વિવિધ ભૂમિકાઓના સંદર્ભમાં સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિવર્તનનો અભ્યાસ કરીશું.

પ્રો. જોન્શને સામાજિક રચનાતંત્રના ત્રીજા તત્વ તરીકે ધોરણો દર્શાવ્યા છે. જે બે પ્રકારના છે. સંબંધિત ધોરણો અને નિયંત્રિત ધોરણો.

સંબંધિત ધોરણો ભૂમિકા ભજવનારને અમુક પ્રકારની ફરજો પૂરી કરવાની આજ્ઞા આપતાં ધોરણો છે. અમુક રીતનું વર્તન થવું જોઇએ તેવું સૂચવતાં આ ધોરણો વિધેયાત્મક ફરજો દર્શાવે છે. વ્યક્તિએ ઉપજુથોના સંદર્ભમાં રહી ભૂમિકા ભજવણીમાં આ ધોરણોને અનુસરવાનું રહે છે. આ ભૂમિકાને કારણે અપેક્ષા પ્રમાણેનું વર્તન ન હોય તો આદર્શ ભૂમિકા નથી. જો અપેક્ષા પ્રમાણે હોય તો ભૂમિકા પરિવર્તનને માટે જવાબદાર છે.

જ્યારે નિયંત્રિત ધોરણો વર્તન પર નિયંત્રણ સૂચવનારા ધોરણો છે, પ્રતિબંધ મૂકનાર ધોરણો છે, અમુક વર્તન ન જ થઇ શકે તેવું આ ધોરણ સૂચવે છે.

રચનાતંત્રનું ચોથુ તત્વ સાંસ્કૃતિક મૂલ્યો છે. વ્યક્તિનો દરજ્જો, તેની ભૂમિકા, વર્તન, વ્યવહાર, વિચાર, પરિવર્તન વગેરેનો માપદંડ એ સાંસ્કૃતિક મૂલ્યો છે. બીજી રીતે કહીએ તો સમાજમાં અન્ય સભ્યો વ્યક્તિની ભૂમિકાને આ સાંસ્કૃતિક મૂલ્યો દ્વારા મૂલ્યાંકિત કરે છે.

સામાજિક રચનાતંત્રની વિસ્તૃત ચર્ચા પરથી એમ કહી શકાય કે સામાજિક વ્યવસ્થા એ ભિન્ન ભિન્ન અંગો અને તેની વચ્ચે રહેલા આંતર સંબંધોની ગોઠવણીથી સામાજિક રચના ઊભી થયેલી છે. આ આંતરસંબંધોના પરિણામો કાર્ય તરીકે ઓળખાય છે. જે 'કાર્યો' પરિવર્તન માટે જવાબદાર છે. રોબર્ટ કે મર્ટનના કાર્યાત્મકવાદી વિચારો અને પૃથ્થકરણ સમાજશાસ્ત્રીય વિચારોમાં અગ્રસ્થાન

ધરાવે છે. તેમના મતાનુસાર કોઈપણ સમાજના ક્યા એકમ માટે કાર્યાત્મક છે તે જોવું જોઈએ. કારણ કે ગોઠવણના પરિણામો કાર્યાત્મક અને વિકાર્યાત્મક કે જે વિવિધ જુથના સંદર્ભમાં હોય છે. આ ખ્યાલ સાપેક્ષ છે તેમ કહી શકાય. કાર્ય વિકાર્યનો ખ્યાલ સામાજિક વ્યવસ્થાની જરૂરિયાતના સંદર્ભમાં જ જોવાનો રહે છે. મર્ટનના મતાનુસાર અમુક પ્રકારના કાર્યો સંતોષવા અમુક પ્રકારના રચનાતંત્રો હોવા જરૂરી નથી. વૈકલ્પિક રચનાતંત્રો દ્વારા પણ કાર્યો થઈ શકે છે. મર્ટન કહે છે કે કોઈવાર રચનાતંત્ર દ્વારા હાથ ધરાયેલ કાર્યો અણધાર્યા પરિવર્તન અને પરિણામો માટે જવાબદાર છે.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સ્થાપવામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓએ 'ધર્મ' સંસ્થા દ્વારા હાથ ધરાયેલ કાર્યો છે. આ કાર્યો સમાજનો એક ચોક્કસ વર્ગ 'યુવાનો'ના પરિવર્તન માટે કઈ રીતે જવાબદાર છે ? તેની અસરો કેવી ઉપજે છે ? તેનો અભ્યાસ પ્રસ્તુત સંશોધનમાં કરવામાં આવેલ છે.

**૨.૮ ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધન કાર્યમાં સંશોધનની શરૂઆતના તબક્કાથી જ આ રીતને સમગ્ર સંશોધન કાર્યની રૂપરેખા આયોજીત કરવામાં આવેલ છે. કોઈપણ કાર્યની સફળતાનો આધાર 'આયોજન' પર રહેલો છે. ખાસ કરીને સંશોધન ક્ષેત્રે તો 'આયોજન' અનિવાર્ય બની રહે છે. સંશોધક માટે 'આયોજન' એ સફળતા તરફ દોરી જનારી પગદંડી છે. જે પગદંડી છેવટે રાજમાર્ગ તરફ લઈ જાય છે.

-૦-૦-૦-

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૩

## પૂર્વ સાહિત્યનું વિહંગાવલોકન


| | | |
|---|---|---|
| ૩.૧ | પ્રસ્તાવના | ૮૭ |
| ૩.૨ | અંગ્રેજી પુસ્તકોનું વિહંગાવલોકન | ૮૮ થી ૯૨ |
| ૩.૩ | ગુજરાતી પુસ્તકોનું વિહંગાવલોકન | ૯૨ થી ૧૦૪ |
| ૩.૪ | હિન્દી પુસ્તકોનું વિહંગાવલોકન | ૧૦૪ થી ૧૦૬ |

**પ્રસ્તાવના :**

સમાજશાસ્ત્રીય સંશોધન કાર્ય અને તેની પ્રવૃત્તિ સતત વહેતાં નીર જેવી છે. માનવી સતત વિચારશીલ જીવન જીવતો હોય છે. જેને લઈને સંશોધક દ્વારા કરવામાં આવતું સંશોધન પહેલું કે છેલ્લુ ભાગ્યે જ હોય છે. કારણ કે સંશોધકે પસંદ કરેલ ક્ષેત્રનો ઉલ્લેખ કોઈને કોઇ સંશોધન કાર્યમાં વિચાર માંગતા પ્રશ્ન તરીકે અભિવ્યક્ત કર્યો હોય છે.

ઉપર જણાવ્યું તેમ વહેતાં નીરની જેમ સંશોધન કાર્યનો વ્યાપ દિનપ્રતિદિન વિસ્તરતો રહ્યો છે, ફળસ્વરૂપ સામાજિક વિજ્ઞાનનો પણ એટલો જ વિકાસ થાય છે. માટે સંશોધકે ભૂતકાળમાં જે વિષય પસંદ કર્યો છે તેને આનુસંગિક કેટલાં સંશોધન થયા છે તે તપાસવું અનિવાર્ય બની રહે છે અને તે દ્વારા તેના સંશોધનને વધારે અસરકારક બનાવી શકે છે. આ બાબત એક દીવાદાંડીની ગરજ સારે છે. આમ કરવાથી સંશોધક પોતાના સંશોધન વિષયને ભૂતકાળમાં થઈ ગયેલા સંશોધન કાર્યો માંહેના અનુસંધાનો  સંદર્ભમાં લઇ શકે છે. થઇ ગયેલા સંશોધનોની સમીક્ષા કરી તેની લાક્ષણિકતાઓ સૂચવી શકાય છે અને ક્યા પાસાઓ પર સંશોધન કાર્ય થઈ ચૂક્યુ છે તેનો ખ્યાલ આવે છે. પૂરોગામી સંશોધનની રૂપરેખા અને સમીક્ષાના આધારે સંશોધક પોતાના સંશોધનનું આગવાપણું તે સંશોધન દ્વારા નવું કોઈ પરિમાણ આપે છે કે અગાઉના નક્કી થયેલા પરિમાણોમાં ઉમેરો કરી અગાઉના સંશોધનને અસરકારક બનાવવા બાબતે સૂચનો કરી શકે છે.

આમ ઉપર્યુક્ત વિગતે દરેક સંશોધન સંબંધિત વિષયના પૂરોગામી અભ્યાસોનું વાંચન દ્વારા તેમાંથી પોતાના સંશોધન માટેની અસરકારક નોંધો પણ કરે છે. પ્રત્યેક સંશોધનનો અભ્યાસ જ્યારે પૂરો થઈ જાય છે પછી તે અભ્યાસ પણ પૂરોગામી અભ્યાસોના ભાગરૂપે ગણાય છે. તેમજ નવા સંશોધક માટે તે સંદર્ભ સામગ્રી બની જાય છે. નવા સંશોધક માટે પૂરોગામી સંશોધનો કેટલાં ઉપયોગી બની શકે તેનો આધાર સંદર્ભ સાહિત્યની ઉપલબ્ધી ઉપર રહે છે. માટે વૈજ્ઞાનિક સંશોધનમાં પૂરોગામી સાહિત્યના સંશોધનની સમીક્ષા કરવાની એક પ્રશસ્ય પ્રણાલીને સાર્વત્રિક સ્વીકારવામાં આવી છે. માટે યુવાનોના સંદર્ભમાં અને ધર્મ તથા સંપ્રદાયના સંદર્ભમાં ''સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલું પરિવર્તન અને વિકાસ'' માટે નીચે જણાવેલ અભ્યાસોની સમીક્ષાનું આલેખન કર્યું છે.

૧. **Youth : Change & Challange :**
Dhurjati Mukharjee,
Firma Klm. Private Limited, Calcutta, 1977.

બે વિભાગમાં લખાયેલ આ પુસ્તકમાં યુવાન, વિદ્યાર્થી અને રાજકારણ તથા યુવાન, સંસ્કૃતિ અને સમાજ એ વિશે જુદા જુદા લેખોનું સંકલન કરવામાં આવ્યું છે. પ્રથમ ભાગમાં પશ્ચિમ બંગાળનું યુવા અધિવેશન, સ્વતંત્રતા પહેલાં અને પછીના ભારતના યુવાનો, ભારતમાં વિદ્યાર્થીઓ અને રાજકારણ વિષેના લેખોનો સમાવેશ થયેલ છે.

જ્યારે બીજા વિભાગમાં ગઈકાલ, આજ ને આવતીકાલના સંદર્ભમાં ભારતના આદિવાસી યુવાનોની વાત કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ્ય યુવાનો અને જીવન પરિવર્તન, યુવાનો અને ઉદ્યોગો, વિકસતાં સમાજમાં ભારતીય મહિલાનો ફાળો જેવા મહત્વના વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

આ પુસ્તક યુવાનોનો સમાજના વિધ-વિધ ક્ષેત્રામાં ફાળો તેની ચર્ચા કરવા માટે મને ઉપયોગી બન્યું છે.

૨. **Dharma & Society :**
G.H.Mess,
Seema Publications - 1980

આ પુસ્તક બે ભાગમાં વહેંચાયેલુ છે. ભાગ એકના બે પ્રકરણોમાં ધર્મ, વર્ણ અને જાતિનો વિસ્તૃત ખ્યાલ આપવામાં આવ્યો છે. જ્યારે ભાગ બે જુદા જુદા દસ પ્રકરણોમાં વહેંચાયેલો છે. જેમાં વર્ણનો સાર્વત્રિક અને આંતરરાષ્ટ્રિય તત્વો, જીવન અને તેનું સ્વરૂપ, સામાજિક પ્રક્રિયા, મનુષ્યની સમાજ પ્રત્યેની ફરજો અને હક્કો, સામાજિક સમાનતા અને અસમાનતાની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત અંતભાગમાં વર્ણશંકર પ્રક્રિયાના ભયસ્થાનો, વર્ણ અને વ્યક્તિ, વર્ણ અને સમાજ વગેરે પાસાઓને આવરી લેતી અનેક બાબતોનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંશોધન ધર્મ આધારિત હોવાથી આ પુસ્તકમાં વણાયેલ ધર્મ, વર્ણ અને જાતિનો ખ્યાલ તેમજ વર્ણ અને વ્યક્તિ, વર્ણ અને સમાજ જેવી બાબતો ચર્ચવા માટે આ પુસ્તક મહત્વનું બની રહ્યું છે.

૩. **Sociology of Indian Culture :**
D.P. Mukarji,
Rawat Publications - 1948.

આઠ પ્રકરણોમાં વહેંચાયેલ આ પુસ્તકના પ્રારંભમાં ભારતની સંસ્કૃતિની ભવ્યતા દર્શાવવામાં

આવી છે. બીજા પ્રકરણમાં સાંસ્કૃતિક એકતા અને સામાજિક પ્રક્રિયાની વાત કરવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં મધ્યમ વર્ગ અને આર્થિક વ્યવસ્થાપનનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા પ્રકરણમાં શિક્ષણ અને સામાજિક વ્યવસ્થા, પાંચમા પ્રકરણમાં સાહિત્ય, છઠ્ઠા પ્રકરણમાં આધુનિક ભારતનું સંગીત અને સમાજનો પરિચય આપવામાં આવ્યો છે. અંતભાગમાં લલિતકલાનો વિકાસ અને આ વિકાસમાં સામાજિક વ્યવસ્થાના ફાળાની ચર્ચા કરવામાં આવી છે. છેલ્લા પ્રકરણમાં ભારતીય સમાજ વ્યવસ્થા અને સંસ્કૃતિના સંદર્ભમાં નડતી સમસ્યાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે.

ભારતીય સમાજવ્યવસ્થા અને સંસ્કૃતિની સમજ મેળવવા માટે મને આ પુસ્તક બહુ ઉપયોગી બન્યું છે.

૪. **Social Structure, Social Change and Future Trends :**
R.S. Mann,
Rawat Publications, Jaipur - 1979.

આ પુસ્તકમાં સમાજનું માળખુ જેના પર રચાયેલ છે તેવા મહત્વના પરિબળો જેવાં કે કુટુંબ વ્યવસ્થા, વ્યક્તિગત સંબંધો, લગ્ન, સ્ત્રી અને તેનો સામાજિક દરજ્જો, વર્ણ વ્યવસ્થા અને જાતિપ્રથાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. સમાજનું માળખુ તથા સામાજિક પરિવર્તન જેવી મહત્વની બાબતોને નવા જ દષ્ટિકોણથી સમજ આપતું આ પુસ્તક સંશોધકો માટે એક મહત્વનું પુસ્તક છે.

સામાજિક વ્યવસ્થા, સામાજિક પરિવર્તન અને ભવિષ્યમાં આ વ્યવસ્થા અને પરિવર્તનનું વલણ કેવું હોઈ શકે તેનો ખ્યાલ મેળવવા માટે મને આ પુસ્તકે મહત્વની માહિતી પૂરી પાડી છે.

૫. **Towards a Sociology of Culture in India :**
T.K.N. Unnithan, Indra Dave, Yogendrashingh,
Prentice Hall of Indian (P) Ltd. New Delhi - 1963.

પાંચ ભાગમાં વહેંચાયેલ આ પુસ્તકમાં સમાજશાસ્ત્ર અને સંસ્કૃતિની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ ભાગમાં ભારતીય સંસ્કૃતિ અને સમાજશાસ્ત્રની ચર્ચા કરવામાં આવી છે. દ્વિતિય અને તૃતિય ભાગમાં સંસ્કૃતિમાં પરિવર્તન અને સમાજશાસ્ત્રની ચર્ચા કરવામાં આવી છે. ચતુર્થ ભાગમાં સમાજશાસ્ત્રીય રીતે સંસ્કૃતિનું આયોજન અને વિકાસના સૈદ્ધાંતિક મૂલ્યોની વાત કરવામાં આવી છે. જ્યારે અંતિમ ભાગમાં સમાજશાસ્ત્રીય અને સાંસ્કૃતિકતાના આયોજન

અને વિકાસને અવરોધરૂપ પરિબળો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પુસ્તક Socio Cultural વિકાસ, આયોજન અને તેના અવરોધોની વિગતવાર ચર્ચા કરતું પુસ્તક છે. ટૂંકમાં આ પુસ્તક સામાજિક સંશોધન કરતા કોઈપણ સંશોધક માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક છે.

૬. **Sociological Methods and Techniques :**
Rajendra K. Sharma,
Atlantic Publishers and Distributores - 1977.

સમાજશાસ્ત્રીય સંશોધકોને ઉપયોગી એવા આ મહત્વના પુસ્તકમાં લેખકે વિવિધ પાસાઓને આવરી લીધા છે. પ્રારંભમાં લેખકે સમાજશાસ્ત્ર અને સામાજિક ઘટનાની વાત કરી છે. ત્યારબાદ સામાજિક વિજ્ઞાનમાં વાસ્તવિક્તા, સિદ્ધાંત અને ખ્યાલનો પરિચય આપવામાં આવ્યો છે. ત્યારબાદ સામાજિક સંશોધનના વિવિધ પાસાઓ જેવાં કે આંકડાકીય માહિતી, સામાજિક સંશોધનની સમસ્યાની ઓળખ, સંદર્ભ સાહિત્યનું અવલોકન, સંશોધનની રૂપરેખા, પૂર્વધારણા તથા સમાજશાસ્ત્રીય સંશોધન માટેની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓની ચર્ચા કરવામાં આવી છે. ત્યારબાદ સમાજશાસ્ત્રીય સંશોધન માટે જરૂરી પ્રયોગો અને તેના આયોજનની વિસ્તૃત સમજ આપવામાં આવી છે.

૭. **Social Changes in India :**
B. Kuppuswamy,
Vikas Publishing House Pvt. Ltd. - 1972

ત્રણ ભાગમાં વહેંચાયેલા આ પુસ્તકના પ્રથમ ભાગમાં સામાજિક પ્રક્રિયા અને પરિવર્તનો, સામાજિક પરિવર્તનનો સિદ્ધાંત અને સામાજિક પરિવર્તનની વ્યાખ્યા આપવામાં આવી છે. આ ઉપરાંત ભારતીય સમાજના પરંપરાગત તથા આધૂનિક મૂલ્યોની સરસ રીતે ચર્ચા કરવામાં આવી છે. દ્વિતિય ભાગમાં સામાજિક પરિવર્તન માટે જરૂરી પાસાઓની વ્યક્તિગત તથા સામાજિક અને આધૂનિક મૂલ્યોની વાત કરી છે. સામાજિક પરિવર્તન માટે જરૂરી પરિબળો જેવાં કે વસતી નિયંત્રણ, ઔદ્યોગિક વિકાસ, આર્થિક વિકાસ તેમજ સાંસ્કૃતિક વિકાસ જેવા અનેક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે તૃતિય ભાગમાં વર્ણ વ્યવસ્થા અને તેને કારણે પછાત જાતિની સમસ્યાઓની વાત કરેલ છે. આ ઉપરાંત આ પુસ્તકમાં શહેરીકરણ તથા સામુદાયિક બાબતો જેવી કે સંદેશાનું ઝડપી આદાન-પ્રદાન, સમરસતા, રાષ્ટ્રિય એકતા, સર્વધર્મ સમભાવ વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

૮. **Religion and Society in Ancient India :**
OM Prakash,
Bharatiya Vidya Prakashan - 1985.

બે ભાગમાં વહેંચાયેલ આ પુસ્તકમાં ધર્મનું મહત્વ, ધાર્મિક અંધશ્રદ્ધા અને માન્યતાઓની ચર્ચા હડપ્પન સંસ્કૃતિના સંદર્ભમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ચારેય વેદ, ઉપનિષદ, ભગવદ ગીતા તથા કલ્પસૂત્રની રસપ્રદ છણાવટ કરવામાં આવી છે. આ ઉપરાંત આ પુસ્તકમાં બુદ્ધ, જૈન, શાંકરમતની ચર્ચા કરવામાં આવી છે. બીજા ભાગમાં સમાજશાસ્ત્રને સ્પર્શતા પાસાઓ જેવાં કે સન્યસ્ત આશ્રમ, ગુલામીની પ્રથા, ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, લગ્ન સંસ્થા, કુટુંબ જેવી અનેક બાબતોને આવરી લેવામાં આવેલ છે.

આ પુસ્તકમાં આવરી લેવાયેલ પ્રાચિન ભારતના ધર્મના વિધવિધ પાસાઓ તથા સમાજ વ્યવસ્થા જેવી અનેક બાબતો મારે માટે ખૂબજ મહત્વની પૂરવાર થઈ છે.

૯. **Values and Attitudes of India Youth :**
N.Y. Reddy,
Light & Lift Publishers New Delhi - 1980.

ભારતીય યુવાનના જીવન અને મૂલ્યોને આવરી લેતાં આ પુસ્તકમાં પ્રસ્તુત અભ્યાસની રૂપરેખા, સંશોધન સમસ્યા અને તેના માટે જરૂરી બાબતો જેવી કે યુવાનોનું વર્તન, માન્યતા, ખ્યાલો અને યુવાનોના વલણ અંગેનો અભ્યાસ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પુસ્તક એ યુવાનોની સમસ્યાઓનો અભ્યાસ કરનાર કોઈપણ ક્ષેત્રના સંશોધક માટે એક મહત્વનું પુસ્તક છે.

જીવન મૂલ્યો અને વર્તનના અભ્યાસ માટે મને આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નીવડયુ છે.

૧૦. **Social Change & Social Control :**
Rajendra K. Sharma,
Atlantic Publishers and Distributors - 1997.

બે ભાગમાં વહેંચાયેલ આ પુસ્તકના પ્રથમ ભાગમાં સામાજિક પરિવર્તનની ચર્ચા કરવામાં આવી છે. આ ભાગમાં કુલ ૧૧ પ્રકરણો છે. જેમાં સામાજિક પરિવર્તનનો સિદ્ધાંત સમજાવવામાં આવ્યો છે. બીજા પ્રકરણમાં મહાત્મા ગાંધીજીનો સામાજિક પરિવર્તનનો સિદ્ધાંત 'સર્વોદય'ની ચર્ચા કરવામાં આવી છે. ત્યારબાદ વસતી વિજ્ઞાન અને સામાજિક પરિવર્તન, સામાજિક વિકાસના મનોવૈજ્ઞાનિક પાસાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જ્યારે બાકીના પ્રકરણોમાં શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન, સંસ્કૃતિ દ્વારા સામાજિક પરિવર્તન, સામાજિક આદાન-પ્રદાન વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

જયારે પુસ્તકના બીજા ભાગમાં સામાજિક નિયમન અને તે માટે જવાબદાર પરિબળોની ચર્ચા કરવામાં આવી છે. પ્રારંભમાં સમાજ વ્યવસ્થા, સામાજિક મોભો અને તેની ભૂમિકાની ચર્ચા કર્યા બાદ વ્યક્તિ, સમાજ અને સામાજિકરણનો પરિચય આપવામાં આવ્યો છે. ઉપરાંત આ પુસ્તકમાં સામાજિક નિયમનનો અર્થ અને તે માટે અગત્યની ભૂમિકા બજાવતી સામાજિક સંસ્થાઓની વાત કરવામાં આવી છે. ત્યારબાદ સમૂહ, કુટુંબ, રાજકીય સંસ્થાઓ, આર્થિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓમાં સામાજિક નિયમન કઈ રીતે હોઈ શકે તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકના અંત ભાગમાં પ્રચાર દ્વારા નિયમન સરસ રીતે સમજાવવામાં આવેલ છે.

**૧૧. Medical Student International**
(Religious Organisations against Addication)
Niyati Rana - April - 2004.

આ મેગેઝીનમાં લેખકે યુવાનીનું નિકંદન કાઢતી એક સાર્વત્રિક સમસ્યા વ્યસનોની ચૂંગાલમાંથી યુવાનોને બચાવવા માટે ધાર્મિક સંસ્થાઓ ધારે તો શું ન કરી શકે ? તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. યુવાનોને વ્યસનોની ગર્તામાંથી બચાવવા માટે કાર્યરત એવી ધાર્મિક સંસ્થાઓ દ્વારા થતા કાર્યની નોંધ લઈ અને આવી સંસ્થાઓને મળેલ સફળતાની આંકડાકીય માહિતી પણ રજૂ કરવામાં આવી છે. સંશોધનના સારાંશમાં ધાર્મિક સંસ્થાઓ દ્વારા થતાં પ્રયત્નો કુટેવમાંથી છૂટવા માટે માર્ગદર્શક બળ પૂરું પાડે છે તેમ જણાવવામાં આવ્યું છે.

મારું સંશોધન એ યુવાનોમાં આવેલ પરિવર્તનને લગતું હોવાથી આ સંશોધન પત્રમાં ચર્ચવામાં આવેલ દરેક મુદ્દા મને ખૂબ જ ઉપયોગી પૂરવાર થયા છે.

**૧૨. સંશોધન ડિઝાઈન :**
**ડૉ વીમલ પી. શાહ,**
**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય - ૧૯૯૦.**

કોઈપણ સંશોધનમાં આયોજનનું મહત્વ હોય છે. પ્રસ્તુત પુસ્તક સંશોધન આયોજનની પૂર્વભૂમિકા, સંશોધનના વિવિધ સ્વરૂપો, સંશોધનના વિવિધ પાસાં જેવી અગત્યની બાબતોને આવરી લે છે. આ પુસ્તકમાં સંશોધન એટલે શું ? તેનો વૈજ્ઞાનિક ખ્યાલ પ્રાપ્ત કરેલ માહિતીની ગોઠવણી અને તેનું વર્ગીકરણ, પૃથ્થકરણની લંબાઈપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. સંશોધકને તેમના સંશોધન પ્રશ્ન માટેની યોગ્ય રૂપરેખા તૈયાર કરવા માટે પૂર્વતૈયારી રૂપી જે વિવિધ બાબતોની વિચારણા કરવી આવશ્યક છે તેને ધ્યાનમાં રાખીને સામાજિક સંશોધનમાં પ્રચલિત વિવિધ

સંશોધન ડિઝાઈનોના મહત્વના પાસાં પર આ પુસ્તક પ્રકાશ પાડે છે.

આ પુસ્તક ત્રણ પ્રકરણો ધરાવે છે. પ્રથમ પ્રકરણ સંશોધન ડિઝાઈનની પૂર્વભૂમિકા છે. આ પ્રકરણમાં સંશોધનનો વૈજ્ઞાનિક અર્થ, સંશોધન ડિઝાઈનનો અર્થ જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે બીજુ પ્રકરણ 'સંશોધન ડિઝાઈનના વિવિધ સ્વરૂપો' નામનું છે. જેમાં રાઈલીની શબ્દરૂપાવલી, પ્રયોગપદ્ધતિ, આંતરીક યથાર્થતા, બાહ્ય યથાર્થતા, પૂર્વ પ્રાયોગિક ડિઝાઈન, સાચી પ્રાયોગિક ડિઝાઈનો, આંશિક ડિઝાઈનો જેવી બાબતો પર ચર્ચા કરવામાં આવી છે. ત્રીજુ પ્રકરણ 'સંશોધન ડિઝાઈનના વિવિધ પાસાં' એ નામનું છે. આ પ્રકરણમાં નિયંત્રિત તપાસનું, પ્રાયોગિક અને બિનપ્રાયોગિક સ્વરૂપ, માહિતીનું પૃથ્થકરણ, તપાસનું ક્ષેત્રીય અથવા બિનક્ષેત્રીય સ્થાન, તપાસના હેતુઓ, માહિતીના સ્રોતો જેવી અગત્યની બાબતો પર વિશદ્ છણાવટ કરવામાં આવી છે.

મારા સંશોધનની રૂપરેખા તૈયાર કરવામાં આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બન્યુ છે.

**૧૩. સંશોધન અહેવાલ લેખન :**
**ડૉ. વીમલ પી. શાહ,**
**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય – ૧૯૯૪.**

સંશોધન અહેવાલ લેખન એ કોઈપણ સંશોધનનું ખૂબ જ અગત્યનું પાસુ છે. આપણા સંશોધનનો વિષય સૈદ્ધાંતિક અને વ્યવહારની દૃષ્ટિએ ગમે તેટલો મહત્વનો હોય. આપણી સંશોધન ડિઝાઈન ગમે તેટલી સારી હોય અને આપણે ગમે તેટલી કાળજીપૂર્વક વૈજ્ઞાનિક સંશોધન કાર્ય કર્યું હોય પરંતુ જ્યાં સુધી આપણે આપણા સંશોધનના અનુભવો અને તારણો બીજાને યોગ્ય રીતે જણાવીએ નહી ત્યાં સુધી વિશાળ જ્ઞાન ભંડારમાં તેમનો ઉમેરો થાય નહી. આપણા સંશોધનના અનુભવોની યોગ્ય અને વૈજ્ઞાનિક રીતની જાણ લોકોને થાય તો જ જે તે વિષયના તજજ્ઞો અને નીતિના ઘડવૈયાઓ એનું યથાર્થ રીતે મૂલ્યાંકન કરી શકે. પ્રસ્તુત પુસ્તકમાં સંશોધનના અહેવાલનું લેખન કેમ કરવું તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં કુલ ચાર પ્રકરણો છે. પ્રથમ પ્રકરણમાં લક્ષ્ય વાંચકવર્ગ અને અહેવાલના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે બાકીના ત્રણ પ્રકરણોમાં સંશોધનનો નિષ્કર્ષ કેવી રીતે રજૂ કરવો તેની પદ્ધતિઓની ચર્ચા કરવામાં આવી છે.

ટૂંકમાં આ પુસ્તકમાં સંશોધકે મેળવેલ પરિણામોનો વ્યાપક સ્વીકાર થાય તેવી રજૂઆતની પદ્ધતિ વિષેનો ખ્યાલ આપે છે. પ્રસ્તુત પુસ્તક મારા સંશોધનનો અહેવાલ તૈયાર કરવામાં મહત્વનું પુસ્તક પૂરવાર થયેલ છે.

**૧૪. સામાજિક સંશોધન પદ્ધતિ :**
**ડૉ. અરવિંદરાય એન. દેસાઈ,**
**યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય – ૧૯૮૩.**

કોઈપણ સંશોધન ખૂબ જ વ્યવસ્થિત તેમજ પદ્ધતિસરનું હોવું જોઈએ. ધ્યેયલક્ષી સંશોધન જ સામાજિક વિજ્ઞાનોના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે છે. અધકચરા અને અપૂર્ણ સંશોધનનું કોઈ જ મહત્વ નથી. જો કોઈપણ સંશોધન સમસ્યાની રૂપરેખાથી શરૂ કરીને સંશોધનના તારણો એ તમામ અગત્યના પાસાઓ જો વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરીને હોય તો સંશોધનનું મહત્વ ઘણું જ વધી જાય છે અને આ પ્રકારના સંશોધનોનો વ્યાપકરૂપે સ્વીકાર થાય છે.

આ પુસ્તકમાં કુલ ૧૩ પ્રકરણો રચવામાં આવેલ છે. જેમાં સામાજિક વિજ્ઞાનોનું સ્વરૂપ, સંશોધનની સમસ્યા, સંશોધન યોજના, સંશોધનની પદ્ધતિઓ, સંશોધનનું અહેવાલ લેખન, સંશોધનનું પૃથ્થકરણ કરવા માટે જરૂરી આંકડાશાસ્ત્રીય પરિક્ષણોની ચર્ચા કરવામાં આવી છે.

પ્રશ્નાવલીના મળેલ જવાબોનું આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ કરવામાં આ પુસ્તક ખૂબ જ મદદરૂપ બન્યુ છે.

**૧૫. સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ :**
**એચ.જી. દેસાઈ, કે.જી. દેસાઈ,**
**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ – ૧૯૯૨.**

આપણે જે કાંઈ સંશોધન કરીએ છીએ તે કેટલા અંશે ઉચિત છે ? આપણા આયોજનમાં કેટલા સુધારાને અવકાશ છે ? આપણી સંશોધન સમસ્યા પરિવર્તનશીલ સમાજની જરૂરિયાત મુજબ છે કે કેમ ? સંશોધન માટે માનવશાસ્ત્રના સિદ્ધાંતો લક્ષમાં લેવામાં આવેલ છે કે કેમ ? વગેરે અનેક પ્રશ્નોનો જવાબ સંશોધન મારફત જ મળી શકે. આ પુસ્તકમાં સંશોધનનું મનોવૈજ્ઞાનિક મહત્વ, સંશોધન સમસ્યા અને સંદર્ભ સાહિત્યનું ચયન, સંશોધન સમસ્યાની પસંદગી, સ્પષ્ટીકરણ અને સમસ્યાનો ઉકેલ, સર્વેક્ષણ અભ્યાસો, નિરિક્ષણની પદ્ધતિઓ, સંશોધનના ઉપકરણો, સંશોધનના અહેવાલનું લેખન વગેરે સંશોધનને સ્પર્શતા એવા તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે આ પુસ્તકના પ્રકરણ ૧૦માં વિકાસાત્મક અભ્યાસોની વાત કરવામાં આવી છે. પ્રકરણ ૧૨માં પ્રાયોગિક સંશોધનની વિસ્તૃત સમજ આપવામાં આવી છે. આ પુસ્તકમાં માહિતીનું આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ કેમ થઈ શકે તેની પણ સમજ આપવામાં આવી છે. સંશોધન અહેવાલનું લેખન કરતી વખતે અહેવાલના પ્રકરણો કે વિભાગોનું આયોજન કેમ કરવું તે પણ આ પુસ્તકમાં ખૂબ જ સરળ રીતે સમજાવવામાં આવ્યું છે.

**૧૬. ભારતનો સામાજિક ઈતિહાસ :**
**ડૉ. તારા પટેલ, ડૉ. અં.શિ. પટેલ,**
**ધી ન્યુ ઓર્ડર બુક કું., એલિસબ્રીજ, અમદાવાદ – ૧૯૬૩.**

આપણો ભારત દેશ અનેક વિવિધતાઓથી ભરેલો છે. ભારતની પ્રજાનું જાતિ તત્વ જગતની લગભગ બધી જ મુખ્ય જાતિઓના તાણાં-વાણાંમાંથી બન્યુ છે. ભાષાઓમાં ઘણું વૈવિધ્ય છે. આપણી સંસ્કૃતિની સામાજિક રચના જગતની તમામ સંસ્કૃતિઓની સામાજિક રચનાઓમાં અનોખી ભાત પાડે છે.

આ પુસ્તકમાં ભારતના ઈતિહાસની ભૌગોલિક અને જાતિ વિષયક પશ્ચાદભૂમિકા, સિંધુખીણની સંસ્કૃતિ, ભારતમાં આર્યોનું આગમન, વિવિધ ધર્મોની ભારતીય સંસ્કૃતિ પર અસરની વિવિધ ચર્ચા કરવામાં આવેલી છે. ભારતની સંસ્કૃતિને અસર કરતાં વિદેશી આક્રમણો, વિદેશો સાથેના ભારતીય સંબંધો, મોગલ સલ્તનત અને ૧૮મી સદીથી આધુનિક કાળ સુધીનો ભારતીય સમાજ જેવી અનેક બાબતોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલો છે.

આપણું સંશોધન સ્વામિનારાયણ સંપ્રદાય પર આધારિત છે. આ સંશોધન ધર્મના સંદર્ભમાં છે. આ સંપ્રદાયની સ્થાપના પૂર્વેનો ઈતિહાસ, ભક્તિ આંદોલન જેવી બાબતોનો અભ્યાસ ખૂબ જ મહત્વ ધરાવે છે. આથી પ્રસ્તુત પુસ્તક એ આપણાં સંશોધન માટે ખૂબ જ મહત્વનું સંદર્ભ પુસ્તક છે.

**૧૭. યુવા (યુવાનોના સમાજશાસ્ત્રીય લેખોનો સંગ્રહ) :**
**પ્રા. એચ.એલ.ચાવડા અને શ્રી બી.પી. પટેલ**
**સંપાદક : પ્રા. ડૉ. રમણીક ભટ્ટી, સન્માન સમિતિ, ભાવનગર.**

આ પુસ્તક યુવાનો અંગેના સમાજશાસ્ત્રીય લેખોનો સંગ્રહ છે. આ પુસ્તકમાં યુવાનો અંગેના સમાજશાસ્ત્રીય અભ્યાસ અંગેના જુદા જુદા સંશોધકોના ૧૧ લેખો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

પ્રા. રમણીક ભટ્ટીના બે સંશોધન લેખોમાં યુવાનોનું સમાજશાસ્ત્ર અને કોલેજીયન યુવાનોના બદલાતાં જતા અભિગમની ચર્ચા કરવામાં આવી છે.

ડૉ. મનહરકુમાર બા વાઝાના લેખમાં યુવાનોમાં રાજકારણની સમજણ, સભાનતા, સક્રીયતા અંગેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ થયેલો છે. ડૉ. બી.કે. ઈન્દ્રોડિયાએ ગ્રામ્ય સમુદાયોના હરિજન યુવકોની સામાજિક પરિસ્થિતિ, પ્રશ્નો અને પડકારોની વિગતે છણાવટ કરેલ છે. ડૉ. સી.એચ. લાવરીના સંશોધન લેખમાં ગ્રામ્ય યુવકોની પરિસ્થિતિ, પ્રશ્નો અન પડકાર અંગેનું સંશોધન રહેલું છે. ડૉ. નાનક ભટ્ટના સંશોધન લેખમાં ગ્રામ્ય અને શહેરી યુવકમાં આધુનિકરણ અને પ્રતિભાવોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. કોલેજીયન યુવાનોની નવરાશની પ્રવૃત્તિ, પ્રકારો અને પસંદગીને પ્રભાવિત કરતાં પરિબળોનું સમાજશાસ્ત્રીય અવલોકન છે. જ્યારે શહેરી યુવતીઓમાં આધુનિકરણનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ ડૉ. જયશ્રી સોરઠીયાના લેખમાં કરવામાં આવ્યું છે. ડૉ. રેખાબેન મોઢા તેમના સંશોધન લેખમાં ગાંધી યુગની યુવતીઓનું સમાજશાસ્ત્રીય શબ્દચિત્ર આલેખે છે. ડૉ. મુકેશ મકવાણાએ એમના લેખમાં કોલેજ યુવાનોમાં પલટાતાં મૂલ્યની સ્વીકૃતિની પરિપાટીના સમાજશાસ્ત્રીય સંશોધનનો આસ્વાદ કરાવ્યો છે. અનુસૂચિત જ્ઞાતિના શહેરી શિક્ષિત યુવકોમાં આવેલું પરિવર્તન ડૉ. એચ.એલ. ચાવડાના સંશોધન લેખમાં ચર્ચવામાં આવ્યું છે.

**૧૮. હિંદુ ધર્મની વિકાસ યાત્રા :**
**દિ.સુ.શર્મા, અનુવાદ મૃદુલા મહેતા,**
**ભાષાન્તરનિધિ, ભાવનગર – ૧૯૮૦.**

હિંદુ ધર્મ એ માનવ સભ્યતાની વિકાસગાથા સાથે સંકળાયેલ ધર્મ છે. આ પુસ્તકમાં વૈદિક યુગથી શરૂઆત કરીને વર્તમાન પરિસ્થિતિ સુધીની વાત સુંદર રીતે ગૂંથવામાં આવી છે. આ પુસ્તકમાં ભક્તિમાર્ગ અને તેનો વિકાસ પણ બહુ સુંદર રીતે સમજાવવામાં આવેલ છે. હિંદુ ધર્મમાં આધુનિક યુગના સમાજ સુધારકો જેવા કે રાજા રામમોહનરાય, રાન ડે, સ્વામી દયાનંદ સરસ્વતિ, લોકમાન્ય તિલક, એની બેસન્ટ, રામકૃષ્ણ પરમહંસ વગેરેનો વિસ્તૃત પરિચય આપ્યા બાદ તેઓએ સ્થાપેલી સંસ્થાનો સુપેરે પરિચય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત રવિન્દ્રનાથ ટાગોર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ, રમણ મહર્ષિ, ડૉ. રાધાકૃષ્ણન જેવા સ્વપ્નદષ્ટા પુરૂષો વિષે પણ યોગ્ય ચર્ચા કરવામાં આવી છે.

હિન્દુ ધર્મની વિકાસયાત્રા આલેખવા માટે બહુ મહત્વનું પુરવાર થયું છે.

**૧૯. ભગવાન સ્વામિનારાયણ – ભાગ ૧ થી ૫ :**
**લે. હર્ષદરાય ત્રિ. દવે,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ – ૨૦૦૪**

કુલ પાંચ ભાગમાં સંપાદિત થયેલો આ ગ્રંથ ભગવાન સ્વામિનારાયણનું સમગ્ર જીવન અને કાર્યની ઝાંખી કરાવે છે. આ ગ્રંથના પ્રથમ ભાગમાં ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક વિચારસરણીનો પરિચય આપ્યા બાદ ભગવાન સ્વામિનારાયણના જન્મ પહેલાંની પરિસ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. ભગવાન સ્વામિનારાયણનું પ્રાગટ્ય તેમની બાળસહજ ચેષ્ટાઓનું વર્ણન પ્રથમ ભાગમાં કરવામાં આવ્યું છે. માત્ર ૧૧ વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કરી વર્ણીવેશ ધારણ કરી નીલકંઠ નામ ધારણ કરી મહાપ્રભુના વનવિચરણ અને સમગ્ર ભારતીય પરિભ્રમણનું વર્ણન તથા તેમને થયેલા અનુભવોનું વર્ણન પ્રથમ અને દ્વિતિય ભાગમાં કરવામાં આવેલું છે.

બાકીના ત્રણ ભાગોમાં નીલકંઠનું ગુજરાતમાં આગમન, સંપ્રદાયની ધૂરા સંભાળવી, સંપ્રદાયના નિયમોનું પ્રવર્તન, વચનામૃત અને શિક્ષાપત્રીની રચનાનો પરિચય કરાવવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ભગવાન સ્વામિનારાયણથી પ્રભાવિત અંગ્રેજ અમલદાર તથા મુસ્લિમ નવાબોને થયેલા અનુભવોની છણાવટ કરવામાં આવી છે. આ ગ્રંથ શ્રેણીમાં આગવી વિશેષતા એ છે કે લેખકે દેશી રજવાડાઓનો ઈતિહાસ તથા અંગ્રેજી સલ્તનતના સતાવાર ગેઝેટિયરના સંદર્ભો પણ લીધેલાં છે.

આ ઉપરાંત આ ગ્રંથોમાં ભગવાન સ્વામિનારાયણના સમકાલિન લોકજીવનનું હુબહુ દર્શન કરાવી ભગવાન સ્વામિનારાયણે લોકમાનસ પર સદાચાર અન વ્યવહારશુદ્ધિની જે અમીત છાંટ પાડી હતી તેનું વર્ણન નાના – મોટા પ્રસંગો દ્વારા આલેખાયેલ છે.

ભગવાન સ્વામિનારાયણના સમગ્ર જીવનનું વર્ણન કરતા આ ગ્રંથો ઐતિહાસિક આધારો ટાંકવા માટે મારા સંશોધનમાં ખૂબ જ મદદરૂપ બન્યા છે.

**૨૦. સદ્. ગુણાતીતાનંદસ્વામીની વાતો :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ – ૨૦૦૦**

ભગવાન સ્વામિનારાયણના આશ્રિત અનેક વિદ્વાન સંતો માંહેના એક એટલે સદ્. ગુણાતીતાનંદસ્વામી. સંપ્રદાયની ઉપાસના પદ્ધતિ અને ભગવાન સ્વામિનારાયણનો યથાર્થ મહિમા

પ્રવર્તાવવા અને લોકમાનસમાં યથાર્થ સમજણ સ્થિર થાય તે માટે સદ્. ગુણાતીતાનંદસ્વામીએ ઉદ્બોધેલા અનેક વચનોનો સંગ્રહ એટલે સ્વામીની વાતો. આ પુસ્તક કુલ ૧૬ પ્રકરણ ધરાવે છે. આ પુસ્તકમાં  ધર્મનું મહાત્મ્ય, ભગવાન પ્રત્યેની નિષ્ઠા, ઉપાસનાની સમજણ, ભગવાનનું કર્તાપણું, સંતનું મહાત્મ્ય જેવા મહત્વના વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

''જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે.'' એમ કહીને સદ્. ગુણાતીતાનંદસ્વામી ઉદ્બોધે છે કે,  ''ભગવાન પ્રત્યેની નિષ્ઠા અને સમજણ આધ્યાત્મિક રીતે વિકાસ પામવાના સોપાનો છે.''

સ્વામિનારાયણ સંપ્રદાયની અક્ષરપુરુષોત્તમ ઉપાસના પદ્ધતિ અંગેનો આધાર લેવા માટે આ સંપાદિત ગ્રંથ મને સંશોધનમાં ખૂબજ ઉપયોગી બન્યો છે.

**૨૧. ભગવાન સ્વામિનારાયણનું સમકાલિન લોકજીવન :**
**શ્રી બી.જી. વાઘેલા,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ - ૧૯૮૮**

ભગવાન સ્વામિનારાયણ એટલે સહજાનંદસ્વામી એવા સમયે ઉદય પામ્યા જ્યારે ભારતના ઈતિહાસમાં મહત્વપૂર્ણ પરિવર્તન આવી રહ્યુ હતું; અનેક રાજકીય, ધાર્મિક અને વૈચારિક ઉથલપાથલ થઈ રહી હતી. મોગલ સલ્તનત અને મરાઠા સલ્તનતનો અસ્ત થઈ રહ્યો હતો અને બ્રિટીશ હકુમત પોતાની પકડ દઢ બનાવી રહી હતી. ભગવાન સ્વામિનારાયણના જીવનકાળ દરમિયાન જે સર્વક્ષેત્રીય વિકાસ સધાયો તે અને તેમાં ભગવાન સ્વામિનારાયણના બહુમૂલ્ય ફાળાની નોંધ પ્રસ્તુત પુસ્તકમાં લેવામાં આવી છે. આ પુસ્તક સંપ્રદાયને લગતું હોવા છતાં વિષયનો વ્યાપ અને દૃષ્ટિ મર્યાદિત નથી. લેખક જણાવે છે કે ભગવાન સ્વામિનારાયણના નિર્વાણને પોણા બસ્સો જેટલાં વર્ષ વીત્યા છે. તેટલામાં તો તેમના સત્કાર્યો ઈતિહાસને બદલે દંતકથાનું સ્વરૂપ લેવા માંડ્યા છે. આ કારણોસર ભગવાન સ્વામિનારાયણના કાર્યોનું સાચુ મૂલ્યાંકન થઈ શકે એ માટે તત્કાલીન લોકજીવનને તેમાં સમગ્રતયા અવલોકવાનો પ્રયાસ થયો છે. આ માટે લેખકે તત્કાલીન પહેરવેશ, રહેણી કરણી, શસ્ત્ર સરંજામ, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, નગરો, ચલણ, વહીવટ વગેરે સંદર્ભે માહિતી પૂરી પાડી છે.

આ પુસ્તકમાં અંગ્રેજ અમલદારો જેવાં કે, સુરતના કલેક્ટર એન્ડરસન, અમદાવાદના હેરન, રાજકોટના પોલિટીકલ એજન્ટ કર્નલ વોકર વગેરેના અંતરમાં સહજાનંદસ્વામીએ પાડેલ અમીટ છાપની નોંધ લેવાઈ છે. મુંબઈના ગર્વનર સર જહોન માલ્કમ ભગવાન સ્વામિનારાયણને મળે છે ત્યારે ભગવાન સ્વામિનારાયણ તેમને સંપ્રદાયના સિદ્ધાંતો સમજાવે છે અને હસ્તલિખિત શિક્ષાપત્રી ભેટ આપે છે. જે હાલમાં ઓકસફોર્ડ ખાતેની બોડલીંગ લાયબ્રેરીમાં હજી સચવાઈ રહી છે. કર્નલ હેરને તો અમદાવાદમાં સ્વામિનારાયણનું મંદિર બાંધવા માટે જમીનનું ખત પણ કરી આપ્યુ હતું.

તત્કાલીન સમાજ સ્વચ્છતા અને પ્રાથમિક આરોગ્ય પ્રત્યે સંપૂર્ણપણે જાગૃત ન હતો. તેને સ્વચ્છતાનો આગ્રહી બનાવવામાં પણ ભગવાન સ્વામિનારાયણનો ફાળો મહત્વનો હતો. આ બાબતની નોંધ અંગ્રેજ અમલદારોએ લીધેલી હતી.

મારા સંશોધનમાં ઐતિહાસિક સંદર્ભ ટાંકવા માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બન્યું છે.

**૨૨. તો જ તું ખરો યુવાન :**
**લે. હરિભાઈ કોઠારી,**
**જ્યાંક પ્રકાશન, ૧૮/૬ મલબાર હીલ રોડ, મુલુંડ કોલોની મુંબઈ - ૧૯૮૫.**

આ પુસ્તકમાં યુવાન ધારે તો શું કરી શકે તેની વાત અનેક દષ્ટાંતો અને અવતરણો દ્વારા સમજાવવામાં આવી છે. લેખક યુવાનને નિર્માલ્યતા છોડી સાહસિક બનવાની શીખ આપે છે. લેખક કહે છે કે નિરાશા એ નાસ્તિકતા છે. ભાગ્ય પરનું અવલંબન છોડી યુવાન પુરૂષાર્થી બને તેવું લેખક જણાવે છે. આ પુસ્તકમાં તો જ તું ખરો યુવાન !, જેવા યુવાનીને ઉજાગર કરતાં શૌર્યગીતોનો પણ સમાવેશ થયેલો છે.

યુવાન કેવો હોવો જોઈએ તેની સમજણ પાડતું આ પુસ્તક મારા સંશોધનમાં યુવાનીને યથાર્થ રીતે મુલવવા માટે અતિ મહત્વ ધરાવે છે.

**૨૩. સંસ્કૃતિ ચિંતન :**
**વિઠ્ઠલદાસ સી. મહેતા,**
**સદ્‌વિચાર દર્શન ટ્રસ્ટ, વી.પી.રોડ, મુંબઈ - ૧૯૮૫.**

સ્વાધ્યાય પ્રવૃત્તિ દ્વારા આધુનિક યુગમાં વૈચારિક અને વ્યાયહારિક ક્રાંતિ લાવનાર પ.પૂ. પાંડુરંગ આઠવલેજીના પ્રવચનોનો સંગ્રહ આ પુસ્તકમાં થયેલો છે. આ પુસ્તક રાષ્ટ્ર અને સંસ્કૃતિની

રક્ષા માટે આદર્શ સમાજવ્યવસ્થા અને તેનું અર્થકારણ કેવું હોવું જોઈએ તે પ્રત્યે દિશા નિર્દેશ કરે છે.

આ પુસ્તકમાં ધર્મનું સ્વરૂપ અને મહત્વ, પાશ્ચાત્ય વિચારકોના સમાજ રચનાના આદર્શો, આદર્શ ચિરસ્થાયી સમાજ રચના, વર્ણ વ્યવસ્થાની શાસ્ત્રીયતા, વિવાહ સંસ્થા, આદર્શ રાજ્ય વ્યવસ્થા જેવા અનેક સમાજશાસ્ત્રીય પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.

સામાજિક પરિવર્તન સાથે સંસ્કૃતિનો ઘનિષ્ટ સંબંધ છે તેમ દર્શાવતું આ પુસ્તક મારા શોધ નિબંધ માટે ખૂબ જ ઉપયોગી દિશા સૂચન કરતું પુસ્તક સાબિત થયું છે.

**૨૪. આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન :**
**એમ. એન. શ્રીનિવાસ,**
**યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ – ૧૯૯૩**

આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તનનો વિષય ઘણો વિશાળ અને જટિલ છે. આ પરિવર્તનને સમજવા માટે આર્થિક, સામાજિક અને સંસ્કારીક ઈતિહાસ, સરકારી કાયદા, રાજકારણ, કેળવણી, ધર્મ વસ્તી ગણતરીનું શાસ્ત્ર અને સમાજશાસ્ત્ર જેવા ભિન્ન ક્ષેત્રોના સહયોગની હંમેશા જરૂર પડે છે.

મૂળ અંગ્રેજી પુસ્તક પરથી અનુવાદિત આ પુસ્તકમાં સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, બિનસાંપ્રદાયિક્તા જેવા વિષયો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આ પુસ્તકમાં પ્રચલિત જ્ઞાતિ વ્યવસ્થા, વર્ણ વ્યવસ્થા અને તેમાં આવેલ પરિવર્તનો અને તેના કારણોની ચર્ચા કરવામાં આવેલ છે.

પરિવર્તન સાથે સંકળાયેલા મારા સંશોધનમાં આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન આલેખતું આ પુસ્તક ખૂબ જ મહત્વનું પૂરવાર થયું છે.

**૨૫. યોજના (સહકારી પ્રવૃત્તિના શિલ્પી : યુવાનો) :**
**નવેમ્બર – ૨૦૦૧.**

આ લેખમાં લેખકે શરૂઆતમાં ''યુવાનો એ કોઈપણ સમાજ કે રાષ્ટ્રનું મહામૂલુ ધન છે.'' એમ કહી યુવાનોને કોઈપણ રાષ્ટ્રના વિકાસના આધાર ગણાવ્યા છે. જુદા જુદા વિધાનો – ચિંતકોના અવતરણો દ્વારા યુવાનો એટલે શું ? યુવાન ધારે તો શું કરી શકે ? તે વાત સમજાવી છે. ત્યારપછી સહકારી ક્ષેત્ર માટે યુવાનોની ઉપયોગીતાની ચર્ચા કરી છે. ત્યારબાદ સહકારી ક્ષેત્રમાં યુવાનો ધારે

તો અપ્રતિમ પ્રગતિ સાધી શકે તે માટે યુવાનોને આહવાન આપ્યું છે. યુવાનો અંગેની વ્યાખ્યા તથા યુવાનીને વિકાસના પથ પર ચલાવી દરેક યુવાનને દેશ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

યુવાનો ધારે તો કેવી પ્રગતિ અને પરિવર્તન કરી શકે તે માટે સહકારી ક્ષેત્રે યુવાનોની ઉપયોગીતા સમજાવતું આ પુસ્તક ગુમરાહ યુવાનોને બળ પાડતું આ એક ખૂબ જ મહત્વનું પુસ્તક છે.

**૨૬. સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓ :**
**પ્રો. અરવિંદ આર. શાહ, પ્રો. સનતકુમાર ટી. જોશી, પ્રો. રમણીક ચુડાસમા,**
**મે. બી.એસ.શાહ, અમદાવાદ – ૧૯૯૬.**

આ પુસ્તક સમાજશાસ્ત્રીય સંશોધનમાં વિશેષ મહત્વ ધરાવતું પુસ્તક છે. પુસ્તકના પ્રારંભમાં લેખક સમાજશાસ્ત્રીય અભ્યાસોની ઐતિહાસિક રૂપરેખા આપે છે. ત્યારબાદ વિજ્ઞાન એટલે શું ? સામાજિક સંશોધનનો અર્થ અને સ્વરૂપ તેમજ સમાજશાસ્ત્રીય સંશોધનની જુદી જુદી પદ્ધતિઓની વિસ્તૃત ચર્ચા કરે છે. પ્રસ્તુત સંશોધન માટે એકત્ર કરેલ માહિતીનું પૃથ્થકરણ, કોષ્ટીકરણ તથા રજૂઆત માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બન્યુ છે.

**૨૭. ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાનઃ**
**રશ્મિબેન વ્યાસ,**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ – ૧૯૯૭.**

આદિકાળથી આપણી ભારતીય સંસ્કૃતિમાં અનેક જ્યોતિર્ધરોનું પ્રાગટ્ય થયું. જેને કારણે ભારતીય સંસ્કૃતિની જયોત સદાયે પ્રજ્વલિત રહી. ૧૮મી અને ૧૯મી સદીના કાળમાં જ્યારે રાજકીય ક્ષેત્રે અંધાધૂંધી ફેલાયેલ હતી, સમાજજીવન ડહોળાયેલું હતું, તથા ધાર્મિક ક્ષેત્રે અંધશ્રદ્ધા, ધર્મના નામે ધતીંગ અને ભક્તિના અંચળા નીચે ભ્રષ્ટાચાર પોસાઈ રહ્યા હતા તેવા વિષમ કાળમાં ભગવાન સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું.

પ્રસ્તુત પુસ્તકના પ્રારંભમાં ૧૮મી અને ૧૯મી સદીના ભારત અને પછી ગુજરાતની પરિસ્થિતિનું વર્ણન કર્યા બાદ સુધારણાની ચળવળ અને તેના લક્ષણો દર્શાવી ભગવાન સ્વામિનારાયણે સામાજિક સુધારણા સાથે પરિવર્તનની જે લહેર પ્રસરાવી દીધી તેની મહત્તા દર્શાવી છે.

આ પુસ્તકના ચોથા પ્રકરણમાં લેખિકા સહજાનંદસ્વામીના જીવનનું દર્શન કરાવી તેમના

કાર્યોનો સચોટ ખ્યાલ આપ્યો છે. પાંચમા પ્રકરણમાં સહજાનંદસ્વામીના ઉપદેશો અને સિદ્ધાંતોનો ખ્યાલ આપતાં લેખિકા નોંધે છે કે, ''સહજાનંદસ્વામીએ વ્યક્તિગત ઉન્નતિ, સમાજ કલ્યાણને તથા આત્યંતિક શ્રેયને એક સુત્રમાં સાંકળ્યા.'' સંપ્રદાયની વ્યવસ્થા, શાસ્ત્રો, સંચાલન, મંદિરો અને સાધુ તથા સત્સંગીઓનો પરિચય અને સંપ્રદાયના સંગઠન વિષેનો ખ્યાલ છઠ્ઠા પ્રકરણમાં કરાવવામાં આવ્યો છે. જ્યારે પ્રકરણ ૭ થી ૧૦માં સહજાનંદસ્વામીએ સ્થાપેલ સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય કલાના ક્ષેત્રે જે વિશિષ્ટ પ્રદાન કરાયેલ છે તેનું વિવરણ થયેલું છે. જેના પરથી ખ્યાલ આવે છે કે સમાજજીવનનું કોઈપણ ક્ષેત્ર સહજાનંદસ્વામીની દૃષ્ટિ બહાર ગયુ નથી. પુસ્તકના અંત ભાગમાં લેખિકા નોંધે છે કે સહજાનંદસ્વામીએ સમાજના નવઉત્થાનના કાર્યને સાંસ્કૃતિકરણ કરતાં સંસ્કારીકરણ કે સદાચારીકરણ કર્યું તેમ કહેવું વધારે ઉચિત ગણાશે.

મારા સંશોધન માટે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના પહેલાંની પરિસ્થિતિ, સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના, તેનો વિકાસ એ ખૂબ જ મહત્વ ધરાવે છે. આથી આ પુસ્તક મારા સંશોધન કાર્ય માટે મહત્વનું પુસ્તક છે. આ પુસ્તકમાં આલેખાયેલ સાંસ્કૃતિક પ્રદાન વર્તમાનકાળે કેટલું યથાર્થ છે અને આ પ્રદાનનું સાતત્ય કેવું અનુભવાયું છે તેનું આલેખન કરવામાં મને ખૂબ જ ઉપયોગી નિવડેલ છે.

આમ સમગ્ર રીતે આ પુસ્તક ઐતિહાસિક મહત્વ ધરાવતું પુસ્તક છે.

૨૮. **શિક્ષાપત્રી :**
**શ્રી સહજાનંદસ્વામી,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ - ૧૯૮૯.**

ભગવાન સ્વામિનારાયણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી અને સંક્ષેપરૂપે માત્ર ૨૧૨ શ્લોકમાં આપેલ અદ્દભૂત ગ્રંથ એટલે શિક્ષાપત્રી. શિક્ષાપત્રી એટલે વ્યવહારને અને સંસારને પરિશુદ્ધતિ વિદ્વાન ભાષામાં રચાયેલી નિત્યનિયમાવલી. પ્રસિદ્ધ કવિ ન્હાનાલાલ જણાવે છે કે, ''શિક્ષાપત્રી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રુતિ નહી સ્મૃતિ પણ.'' શિક્ષાપત્રીમાં તત્વજ્ઞાનના રહસ્યોની ચર્ચા નથી પરંતુ મનુષ્યને પોતાના વ્યવહાર અને આધ્યાત્મિક જીવન બન્નેનો મેળ બેસાડી ઉન્નત થવું હોય તો શિક્ષાપત્રી દીવાદાંડી સમાન છે.

સહજાનંદસ્વામીએ શિક્ષાપત્રીને જનસુલભ બનાવીને અજ્ઞાન અને આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉપેક્ષિત એવા સામાન્ય લોકોને ઉંચા ઉઠવાની નિસરણી આપી છે. જે વ્યક્તિ જ્યાં છે ત્યાં તેણે પોતાની ભૂમિકા યોગ્ય રીતે નિભાવવી જોઈએ. પછી તે આચાર્ય હોય કે આચાર્ય પત્નિ, સાધુ હોય કે બ્રહ્મચારી, સ્ત્રી હોય કે પુરૂષ, વિધવા હોય કે સુહાગન હોય તે દરેકની જીવનરીતિ સમાન ન હોઈ શકે. દરેકને પોતાનું વિશિષ્ટ કર્તવ્ય બજાવવાનું રહે છે. આ કર્તવ્ય તેણે એવી રીતે બજાવવું જોઈએ જેથી લોકવ્યવહાર સરળ અને શુદ્ધ રહે તે સાથે અધ્યાત્મ જીવન ઉન્નત બને તેમાં શિક્ષાપત્રી માર્ગદર્શક બને છે.

ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ સિદ્ધાંતોની માહિતી પૂરી પાડવા માટે સંપ્રદાયનો આ ગ્રંથ મારા સંશોધનમાં પણ અતિ મહત્વનો પૂરવાર થયો છે.

**૨૯. વચનામૃત :**
**સદ્. મુક્તાનંદસ્વામી, સદ્. ગોપાળાનંદસ્વામી,**
**સદ્. નિત્યાનંદસ્વામી, સદ્. સુખાનંદસ્વામી,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ – ૧૯૯૬**

સહજાનંદસ્વામીએ તેમના સંતો અને સત્સંગીઓને જુદા જુદા સમયે અને સ્થળે સત્સંગસભામાં જે જ્ઞાનચર્ચા કરી અધ્યાત્મના રહસ્યો પ્રગટ કરીને સમજણ આપી તેમનો સંગ્રહ આ પુસ્તકમાં થયો છે. સમાજના કોઈપણ વર્ગનો માનવી શાસ્ત્રોના ગૂઢતમ રહસ્યોને સમજી શકે તેવી લોકભોગ્ય ભાષામાં સંગ્રહાયેલા વચનામૃતો એ સંપ્રદાયનો અમૂલ્ય રત્નભંડાર છે. વચનામૃતોનો ક્રમ વિષયાનુસાર નહી પણ સમયાનુસાર છે. દરેક વચનામૃતના આરંભમાં થોડા શબ્દોમાં પ્રબોધાયેલ વચનામૃતનું સ્થળ, સમય, ઉપસ્થિત સંત-સત્સંગી સમુદાય અને સહજાનંદસ્વામીના શણગાર અને આસનનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે.

આમ કરવા પાછળનો આશય વાંચકને વચનામૃતના હાર્દ અને ધ્યેયની મહત્તા સમજાય. તદ્ઉપરાંત વચનામૃત વાંચતી કે સાંભળતી વખતે પોતે પ્રત્યક્ષપણાનો અનુભવ કરી રહ્યો હોવાનું અનુભવે છે. વચનામૃતોની સંખ્યા ઘણી જ મોટી હોવાનો સંભવ છે કેમ કે સહજાનંદસ્વામી સતત વિચરણ કરતાં રહેતા અને ઉપદેશ આપતાં રહેતા. પરંતુ તેમાંથી ૨૬૨ વચનામૃતોને પ્રમાણ ગણવામાં આવ્યા છે. આ વચનામૃતોનો સંગ્રહ અને સંપાદનનું કાર્ય ચાર વિદ્વાન સંતો સદ્. મુક્તાનંદસ્વામી, સદ્. ગોપાળાનંદસ્વામી, સદ્. નિત્યાનંદસ્વામી, સદ્. સુખાનંદસ્વામી દ્વારા

કરવામાં આવ્યું છે.

ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો અને અભિપ્રાયને મારા શોધ નિબંધમાં પ્રતિબિંબિત કરવા માટે વચનામૃત એક મહત્વનો ગ્રંથ બની રહ્યો.

**૩૦. તો યુવાની ધન્ય બને :**
**ઓજસ કીકાણી, હેમન્ત મર્ચન્ટ,**
**અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિર, હરિધામ, સોખડા, જી. વડોદરા – ૧૯૯૪.**

પ્રસ્તુત પુસ્તકના લેખક પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીએ યુવા સમાજને સન્માર્ગે વાળવા છેલ્લા ૩૬ વર્ષથી અથાગ પરિશ્રમ કર્યો છે તેને આલેખેલ છે. પ્રસ્તુત પુસ્તકના પ્રારંભમાં સ્વામીજી આજનો યુવાન કયા માર્ગે જઈ રહ્યો છે તેનું દર્શન કરાવે છે. યુવાન ધારે તો શું ન કરી શકે ? તેની વાત પ્રખ્યાત વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકો, રાષ્ટ્રિય નેતાઓના ઉદાહરણ દ્વારા બીજા પ્રકરણમાં સમજાવે છે. શીલ અને સંયમ એ યુવાનના આભૂષણો છે. યુવાનીને ધન્ય બનાવવા માટે સંતની આવશ્યકતા અને અનિવાર્યતાની વાત ત્રીજા પ્રકરણમાં કરવામાં આવી છે. ચોથા પ્રકરણમાં પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી જણાવે છે કે પરસ્પરની આત્મીયતા એ સમાજના વિકાસ માટે જરૂરી છે. યુવાનને સમજવો હશે તો તેની સાથે આત્મીયતા સાધવી પડશે તેવું સ્વામીજીનું મંતવ્ય છે.

જો યુવાનોને યોગ્ય માર્ગદર્શન મળે તો જીવનમાં કેવો વણાંક આવે છે તે સમજાવતું આ પુસ્તક મારા યુવાનોના પરિવર્તન અંગેના અભ્યાસમાં અતિ મહત્વ ધરાવે છે.

**૩૧. धर्म का समाजशास्त्र :**
डो. एम. एम. लवानिया और शशी के. जैन,
रिसर्च पब्लिकेशन, जयपुर - २

ધર્મ એ મહત્વની સામાજિક સંસ્થા છે. ધર્મ એ પરિવર્તનની સમાજશાસ્ત્રીય પ્રક્રિયાને ઝડપી બનાવે છે. આ પુસ્તકમાં ધર્મના સમાજશાસ્ત્રની વિશદ્ છણાવટ કરવામાં આવી છે. મિલન આર્થર, હેગેલ, ડૉ. રાધાકૃષ્ણનના મતે ધર્મ એટલે શું ? તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ધર્મ અને અન્ય સામાજિક સંગઠન અને ધાર્મિક નેતૃત્વ જેવી બાબતો પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. ખ્રિસ્તી ધર્મની સ્થાપના અને તેનો પ્રચાર તથા પ્રસાર, મધ્યયુગના ભક્તિ આંદોલનો જેવા મહત્વના પાસાઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે. રાજા રામમોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે, સ્વામી વિવેકાનંદ, બાલ ગંગાધર તિલક જેવી અનેક વિભૂતિઓએ કરેલા કાર્યોની ઝલક પણ આપવામાં આવી છે. 'ધર્મ'ની સાપેક્ષમાં સમાજશાસ્ત્રીય સંશોધન કરતા દરેક સંશોધકો માટે

આ એક મહત્વનું પુસ્તક છે.

**૩૨. भारतीय समाज, संस्कृति एवं संस्था :**

रामबिहारीसिंह तोमर,
श्री राम मेहरा एण्ड कम्पनी, आगरा - १९७१.

આ પુસ્તકમાં સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ તેમજ સંસ્કૃતિ તથા સમાજ વ્યવસ્થામાં આધારસ્તંભ એવી સંસ્થાઓ વિશે ચર્ચા કરવામાં આવેલી છે. પુસ્તકના પ્રારંભમાં લેખક સમાજ વ્યવસ્થાના અભ્યાસની અગત્યતા સમજાવે છે. ત્યારબાદ ભારતીય સમાજ વ્યવસ્થાનો આધાર, વર્ણ વ્યવસ્થા, આશ્રમ વ્યવસ્થા, પુરુષાર્થ, કર્મ અને પુર્નજન્મ, હિન્દુ રીતરિવાજો, જેવાં અનેક સામાજિક વિષયોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકના અંતભાગમાં ભારતના વનવાસીઓ તથા તેઓની સમાજ વ્યવસ્થા, સમસ્યા અને પડકારોનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

**૩૩. सामाजिक परिवर्तन :**

यशदेव शल्य, आनंद कश्यप, हरिशचन्द्र उप्रेती -
राजस्थान हिन्दी ग्रंथ अकादमी - १९८२.

આ પુસ્તકમાં કુલ નવ પ્રકરણો છે. જેમાં સામાજિક વિકાસ અને પરિવર્તન, સામાજિક વિકાસ માટે જરૂરી પરિબળોની ચર્ચા કર્યા બાદ જુદી જુદી સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન માટે પાયારૂપ સંબંધો જેવાં કે પતિ-પત્ની, માતા-પુત્ર, પિતા-પુત્રીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વ ભારતના આદિવાસી સમાજમાં પરિવર્તન અને તેનું સ્વરૂપ તથા આ પરિવર્તનના પ્રમાણનો ખ્યાલ આપવામાં આવ્યો છે. પુસ્તકના અંતભાગમાં ભારતમાં સમાજ પરિવર્તન માટે જરૂરી સંયુક્ત કુટુંબની ભાવનાને બિરદાવવામાં આવી છે. જ્યારે છેલ્લે સામાજિક પરિવર્તનને નડતી સમસ્યાઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

**૩૪ . भारत में सामाजिक परिवर्तन :**

डॉ. ओमप्रकाश जोशी,
रिसर्च - दिल्ही.

છ પ્રકરણમાં વહેંચાયેલ આ પુસ્તકમાં સામાજિક પરિવર્તનનો અવકાશ, પરંપરા અને આધુનિકરણની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તકમાં લગ્ન સંસ્થાના પરિવર્તન માટે જવાબદાર પરિબળો જેવાં કે જાતિ તથા પરસ્પરના સંબંધની ચર્ચા કરવામાં આવી છે. ત્યારબાદ રાજનીતિ અને સામાજિક પરિવર્તન, યોજના અને સામાજિક પરિવર્તન તથા ભારતમાં સામાજિક પરિવર્તનની દિશા તથા તેનું વલણ જેવા વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.

આ પુસ્તકમાં ચર્ચવામાં આવેલ ભારતમાં સામાજિક પરિવર્તનની દિશા અને તેનું વલણ મારા સંશોધન માટે ઘણું ઉપયોગી બન્યુ છે.

-o-o-o-

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૪

## ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથ્થકરણ


| | | |
|---|---|---|
| ૪.૧ | પ્રસ્તાવના | ૧૦૮ |
| ૪.૨ | પ્રાથમિક માહિતીનું વિશ્લેષણ | ૧૦૯ થી ૧૩૨ |
| ૪.૩ | ઉપસંહાર | ૧૩૨ |

**૪.૧ પ્રસ્તાવના :**

આજનો યુવાન કોઈપણ પ્રકારના નિયંત્રણ, જેવાં કે સામાજિક, નૈતિક, ધાર્મિક બંધનને સ્વીકારવા માંગતો નથી. યુવા પેઢીના જીવનમાંથી જ્યારે આજે મર્યાદાનો લોપ થઈ રહ્યો છે, તે જ્યારે વધુ અને વધુ નિરંકુશ થઈ રહ્યો છે. ત્યારે સાથે સાથે તે આ બધી જ બાબતોને એક ગૌરવ અને પ્રગતિશીલતા તરીકે ખપાવી રહ્યો છે. હાઈસ્કુલથી માંડીને વિશ્વવિદ્યાલયના યુવાનોમાં આ વિચિત્ર મનોવૃત્તિ ઊભી થયેલી જોવામાં આવે છે.

યુવાનો સાથે સંકળાયેલી આ સમસ્યા એ સામાજિક સમસ્યા છે. કારણ કે તેણે માનવીય સંબંધો પર કુપ્રભાવ પાડ્યો છે. આથી જ સમાજનો એક જાગ્રત વર્ગ, સ્વૈચ્છિક સંસ્થાઓ, તેમજ ધાર્મિક સંસ્થાઓ યુવા વર્ગની આ સમસ્યાના સમાધાન માટે પ્રયત્નશીલ બનેલ છે.

કુરિવાજો તેમજ સામાજિક સમસ્યાઓના નિવારણમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ફાળો નોંધનીય રહ્યો છે. આ સંપ્રદાયને ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો જોઈ શકાય છે કે સમાજમાં પ્રવર્તતા કુરિવાજો તેમજ અનૈતિકતાઓ અને બદીઓ દૂર કરવામાં આ સંપ્રદાયે મહત્વની ભૂમિકા ભજવેલી છે. એજ રીતે આજે જ્યારે યુવાવર્ગ દિશાહીન બની રહ્યો છે ત્યારે આ સંપ્રદાયે યુવાવર્ગને ફરીને 'ચેતનવંત ભૂમિકા' તરફ વાળવા પ્રયાસ કરેલ છે. ખાસ કરીને યુવાનોમાં પરિવર્તન અને વિકાસ માટેના પ્રયાસો આ સંપ્રદાય દ્વારા થઈ રહ્યા છે. તેના સંદર્ભમાં આ અભ્યાસ હાથ ધરાયો છે. ધર્મનો શિક્ષણ સાથે સંબંધ રહ્યો છે, તેમ સામાજિક સુધારણામાં પણ ધર્મની ભૂમિકા મહત્વની રહી છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલું પરિવર્તન અને વિકાસનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. યુવાનોમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તનનું દ્યોતક છે.

વ્યક્તિ જે સમાજ વ્યવસ્થામાં રહે છે. તેનો પ્રભાવ તેની જીવન જીવવાની પદ્ધતિ પર પડે છે. સામાજિક જીવનની પરિસ્થિતિ, સમાજની આર્થિક વ્યવસ્થા તેમજ સમાજ જીવનની ખાસિયતો વિગેરે બાબત સમાજના સત્ય એવા યુવાવર્ગના વર્તન વ્યવહારને પ્રભાવિત કરે છે.

યુવાનો પર સ્વામિનારાયણ સંપ્રદાયની જે અસરો ઊભી થઈ છે તે તપાસવા માટે, યુવાનોમાં

સર્જાયેલ પરિવર્તન અને થયેલો વિકાસ તપાસવામાં આવેલ છે. જે માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. ઉત્તરદાતા સભ્યોનું વયજુથ, જ્ઞાતિ, શિક્ષણ, કૌટુંબિક માહિતી, વ્યવસાય, આવક સંબંધી પ્રશ્નોનો પ્રશ્નાવલીમાં સમાવેશ કરવામાં આવેલ છે. અને તેના આધારે પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

### ૪.૨.૧ ઉત્તરદાતાનું સંસ્થાદીઠ વર્ગીકરણ :

પરિવર્તન અને વિકાસનું જે સર્વશ્રેષ્ઠ માધ્યમ છે તે શિક્ષણ છે. ૧૯૩૨માં વિલાર્ડ બિલરના 'ધ સોશીયોલોજી ઓફ ટીચીંગ' ગ્રંથના અનુસંધાને શિક્ષણનો સમાજશાસ્ત્રીય ઢબે વિચાર કરવાની પ્રવૃત્તિને વેગ મળ્યો. પ્રાચિન સમયની શિક્ષણ વ્યવસ્થા મુખ્યત્વે એક સામાજિક પ્રક્રિયા ગણી શિક્ષકોની ભૂમિકા અને શાળાના કાર્યોનો જ ખ્યાલ કરવામાં આવતો હતો. વર્તમાન સમયમાં શિક્ષણનો સમાજશાસ્ત્રીય ઢબે વિચાર કરવાની શરૂઆત થતાં શિક્ષણનું દષ્ટિબિંદુ બદલાયું. કારણ કે શિક્ષણ અને સમાજ વચ્ચે ગાઢ સંબંધ હોવાથી સમાજની અન્ય સંસ્થાઓ તથા સામાજિક સ્તરરચના સાથેનો સંબંધ સમજવા સમાજશાસ્ત્રીઓ શિક્ષણના અભ્યાસમાં ઊંડા ઉતરતા જાય છે. તેમ-તેમ શિક્ષણ અને સમાજ વચ્ચેનો સંબંધ વધારે સ્પષ્ટ થતો જાય છે. આના પરિણામે 'શિક્ષણનું સમાજશાસ્ત્ર' શાખા વિકાસ પામી છે. શિક્ષણની પ્રક્રિયાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસનો છે. ઉપરાંત સમાજના હેતુઓ અને મૂલ્યોનાં સંદર્ભમાં વિદ્યાર્થીને સમાજના સભાન સભ્ય તરીકે તૈયાર કરે છે. આમ શિક્ષણ વિદ્યાર્થીના વ્યક્તિત્વને સામાજિક બનાવવાની સાથે સાથે વ્યક્તિગત કક્ષાએ જીવાતા જીવનનો બૌદ્ધિક પાયો નાખે છે. વિદ્યાર્થીઓના વર્તનને બદલીને તેને નિર્ધારીત અને ઈચ્છીત દિશામાં લઈ જવાનો પ્રયત્ન કરે છે. આમ શિક્ષણ વિદ્યાર્થીના તમામ પાસાને સ્પર્શે છે. જેમ કે સહકાર, પ્રામાણિકતા, વ્યસનમુક્તિ તેમજ સમાજસેવાના કાર્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે. સાથે સાથે પરંપરાગત વારસાને પણ જાળવી રાખીને માનવીના સામાજિક અને સાંસ્કૃતિક વારસાને જાળવવાનું કાર્ય કરતી શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે. ઉપરાંત કોઈપણ સમાજના વિકાસને તપાસવો હોય તો તેની પારાશીશી શિક્ષણ ગણાય છે. ખાસ કરીને સમાજનું યુવાધન જ્યારે સુશિક્ષિત હશે ત્યારે જ તે સમાજ વિકસીત અને પરિવર્તનનો પ્રહરી સમાજ ગણાશે. પ્રસ્તુત અભ્યાસમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં ઉત્તરદાતાઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| કોષ્ટક – ૧ | | | |
|---|---|---|---|
| ઉત્તરદાતાનું સંસ્થાદીઠ વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક | | | |
| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | નિદર્શમાં પસંદ થયેલ ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી |
| ૧ | વિરાણી કોલેજ | ૯૦ | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૯૦ | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭ | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩ | ૧.૫ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સંશોધન માટે પસંદ કરેલા ૨૦૦ વિદ્યાર્થીઓના નિદર્શમાંથી વિરાણી સાયન્સ કોલેજમાંથી ૯૦ ઉત્તરદાતાઓનો, આત્મીય કોલેજમાંથી ૯૦ ઉત્તરદાતાઓનો, જ્ઞાનયજ્ઞ કોલેજમાંથી ૧૭ ઉત્તરદાતાઓનો અને ગુરુકુળ કોલેજમાંથી ૩ ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે.

સંશોધન માટે પસંદ કરેલી ચાર સંસ્થાઓમાં વિરાણી સાયન્સ કોલેજમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ઉપરાંત અનુસ્નાતક કક્ષાના અભ્યાસ ક્રમો જેવા કે એમ.એસસી., એમ.સી.એ પણ ઉપલબ્ધ છે. જ્યારે બાકીની ત્રણ કોલેજોમાં માત્ર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો જ ઉપલબ્ધ છે.

સરદાર પટેલ યુનિવર્સિટી – વિદ્યાનગરના પ્રવેશદ્વારે સરદાર પટેલનું એક સુવાક્ય લખેલું છે.તેઓના મતે 'ચારિત્ર્ય અને સંસ્કારનું ઘડતર શિક્ષણ જ કરી શકે.' આમ  શિક્ષણ એ પરિવર્તન અને વિકાસ પર અસર પાડતું મહત્વનું પરિબળ હોવાથી આ અભ્યાસમાં ઉત્તરદાતાને મળતા શિક્ષણની સંપૂર્ણ માહિતી મેળવી છે. જુદી જુદી કક્ષાના ઉત્તરદાતાઓ પર સંપ્રદાયના ઉપદેશની થયેલી અસર જાણવા માટે પણ ઉત્તરદાતાના અભ્યાસની કક્ષા જાણવાનું આવશ્યક જણાયું છે.

આમ અહીં રાજકોટ જિલ્લામાં સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત કોલેજોમાંથી સંશોધન માટે પસંદ થયેલા ઉત્તરદાતાઓ કઇ કોલેજમાં અભ્યાસ કરે છે અને પ્રસ્તુત નિદર્શમાં સંસ્થા પ્રમાણે કેટલા વિદ્યાર્થીઓનો નિદર્શમાં સમાવેશ થાય છે તે માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

### ૪.૨.૨ અનામત પ્રથાને આધારે ઉત્તરદાતાનું વર્ગીકરણ :

ભારતીય સંસ્કૃતિ એ વર્ણ આધારિત સંસ્કૃતિ છે. કાળક્રમે પરિવર્તીત સમાજવ્યવસ્થામાં વર્ણ વ્યવસ્થાની જગ્યાએ જ્ઞાતિ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. જેની અસર ભારતીય સમાજવ્યવસ્થામાં પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને રીતે જોવા મળે છે. દાત. ભૂતકાળમાં ઘણો લાંબો સમય સુધી વ્યવસાયો જ્ઞાતિ પર આધારિત હતા. એ જ રીતે શિક્ષણ પણ જ્ઞાતિ પર આધારિત રહેલ. આ વ્યવસ્થાના કારણે અમુક નિમ્નકક્ષાની જ્ઞાતિઓને ભાગે ઉચ્ચકક્ષાની જ્ઞાતિઓની સેવાચાકરી કરવાનું કામ આવ્યું. આ જ્ઞાતિઓમાં ચમાર, વણકર, ખાટકી જેવી જ્ઞાતિઓને ભાગે 'મેલું' ઉપાડવા જેવી નિમ્ન કક્ષાની કામગીરી પણ આવી. આવી કામગીરી કરનારા લોકો અસ્પૃશ્ય ગણાયા. આ અસ્પૃશ્ય લોકો સમાજમાં તિરસ્કૃત અને સર્વપ્રકારે કચડાયેલા રહ્યા. યુગો સુધી આ વર્ગ સમાજમાં અપમાનિત થતો રહ્યો. સમાજના ભદ્ર વર્ગથી, ઉચ્ચ જ્ઞાતિઓથી દબાયેલો, કચડાયેલો આ વર્ગ અનેક યાતનાઓ વેઠતો રહ્યો, શોષણનો ભોગ બનતો રહ્યો અને સમાજમાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેની જે અસમાનતા હતી તેમાં સૌથી નિમ્ન સ્તરે આ વર્ગ જોવા મળે છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ગાંધીજી અને અન્ય નેતાઓનો મુખ્ય ધ્યેય રામરાજ્ય સ્થાપવાનું હતુ. બીજી રીતે કહીએ તો સ્વતંત્ર ભારતની તેઓની કલ્પના પ્રમાણે પ્રત્યેક વ્યક્તિની પ્રાથમિક આવશ્યકતા જેવી કે રોટી, કપડાં અને મકાન સહેલાઈથી પ્રાપ્ત થાય, સમાજના આર્થિક રીતે કચડાયેલા તથા તિરસ્કૃત વર્ગની ઉન્નતિ થાય તેમજ સમાજનો જે તિરસ્કૃત વર્ગ હતો તે સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ શકે તે માટે બંધારણના ઘડવૈયાઓએ સામાજિક સંતુલન સ્થાપવા સ્વતંત્ર ભારતના બંધારણમાં જ્ઞાતિ વ્યવસ્થાને આધારે શિક્ષણમાં તથા નોકરીમાં અનામત જગ્યાઓની જોગવાઈ કરી. આ જોગવાઈ અનુસાર જ્ઞાતિ વ્યવસ્થામાં જે નિમ્નસ્તરની જ્ઞાતિઓ હતી તેમના સભ્યોને શિક્ષણમાં પ્રવેશ માટે તથા નોકરીમાં અગ્રતા આપવામાં આવે તેવી વ્યવસ્થા દાખલ કરવામાં આવી. સ્વતંત્રતા બાદ વર્ષો સુધી આ વ્યવસ્થા ચાલતી રહી છે. પરંતુ છેલ્લા પાંચેક વર્ષોમાં સવર્ણોએ આ પ્રથા દ્વારા લેવાતા ગેરલાભો સામે અવાજ ઉઠાવ્યો અને પરિણામે તાજેતરમાં જ સર્વોચ્ચ અદાલતે તેના એક ચુકાદામાં સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતપ્રથાનો લાભ ન મળી શકે તેવો ચુકાદો આપ્યો છે. આ ચુકાદાને કારણે વિદ્યાર્થીઓને

અનામત પ્રથાનો લાભ નહીં મળી શકે તેવું લાગતુ હતું પણ ફરીને ૨૧-૧૨-૨૦૦૫ના રોજ સરકારે એક વટહુકમ બહાર પાડ્યો.[1] જેનાથી સ્વનિર્ભર સંસ્થાઓમાં અનામત પ્રથા ફરજિયાત થતાં તેનું અસ્તિત્વ રહેશે. કેન્દ્ર સરકારના નિયમો ઉપરાંત રાજ્ય સરકારોએ પણ અનામત પ્રથા દાખલ કરી છે. ગુજરાત રાજ્યની હાઈકોર્ટના ન્યાયાધિશ માનનીય શ્રી બક્ષીના પ્રમુખપદે એક પંચની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ પોતાના અહેવાલમાં કઈ જ્ઞાતિને પછાત ગણી શકાય છે તેની યાદી આપી હતી. આ યાદીમાં સમાવિષ્ઠ જ્ઞાતિઓને ટુંકાણમાં બક્ષી પંચ કે અન્ય પછાત જાતિ તરીકે ઓળખવામાં આવે છે.

આમ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની જોગવાઈઓ અનુસાર શિક્ષણમાં પ્રવેશ માટે અનુસૂચિત જાતિ માટે ૭.૫ %, અનુસૂચિત જનજાતિ માટે ૧૫ %, તથા બક્ષી પંચમાં સમાવિષ્ટ જ્ઞાતિ માટે ૨૭ % અનામત જગ્યાઓ રાખવામાં આવી છે.[2] આવી અનામત પ્રથાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજનો કચડાયેલો અને છેવાડાનો વર્ગ પોતાનો વિકાસ સાધી શકે તેવો છે. પ્રસ્તુત સંશોધનમાં ઉપર્યુક્ત અનામત પ્રથાની જોગવાઈ પ્રમાણે જુદી જુદી કોલેજોમાં ઉત્તરદાતાનું પ્રમાણ નીચે મુજબ માલુમ પડેલ છે.

**કોષ્ટક – ૨**

**અનામતના આધારે ઉત્તરદાતાનું વર્ગીકરણ.**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ | બક્ષીપંચ | અન્ય | કુલ | સંસ્થાદીઠ ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૫<br>૫.૫૫ % | ૧<br>૧.૧૧ % | ૧૪<br>૧૫.૫૫ % | ૭૦<br>૭૭.૭૮ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૬<br>૬.૬૬ % | ૧<br>૧.૧૧ % | ૧૧<br>૧૨.૨૨ % | ૭૨<br>૮૦ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧<br>૫.૮૮ % | – | ૧<br>૫.૮૮ % | ૧૫<br>૮૮.૨૩ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૧<br>૩૩.૩૩ % | – | ૧<br>૩૩.૩૩ % | ૧<br>૩૩.૩૩ % | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ<br>ટકાવારી | ૧૩<br>૬.૫ % | ૨<br>૧ % | ૨૭<br>૧૩.૫ % | ૧૫૮<br>૭૯ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

પ્રસ્તુત કોષ્ટકમાં ઉત્તરદાતાઓની જ્ઞાતિનું વર્ગીકરણ દર્શાવે છે કે સૌથી વધુ અન્ય જ્ઞાતિમાં

(૧) ગુજરાત સમાચાર, તા. ૨૨-૧૨-૨૦૦૫, પાના ૧,૮. (૨) (સૌરાષ્ટ્ર યુનિ.ના પરિપત્ર ક્રમાંક : એસસીટી/૫/૨૦૦૫ તા. ૧૫-૦૪-૨૦૦૫)

૭૯ % એટલે કે ૧૫૮ ઉત્તરદાતા અને સૌથી ઓછા અનુસૂચિત જનજાતિમાં ૧ % એટલે કે ૨ ઉત્તરદાતા છે. બીજા ક્રમે બક્ષીપંચ જ્ઞાતિમાં ૧૩.૫ % એટલે કે ૨૭ ઉત્તરદાતાઓ અને ત્રીજા ક્રમે અનુસૂચિત જાતિમાં ૬.૫ % એટલે કે ૧૩ ઉત્તરદાતાઓ છે.

પસંદ કરેલી ચાર સંસ્થાઓ પૈકી વિરાણી સાયન્સ કોલેજમાં સૌથી વધારે ૭૭.૭૮ % ઉત્તરદાતાઓ અન્ય જ્ઞાતિના છે. ૧૫.૫૫ % ઉત્તરદાતાઓ બક્ષીપંચ જ્ઞાતિના છે. ૫.૫૫ % ઉત્તરદાતાઓ અનુસૂચિત જ્ઞાતિના છે. અને સૌથી ઓછા ૧.૧૧ % ઉત્તરદાતાઓ અનુસૂચિત જનજાતિના છે.

પસંદ કરેલી સંસ્થાઓ પૈકી આત્મીય કોલેજમાં સૌથી વધુ ૮૦ % ઉત્તરદાતાઓ અન્ય જ્ઞાતિના છે. બાકીના ૧૮ % પૈકી ૧૨.૨૨ % બક્ષીપંચ જ્ઞાતિના ઉત્તરદાતાઓ છે. ૬.૬૬ % અનુસૂચિત જ્ઞાતિના અને ૧.૧૧ % અનુસૂચિત જનજાતિના છે.

પસંદ કરેલી ચાર સંસ્થાઓ પૈકી જ્ઞાનયજ્ઞ  કોલેજમાં સૌથી વધુ અન્ય જાતિના ૮૮.૨૩ % ઉત્તરદાતાઓ છે બક્ષી પંચ અને અનુસૂચિત જાતિના એકંદરે ૫.૮૮ % ઉત્તરદાતાઓ છે. અનુસૂચિત જાતિના ઉત્તરદાતાઓ એકપણ નથી.

પસંદ કરેલી ચાર સંસ્થાઓ પૈકી સ્વામિનારાયણ ગુરુકુળ કોલેજ, રાજકોટમાં અન્ય જાતિના ૩૩.૩૩ % ઉત્તરદાતાઓ, બક્ષી પંચ અને અનુસૂચિત જાતિના એકંદરે ૩૩.૩૩ % ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને અનુસૂચિત જનજાતિના એકપણ ઉત્તરદાતા જોવામાં આવેલ નથી.

પ્રસ્તુત સંદર્ભને ધ્યાનમાં રાખીને કહી શકાય કે જ્યારે સમાજનો ઉજળો ગણાતો વર્ગ કે જાતિ છે તેના યુવા સંતાનો કે જે પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં ૮૦ % જેટલું પ્રતિનિધિત્વ ધરાવે છે. તે આ સંપ્રદાયની અસર હેઠળ આવેલ છે. જે દર્શાવે છે કે એક એવો વાલી વર્ગ છે કે જે પોતાના સંતાનોને આ સંપ્રદાયની નિશ્રામાં મૂકી વર્તમાનકાળની સાંપ્રત સમસ્યાઓથી દૂર રાખવાનો પ્રયાસ કરી રહેલ છે.

એ જ રીતે સમાજના નીચલા સ્તરમાં પ્રવર્તમાન બદીઓ, વ્હેમો દૂર કરવામાં સ્વામિનારાયણ સંપ્રદાયનું એક જે ઐતિહાસિક યોગદાન રહ્યું છે તેના કારણે બક્ષીપંચ, અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના ૨૧ % યુવાનો આ સંસ્થામાં પ્રવેશી અને ચારિત્ર્ય ઘડતર કરી રહ્યા છે.

ઉપર્યુક્ત વિશ્લેષણ પરથી તારવી શકાય છે કે અભ્યાસ હેઠળની શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારના પ્રવર્તમાન નીતિ-નિયમોને આધિન પ્રવેશ આપવામાં આવે છે. જેના પરિણામે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને પ્રવેશ અગ્રતા મળી છે. આમ છતાં પ્રસ્તુત અભ્યાસના નિદર્શમાં અનુસૂચિ જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બક્ષીપંચના ઉત્તરદાતાઓ માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ કરતાં ઓછા વિદ્યાર્થીઓ માલુમ પડેલા છે. તે એક જોગાનુજોગ કહી શકાય. ખરેખર અન્ય શૈક્ષણિક સંસ્થાઓની માફક નિદર્શમાં પસંદગી પામેલી સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં પણ સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ અનામત બેઠકો રાખવામાં આવેલી છે જ અને તે ફરજીયાત છે. સરકાર દ્વારા પણ મહત્તમ વિદ્યાર્થીઓને અનામત પ્રથાનો લાભ મળે તે માટે તકેદારી પણ રાખવામાં આવે છે. આમ કોષ્ટકમાં દર્શાવેલ માહિતી ફક્ત નિદર્શ પુરતી જ મર્યાદિત છે. પ્રસ્તુત સંશોધન એ જુદા જુદા વર્ગમાં યુવાનો પર સ્વામિનારાયણ સંપ્રદાયની અસર તપાસવા અંગેનું છે. તેથી અનામતપ્રથાનો લાભ લેતા યુવા વર્ગ પર તેની શું અસર થાય છે તે તપાસવા માટે પણ આવા ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### ૪.૨.૩ ઉત્તરદાતાના વાલીના અભ્યાસનું વર્ગીકરણ :

વ્યક્તિના ઘડતર અને ચણતરમાં તેના કુટુંબનો, માતા-પિતાનો, તેમજ કુટુંબનો વડીલોનો, વાલીઓનો અનન્ય ફાળો રહ્યો હોય છે. કુટુંબ એ સામાજીકરણનું એક મહત્વનું માધ્યમ કે એજન્સી ગણાયેલ છે. આથી જ ઉત્તરદાતાઓના વાલીના અભ્યાસનું વર્ગીકરણ પણ કરવામાં આવેલ છે. વ્યક્તિના સામાજિક અને માનસિક વ્યક્તિત્વનું ઘડતર મોટાભાગે શિક્ષણ પર આધારિત હોય છે. શિક્ષિત માતા-પિતા પોતાના સંતાનોના શિક્ષણમાં ઊંડો રસ લે છે. પરિણામે વિદ્યાર્થીને શૈક્ષણિક વાતાવરણ ઘરમાંથી જ પ્રાપ્ત થાય છે. જેના કારણે તેના સમગ્ર વ્યક્તિત્વ ઉપર તેની અસર જોવા મળે છે. આને લક્ષમાં લઈને પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીના વાલીના અભ્યાસ અંગેની માહિતી પ્રાપ્ત કરેલ છે જે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

## કોષ્ટક – ૩

### ઉત્તરદાતાના વાલીઓના અભ્યાસનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | ૧૨ ધોરણ સુધી ની સંખ્યા | સ્નાતક સુધીની સંખ્યા | સ્નાતકથી ઉપર ની સંખ્યા | કુલ સંખ્યા | ટકા-વારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૧૯<br>૨૧.૧૧ % | ૪૨<br>૪૬.૬૭ % | ૨૯<br>૩૨.૨૨ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૧૪<br>૧૪.૪૪ % | ૪૮<br>૫૩.૩૩ % | ૨૯<br>૩૨.૨૨ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૪<br>૨૩.૫૩ % | ૯<br>૫૨.૯૪ % | ૪<br>૨૩.૫૩ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૨<br>૬૬.૬૭ % | –<br>– | ૧<br>૩૩.૩૩ % | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ<br>ટકાવારી | ૩૮<br>૧૯ % | ૯૯<br>૪૯.૫૦ % | ૬૩<br>૩૧.૫૦ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

પ્રસ્તુત કોષ્ટકમાં ઉત્તરદાતાના વાલીના અભ્યાસનું વર્ગીકરણ દર્શાવે છે કે ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૧૯ % છે. જ્યારે સ્નાતકકક્ષામાં સમાવિષ્ટ થતા વાલીઓનું પ્રમાણ ૪૯.૫ % છે અને સ્નાતકકક્ષાથી આગળ અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૩૧.૫ % જેટલું જોવા મળે છે. આમ સૌથી વધુ પ્રમાણ સ્નાતક કક્ષા સુધી પહોંચેલા વાલીઓનું રહેલું છે અને બીજા ક્રમે સ્નાતકથી આગળ અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ છે જેના આધારે સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના મોટાભાગના યુવાનો શિક્ષિત કુટુંબમાંથી આવેલા છે.

પસંદ કરેલ ચાર સંસ્થાઓ પૈકી વિરાણી કોલેજમાં ધોરણ ૧૨ સુધીના અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૨૧.૧૧ % છે. જ્યારે સ્નાતક કક્ષામાં સમાવિષ્ટ થતા વાલીઓનું પ્રમાણ ૪૬.૬૭ % છે અને સ્નાતકથી આગળ અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૩૨.૨૨ % જેટલું જોવા મળ્યું છે.

પસંદ કરેલ ચાર સંસ્થાઓ પૈકીની આત્મીય કોલેજમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૧૪.૪૪ % છે. જ્યારે સ્નાતક કક્ષામાં સમાવિષ્ટ થતા વાલીઓનું પ્રમાણ ૫૩.૩૩ % છે અને સ્નાતકથી આગળ અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૩૨.૨૨ % જેટલું જોવા મળ્યું છે.

પસંદ કરેલ ચાર સંસ્થાઓ પૈકીની જ્ઞાનયજ્ઞ કોલેજમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૨૩.૫૩ % છે. જ્યારે સ્નાતક કક્ષામાં સમાવિષ્ટ થતા વાલીઓનું પ્રમાણ ૫૨.૯૪ % છે અને સ્નાતકથી આગળ અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૨૩.૫૩ % જેટલું જોવા મળ્યું છે.

પસંદ કરેલ ચાર સંસ્થાઓ પૈકીની ગુરુકુળ કોલેજમાં નિદર્શમાં ૩ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાંથી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કરેલા વાલીઓનું પ્રમાણ ૨ છે. જ્યારે સ્નાતક કક્ષાના અભ્યાસમાં સમાવિષ્ટ થતાં એક પણ ઉત્તરદાતાના વાલીઓ જોવા મળ્યા નથી. અને સ્નાતકકક્ષાથી આગળનો અભ્યાસ કરેલા વાલીઓની સંખ્યાનું પ્રમાણ ૧ છે.

ઉપર્યુક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં બધા જ ઉત્તરદાતાના વાલીઓ શિક્ષિત છે. જેને પરિણામે તેઓ તેમના સંતાનોના શિક્ષણ અને કારકિર્દી સંદર્ભે ખૂબ જ જાગ્રત છે. આથી તમામ વાલીઓ શિક્ષણ સાથે જીવન ઘડતરની તાલીમ આપતી શૈક્ષણિક સંસ્થાઓમાં સંતાનોને અભ્યાસ કરાવે છે.

## ૪.૨.૪ ઉત્તરદાતાના વાલીના વ્યવસાય અંગેનું વર્ગીકરણ :

'વિકાસ' શબ્દ અર્થશાસ્ત્રીય સંદર્ભ ધરાવે છે અને તેથી જ પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતા યુવાનોના વાલીઓની આર્થિક પરિસ્થિતિ, ખાસ કરીને તેઓના વ્યવસાય સંબંધી માહિતી જરૂરી બની રહે છે. મોટેભાગે પિતા કે વાલીનો વ્યવસાય તેમના સંતાનોના સમગ્ર વ્યક્તિત્વના ઘડતરમાં, વિકાસમાં અને અભ્યાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

ખેતીનો વ્યવસાય વધુ માણસોને રોકી રાખતો વ્યવસાય છે. કુટુંબના મોટાભાગના સભ્યો ખેતી કામમાં ગુંથાયેલા રહે છે. પરિણામે ખેત વ્યવસાય સાથે જોડાયેલા કુટુંબો શિક્ષણ પ્રત્યે જાગ્રત હોવા છતાં ઘણીવાર પરિસ્થિતિવશ તે તરફ દુર્લક્ષ્ય રહી જવા પામે છે. જ્યારે નોકરી અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા કુટુંબના બાળકોને શૈક્ષણિક તકો વધુ પ્રાપ્ય થતી હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં આ અંગેનું ચિત્ર જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**કોષ્ટક – ૪**

**ઉત્તરદાતાના વાલીઓના વ્યવસાય અંગેનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | ખેતીનો વ્યવસાય | નોકરીનો વ્યવસાય | વેપાર-ધંધો વ્યવસાય | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૬<br>૬.૬૭ % | ૪૪<br>૪૮.૮૯ % | ૪૦<br>૪૪.૪૪ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૭<br>૭.૭૮ % | ૬૫<br>૭૨.૨૨ % | ૧૮<br>૨૦ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧<br>૫.૮૮ % | ૧૩<br>૭૬.૪૭ % | ૩<br>૧૭.૬૫ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૧<br>૩૩.૩૩ % | –<br>– | ૨<br>૬૬.૬૭ % | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ | ૧૫ | ૧૨૨ | ૬૩ | ૨૦૦ | ૧૦૦ % |
| | ટકાવારી | ૭.૫ % | ૬૧ % | ૩૧.૫ % | ૧૦૦ % | |

પ્રસ્તુત કોષ્ટકમાં ઉત્તરદાતાના વાલીના વ્યવસાયનું વર્ગીકરણ દર્શાવે છે કે સૌથી વધુ વ્યવસાયે નોકરી કરતાં ૬૧ % એટલે કે ૧૨૨ વાલીઓ અને સૌથી ઓછા વ્યવસાયે ખેતી કરતાં ૭.૫ % એટલે કે ૧૫ વાલીઓ અને બીજા ક્રમે વેપાર કરતાં ૩૧.૫ % એટલે કે ૬૩ વાલીઓ જોવામાં આવેલ છે.

ઉપર્યુક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે કુલ નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાના વાલીઓ નોકરી અને વેપાર ધંધા સાથે જોડાયેલા છે. પરિણામે તેમના સંતાનોને શૈક્ષણિક દષ્ટિએ ઉચ્ચ અભ્યાસ માટે વધારે સાધન, સુવિધા કે સવલતો પૂરી પાડે છે. કારણ કે તેઓ શિક્ષણનું મહત્વ સમજતાં હોય છે. જ્યારે ખેડૂત વર્ગનો મોટાભાગનો સમય ખેતી કાર્યમાં વ્યતિત થતો હોવાથી તેમનામાં શિક્ષણ પ્રત્યેની જાગ્રતતા ઓછી જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શહેરી વિસ્તાર હોવાથી આવો પ્રતિભાવ અપેક્ષિત છે. નોકરી અને વેપારધંધા સાથે સંકળાયેલ વાલીઓ પોતાના સંતાનોના અભ્યાસ અંગે ઘણા જાગ્રત હોય છે. દરેક વાલી પોતાના સંતાનો ભણી-ગણી પોતાની જેમ નોકરી-ધંધામાં જોડાય ને જીવનમાં સ્થાયી થાય તે માટે ઘણાં જ ચિંતિત હોય છે. આથી તેઓ સારું શિક્ષણ આપતી અને કારકિર્દીનું ઘડતર કરતી શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાના સંતાનોને પ્રવેશ અપાવે તે એકદમ સહજ બાબત છે.

**૪.૨.૫ વાર્ષિક આવક :**

વર્ગ, દરજ્જો અને વિકાસને નક્કી કરનારું એક મહત્વનું પરિબળ કુટુંબની આવક છે. આવકના આધારે જ વ્યક્તિને પોતાના સમાજમાં એક દરજ્જો પ્રાપ્ત થતો હોય છે. વર્તમાન સામાજિક વ્યવસ્થામાં આર્થિક રચના કુટુંબનો દરજ્જો નક્કી કરતું મહત્વનું પરિબળ છે. મતલબ કે વર્તમાન સામાજિક વ્યવસ્થામાં માન, પ્રતિષ્ઠા અને સ્થાન પ્રાપ્ત કરવા માટેનું મહત્વનું પરિબળ આર્થિક રચના છે. વ્યક્તિના બાહ્ય વ્યક્તિત્વનો વિકાસ પણ કુટુંબની આવક ઉપર આધાર રાખે છે. વ્યક્તિનું જીવનધોરણ પણ કુટુંબની આવક ઉપર આધાર રાખે છે. જેમ કુટુંબની આવક મહત્તમ તેમ સમાજમાં તેનું માન, પ્રતિષ્ઠા અને સ્થાન ઊંચુ જોવા મળે છે. સાથે સાથે તેની જીવનશૈલીમાં પરિવર્તન જોવા મળે છે. પ્રાપ્ત થયેલી માહિતીનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૫**

**ઉત્તરદાતાના કુટુંબની કુલ વાર્ષિક આવકના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વાર્ષિક આવક | સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧ લાખથી ઓછી | ૯૩ | ૪૬.૫ % |
| ૨ | ૧ લાખથી ૨ લાખ સુધી | ૭૨ | ૩૬ % |
| ૩ | ૨ લાખથી વધારે | ૩૫ | ૧૭.૫ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત વર્ગીકરણના આધારે જોઈ શકાય છે કે જેની આવક ૧ લાખથી ઓછી હોય એવા કુટુંબો ૪૬.૫ % છે. ૧ લાખથી વધારે અને ૨ લાખથી ઓછી આવક હોય તેવા કુટુંબો ૩૬ % છે. જ્યારે ૨ લાખથી વધારે આવક હોય તેવા કુટુંબો ૧૭.૫ % છે. આમ મોટાભાગના ઉત્તરદાતાઓ ૧ લાખથી ઓછી આવક ધરાવતા વર્ગમાંથી આવે છે. ૨ લાખથી વધારે આવક ધરાવતા કુટુંબોમાંથી આવતા ઉત્તરદાતાની સંખ્યા ઘણી જ ઓછી છે.

આવકનો સંબંધ વ્યક્તિને કેવી કેળવણી મળે છે, તેનું કેવું ઘડતર થાય છે તે નક્કી કરે છે. ધનાઢ્ય પરિવારોમાંથી આવતા સંતાનો હંમેશા બગડેલા જ હોય છે તેવું નથી. વિશ્વના સૌથી

ધનાઢ્ય વ્યક્તિ માઈક્રોસોફ્ટના બિલગેટ્સ સ્વયં તથા તેના સંતાનો એકદમ સંસ્કારી અને સાદગીભર્યું જીવન જીવે છે. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુરશાસ્ત્રીનું કુટુંબ તદ્દન સાધારણ આર્થિક પરિસ્થિતિ ધરાવતુ હતું. પરંતુ સંસ્કારનું જતન અને યોગ્ય કેળવણીને કારણે તેઓએ શેરીની બત્તીના પ્રકાશમાં વાંચીને અભ્યાસ પૂર્ણ કર્યો. આમ નબળી આર્થિક પરિસ્થિતિ અને અગવડતા તેમને ધ્યેયમાંથી ડગાવી શક્યા નહીં. આનાથી તદ્દન વિપરીત ઉદાહરણ જોઈએ તો પાંચ વર્ષ પહેલા નેપાળના પાટવી કુંવર દિપેન્દ્ર કે જેઓએ અતિ આધુનિક કેળવણી લીધેલી, તેમ છતાં દારૂના નશામાં ચકચૂર થઈને પિતા રાજા વિરેન્દ્ર વિક્રમ, માતા ઐશ્વર્યા તથા બીજા આઠ કુટુંબીજનોની હત્યા કરી પોતે પણ આત્મહત્યા કરી લીધી. આમ માત્ર આર્થિક પરિસ્થિતિ જ સંસ્કારીતાનો માપદંડ નથી. પરંતુ યોગ્ય કેળવણી અને તેની સાથે સંસ્કારનું સિંચન યુવા વિકાસને વેગ આપે છે. પ્રસ્તુત સંશોધનમાં સમાજના દરેક વર્ગ ઉપર એટલે કે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગમાંથી આવતા ઉત્તરદાતાઓ પર સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થયેલ પરિવર્તન અને વિકાસની માહિતી મેળવવાથી નોંધી શકાય છે કે નિદર્શમાં પસંદ થયેલી સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત સંસ્થાઓ સમાજના દરેક વર્ગને સામાજિક રીતે ઉન્નત બનાવવા માટે પ્રયત્નશીલ છે. આ માટે સ્વામિનારાયણ સંપ્રદાય શિક્ષણ દ્વારા સામાજિક ક્રાંતિ લાવવા કાર્યરત છે.

### ૪.૨.૬ કુટુંબનો પ્રકાર :

કુટુંબમાં સાથે રહેતી પેઢીની સંખ્યા પરથી બે પ્રકારના કુટુંબ જોવા મળે છે. (૧) વિભક્ત કુટુંબ (૨) સંયુક્ત કુટુંબ. વિભક્ત કુટુંબમાં પતિ-પત્નિ અને સંતાનોનો સમાવેશ થાય છે. જ્યારે સંયુક્ત કુટુંબમાં પતિ-પત્નિ, તેના સંતાનો, માતા-પિતા, અને અન્ય લોહીના સગાસંબંધીઓનો સમાવેશ થાય છે. જ્યાં એક સાથે આ પ્રકારની વ્યવસ્થાથી રહેતા કુટુંબને સંયુક્ત કુટુંબ કહેવામાં આવે છે. ઉત્તરદાતા તરફથી મળેલી માહિતીનું વર્ગીકરણ નીચે મુજબ છે.

**કોષ્ટક – ૬**

**ઉત્તરદાતાના કુટુંબના પ્રકારનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | સંયુક્ત કુટુંબ | વિભક્ત કુટુંબ | કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૪૪<br>૪૮.૮૯ % | ૪૬<br>૫૧.૧૧ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૩૮<br>૪૨.૨૨ % | ૫૨<br>૫૭.૭૮ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૦૯<br>૫૨.૯૪ % | ૦૮<br>૪૭.૦૬ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૦૨<br>૬૬.૬૭ % | ૦૧<br>૩૩.૩૩ % | ૦૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ<br>ટકાવારી | ૯૩<br>૪૬.૫ % | ૧૦૭<br>૫૩.૫ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં વિભક્ત કુટુંબની સંખ્યા વધારે છે. આનું એક કારણ એ પણ હોઈ શકે કે આ અભ્યાસ શહેરી વિસ્તારમાં હાથ ધરાયેલ છે. નોકરીનો વ્યવસાય ધરાવતા કુટુંબોની સંખ્યા વધારે હોવાથી દેખીતી રીતે ઉત્તરદાતાના કુટુંબનું વર્ગીકરણ દર્શાવે છે કે સૌથી વધારે વિભક્ત કુટુંબના ૫૩.૫ % ઉત્તરદાતાઓ છે અને સૌથી ઓછા ૪૬.૫ % ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબના છે.

પસંદ કરાયેલ ચાર સંસ્થાઓ પૈકીની વિરાણી કોલેજમાં સંયુક્ત કુટુંબના ૪૮.૮૯ % ઉત્તરદાતાઓ છે અને વિભક્ત કુટુંબના ૫૧.૧૧ % ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

પસંદ કરાયેલ ચાર સંસ્થાઓ પૈકીની આત્મીય કોલેજમાં સંયુક્ત કુટુંબના ૪૨.૨૨ %

ઉત્તરદાતાઓ અને ૫૭.૭૮ % વિભક્ત કુટુંબના ઉત્તરદાતાઓ જોવા મળેલ છે.

પસંદ કરાયેલ ચાર સંસ્થાઓ પૈકીની જ્ઞાનયજ્ઞ કોલેજમાં ૫૨.૯૪ % ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાંથી આવે છે. જ્યારે ૪૭.૦૬ % ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાંથી આવે છે.

પસંદ કરાયેલ ચાર સંસ્થાઓ પૈકીની ગુરુકુળ કોલેજમાં સંયુક્ત કુટુંબમાંથી ૬૬.૬૭ % ઉત્તરદાતાઓ જોવા મળેલ છે અને ૩૩.૩૩ % ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાંથી આવેલ જોવા મળેલ છે.

આ કોષ્ટકમાં વિરાણી કોલેજ અને આત્મીય કોલેજથી ઉલટું ચિત્ર જ્ઞાનયજ્ઞ કોલેજ અને ગુરુકુળ કોલેજમાં જોવામાં આવેલ છે.

વિભક્ત કુટુંબ વ્યવસ્થામાં કુટુંબના સભ્યોને વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાનતાની તકો પ્રાપ્ત થતી હોય છે. પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતા યુવાનોને પોતાના વ્યક્તિત્વના વિકાસની તકો સહજ રીતે પ્રાપ્ત થયેલી છે તેમ ઉપર્યુક્ત પૃથ્થકરણના આધારે જોવા મળે છે અને સાથોસાથ એ પણ હકીકત છે કે સંયુક્ત કુટુંબ પ્રથા પણ અસ્તિત્વમાં તો છે જ.

**૪.૨.૭ કુટુંબની સભ્ય સંખ્યા :**

કુટુંબના કુલ સભ્યોની સંખ્યા એ અગત્યનું પરિબળ છે. કુલ સભ્યોની સંખ્યા ઉત્તરદાતાના રહેઠાણ, કુટુંબનું આર્થિક પાસુ, અભ્યાસની સવલત વગેરે જેવી પાયાની જરૂરિયાતોને અસર કરે છે. ઉત્તરદાતા તરફથી મળેલી માહિતીનું વર્ગીકરણ નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ છે. જેમ કુટુંબની અંદર સભ્યસંખ્યા ઓછી તેમ ઉક્ત જણાવેલ પાયાની સગવડો વધારે સુલભ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા તરફથી સભ્યસંખ્યાની દૃષ્ટિએ મળેલી માહિતીનું વર્ગીકરણ નીચે પ્રમાણે જોવા મળે છે.

**કોષ્ટક – ૭**

**ઉત્તરદાતાના કુટુંબની સભ્યસંખ્યાના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | સભ્ય સંખ્યા | કુટુંબની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ સંખ્યા | ૧૦૭ | ૫૩.૫ % |
| ૨ | ૬ થી ૧૦ સંખ્યા | ૭૦ | ૩૫ % |
| ૩ | ૧૦ થી વધુ સંખ્યા | ૨૩ | ૧૧.૫ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે મોટાભાગના કુટુંબોમાં સભ્યસંખ્યા ૧ થી ૫ છે. આવા કુટુંબો ૫૩.૫ % છે. ૬ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો ૩૫ % છે અને ૧૦ થી વધુ સભ્યસંખ્યા ધરાવતા કુટુંબો ૧૧.૫ % છે. આમ મોટાભાગના ઉત્તરદાતાઓ ઓછી સભ્યસંખ્યા ધરાવતા કુટુંબોમાંથી આવે છે. જેથી વાલીઓ તેમના સંતાનોમાં પૂરતો રસ લઈ તેમની કારકિર્દીના ઘડતર અંગે સવલતો કરી આપે છે. કુટુંબમાં ઓછી સભ્યસંખ્યાને કારણે આર્થિક રીતે પણ બોજ વહન થઈ શકે છે. તેથી વાલીઓ તેમના સંતાનોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સારી શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરાવે છે.

### ૪.૨.૮ સ્થળાંતરની વિગત :

પરિવર્તન અને વિકાસને અસર પમાડતી એક મહત્વની પ્રક્રિયા એ સ્થળાંતર છે. વર્તમાન સમયમાં સ્થળાંતરની ઘટના ખૂબ ઝડપી બનેલ છે. સ્થળાંતરની આ પ્રક્રિયા કેટલાંક સામાજિક પરિમાણોને જન્મ આપે છે. વ્યક્તિ જ્યારે સ્થળાંતરીત થતી હોય છે ત્યારે જ્યાં જઈને તે વસવાટ કરશે તે સ્થળનું સામાજિક જીવન તેણે અપનાવવાનું રહે છે. સ્થળાંતરથી વ્યક્તિનું સામાજિક તેમજ સાંસ્કૃતિક વાતાવરણ બદલાય છે. તેની આર્થિક પરિસ્થિતિમાં પણ ફેરફાર થાય છે. આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરવાની તકો પ્રાપ્ત થતાં વ્યક્તિ અને કુટુંબનો વિકાસ શક્ય બને છે.

કિંગ્સલે ડેવિસના મત પ્રમાણે, ''કુટુંબ ઉપર વસ્તીનું દબાણ આવે છે ત્યારે પ્રથમ તો કુટુંબ સખત પરિશ્રમ દ્વારા આવકના સાધનો વધારવા પ્રયાસ કરે છે. પરંતુ તે પ્રયાસ અપર્યાપ્ત હોય અને આવક વધારવાની તકો ન હોય ત્યારે કુટુંબના અમુક સભ્યોનું સ્થળાંતર એ સૌથી સરળ વસ્તીશાસ્ત્રીય પ્રતિભાવ છે.''[૧] ગામડામાંથી શહેરમાં થયેલા સ્થળાંતરના પરિણામે જીવનશૈલીમાં ફેરફાર જોવા મળે છે.

**કોષ્ટક – ૮**

**ઉત્તરદાતાનું કુટુંબ-સ્થળાંતર હેતુના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | સ્થળાંતરીત થયેલા | | સ્થળાંતરીત ન થયેલા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|
| | અભ્યાસ માટે | આર્થિક ઉપાર્જન માટે | | |
| ૧ | ૯૫<br>૪૭.૫ % | ૫૫<br>૨૭.૫ % | ૫૦<br>૨૫ % | ૨૦૦<br>૧૦૦ % |

આ કોષ્ટક તપાસતા જણાય છે કે ઉત્તરદાતાઓના કુટુંબો અન્ય જગ્યાએથી રાજકોટમાં સ્થળાંતરીત થયેલા છે. રાજકોટમાં જ વસવાટ ધરાવતા કુટુંબોની સંખ્યા ૨૫ % છે. જ્યારે સ્થળાંતરીત થયેલા કુટુંબોમાંથી આર્થિક ઉપાર્જન માટે ૨૭.૫ % અને અભ્યાસના કારણોસર ૪૭.૫ % કુટુંબો રાજકોટમાં સ્થળાંતર કરીને વસેલા છે.

આ સ્થળાંતરનું મુખ્ય કારણ અભ્યાસની આધુનિક સગવડતા હોવાથી વાલીઓ પોતાના

(૧) ***Devis, Kingsley - ''Human Society,'' Mcmillan Co., New York. 1961.***

સંતાનોની કારકિર્દી માટે શહેર તરફ સ્થળાંતરીત થાય છે. ગ્રામ્ય વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓનું કારકિર્દીલક્ષી ઘડતર કરવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ પ્રમાણે શહેરમાં સ્વનિર્ભર સંસ્થાઓની સ્થાપના થઈ રહી છે. આવી સંસ્થાઓ અભ્યાસકીય પ્રવૃત્તિઓમાં સરકારી સંસ્થાઓ કરતા વધારે જાગૃત છે તેવું પણ જાણવા મળ્યું છે.

ટૂંકમાં સંતાનોની શૈક્ષણિક કારકિર્દી માટે વાલીઓ જાગૃત હોવાથી તેઓ શહેરમાં સ્થાયી થવાનું વલણ દાખવતા હોવાનું જાણવા મળ્યું છે.

**૪.૨.૯ કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતાને લગતા વિદ્યાર્થીઓના પ્રતિભાવો :**

આધુનિક યુગમાં કોમ્પ્યુટરે અનેક ક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી છે. બેંક, રેલ્વે કે વિમાની સેવા કોમ્પ્યુટરના ઉપયોગથી ઝડપી બની છે. આજે e-બેંકિંગ, e-રીઝર્વેશન જેવા શબ્દો સામાન્ય માનવીના હોઠ ઉપર આવવા લાગ્યા છે. કોમ્પ્યુટરની મદદથી હવામાનનો વર્તારો પણ શક્ય બન્યો છે. કોમ્પ્યુટરને કારણે જ તો સંદેશા વ્યવહારની આધુનિક પદ્ધતિઓ શક્ય બની છે. આપણો દેશ કોમ્પ્યુટર ક્ષેત્રમાં અમેરિકાની હરિફાઈ કરી રહ્યો છે. આમ કોમ્પ્યુટર એ પરિવર્તન અને વિકાસની પ્રક્રિયાને વેગ આપતું મહત્વનું પરિબળ છે. આ બાબતને લક્ષમાં રાખીને આપણી સરકારે કોમ્પ્યુટરનું શિક્ષણ ફરજીયાત બનાવ્યુ છે. ઉત્તરદાતા પોતે કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા સમજે છે કે કેમ ? તે જાણવા માટે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક – ૯**

**અભ્યાસમાં કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા અંગેના ઉત્તરદાતાઓ તરફથી પ્રાપ્ત થયેલા પ્રતિભાવો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | અભ્યાસમાં કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા છે ? | હા | ૧૯૪ | ૯૭ % |
| | | ના | ૦૬ | ૦૩ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

આ પ્રમાણે પસંદ કરાયેલ નિદર્શના ૯૭ % ઉત્તરદાતાઓએ અભ્યાસમાં કોમ્પ્યુટર જ્ઞાનની

આવશ્યકતા દર્શાવી છે. જ્યારે ૩ % વિદ્યાર્થીઓના મતે અભ્યાસમાં કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા નહીં હોવાનો પ્રતિભાવ દર્શાવેલ છે.

આના પરથી એવું કહી શકાય કે મોટાભાગના અભ્યાસક્રમોમાં કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા છે. જે ૩ % ઉત્તરદાતાઓએ નકારાત્મક ઉત્તર આપેલ છે, તેવા વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને હજુ સુધી કોમ્પ્યુટર જ્ઞાનની અભ્યાસમાં આવશ્યકતા જણાતી નથી તેવું મંતવ્ય ધરાવે છે.

કોમ્પ્યુટર એ સામાજિક ઉન્નતિ તરફ દોરી જાય છે. કોમ્પ્યુટરના માધ્યમથી ઉત્તરદાતા પોતાના જ્ઞાનનો વ્યાપ વધારી શકે છે. જેને પરિણામે સામાજિક પરિવર્તન અને વિકાસનો સંગીન પાયો નખાય છે. પ્રસ્તુત અભ્યાસ એ પરિવર્તન અને વિકાસને લગતો હોવાથી કોમ્પ્યુટરની જાણકારીને પરિવર્તન અને વિકાસની પ્રક્રિયાને વેગ આપતા વૈજ્ઞાનિક પરિબળ તરીકે જોવામાં આવ્યું છે. ઉપરની માહિતી પરથી આપણે સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ કે નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાઓ કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા અને મહત્વ સમજીને સામાજિક પરિવર્તનમાં સહભાગી થવા તત્પર છે.

ઉપરના કોષ્ટકના આધારે કોમ્પ્યુટર જ્ઞાનની આવશ્યકતા ઉપર મોટાભાગના ઉત્તરદાતાઓએ પોતાના પ્રતિભાવો આપ્યા છે. પરંતુ અગાઉ ઉત્તરદાતાના પરિવારની આવકના કોષ્ટક – ૭ના આધારે વર્ગીકરણ કરતા જાણવા મળ્યુ હતું કે મહત્તમ ઉત્તરદાતાઓ મધ્યમ વર્ગમાંથી આવે છે. જેથી આર્થિક દષ્ટિએ કોમ્પ્યુટર વસાવવાનું મુશ્કેલ બને છે. છતાં પણ તેઓ કોલેજમાં કોમ્પ્યુટરનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

| કોષ્ટક – ૯.૧ | | | | |
|---|---|---|---|---|
| **ઉત્તરદાતાના ઘરમાં કોમ્પ્યુટર છે કે નહીં તેની માહિતી દર્શાવતું કોષ્ટક** | | | | |
| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
| ૧ | આપ કોમ્પ્યુટર ધરાવો છો ? | હા | ૭૯ | ૩૯.૫ % |
| | | ના | ૧૨૧ | ૬૦.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

આ માહિતી પ્રમાણે પસંદ કરાયેલ નિદર્શના ૩૯.૫ % ઉત્તરદાતાઓ કોમ્પ્યુટર ધરાવે છે.

જ્યારે ૬૦.૫ % ઉત્તરદાતાઓ ઘરે કોમ્પ્યુટર ધરાવતા નથી.

કોમ્પ્યુટર ક્ષેત્રે દરરોજ નવા નવા સંશોધન થતા જાય છે. તેથી કોમ્પ્યુટર એક પરિવર્તનની પ્રક્રિયાનું દ્યોતક હોવાથી કોમ્પ્યુટરની ઉપલબ્ધી હોવા અંગેના પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૪.૩ ઉપસંહાર :**

આ પ્રકરણમાં પ્રશ્નાવલી દ્વારા જુદી જુદી ચાર કોલેજોના ૨૦૦ ઉત્તરદાતાઓ પાસેથી ઉંમર, અભ્યાસ, માતૃભાષા, કૌટુંબિક વિગત જેવી સામાન્ય માહિતી મેળવવામાં આવી. તેનું વિશ્લેષણ તેમજ વર્ગીકરણ કરવામાં આવ્યુ છે. આ સામાન્ય માહિતી પરથી જાણવા મળ્યું છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ સામાન્ય વર્ગ કે મધ્યમ વર્ગમાંથી આવે છે. આ ઉપરાંત મોટાભાગના ઉત્તરદાતાઓ વિવિધ હેતુસર રાજકોટમાં સ્થળાંતર કરીને આવેલા છે.

મારા અભ્યાસ દ્વારા એ પણ જાણવા મળ્યું છે કે વિભક્ત કુટુંબમાંથી આવતા ઉત્તરદાતાઓની સંખ્યા વધારે છે. કોમ્પ્યુટર વિષેની જાણકારીની બાબતમાં પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં બહુ મોટી સંખ્યામાં ઉત્તરદાતાઓ કોમ્પ્યુટર વિષે જાણકારી આવશ્યક છે તેવું માને છે. આ માહિતી પરથી મને એવું લાગે છે કે યુવા પેઢી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે ઊભા થનારા પડકારો સામે કોમ્પ્યુટર જ્ઞાનની અનિવાર્યતા સમજે છે અને પડકાર ઝીલવા સુસજ્જ થઈ રહી છે.

ટૂંકમાં આ પ્રકરણમાં ઉત્તરદાતા તરફથી મળેલ સામાન્ય તથા શૈક્ષણિક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. હવે પછીના પ્રકરણ-પમાં ઉત્તરદાતા તરફથી મળેલ સંસ્થાકીય, વ્યક્તિગત પરિવર્તન અને વ્યક્તિત્વ વિકાસ અંગે પૂછેલા પ્રશ્નોના સંદર્ભમાં મળેલ પ્રતિભાવોનું વિશ્લેષણ અને વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

-૦-૦-૦-

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૫

## ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથ્થકરણ


| | | |
|---|---|---|
| ૫.૧ | પ્રસ્તાવના | ૧૩૪ |
| ૫.૨ | સંસ્થાકિય માહિતી, વ્યક્તિગત પરિવર્તન સંબંધી માહિતી તેમજ વ્યક્તિત્વ વિકાસ સંબંધી માહિતીનું વિશ્લેષણ | ૧૩૪ થી ૧૯૦ |
| ૫.૩ | ઉપસંહાર | ૧૯૦ |

**૫.૧ પ્રસ્તાવના :**

સમાજ ક્ષણે ક્ષણે બદલતો રહે છે. સમાજમાં પરિવર્તનની ઘટના સતત રીતે ચાલુ રહેતી હોય છે. જેના કારણે સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન ઉદ્દભવતું હોય છે. અને તેનાથી 'વિકાસ' શક્ય બને છે. મૂલ્યોનું આ પરિવર્તન સામાજિક વ્યવસ્થા પર પ્રભાવકારી અસરો સર્જે છે.

પ્રસ્તુત સંશોધનનો હેતુ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને થયેલ વિકાસનો અભ્યાસ કરવાનો છે. આ માટે આગળના પ્રકરણ-૪માં સંશોધનના નિદર્શ માટે પસંદ થયેલ ઉત્તરદાતા તરફથી મળેલ સામાન્ય તથા અભ્યાસકીય માહિતી મેળવી અને તેનું વર્ગીકરણ કર્યું. જ્યારે આ પ્રકરણમાં ઉત્તરદાતા તરફથી મળેલ સંસ્થાકીય તેમજ પરિવર્તન અને વિકાસલક્ષી પ્રતિભાવોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વિશેષમાં આ પ્રકરણમાં વિદ્યાર્થીનો રસ, શોખનો વિષય, સામાજિક મૂલ્યોનું જતન, વિધેયાત્મક પ્રવૃત્તિ વગેરે બાબતો અંગે મળેલા પ્રતિભાવોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પરિવર્તન અને વિકાસમાં ધર્મ મદદરૂપ થઈ શકે ? સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિ ગમે છે ? જેવા સંશોધનના હાર્દરૂપ પૂછવામાં આવેલ પ્રશ્નોના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો સમાવવામાં આવ્યા છે.

ટૂંકમાં, આ પ્રકરણમાં પ્રસ્તુત સંશોધનનો હેતુ સિદ્ધ થાય તેવા પ્રશ્નો દ્વારા મળેલા પ્રતિભાવો જાણીને સંશોધન દ્વારા ઉપકલ્પના ચકાસણી કરવા માટેની પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં આવી છે.

**૫.૨.૧ વર્તમાન અભ્યાસની અપેક્ષાઓનું પ્રતિબિંબ :**

પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ પ્રત્યેક કાર્ય પાછળ કોઈ કારણ, કોઈ હેતુ કે અપેક્ષા રહેલા જ હોય છે. કાર્ય-કારણ, સંબંધ વગરની કોઈ જ પ્રવૃત્તિ હોઈ શકે નહીં. આ સંદર્ભને ધ્યાનમાં રાખી અને ઉત્તરદાતાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. કારણ કે માનવ જીવન અપેક્ષાઓથી ભરપૂર છે. આ અપેક્ષાઓ પૂર્ણ કરવા માણસ ઝઝૂમે છે. મનુષ્યની અપેક્ષાઓ શું છે ? તે જાણવાથી તેનું ધ્યેય શું હશે તે જાણી શકાય છે. આપણો હેતુ ઉત્તરદાતાઓના જીવનમાં આવેલ પરિવર્તન અને વિકાસનો કરવાનો છે. આ માટે દરેક ઉત્તરદાતાની અપેક્ષા શું છે ? તે કેટલા અંશે સમાજને ઉપયોગી બની

શકે તેમ છે ? તે જાણવા માટે હાલમાં ઉત્તરદાતા જે અભ્યાસ કરે છે તે અભ્યાસ કરવા પાછળ ઉત્તરદાતાની અપેક્ષા શું છે ? તેવા પ્રશ્નના સંદર્ભમાં મળેલ પ્રતિભાવોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૧**

**ઉત્તરદાતાઓ હાલમાં અભ્યાસ કરે છે તેની પાછળ અપેક્ષાઓ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાની અભ્યાસ પાછળની અપેક્ષાઓ. | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | કારકીર્દિના નિર્માણ માટે | ૨૦૦ | ૧૦૦ % |
| ૨ | ચારિત્ર્ય ઘડતર અને સંસ્કાર સિંચન માટે | ૧૯૦ | ૯૫ % |
| ૩ | સામાજિક મૂલ્યોના જતન માટે | ૧૯૫ | ૯૭.૫ % |
| ૪ | નોકરી મેળવવા માટે | ૨૦૦ | ૧૦૦ % |

નોંધ : એક કરતાં વધારે ઉત્તરો મળેલા છે.

ઉપરના કોષ્ટક પરથી કહી શકાય કે તમામ ઉત્તરદાતાઓની એક અપેક્ષા કારકીર્દિના નિર્માણ માટેની તથા નોકરી મેળવવા માટેની તો છે જ. આ ઉપરાંત ચારિત્ર્ય ઘડતર તથા સંસ્કાર સિંચન માટેની અપેક્ષા ૧૯૦ ઉત્તરદાતાઓની છે. જ્યારે સામાજિક મૂલ્યોના જતન માટેની ૧૯૫ ઉત્તરદાતાઓની અપેક્ષા ઘણી જ ઊંચી છે. આવી ઊંચી અપેક્ષા ધરાવનારા ઉત્તરદાતાઓ સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. તેથી સંપ્રદાયના સિદ્ધાંતો, સંસ્થાનું શૈક્ષણિક વાતાવરણ વગેરે ઉત્તરદાતાઓની અપેક્ષા પરિપૂર્ણ કરવામાં સહભાગી બને છે. અહીં સામાજિક મૂલ્યોના જતન માટે અભ્યાસ કરતા હોવાનું જણાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ઘણી મોટી છે તે બાબત નોંધનીય છે. કારણ કે આજે સમાજશાસ્ત્રીઓ યુવાનોને એક ગંભીર સામાજિક સમસ્યા ગણે છે. ત્યારે સામાજિક મૂલ્યોના જતનની અપેક્ષા રાખવી એ યુવાવર્ગના વિકાસની પ્રક્રિયા દર્શાવે છે.

વિકાસ અને પરિવર્તનના સંદર્ભમાં ઉત્તરદાતાઓના પ્રતિભાવ જોતાં ખ્યાલ આવે છે કે શિક્ષણ કે જે કેરીયર બનાવવાનું માધ્યમ છે તેમજ નોકરી કે જે આર્થિક પરિસ્થિતિમાં ફેરફાર કરે

છે તે બન્નેને યુવાનોએ મહત્વ આપ્યું છે અને જીવનમાં પરિવર્તન અને વિકાસ માટે આ બાબતને આવશ્યક ગણાવેલ છે.

**૫.૨.૨ આધુનિક શિક્ષણ પ્રત્યેના પ્રતિભાવો :**

શિક્ષણ એ સામાજિક વિકાસ માટેની અગત્યની સંસ્થા છે. શિક્ષણને વ્યક્તિગત તેમજ સામાજિક પરિવર્તન સાથે સીધો સંબંધ છે. જેમ કે અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન તેઓને પોતાનું કામ કરાવી શકાય તેવા કારકુનોની જરૂર હતી. તેથી કારકુનની કામગીરીની તાલીમ મળે તેવી શિક્ષણ પ્રણાલિ લોર્ડ મેકાલોએ દાખલ કરેલી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ આધુનિક ભારતના નિર્માણ માટે કુશળ ઈજનેરો અને વૈજ્ઞાનિકોની જરૂર હતી તેથી દેશમાં ***Indian Institute of Technology (IIT), Indian Institute of Science (IIS), Council for Scientific and Industrial Research (CSIR), Indian Agricultural Research Institute (IARI), Tata Institutes of Fundamental Research (TIFR)*** જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. જેણે દેશને અનેક વૈજ્ઞાનિકોનું પ્રદાન કર્યું. અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ક્રાંતિ આવતા ***Indian Space Research Organisation (ISRO) Space Application Centre (SAC)*** જેવી સંસ્થાઓની સ્થાપના થતાં આપણા દેશને ડૉ. સતીશ ધવન, ડૉ. કે.કસ્તુરીરંગન જેવા અવકાશ વિજ્ઞાનીઓ પ્રાપ્ત થયા. આ બન્ને સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો મહત્વનો રહ્યો. આજ સંસ્થાઓમાંથી વર્તમાન રાષ્ટ્રપતિશ્રી માનનીય ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની ભેટ આપણા દેશને મળી.

વર્તમાન સમય ***Informaton Technology***નો છે. તેથી હાલના સંદર્ભમાં આધુનિક શિક્ષણ એટલે વિદ્યાર્થીઓને વર્તમાન સમયની જરૂરિયાત અને પડકારો જીલવા માટે તૈયાર કરતું શિક્ષણ. ઉત્તરદાતાઓને સંસ્થા દ્વારા અપાતું શિક્ષણ સમયની માંગને સંતોષવા સક્ષમ છે કે કેમ ? તે જાણવા માટે પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતીનું સંસ્થાવાર વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

## કોષ્ટક – ૨

**પસંદ કરેલી સંસ્થામાં આધુનિક શિક્ષણ અપાય છે તે અંગેનું મંતવ્ય દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | ઉત્તરદાતાઓની સંસ્થામાં વર્તમાન સમયને અનુરૂપ શિક્ષણ અપાય છે ? | | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| | | હા | ના | | |
| ૧ | વિરાણી કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦ | ૪૫ %<br>૧૦૦ % |
| ૨ | આત્મીય કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦ | ૪૫ %<br>૧૦૦ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭ | ૮.૫ %<br>૧૦૦ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩ | ૧.૫ %<br>૧૦૦ % |
| | કુલ | ૨૦૦<br>૧૦૦ % | – | ૨૦૦ | ૧૦૦ %<br>૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે નિદર્શ માટે પસંદ થયેલી તમામ સંસ્થાઓ દ્વારા આધુનિક શિક્ષણ પ્રાપ્ત થાય છે. આ આધુનિક શિક્ષણ સમાજને તો જ મદદરૂપ બની શકે કે જ્યારે ઉત્તરદાતાઓના જીવનમાં સંસ્કારનું યોગ્ય સિંચન અને જતન થયું હોય. ઉપર્યુક્ત ચારેય સંસ્થાઓ વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ આપી તે સમાજઉપયોગી બને તે માટે વિશેષ કાળજી રાખતી હોવાથી આધુનિકતા એ પરિવર્તન અને વિકાસલક્ષી બનતા ઉત્તરદાતાઓના જીવનમાં પણ પરિવર્તન આવ્યું છે.

**૫.૨.૩ અન્ય સંસ્થામાં અભ્યાસ કરવા અંગેનું મંતવ્ય :**

સામાજિકરણના જે વિવિધ તબક્કાઓ છે, તેમાંનો એક તબક્કો કિશોરાવસ્થા – યુવાવસ્થાનો છે જે તબક્કો સંસ્કાર અને ચારિત્ર્યના નિર્માણ સાથે સંકળાયેલો છે. આપણી સંસ્કૃતિમાં ભણતરની સાથે સંસ્કાર અને ચારિત્ર્યના ચણતરનું વિશેષ મહત્વ છે. યુવાન વયે જો સારી ટેવો પાડવામાં આવે તો જીવનને એક નવો વળાંક મળે છે. પ્રસ્તુત સંશોધનમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા

યુવાનોમાં આવેલા પરિવર્તનનો અભ્યાસ હાથ ધરાયો છે. આના સંદર્ભમાં ઉત્તરદાતાને પોતે જે સંસ્થામાં અભ્યાસ કરે છે તેનાથી કોઈ ફાયદો થયો છે કે કેમ ? તે જાણવા માટે તેઓને અન્ય સંસ્થામાં અભ્યાસ કરવાથી નુકશાન થયું હોત ? એવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતીનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૩**

**ઉત્તરદાતાઓને અન્ય સંસ્થામાં અભ્યાસ કરવાથી નુકશાન થયું હોત ? તે અંગેના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૮૫<br>૯૪.૪૪ % | ૫<br>૫.૫૬ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | ૧૯૫<br>૯૭.૫ % | ૫<br>૨.૫ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી કહી શકાય કે સંશોધન માટે પસંદ કરેલ સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત ચારેય સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધાર્મિક સંસ્કાર સાથે જે શિક્ષણ અપાય છે તે તેમના જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવતું હોવાથી લગભગ મોટાભાગના ઉત્તરદાતાઓ એટલે કે કુલ ૯૭.૫ % ઉત્તરદાતાઓ એવું માને છે કે જો હાલની સંસ્થા સિવાય અન્ય કોઈ સંસ્થામાં અભ્યાસ માટે જોડાયા હોત તો તેમને ચોક્કસપણે નુકશાન થયું હોત. જ્યારે ૨.૫ % ઉત્તરદાતાઓ તેમને નુકશાન થયું હોત તેવું માનતા નથી. આ માટે તેઓએ કોઈ કારણ પણ દર્શાવેલ નથી. આમ ઉપર્યુક્ત માહિતી પરથી એમ કહી શકાય છે કે સ્વામિનારાયણ સંપ્રદાય

સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ અન્ય સંસ્થાઓની જેમ શિક્ષણ તો આપે જ છે. પરંતુ સંસ્કાર અને ચારિત્ર્યના નિર્માણમાં પણ મહત્વનો ભાગ ભજવે છે. ઉત્તરદાતાઓને મન આવી સંસ્થાઓનું મહત્વ હોવું સ્વાભાવિક છે. કારણ કે શિક્ષણ સાથે સંસ્કાર આપતી આવી સંસ્થાઓ જીવન ઘડતરની અતિ આધુનિક પ્રયોગશાળાઓ છે. જેના દ્વારા નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે જેને કારણે જ તેઓ બીજી સંસ્થામાં ગયા હોય તો નુકશાન થયું હોત એવું મંતવ્ય ધરાવે છે.

**૫.૨.૪ ધાર્મિક સંસ્થાની આવશ્યકતા :**

સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ પરિવર્તન તરફ દોરી જતા પરિબળોમાં શિક્ષણ એક મહત્વનું પરિબળ છે. જ્યારે વ્યક્તિ પોતે જ કેળવાયેલી, સંસ્કારી અને ચારિત્ર્યવાન હોય ત્યારે જ તે પરિવર્તનનો મશાલચી બની શકે છે. આથી ઉત્તરદાતા જે સંસ્થામાં અભ્યાસ કરે છે. તેવી સંસ્થાઓ સમાજ પરિવર્તન માટે જરૂરી છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – ૪**

**ઉત્તરદાતાઓનું સમાજ પરિવર્તન માટે ધાર્મિક સંસ્થાની આવશ્યકતા અંગેના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૮૫<br>૯૪.૪૪ % | ૫<br>૫.૫૬ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | ૧૯૫<br>૯૭.૫ % | ૫<br>૨.૫ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે મોટા ભાગના એટલે કે ૯૭.૫ % ઉત્તરદાતાઓ એવું માને છે કે સમાજ પરિવર્તન માટે પોતે જેમાં અભ્યાસ કરે છે તેવી સંસ્થાઓ આવશ્યક છે અને ૨.૫ % ઉત્તરદાતાઓ સમાજ પરિવર્તન માટે આવી સંસ્થાની આવશ્યકતા નથી તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે. આમ ઉપર્યુક્ત કોષ્ટકની માહિતી પરથી એવું તારણ નીકળે છે કે ઉત્તરદાતાને પોતાની શિક્ષણ સંસ્થાની કેળવણીથી ખૂબ જ સંતોષ છે અને સામાજિક પરિવર્તનમાં ધર્મ એ આવશ્યક અને અનિવાર્ય પરિબળ છે.

મેક્સ વેબરની દૃષ્ટિએ ''સમાજશાસ્ત્ર એ ધાર્મિક ઘટનાના સાર તત્વોનો અભ્યાસ કરવાનો નથી, પરંતુ અનુભવો અને વિશિષ્ટ ખ્યાલો તેમજ ધ્યેયો પર આધારિત રહેવાને લીધે ધર્મ જે પરિવર્તન પેદા કરે છે તેનો અભ્યાસ કરવાનો છે.''[૧] ઉત્તરદાતા તરફથી મળેલી માહિતી ઉપર્યુક્ત વિધાનને યથાર્થ ઠરાવે છે અને ધર્મને સામાજિક પરિવર્તન માટે એક અગત્યના પરિબળ તરીકે સમાજશાસ્ત્રીય રીતે અનિવાર્ય ગણાવે છે.

આમ સામાજિક રીતે પરિવર્તન માટેની અગત્યની સંસ્થા એ ધર્મ સંસ્થા છે. તેથી તે સ્વાભાવિક રીતે જ જે પ્રવૃત્તિઓ હાથ ધરે તે પરિવર્તનલક્ષી બને છે. શિક્ષણ એ પણ સામાજિક પરિવર્તન માટેની અગત્યની સંસ્થા છે. આમ અહીં બે મહત્વની સામાજિક સંસ્થાઓનો સમન્વય થતાં પરિવર્તન વધારે અસરકારક બને છે. ઉત્તરદાતા તરફથી મળેલ પ્રતિભાવો પરથી કહી શકાય છે કે ઉત્તરદાતાઓએ પોતાના જીવનમાં પરિવર્તન અનુભવ્યું હોવાથી, પોતાનો વિકાસ થયો હોવાથી પોતે જે સંસ્થામાં અભ્યાસ કરે છે તેવી સંસ્થાઓની આવશ્યકતા અનિવાર્ય સમજે છે.

**૫.૨.૫ ઈત્તર પ્રવૃત્તિઓ અંગેનો પ્રતિભાવ :**

''સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન'' એ સૂત્ર દર્શાવે છે કે શારીરિક સજ્જતા હોવી ખૂબ જરૂરી છે. શારીરિક સ્વાસ્થ્ય માટે રમતગમત, કસરત તેમજ અન્ય પ્રવૃત્તિઓ ખૂબ જરૂરી બની રહે છે. શિક્ષણની સાથે માનસિક વિકાસ અને શારીરિક વિકાસ પણ જરૂરી છે. આવા વિકાસ માટે શૈક્ષણિક સંસ્થાઓ ઈત્તર પ્રવૃત્તિનું આયોજન કરે તે ઇચ્છનીય છે. ઈત્તરપ્રવૃત્તિથી વ્યક્તિ રચનાત્મક કાર્ય

(१) लवानिया, एम.एम. और शशी के जैन - ''धर्म का समाजशास्त्र'', रिसर्च पब्लिकेशन, जयपुर-२. पृष्ठ नं -६

તરફ વળે છે. તેથી ઈત્તરપ્રવૃત્તિ એ પરિવર્તન અને વિકાસ માટેનું અગત્યનું પરિબળ છે. ઉત્તરદાતા જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થામાં ઈત્તરપ્રવૃત્તિને મહત્વ અપાય છે કે કેમ ? તેવા પૂછાયેલા પ્રશ્નોના સંદર્ભમાં મળેલા પ્રતિભાવોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૫**

**ઉત્તરદાતાઓનું સંસ્થામાં થતી ઈત્તરપ્રવૃત્તિ અંગેના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | ૨૦૦<br>૧૦૦ % | – | ૨૦૦ %<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી કહી શકાય છે કે તમામ ઉત્તરદાતા સંસ્થામાં થતી યુવા વિકાસને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાય છે. આ ઈત્તરપ્રવૃત્તિઓથી યુવાનો રચનાત્મક કાર્ય તરફ વળે છે અને તેમના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

વિશેષમાં ઈત્તરપ્રવૃત્તિઓ વિદ્યાર્થીના જીવનમાં મૈત્રીભાવ અને સમૂહજીવન જેવા ગુણો ખીલવવાનું મહત્વનું કાર્ય કરે છે. આમ સમાજશાસ્ત્રની દષ્ટિએ ઈત્તરપ્રવૃત્તિઓનું આયોજન ખૂબ જ ઈચ્છનીય છે અને નિદર્શ માટે પસંદ કરેલી તમામ સંસ્થાઓ પણ આનું મહત્વ સમજે છે તેમ જોઈ શકાય છે.

**૫.૨.૬ ઉત્તરદાતાને ગમતી ઈત્તરપ્રવૃત્તિ :**

કોષ્ટક – ૫ના અનુસંધાનમાં મારા અભ્યાસમાં સામેલ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા

સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઉત્તરદાતાઓમાં સંસ્કારનું સિંચન કરતી તથા તેમનામાં પરિવર્તન લાવતી અનેક ઈત્તરપ્રવૃત્તિઓનું આયોજન થાય છે. પ્રસ્તુત અભ્યાસ એ પરિવર્તન અને વિકાસલક્ષી હોવાથી ઉત્તરદાતાને કઈ ઈત્તરપ્રવૃત્તિ ગમે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મોટાભાગના ઉત્તરદાતાઓએ એક કરતાં વધારે ઈત્તરપ્રવૃત્તિમાં રસ દાખવ્યો છે. મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક – ૬**

**ઉત્તરદાતાઓને ગમતી ઈત્તરપ્રવૃત્તિના આધારે વર્ગીકરણ**

| ક્રમ | ઉત્તરદાતાને ગમતી પ્રવૃત્તિનો પ્રકાર. | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સાંસ્કૃતિક | ૨૦૦ | ૧૦૦ % |
| ૨ | ધાર્મિક | ૨૦૦ | ૧૦૦ % |
| ૩ | એન.એસ.એસ. | ૮૦ | ૪૦ % |
| ૪ | એન.સી.સી. | ૭૦ | ૩૫ % |
| ૫ | રમતગમત | ૧૮૦ | ૯૦ % |

તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ જેવી કે નાટક, રાસગરબા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, લલિતકલા જેવી અનેકાવિધ પ્રવૃત્તિઓનું અવારનવાર આયોજન થાય છે. આ ઉપરાંત ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાનો પરિચય આપતા પ્રદર્શનો, પુસ્તક વાંચન પ્રતિયોગીતાનું પણ આયોજન થાય છે. આવી પ્રવૃત્તિઓમાં તમામ ઉત્તરદાતાઓ રસ ધરાવે છે. તેવો પ્રતિભાવ સાંપડેલ છે.

નિદર્શમાં સમાવેશ કરેલ શૈક્ષણિક સંસ્થાઓ ધાર્મિક પૃષ્ઠભૂમિ ધરાવતી હોવાથી અનેક ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. આ ધાર્મિક પ્રવૃત્તિઓમાં અઠવાડિક સત્સંગ સભા, યુવા વિકાસ શિબિર, વિદ્વાન સંતોના ધાર્મિક પ્રવચનો વગેરેનો સમાવેશ થાય છે. આવા આયોજનોથી વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન થાય છે.

એન.એસ.એસ. અને એન.સી.સી. જેવી રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતી પ્રવૃત્તિઓ માત્ર

વિરાણી કોલેજ તથા જ્ઞાનયજ્ઞ કોલેજમાં જ શક્ય છે. કારણ કે આ માટેના કેન્દ્રો શરૂ કરવા માટે સરકારશ્રીની તથા યુનિવર્સિટીની મંજૂરી જરૂરી હોય છે. આમ છતાં આ બન્ને કોલેજોમાંથી નિદર્શમાં પસંદ થયેલા કુલ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના ઉત્તરદાતાઓ આ બન્ને પ્રવૃત્તિઓમાં જોડાયા છે.

શારીરિક વિકાસ માટે રમતગમત એક અગત્યનું માધ્યમ છે. જેનાથી વિદ્યાર્થી પોતાના જીવનમાં ખેલદિલી, પ્રમાણિક્તા અને સમયપાલન જેવા ગુણો ખીલવી શકે છે. કુલ નિદર્શમાંથી ૧૮૦ ઉત્તરદાતાઓ રમતગમત પ્રવૃત્તિઓમાં રસ લે છે.

આમ સ્પષ્ટ થાય છે કે ઉત્તરદાતાઓ ઈત્તરપ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાના પરિવર્તન અને વિકાસને ઝડપી બનાવવાની સામાજિક પ્રક્રિયાના વાહક બને છે.

**૫.૨.૭ પરીક્ષામાં ચોરી અંગેના પ્રતિભાવો :**

ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણાવતી આજની જે યુવાપેઢી છે તેને ફરીને ''સાચી વાત'' પર લાવવી અત્યંત જરૂરી બનેલ છે.

આજે આપણા દેશના ઘણા રાજ્યોમાં વિદ્યાર્થીઓ પ્રામાણિક રીતે પરીક્ષા આપતા નથી પરીક્ષામાં પેપર લખતી વખતે કાપલીઓમાંથી, ચોપડીઓમાંથી કે અન્ય વિદ્યાર્થીઓની ઉત્તરવહીમાંથી નકલ કરીને લખવાનું વલણ ધરાવે છે. આ બાબત સર્વવિદિત છે અને શિક્ષણપ્રેમીઓની ચિંતામાં વધારો કરે છે. અભ્યાસ માટે પસંદ કરેલ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ચોરી થાય છે કે કેમ ? તેવા પુછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલી છે.

| કોષ્ટક – ૭ | | | | | |
|---|---|---|---|---|---|
| તમારી સંસ્થામાં પરીક્ષા દરમ્યાન ચોરી થાય છે ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ | | | | | |
| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
| ૧ | વિરાણી કોલેજ | – | ૯૦<br>૧૦૦ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | – | ૯૦<br>૧૦૦ % | ૯૦<br>૧૦૦% | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | – | ૧૭<br>૧૦૦ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | – | ૩<br>૧૦૦ % | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | – | ૨૦૦<br>૧૦૦ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઇ શકાય છે કે નિદર્શ માટે પસંદ કરેલી એકપણ સંસ્થામાં પરીક્ષા દરમ્યાન ચોરી થતી નથી. આમ આ માહિતી પરથી ઉત્તરદાતા જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થામાં પ્રાપ્ત થતાં શિક્ષણની ગુણવત્તા અને સંસ્થાની વ્યવસ્થાશક્તિનો ખ્યાલ આવે છે.

પરીક્ષણ એ શિક્ષણનું મહત્વનું અંગ છે. ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય પરીક્ષણ એ વિદ્યાર્થીની કારકીર્દિ ઘડવામાં મહત્વનો ભાગ ભજવે છે અને વિદ્યાર્થી સખત પરિશ્રમ કરવા પ્રેરાય છે. પરીક્ષાનું સંચાલન સાનુકુળ વાતાવરણમાં થાય તે જરૂરી છે. આ માટે સંસ્થાના વ્યવસ્થાપકો દ્વારા લેવાતા પગલાઓ જેવાં કે એક બેંચ પર એક જ વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા, કોઈપણ જાતનું સાહિત્ય રૂમમાં લઈ જવાની મનાઇ વગેરેને કારણે વિદ્યાર્થીઓમાં ધાક બેસી શકે પરંતુ અહીં તો ધાર્મિક ઉપદેશો દ્વારા પણ ચોરી કરવી નહીં તેવું શીખવવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત શિક્ષાપત્રીના શ્લોક ૧૭માં જણાવ્યા મુજબ, ''ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુઓ તેના ધણીની આજ્ઞા

(૧) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૯

વગર ન લેવી.''[1] આ પ્રકારની સંસ્કારસભર શિક્ષાઓના નિરંતર પાઠ જ્યાં સમજાવવામાં આવતાં હોય ત્યાં ઉત્તરદાતાઓ ચોરી કરવા પ્રેરાતા જ નથી. જે પ્રસ્તુત શૈક્ષણિક સંસ્થાઓના પરિવર્તન અને વિકાસની દિશામાંના પ્રયત્નોનો ખ્યાલ આપે છે.

**૫.૨.૮ પરીક્ષામાં ચોરી ધર્મની વિરૂદ્ધ :**

આપણે આગળના વિશ્લેષણમાં જોયું તેમ એકપણ સંસ્થામાં ચોરી થતી નથી પરંતુ ઉત્તરદાતાઓ પોતે પરીક્ષામાં ચોરી કરવી એ બાબતને ધાર્મિક રીતે અયોગ્ય છે તેવું માને છે કે કેમ ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલી છે.

**કોષ્ટક – ૮**

**પરીક્ષામાં ચોરી કરવી એ ધાર્મિક રીતે પણ અયોગ્ય છે તેમ તમે માનો છો ? તે અંગે ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ.**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૯૦<br>૧૦૦ % | – | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | ૨૦૦<br>૧૦૦ % | – | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

આ માહિતી અનુસાર નિદર્શમાં પસંદ થયેલા તમામ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ચોરી કરવી એ બાબતને ધાર્મિક રીતે અયોગ્ય ગણે છે. સંશોધન માટે પસંદ કરેલી ચારેય સંસ્થાઓ ધાર્મિક પૃષ્ઠભૂમિ ધરાવતી હોવાથી વિદ્યાર્થીઓના જીવનમાં પ્રમાણિક્તા અને નીતિમત્તાના સંસ્કાર રેડતી હોય તે સ્વાભાવિક છે. આમ, વિદ્યાર્થીને મળતી કેળવણીને કારણે તે સફળતા માટે ટૂંકા રસ્તાની

પસંદગી કરતા નથી. તે મહેનતમાં આનંદ માને છે અને અભ્યાસમાં પ્રવૃત રહે છે.

આમ ઉપર્યુક્ત માહિતી એ સંસ્થા દ્વારા મળતા શિક્ષણથી ઉત્તરદાતાઓના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું છે તેનો નિર્દેશ કરે છે.

**૫.૨.૯ ઉત્તરદાતામાં થયેલ જીવન પરિવર્તન :**

પરિવર્તન એ પ્રકૃત્તિનો ક્રમ છે, નિયમ છે. પરિવર્તનની પ્રક્રિયા અવિરત રીતે ચાલતી રહે છે. વ્યક્તિમાં અનુભવાયેલું પરિવર્તન તેના કુટુંબમાં, સમાજમાં અને દેશમાં પ્રસરે છે. આ પરિવર્તન જડ રીત-રિવાજો પ્રત્યેના અભિગમમાં, સમાજમાં પ્રવર્તતા કુરિવાજો પ્રત્યેના અભિગમમાં કે વ્યક્તિગત કુટેવો ને દૂર કરવાના સ્વરૂપમાં વર્ગીકૃત કરી શકાય. પ્રસ્તુત સંશોધન એ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તનના સંદર્ભમાં હોવાથી નિદર્શમાં પસંદ થયેલી ચાર સંસ્થાઓમાં ઉત્તરદાતાના જીવનમાં સંસ્થામાં જોડાયા પછી આવેલ પરિવર્તનના સંદર્ભમાં પૂછાયેલ પ્રશ્ન અન્વયે મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૯**

**સંસ્થામાં જોડાયા પછી ઉત્તરદાતાના જીવનમાં કોઈ પરિવર્તન થયું છે ?**
**તે અંગે ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ.**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૮૩<br>૯૨.૨૨ % | ૭<br>૭.૭૮ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૭૩<br>૮૧.૧૧ % | ૧૭<br>૧૮.૮૯ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૫<br>૮૮.૨૩ % | ૨<br>૧૧.૭૭ % | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ<br>ટકાવારી | ૧૭૪<br>૮૭ % | ૨૬<br>૧૩ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપરની માહિતી પરથી જાણવા મળે છે કે વિરાણી કોલેજમાં ૯૨.૨૨ % ઉત્તરદાતાઓ, આત્મીય કોલેજમાં ૮૧.૧૧ % ઉત્તરદાતાઓ, જ્ઞાનયજ્ઞ કોલેજમાં ૮૮.૨૩ % ઉત્તરદાતાઓ અને ગુરુકુળ કોલેજમાં ૧૦૦ % ઉત્તરદાતાઓ એવું માને છે કે સંસ્થામાં જોડાયા પછી તેમના જીવનમાં પરિવર્તન થયું છે. આમ નિદર્શમાં પસંદ કરાયેલા મોટાભાગના ઉત્તરદાતાઓ એવું માને છે કે અભ્યાસની સાથોસાથ સંસ્કાર મળે છે. જે વિધેયાત્મક પરિવર્તન તરફ દોરી જાય છે. આ વિધેયાત્મક પરિવર્તન એટલે વ્યસનથી દૂર રહેવું, પરીક્ષા દરમ્યાન ચોરી ન કરવી, શિક્ષકોની આમન્યા જાળવવી જેવી બાબતોના સ્વરૂપમાં આવેલ છે. તેવું ઉત્તરદાતાઓ સાથે ચર્ચા કરતા માલુમ પડ્યું છે.

સંસ્થામાં જોડાયા પછી ઉત્તરદાતાઓ પોતાના જીવનમાં નમ્રતા, ખેલદિલીની ભાવના, મૈત્રીભાવ જેવા અનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરી શક્યા છે તેવું જણાવે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય સમાજમાં પરિવર્તન લાવવામાં સફળ થયો છે તેમ કહી શકાય.

**૫.૨.૧૦ અભ્યાસની અપેક્ષાના સંદર્ભમાં મંતવ્યો :**

સમાજ એક વ્યવસ્થા છે. માનવીએ પોતાના હિતો, પોતાના ધ્યેયો, જરૂરિયાતોની પ્રાપ્તિ માટે સાથે મળીને સમૂહો, સંગઠનો અને સંસ્થાઓનું નિર્માણ કરેલું હોય છે. આવા સમૂહો અને સંગઠનોની બનેલી વ્યવસ્થાને આપણે સમાજ કહીએ છીએ. સમાજના સભ્યો પોતાની અપેક્ષાઓના સંતોષ માટે કોઈ ને કોઈ સંસ્થા સાથે જોડાતા હોય છે. સંસ્થાનું સભ્યપદ પ્રાપ્ત કરતાં હોય છે.

દરેક વ્યક્તિ કેટલીક ચોક્કસ અપેક્ષાઓ ધરાવતી હોય છે. આવી અપેક્ષાઓ ક્યાં પૂર્ણ થશે ? તેનો વિચાર કરીને તે જે તે સંગઠન કે સંસ્થામાં સભ્યપદ પ્રાપ્ત કરીને અપેક્ષાઓ સંતોષવાનો પ્રયાસ કરે છે. પ્રસ્તુત સંશોધનમાં પરિવર્તનનો અભ્યાસ કરવાનો હોવાથી ઉત્તરદાતાના જીવનની અપેક્ષાઓ કઈ કઈ છે તે આપણે કોષ્ટક – ૧માં દર્શાવેલી છે. આ માહિતી અનુસાર ઉત્તરદાતાના જીવનની અપેક્ષાઓ કારકીર્દિના નિર્માણની, ચારિત્ર્ય ઘડતર અને સંસ્કાર સિંચનની, સામાજિક મૂલ્યોના જતનની અને નોકરી મેળવવા માટેની છે. આ અપેક્ષાઓ પરિપૂર્ણ કરવામાં ઉત્તરદાતા

હાલમાં જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે પરિપૂર્ણ કરશે કે કેમ ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૦**

**તમે જે સંસ્થામાં અભ્યાસ કરો છો તે સંસ્થા તમારી અપેક્ષા પરિપૂર્ણ કરશે ?**
**તે અંગે ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | પસંદ કરવામાં આવેલી સંસ્થાઓ | હા | ના | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | વિરાણી કોલેજ | ૮૮<br>૯૭.૭૮ % | ૨<br>૨.૨૨ % | ૯૦<br>૧૦૦ % | ૪૫ % |
| ૨ | આત્મીય કોલેજ | ૭૯<br>૮૭.૭૮ % | ૧૧<br>૧૨.૨૨ % | ૯૦ | ૪૫ %<br>૧૦૦ % |
| ૩ | જ્ઞાનયજ્ઞ કોલેજ | ૧૭<br>૧૦૦ % | – | ૧૭<br>૧૦૦ % | ૮.૫ % |
| ૪ | ગુરુકુળ કોલેજ | ૩<br>૧૦૦ % | – | ૩<br>૧૦૦ % | ૧.૫ % |
| | કુલ ટકાવારી | ૧૮૭<br>૯૩.૫ % | ૧૩<br>૬.૫ % | ૨૦૦<br>૧૦૦ % | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી અનુસાર વિરાણી કોલેજમાં ૯૭.૭૮ % ઉત્તરદાતાઓ, આત્મીય કોલેજમાં ૮૭.૭૮ % ઉત્તરદાતાઓ, જ્ઞાનયજ્ઞ કોલેજ અને ગુરુકુળ કોલેજમાં સો એ સો ટકા ઉત્તરદાતા એવું માને છે કે પોતે જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થા પોતાની અપેક્ષા પરિપૂર્ણ કરશે. આ પ્રતિભાવના આધારે કહી શકાય કે ઉત્તરદાતાઓ એવું સ્પષ્ટ રીતે માને છે કે પોતે જે સંસ્થાની પસંદગી કરી છે તે સંસ્થાઓ ઉત્તરદાતાઓની અપેક્ષા પૂર્ણ કરવામાં સંપૂર્ણપણે યોગદાન પૂરુ પાડે તેવી સંસ્થાઓ છે.

આમ ઉપર્યુક્ત વિશ્લેષણ પરથી એમ કહી શકાય કે નિદર્શ માટે પસંદ થયેલી ચારેય

સંસ્થાઓ દ્વારા અપાતું શિક્ષણ ઉચ્ચ ગુણવત્તાયુક્ત છે. શિક્ષણની સાથે ધાર્મિક સંસ્કારનું સિંચન થતું હોવાથી ઉત્તરદાતાઓના જીવનનું ધ્યેય સ્પષ્ટ બને છે. જેનું સમાજશાસ્ત્રીય રીતે પણ ઘણું જ મહત્વ છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોના જીવનમાં અનુભવાયેલ પરિવર્તનની અસર ઉપર્યુક્ત પ્રતિભાવમાં જોવા મળે છે.

**૫.૨.૧૧ સામાન્ય જ્ઞાનમાં વધારો કરતી પ્રવૃત્તિ :**

આજના વૈશ્વિકરણના યુગમાં દરેક વિદ્યાર્થી સાંપ્રત પ્રવાહોથી માહિતગાર રહે તે અત્યંત જરૂરી છે. જેવી રીતે ૧૯મી અને ૨૦મી સદી ઔદ્યોગિક ક્રાંતિ અને વૈજ્ઞાનિક ક્રાંતિની સાક્ષી બની તેવી રીતે હાલની સદી ***Knowledge Revolution*** ની સદી ગણવામાં આવે છે. મનુષ્યને જ્ઞાનની ભૂખ ઉઘડી છે. આજનો વિદ્યાર્થી બદલાતા સમય સાથે તાલ મિલાવી શકે તે અત્યંત જરૂરી છે. જે માટે શૈક્ષણિક સંસ્થાઓ જુદી-જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરતી હોય છે. પ્રસ્તુત સંશોધન માટે પસંદ થયેલી ચારેય શિક્ષણ સંસ્થાઓમાં સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. સંસ્થા દ્વારા આયોજિત પ્રવૃત્તિઓમાંથી ઉત્તરદાતાને કઈ પ્રવૃત્તિમાં રસ પડે છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૧**

**તમને સામાન્યજ્ઞાનમાં વધારો કરતી કઈ પ્રવૃત્તિમાં રસ પડે છે ?**
**તે અંગે ઉત્તરદાતાઓના મંતવ્યોના આધારે વર્ગીકરણ**

| ક્રમ | સામાન્ય જ્ઞાનની પ્રવૃત્તિ | ઉત્તરદાતાના એકથી વધારે અભિપ્રાયો | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પુસ્તક વાંચન | ૧૭૫ | ૮૭.૫ % |
| ૨ | ક્વીઝ કોન્ટેસ્ટ | ૧૫૫ | ૭૭.૫ % |
| ૩ | લેખિત પરીક્ષા | ૮૦ | ૪૦ % |
| ૪ | અન્ય | ૯૦ | ૪૫ % |

ઉપર્યુક્ત માહિતી પ્રમાણે કુલ નિદર્શના ૧૭૫ ઉત્તરદાતાઓએ પુસ્તક વાંચન પ્રવૃત્તિમાં

રસ દાખવ્યો છે. આ પ્રકારની પ્રવૃત્તિ માટે દરેક કોલેજોમાં દર અઠવાડિયે ગ્રંથાલય મુલાકાતનો સમય ફાળવવામાં આવે છે. જે દરમ્યાન વિદ્યાર્થીઓને રસ હોય તેવા પુસ્તકો, સામયિકો વગેરે ગ્રંથાલયમાં બેસીને વાંચવા માટે આપવામાં આવે છે. આ ઉપરાંત પુસ્તક વાંચન સ્પર્ધાઓનું પણ આયોજન થાય છે.

આ ઉપરાંત કુલ નિદર્શના ૧૫૫ ઉત્તરદાતાઓએ ક્વીઝ કોન્ટેસ્ટની પ્રવૃત્તિમાં રસ દાખવ્યો છે. હાલની ટી.વી. ચેનલો દ્વારા કોન બનેગા કરોડપતિ, ડાયલ વન ઔર જીતો, કમ યા જ્યાદા, જેવી જ્ઞાનની સાથે મનોરંજન આપતી શ્રેણીઓને કારણે યુવાનોમાં ક્વીઝ કોન્ટેસ્ટની પ્રવૃત્તિ ઘણી જ લોકપ્રિય બની છે. વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું છે કે દરેક સંસ્થાઓમાં સમયાંતરે જ્ઞાન, વિજ્ઞાન, ગણિત જેવા વિષયોમાં ક્વીઝ કોન્ટેસ્ટનું આયોજન થાય છે. આ ઉપરાંત સામાન્ય જ્ઞાનમાં વધારો કરતી પરીક્ષાઓનું લેખિત સ્વરૂપમાં આયોજન થાય છે. આવી લેખિત પરીક્ષાઓમાં સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નોનું પ્રશ્નપત્ર તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે જે વિદ્યાર્થીઓને આપવાનું હોય છે. કુલ નિદર્શના ૮૦ વિદ્યાર્થીઓએ આવી લેખિત પરીક્ષામાં રસ દાખવ્યો છે.

ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ ઉપરાંત વિદ્યાર્થીના જ્ઞાનમાં વધારો થાય તે માટે મુલાકાતી પ્રાધ્યાપકોના વ્યાખ્યાન, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, ઐતિહાસિક સ્થળોની મુલાકાત, મ્યુઝીયમની મુલાકાત, વૈજ્ઞાનિકોના જન્મ દિવસની ઉજવણી જેવી અન્ય પ્રવૃત્તિઓનું આયોજન પણ થાય છે. કુલ નિદર્શના ૯૦ વિદ્યાર્થીઓ આવી અન્ય પ્રવૃત્તિમાં રસ દાખવે છે.

ઉપર્યુક્ત વિશ્લેષણ પરથી ખ્યાલ આવે છે કે તમામ સંસ્થાઓ વિદ્યાર્થીઓનો સર્વતોમુખી વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે અને આવો વિકાસ સહજ રીતે પરિવર્તન માટે સહાયરૂપ બને છે.

**૫.૨.૧૨ વ્યસન અંગે યુવાનોનું મંતવ્ય :**

યુવાપેઢી એ કોઈપણ રાષ્ટ્રનું સૌથી કિંમતી રાષ્ટ્રધન ગણાય છે. આ યુવાપેઢીના યોગદાન વગર કોઈપણ રાષ્ટ્રનો વિકાસ શક્ય બનતો નથી. તો બીજી તરફ એ પણ એક હકીકત છે કે યુવાવસ્થા એ એક એવી અવસ્થા છે કે જેમાં એક તરફ લપસણી ભૂમિકાઓ, વ્યસનો અને

કુટેવોનો ભોગ બની જવાતું હોય છે. આજની યુવાપેઢી મોજશોખ ખાતર, હુંસાતુસીથી કે માનસિક તણાવમાંથી મુક્ત થવા માટે કોઈને કોઈ વ્યસનને રવાડે ચડી ગયેલી દેખાય છે. તમાકુ, ફાકી, માવા અને ધૂમ્રપાનનું સમાજમાં એટલું ચલણ વધી ગયું છે કે સમગ્ર યુવા સમાજ જો આજ ગતિએ વ્યસનોને રવાડે ચઢશે તો સમગ સમાજની બરબાદી નોંતરશે. સમાજશાસ્ત્રીઓને પણ યુવાવર્ગના ભવિષ્ય વિશે આવી જ ચિંતા છે.

તમાકુના કોઈપણ પ્રકારના સેવનથી શરીરમાં નિકોટીન તત્વનું પ્રમાણ વધે છે. જેને કારણે કેન્સર, ફાઈબ્રોસીસ જેવા જીવલેણ રોગો થાય છે.

દારૂનું સેવન પણ આજે સમાજમાં વ્યાપક બન્યુ છે. દારૂના સેવનથી પણ પેટ અને આંતરડાના અનેક જીવલેણ રોગોનો ખતરો ઊભો થાય છે. પરંતુ યુવાનો મોજશોખ અને માનસિક આનંદ મેળવવા માટે દારૂનું વ્યસન કરે છે.

બ્રાઉન સુગર, અફીણ, હેરોઇન, કોકેઇન વગેરે નશાકારક પદાર્થો તાત્કાલીક રીતે શરીરને તનાવ મુક્તિનો અનુભવ કરાવતા હોય છે. જેના સેવનથી વ્યક્તિ તેનો કાયમી બંધાણી બની જાય છે.

જુદા જુદા વ્યસનો વ્યસન કરનારના શરીરને તો નુકશાન કરે જ છે. પરંતુ કુટુંબની આર્થિક પાયમાલી પણ નોતરે છે.

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત ગ્રંથ શિક્ષાપત્રીના શ્લોક ૧૮માં પણ જણાવેલ છે કે, ''અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તમેણ વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહીં અને પીવી પણ નહીં.'' સત્સંગીઓએ કોઈપણ પ્રકારના વ્યસનોથી દૂર રહેવું તેવું કહેવામાં આવ્યું છે. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય આ ઉપદેશને મહત્વ આપી સમગ્ર સમાજના ઉત્થાન મારફત નિર્વ્યસની યુવાનોનું ઘડતર કરવા કાર્યરત છે.[૧] પ્રસ્તુત સંશોધનમાં પણ વ્યસનમુક્તિને એક પરિવર્તન

(૧) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૮૯. પાના નં. ૧૧

તરીકે ગણી યુવાનોમાં આવેલા પરિવર્તનની અસર જાણવા નિદર્શમાં પસંદ થયેલા ઉત્તરદાતાઓને કોઈ વ્યસન છે કે કેમ તેવા પ્રશ્નના સંદર્ભમાં મળેલ માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૨**

**તમને કોઇ વ્યસન છે ? તે અંગેના ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | તમને કોઈ વ્યસન છે ? | હા | ૫૦ | ૨૫ % |
| | | ના | ૧૫૦ | ૭૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઇ શકાય છે કે કુલ નિદર્શના ૨૫ % યુવાનો વ્યસન ધરાવે છે. ઉપર્યુક્ત પ્રશ્નના અનુસંધાનમાં જ જો વ્યસન હોય તો ક્યુ ? એવા પૂછાયેલા પ્રશ્નના અનુસંધાને કોઈને કોઇ વ્યસન ધરાવતાં ૨૫ % ઉત્તરદાતાઓમાંથી ૯ % ઉત્તરદાતાને ફાકી, માવાનું વ્યસન છે. ૪.૫ % ઉત્તરદાતાઓને પાનનું વ્યસન છે, ૬.૫ % ઉત્તરદાતાઓને ગુટકાનું વ્યસન છે અને ૫ % ઉત્તરદાતાઓને સિગારેટનું વ્યસન છે. પૂછેલા પ્રશ્નના એક વ્યસન તરીકે બીડીના વ્યસનનો પણ સમાવેશ કરેલ પરંતુ એકપણ ઉત્તરદાતાએ બીડીનું વ્યસન છે તેવો પ્રતિભાવ દર્શાવેલ નથી. જેના પરથી એમ પડ કહી શકાય કે મજુર વર્ગના અને તદ્દન નિમ્ન સ્તરના લોકો જે સસ્તા ભાવમાં ધૂમ્રપાન કરવા ઈચ્છે છે તેઓ જ બીડી પીવાનું પસંદ કરતા હશે. પ્રસ્તુત નિદર્શમાં પસંદ કરેલા ઉત્તરદાતાઓ યુવાનો છે આથી દેખાદેખી તેમજ ચલચિત્રો તથા ટી.વી.ની અસર નીચે પણ ધૂમ્રપાન કરવા માટે સિગારેટની પસંદગી કરતા હશે. આ ઉપરાંત ઉપર્યુક્ત વ્યસનો સિવાય અન્ય કોઈ વ્યસન અંગે આપેલ વિકલ્પ અન્વયે કોઈપણ ઉત્તરદાતાએ અન્ય વ્યસન હોવાનું સ્વીકારેલ નથી.

વ્યસન અંગે પૂછેલા ઉપર્યુક્ત પ્રશ્નના અનુસંધાનમાં વધારે માહિતી મેળવવા ઉત્તરદાતાને

વ્યસન કઈ ઉંમરે લાગુ પડ્યું તે અંગે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

| **કોષ્ટક – ૧૨.૧** | | | |
|---|---|---|---|
| **ઉત્તરદાતાને કઈ ઉંમરે વ્યસન લાગ્યું ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ** | | | |
| ક્રમ | વ્યસન કઈ ઉંમરે લાગ્યું | સંખ્યા | ટકાવારી |
| ૧ | કિશોરવય | ૩૦ | ૬૦ % |
| ૨ | યુવાનવય | ૨૦ | ૪૦ % |
| | કુલ | ૫૦ | ૧૦૦ % |

આ પ્રતિભાવ મુજબ કોઈ ને કોઈ વ્યસન ધરાવતા ૫૦ ઉત્તરદાતા પૈકી ૩૦ ઉત્તરદાતાઓ એટલે કે ૬૦ % ઉત્તરદાતાઓને કિશોરવયથી કોઇ ને કોઈ વ્યસન હોવાનું તારણ નીકળે છે. જ્યારે ૨૦ ઉત્તરદાતા એટલે કે ૪૦ % ઉત્તરદાતાઓ યુવાન વયે વ્યસની બન્યા. આ ઉત્તરદાતાઓને વ્યસન થવાના કારણો તથા તેના માધ્યમ અંગે પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલ પ્રતિભાવ અનુસાર તેઓ ક્યા કારણોસર વ્યસન કરે છે ? તે અંગે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

| **કોષ્ટક – ૧૨.૨** | | | |
|---|---|---|---|
| **વ્યસન થવાના કારણો અંગે ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ** | | | |
| ક્રમ | વ્યસન થવાના કારણો. | સંખ્યા | ટકાવારી |
| ૧ | માનસિક તાણ દૂર કરવા | ૩૫ | ૭૦ % |
| ૨ | શોખથી | ૧૫ | ૩૦ % |
| | કુલ | ૫૦ | ૧૦૦ % |

આ કોષ્ટક અનુસાર કુલ ૫૦ ઉત્તરદાતાઓમાંથી ૩૫ એટલે કે ૭૦ % ઉત્તરદાતાઓ ટેન્શન

કે માનસિક તાણ દૂર કરવા, હળવાશનો અનુભવ કરવા માટે વ્યસન કરતા હોવાનું જણાવે છે. જ્યારે ૧૫ એટલે કે ૩૦ % ઉત્તરદાતાઓ શોખથી વ્યસની બન્યા હોવાનું જણાવે છે. વિશેષમાં આ ઉત્તરદાતાઓ જણાવે છે કે એકવાર તમાકુ, સિગારેટ કે ફાકી-માવાનું સેવન કરવાથી તેનો ચસ્કો લાગી ગયો છે.

**કોષ્ટક – ૧૨.૩**

**વ્યસન થવાના માધ્યમ અંગે ઉત્તરદાતાના મંતવ્યોનું વર્ગીકરણ.**

| ક્રમ | વ્યસન થવાનું માધ્યમ. | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | મિત્ર | ૨૫ | ૫૦ % |
| ૨ | કુટુંબ | ૧૫ | ૩૦ % |
| ૩ | અન્ય | ૧૦ | ૨૦ % |
| | કુલ | ૫૦ | ૧૦૦ % |

પ્રસ્તુત કોષ્ટકના અનુસંધાનમાં કુલ ૫૦ ઉત્તરદાતાઓમાંથી ૨૫ ઉત્તરદાતાઓ એટલે કે ૫૦ % ઉત્તરદાતાઓ મિત્રોના આગ્રહથી એકવાર કુટેવ પડ્યા પછી કાયમ માટે વ્યસની બની ગયા છે. જ્યારે ૧૫ એટલે કે ૩૦ % ઉત્તરદાતાઓને કુટુંબના જ સભ્યો કોઈ વ્યસન કરતા હોવાથી કોઈ ને કોઈ વ્યસન લાગુ થયું છે. બાકીના ૧૦ એટલે કે ૨૦ % ઉત્તરદાતાઓને ફિલ્મોના અનુકરણ દ્વારા અથવા તો સમાજમાં વટ પાડવા અને બીજાથી અલગ દેખાવા માટે વ્યસની બન્યા હોવાનું જણાવે છે.

ઉપર્યુક્ત માહિતી પરથી આપણે જોઈ શકીએ છીએ કે વિદ્યાર્થી જીવનમાં વિદ્યાર્થી દેખાદેખી, શોખ તથા મિત્રોની સંગતને કારણે પાન, ફાકી, માવા, તમાકુ, ધૂમ્રપાન જેવા વ્યસનોમાં ગરકાવ થતો જાય છે. તેની પોતાને જ ખબર પડતી નથી. એક અભ્યાસ અનુસાર તમાકુ અને તમાકુની બનાવટના વ્યસનોને કારણે મૃત્યુના મુખમાં ધકેલાતી વ્યક્તિઓની સંખ્યા, યુદ્ધમાં મરણ પામેલા

લોકોની સંખ્યા કરતા ઘણી વધારે છે.[૧] આમ વ્યસનોથી બરબાદી એ એક વૈશ્વિક સામાજિક સમસ્યા છે. સરકાર તથા સામાજિક સંસ્થાઓ વ્યસનોથી દૂર રહેવા સમજાવે છે. દર વર્ષે ૩૧મી મે અક્ષશિં ઝજ્ઞબક્ભભજ્ઞ ઉકુ તરીકે ઉજવાય છે. તમાકુથી થતાં નુકશાન અંગે લોકોને માહિતગાર કરવામાં આવે છે. સામાજિક સંસ્થાઓ નિર્વ્યસની થવાના સંકલ્પ કરાવે છે. તાજેતરમાં જ સરકારે ધૂમ્રપાન અને શરાબપાન દર્શાવતી જાહેરખબર પર પ્રતિબંધ મૂકેલો છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના સંશોધકોના એક જુથ દ્વારા ધૂમ્રપાન કરનાર વ્યક્તિના સહવાસમાં રહેનારને પરોક્ષ ધૂમ્રપાનની અસર થતાં આંખે અંધાપો આવે છે. એવું તારણ કાઢેલ છે.[૨] આમ સમાજ હવે વ્યસનથી થતાં નુકશાન પરત્વે જાગ્રત થતો જાય છે. આપણે અગાઉ જોયું તેમ સ્વામિનારાયણ સંપ્રદાયમાં તો વ્યસન ન કરવાનો બોધ આપવામાં આવ્યો છે. આથી આ સંપ્રદાય દ્વારા વ્યસનમુક્તિને સામાજિક પરિવર્તન તરીકે લાવવા માટે ઘણું મહત્વ આપવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં કર્મચારીઓની ભરતી દરમ્યાન નિર્વ્યસની ઉમેદવારોને લક્ષમાં લેવામાં આવે છે. વિદ્યાર્થીઓને નિર્વ્યસની કરવા માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં પરિવર્તન લાવવા માટે સમાજમાં એક મહત્વનું કાર્ય થઈ રહ્યું છે.

વિશેષમાં ઉત્તરદાતાના કુટુંબનો પ્રકાર અને વ્યસન કરનાર ઉત્તરદાતાઓની સંખ્યા વચ્ચે સહસંબંધ જોવા મળે છે. જેની ચર્ચા હવે કરીશું.

### ૫.૨.૧૨.૧ કુટુંબનો પ્રકાર અને વ્યસન કરનાર ઉત્તરદાતાઓની સંખ્યા વચ્ચેનો સહસંબંધ દર્શાવતું કોષ્ટક અને તેનું વિશ્લેષણ.

ઉત્તરદાતા સંયુક્ત કુટુંબનો સભ્ય છે કે વિભક્ત કુટુંબનો તેવા પ્રકારના પૂછાયેલા પ્રશ્નમાં પ્રકરણ-૪ના કોષ્ટક -૬ તથા ઉત્તરદાતાને કોઈ વ્યસન છે કે કેમ ? તે અંગે પૂછાયેલા પ્રશ્નમાં કોષ્ટક - ૧૨ના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો અનુસાર કુટુંબનો પ્રકાર અને ઉત્તરદાતાનું વ્યસની હોવું એ વચ્ચેનો સહસંબંધ જોવામાં આવ્યો છે. આ સહસંબંધ દર્શાવતુ કોષ્ટક નીચે પ્રમાણે છે.

---

(૧) ***Rana, Niyati - "Medical Student International Religious Organization Against Addiction" Page - 11*** (૨) ગુજરાત સમાચાર, ૧૧.૧.૨૦૦૬, પાના-૧૩

## કોષ્ટક – ૧૨.૪

### કુટુંબનો પ્રકાર અને વ્યસન કરનાર ઉત્તરદાતાઓની સંખ્યા વચ્ચેનો સહસંબંધ દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | કુટુંબનો પ્રકાર | નિર્વ્યસની ઉત્તરદાતા | ટકાવારી | વ્યસની ઉત્તરદાતા | ટકાવારી | કુલ સંખ્યા | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત કુટુંબપ્રથા | ૮૩ | ૪૧.૫ % | ૧૦ | ૫ % | ૯૩ | ૪૬.૫ % |
| ૨ | વિભક્ત કુટુંબપ્રથા | ૬૭ | ૩૩.૫ % | ૪૦ | ૨૦ % | ૧૦૭ | ૫૩.૫ % |
| | કુલ | ૧૫૦ | ૭૫ % | ૫૦ | ૨૫ % | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઇ શકાય છે કે સંયુક્ત કુટુંબમાં રહેતા અને નિર્વ્યસની હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૪૧.૫ %ની છે. અને વિભક્ત કુટુંબમાં રહેતા હોય અને નિર્વ્યસની હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી ૩૩.૫ %ની છે. આની સરખામણીમાં સંયુક્ત કુટુંબમાં રહેતા હોય અને વ્યસની હોય તેવા ઉત્તરદાતાની ટકાવારી માત્ર ૫ % જ છે અને વિભક્ત કુટુંબમાં રહેતા હોય અને વ્યસની હોય તેવા ઉત્તરદાતાઓની ટકાવારી ૨૫ % ની છે.

આમ ઉપર જણાવેલ સંખ્યાકિય માહિતી પરથી એવું જાણવા મળે છે કે વિભક્ત કુટુંબમાં રહેતા હોય તેવા ઉત્તરદાતાઓમાં વ્યસનનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. વિભક્ત કુટુંબમાં વ્યક્તિને લાગતું એકલવાયાપણું એ વ્યસની થવાનું એક કારણ હોઇ શકે અથવા વિભક્ત કુટુંબમાં વ્યક્તિને વ્યસનથી રોકનારી વ્યક્તિ ન હોવાને કારણે તે સ્વચ્છંદી બની વ્યસનની ગર્તામાં ધકેલાતી હોય તેવું કહી શકાય. સંયુક્ત કુટુંબમાં પણ વ્યસની ઉત્તરદાતાઓ તો છે જ તેઓ પણ કુટુંબના કોઇ સભ્યના અનુકરણથી વ્યસની બન્યા હોય અને કુટુંબના સભ્યોને જાણ ન થાય તે રીતે તેઓ વ્યસન કરતા હોય છે.

**૫.૨.૧૩ પાનના ગલ્લા સાથે યુવાનોના સંબંધનું મંતવ્ય :**

સમાજની દરેક વ્યક્તિ પોતાના મનને આનંદ પમાડવા માટે સતત પ્રયત્નશીલ હોય છે. આ આનંદ મેળવવા સંગીત, નાટક, સિનેમા કે પર્યટન જેવા માધ્યમોનો સહારો લે છે. જ્યારે ઘણી વ્યક્તિઓ મનોરંજન માટે કે દિલને બહેલાવવા માટે મિત્રોનો સહારો લે છે. મિત્રોના સહવાસમાં કુટેવો છુટી પણ જાય છે, જ્યારે કોઈકવાર કુટેવો પડી પણ જાય છે. પ્રસ્તુત અભ્યાસ એ યુવાનોમાં આવેલ પરિવર્તન અંગેનો છે. આપણે આગળના વિશ્લેષણમાં જોયું કે વ્યસનની ગર્તામાં ધકેલાતા યુવાનો એ સાંપ્રત સમયની એક મહત્વની સામાજિક સમસ્યા છે. ફાકી, માવા કે ધૂમ્રપાનને કારણે થતાં મૃત્યુની સંખ્યા વાહન અકસ્માતથી થતાં મૃત્યુ કરતા ૧૨ ગણી વધારે છે. [૧] ધૂમ્રપાન અને ફાકી, માવાના વ્યસનો લાગુ પડવાનું મુખ્ય સ્થળ પાનનો ગલ્લો છે. જ્યાં સહેલાઈથી આ બધી વસ્તુઓ પ્રાપ્ત થાય છે. વધારામાં વ્યસની ઘરની બહાર જાય તો કુટુંબના સભ્યોની શેહશરમ પણ નડે નહીં. આમ પ્રસ્તુત અભ્યાસમાં પરિવર્તનની અસર તપાસવા માટે ઉત્તરદાતાને તમે પાનના ગલ્લે જાવ છો ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક – ૧૩**

**તમે પાનના ગલ્લે જાવ છો ? ઉત્તરદાતા તરફથી પ્રાપ્ત થયેલ મંતવ્યોના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | તમે પાનના ગલ્લે જાવ છો ? | હા | ૧૨૫ | ૬૨.૫ % |
| | | ના | ૭૫ | ૩૭.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી પરથી જોઈ શકાય છે કે કુલ ઉત્તરદાતામાંથી ૬૨.૫ % ઉત્તરદાતાઓ પાનના ગલ્લે જાય છે. જ્યારે ૩૭.૫ % ઉત્તરદાતાઓ પાનના ગલ્લે જાતા નથી. આમ જોઈએ તો કુલ ઉત્તરદાતામાંથી ૨૫ % જ ઉત્તરદાતાઓ વ્યસની છે જ્યારે પાનના ગલ્લે ૬૨.૫ % ઉત્તરદાતાઓ

(૧) ડૉ. પટેલ, અમૃતભાઈ – ''ધૂમ્રપાન એટલે આપઘાત'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૪. પાના નં. ૧૬

જાય છે. આમ એવું કહી શકાય કે પાનના ગલ્લાની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ વ્યસની જ હોય તેમ કહેવું અયોગ્ય છે. કદાચ પાનનો ગલ્લો એ મિત્રો સાથે સમય પસાર કરવાનું એક સ્થળ હોઈ શકે. આ ઉપરાંત ઉત્તરદાતાઓ જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થામાં અપાતા ઉપદેશ અને ધાર્મિક વાતાવરણની અસરને કારણે પણ ઉત્તરદાતાને વ્યસન નિરર્થક છે તેવી માન્યતા દૃઢ થઈ હોય.

ઉત્તરદાતાના મિત્રો ત્યાં આવે છે કે નહીં ? અને મિત્રો સાથે કેવી ચર્ચાઓ થાય છે ? તે અંગે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલ પ્રતિભાવ અનુસાર તમામ ઉત્તરદાતાઓના મિત્રો ત્યાં આવે છે અને આ મિત્રો સાથે અભ્યાસ વિષયક, રમતગમત, રાજકારણ, સામાન્ય જ્ઞાન જેવી ચર્ચાઓ પણ આકાર લે છે. તો કોઈવાર હળવી મજાક-મસ્તી અને સુખદુઃખની વાતો પણ થતી રહે છે.

મિત્રો સાથેની ચર્ચાથી તમારા જીવનમાં કોઈ ફાયદો અનુભવાયેલ છે ? એવા પ્રશ્નના સંદર્ભમાં મળેલ પ્રતિભાવ અનુસાર બધા જ ઉત્તરદાતાઓ એવું માને છે કે આવી ચર્ચાને કારણે ફાયદો થાય છે. બધા મિત્રો ભેગા થાય ત્યારે મુક્ત વાતાવરણમાં જેની આગળ નવી માહિતી હોય તે કહે અને તેના ઉપર બધા મિત્રો ટીકાટિપ્પણ કરે, તેથી કંઈક નવુ જાણવા તો મળે જ.

આમ જે ઉત્તરદાતાઓ પાનના ગલ્લે જાય છે. તેમાંથી ઘણા ઉત્તરદાતાઓ વ્યસનો ન કરવા અંગે જાગૃતિ દાખવે છે. જેનું કારણ તેઓ જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થા દ્વારા મળતું માર્ગદર્શન, વ્યસનોથી થતાં નુકશાન અંગે અપાતી જાણકારી જવાબદાર છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ યુવાનોમાં પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ છે અને યુવાનો પાનના ગલ્લે જતા હોવા છતાં વ્યસનો કરતા નથી એ આ પ્રયત્નોનું પરિણામ છે.

**૫.૨.૧૪ વ્યસનની નિરર્થકતાના મંતવ્યો :**

આપણે અગાઉ જોયું તેમ સરકારનું આરોગ્ય અને સમાજકલ્યાણ મંત્રાલય, ઘણી સામાજિક સંસ્થાઓ, અનેક ધાર્મિક સંસ્થાઓ વ્યસન મુક્તિ અંગે ઝુંબેશ ચલાવે છે. વ્યસનોથી થતી શારીરિક, આર્થિક, સામાજિક બરબાદીના કિસ્સાઓ સમાજમાં જોવા મળે છે. સ્વામિનારાયણ સંપ્રદાય

પણ વ્યસન મુક્તિ અંગે ખૂબ જ જાગૃત છે. સંપ્રદાયના સાહિત્યમાં, અઠવાડિક સત્સંગ સભાઓમાં અને સંતોના પ્રવચનોમાં વ્યસનમુક્તિ પર ભાર મૂકવામાં આવે છે. આમ વ્યસનમુક્તિ એ સામાજિક રીતે પણ ઘણી જ અગત્યતા ધરાવે છે. મારા સંશોધનને અનુલક્ષીને ઉત્તરદાતાઓને વ્યસનની નિરર્થકતા સમજાય છે ? તે અંગે મળેલ પ્રતિભાવોનું વર્ગીકરણ નીચેના કોષ્ટકમાં કરવામાં આવ્યુ છે.

**કોષ્ટક – ૧૪**

**વ્યસનની નિરર્થકતા સમજાય છે ? તે અંગેના ઉત્તરદાતાના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થામાં જોડાયા પછી વ્યસનની નિરર્થકતા સમજાય છે ? | હા | ૧૮૯ | ૯૪.૫ % |
| | | ના | ૧૧ | ૫.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી અનુસાર નિદર્શના કુલ ઉત્તરદાતાઓમાંથી ૯૪.૫ % ઉત્તરદાતાઓને વ્યસનની નિરર્થકતા સમજાયેલ છે. જ્યારે ૫.૫ % ઉત્તરદાતાઓને વ્યસનની નિરર્થકતા સમજાયેલ નથી. આમ કહી શકાય કે સંસ્થાનું વાતાવરણ, ધાર્મિક પ્રવૃત્તિને કારણે તથા વ્યસનથી થતાં નુકશાન અંગે સંસ્થા દ્વારા અપાતી માહિતીને કારણે કુલ નિદર્શનો મોટો ભાગ વ્યસનની નિરર્થકતા સમજે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા વ્યસનમુક્તિ માટે થતાં પ્રયત્નોથી ઉત્તરદાતાઓ વ્યસનથી દૂર રહેવું જોઈએ તેવી માન્યતા ધરાવતા થયા છે.

**૫.૨.૧૫ વ્યસનોમાંથી મુક્ત થવાના પ્રયત્નો :**

આપણે અગાઉ ચર્ચા કરી તેમ ઉત્તરદાતાઓ જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થાઓમાં વ્યસનમુક્તિ પર ભાર મૂકવામાં આવે છે. પરંતુ આજના યુવાનોની સ્થિતિ जानामि अधर्म न च में निवृत्ति, जानामि धर्म न च में प्रवृत्ति’ જેવી છે. યુવાનો વ્યસનથી થતા નુકશાનથી સુપેરે પરિચિત છે.

પરંતુ વ્યસનનું વળગણ પણ છે. વ્યસનથી મુક્ત થવા અને રહેવા ઉત્તરદાતાઓએ કોઈ પ્રયાસો કર્યા છે કે કેમ ? એવા પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવોનું વર્ગીકરણ નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

| કોષ્ટક – ૧૫ | | | | |
|---|---|---|---|---|
| **વ્યસનની નિરર્થકતા સમજાય છે ? તેનાથી મુકત થવા કોઈ પ્રયાસો કર્યા છે ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ** | | | | |
| ક્રમ | વ્યસનની નિરર્થકતા સમજાય છે. | | વ્યસનની નિરર્થકતા સમજાય નથી | કુલ સંખ્યા ટકાવારી |
| | વ્યસની ન હોય તેવા | વ્યસની હોય તેવા | | |
| | ૧૫૦<br>૭૫ % | ૪૦<br>૨૦ % | ૧૦<br>૫ % | ૨૦૦<br>૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે કુલ નિદર્શના વ્યસન ન હોય તેવા ૭૫ % ઉત્તરદાતાઓ વ્યસનની નિરર્થકતા સમજે છે. તેઓ હાલમાં વ્યસની નથી અને ધાર્મિક ઉપદેશ, સાંપ્રદાયિક વાંચનને કારણે કોઈપણ જાતનું વ્યસન કરવા પણ માંગતા નથી. કુલ નિદર્શના ૨૫ % વ્યસની ઉત્તરદાતાઓમાંથી ૨૦ % ઉત્તરદાતાઓને પણ વ્યસનની નિરર્થકતા સમજાઈ છે. આ ઉત્તરદાતાઓ સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું છે કે સંસ્થાનું વાતાવરણ સંતોનો ઉપદેશ અને વ્યસનથી થતાં નુકશાનને તેઓ લક્ષમાં લે છે અને તેઓને નિરર્થકતા સમજાય છે. સંસ્થાનું ધાર્મિક વાતાવરણ તેઓ પર અસર પાડતુ થયું છે. જેને કારણે તેઓ વ્યસન નિરર્થક છે તેવું માનતા થયા છે. જ્યારે કુલ નિદર્શના ૫ % ઉત્તરદાતાઓને હજુ વ્યસનની નિરર્થકતા સમજાયેલ નથી. જેના કારણે શારીરિક સ્વાસ્થ્ય અંગેની બેદરકારી, કુટુંબ પ્રત્યેની બેજવાબદારી તેમજ વ્યસનની પડી ગયેલી ટેવ ગણી શકાય.

ઉપર્યુક્ત પ્રશ્નના અનુસંધાનમાં ક્યા પ્રયત્નોને કારણે વ્યસનની નિરર્થકતા સમજાઈ ? તેવા પ્રશ્નના સંદર્ભમાં કુલ નિદર્શના ૨૦ % વ્યસન કરતા હોય તેવા ઉત્તરદાતાઓમાંથી ૯ % ઉત્તરદાતાઓએ ધાર્મિક વાંચન દ્વારા વ્યસનોથી મુક્ત થવા પ્રયત્નો કર્યા છે. જ્યારે ૧૦ %

ઉત્તરદાતાઓએ સત્સંગ દ્વારા વ્યસનોથી મુક્ત થવા પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત કુલ નિદર્શના ૧ % ઉત્તરદાતાઓએ અન્ય પ્રયત્નો જેવાં કે, વડીલોનું માર્ગદર્શન, મિત્રોની સલાહ તેમજ અન્ય લોકોને થતી બિમારી પરથી બોધપાઠ લઈને વ્યસનની નિરર્થકતા સમજી વ્યસનોથી મુક્ત થવા પ્રયાસો કર્યા છે.

આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સમાજને સ્વસ્થ રાખવા માટેના હાથ ધરાતા પ્રયાસોથી ઉત્તરદાતાઓ ઉપર અસર થાય છે અને તેઓ વ્યસનની નિરર્થકતા સમજતા થયા છે.

**૫.૨.૧૬ કુટુંબના સભ્યોને વ્યસન છોડાવવા અંગે :**

પ્રસ્તુત સંશોધન એ પરિવર્તન અને વિકાસનો અભ્યાસ કરવા માટેનું છે. પસંદ કરેલા નિદર્શના ઉત્તરદાતાઓ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ચલાવાતી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. આપણે અગાઉ જોયું તેમ કોલેજ સાથે જોડાયેલા ઉત્તરદાતાઓ તો વ્યસનની નિરર્થકતા સમજે છે. પરંતુ આ પરિવર્તનની અસર તેના ઘર સુધી પહોંચે એ એક આદરણીય બાબત છે. આ માહિતી મેળવવા ઉત્તરદાતાઓના ઘરમાં કે મિત્રને વ્યસન હોય તો તે છોડાવવા ઉત્તરદાતા પ્રયત્ન કરે છે કે કેમ ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં આપી છે.

**કોષ્ટક – ૧૬**

**ઘરમાં કે મિત્રને વ્યસન હોય તો છોડાવવા પ્રયત્ન કરો છો ?**
**તે અંગે ઉત્તરદાતા તરફથી પ્રાપ્ત થયેલ મંતવ્યોના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | કોઈને વ્યસન હોય તો છોડાવવા પ્રયત્ન કરો છો ? | હા | ૧૮૩ | ૯૧.૫ % |
| | | ના | ૧૭ | ૮.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી પરથી જોઈ શકાય છે કે કુલ નિદર્શના ૯૧.૫ % ઉત્તરદાતાઓ વ્યસનમુક્તિની મહત્તા સમજી અન્યને પણ વ્યસનથી દૂર રહેવા સમજાવે છે. આમ સંસ્થાનું ધાર્મિક વાતાવરણ તેઓ પર અસર પાડે છે. જે પોતાનામાં તો પરિવર્તન લાવે જ છે પણ અન્યને

પણ સન્માર્ગે વાળવામાં મદદરૂપ થાય છે. આમ ઉત્તરદાતા પોતે પરિવર્તનની કેડી પર ચાલી વિકાસ કરે છે. પરંતુ અન્યને પણ આ માર્ગે ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે.

**૫.૨.૧૭ અંધશ્રદ્ધા અંગેના મંતવ્યો :**

વિજ્ઞાનના આ યુગમાં આજે પણ માનવ કેટલાંક વ્હેમો અને અંધશ્રદ્ધાને દૂર કરી શક્યો નથી. ગ્રહો, માન્યતાઓ, વ્હેમોમાં અટવાયેલો માનવી એવું માની રહ્યો છે કે તેની સમસ્યાઓ તેના દુઃખો દૂર કરવામાં આ બધી જ બાબતોને સહાયક બનાવવી જરૂરી છે. લોકોની આ અંધશ્રદ્ધા દૂર કરવામાં સ્વામિનારાયણ સંપ્રદાયે અગત્યની ભૂમિકા પૂરી પાડી છે. આજના વૈજ્ઞાનિક યુગમાં ગ્રહોની ગતિ, ગ્રહણ વગેરેની ચોક્કસ આગાહી શક્ય બની છે. આથી હવે સામાન્ય માણસ પણ આવી ઘટનાઓને સહેલાઈથી સમજી શકે છે. ગ્રહોની યુતિ, ઉલ્કા વર્ષા અને ધૂમકેતુનું દેખાવું વગેરે જેવી અનેક ખગોળીય ઘટનાઓ સમજવા માટેનો વૈજ્ઞાનિક આધાર પ્રાપ્ત થયો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં પણ ભૂવા, ડાકલાં, ગ્રહનું નડતર, પનોતિના કારણે થતી અવદશા, અપશુકન જેવી બાબતો ભગવાનના ભક્તને ઉપાધિ કરતી નથી તેવું વચનામૃત પ્રથમના ૩૭માં પ્રકરણ ''દેશ વાસનાનું - અગિયાર પદવીનું.''માં સ્પષ્ટ રીતે જણાવેલ છે.[૧] પ્રસ્તુત સંશોધન માટે નિદર્શમાં પસંદ થયેલા ઉત્તરદાતાઓ ગ્રહ, પનોતિ અને અપશુકન વગેરેમાં વિશ્વાસ ધરાવે છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૭**

**ગ્રહ, પનોતિ અને અપશુકનમાં વિશ્વાસ અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | તમે ગ્રહ, પનોતિ, અપશુકનમાં વિશ્વાસ ધરાવો છો ? | હા | ૪૦ | ૨૦ % |
| | | ના | ૧૬૦ | ૮૦ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

(૧) સદ્. મુક્તાનંદસ્વામી, સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી અને સદ્.સુખાનંદસ્વામી''વચનામૃત'', સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૬. પાના નં. ૯૨

ઉપર્યુક્ત માહિતી પરથી જોઇ શકાય છે કે કુલ નિદર્શના ૮૦ % ઉત્તરદાતાઓ ગ્રહ, પનોતિ અને અપશુકનમાં વિશ્વાસ ધરાવતા નથી. જ્યારે ૨૦ % ઉત્તરદાતાઓ ગ્રહ, પનોતિ અને અપશુકનમાં વિશ્વાસ ધરાવે છે. આમ અહીં ઘણી મોટી સંખ્યામાં ઉત્તરદાતાઓ વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે. તેઓ ભગવાનમાં શ્રદ્ધા ધરાવે છે. પરંતુ અંધશ્રદ્ધા નહીં. તેઓ પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થને મહત્વ આપે છે. આજે જ્યારે દરેક વર્તમાન પત્રોમાં રાશીવાર ભવિષ્યકથન આપે છે. ઈન્ટરનેટ પર ગ્રહોની અસર અને જ્યોતિષશાસ્ત્રને લગતી માહિતી ઉપલબ્ધ છે. મોબાઈલ નેટવર્ક પર પ્રખ્યાત જ્યોતિષવિદ્ બેજાન દારૂવાલા સાથે 'લાઈવ ચેટ' થઈ શકે છે. ત્યારે ગ્રહ, પનોતિ કે અપશુકન જેવી માન્યતાથી દૂર રહેવું તે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા શિક્ષણ ક્ષેત્રે અપનાવાતો આધુનિક અભિગમ સૂચવે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરાતાં હોવાથી સમાજમાં વૈજ્ઞાનિક સમજ કેળવાતા પરિવર્તન શક્ય બને છે. જે સમાજશાસ્ત્રીય રીતે એક મહત્વની ઘટના છે. સમાજશાસ્ત્રી ટેઈલરના મતાનુસાર, ''ધર્મ એટલે આધ્યાત્મિક સત્તામાં પૂર્ણ વિશ્વાસ રાખી મનુષ્ય ભયથી મુક્ત થવાની ઘટના.''[૧] પ્રસ્તુત સંશોધનમાં મળેલ પ્રતિભાવો પણ ઉપર્યુક્ત ઉક્તિને યથાર્થ ઠેરવે છે.

**૫.૨.૧૮ અંધશ્રદ્ધા અંગે મંતવ્ય :**

ધર્મ એ માનવ સંસ્કૃતિનું એક અંગ છે. સમાજને ટકાવી રાખતી સંગઠિત વર્તન ઢબ છે. ધર્મ હકારાત્મક કાર્યો ધરાવે છે તો ક્યારેક તેના નકારાત્મક પરિણામો પણ આવતા હોય છે. પ્રસ્તુત સંશોધનમાં ધર્મના હકારાત્મક પરિણામો જોવા મળે છે. મહર્ષિ કણાદે ધર્મની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે, 'य तो अभ्युदयानि श्रेयसासिद्धि : स धर्मः' [૨] એટલે કે વ્યક્તિના જીવનનો વિકાસ કરી શ્રેય અને સિદ્ધી તરફ લઈ જાય તે ધર્મ. આમ ધર્મ એ સમાજશાસ્ત્રીય રીતે વ્યક્તિને સમાજ સાથે સુસંવાદી બનાવી પરિવર્તનના પથ પર દોરે છે. ધર્મમાં શ્રદ્ધા હોવાથી વ્યક્તિ ધર્મના સિદ્ધાંતો, આજ્ઞા, ઉપાસનાને મહત્વ આપી જીવનમાં અપનાવે છે. પરંતુ ખોટા અર્થઘટનો, વ્હેમ અને

(૧) लवानिया, एम.एम. और शशी के. जैन - ''धर्म का समाजशास्त्र'', रिसर्च पब्लिकेशन, जयपुर-२. पृष्ठ नं -५) (२) ડૉ. વ્યાસ, રશ્મિબેન ત્રિ. - ''ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન'', સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ. ૧૯૯૭. પાના નં. ૫

ભયને કારણે સમાજમાં અંધશ્રદ્ધાનો પગપેસારો થાય છે. ઉદાહરણ તરીકે શીતળાનો રોગ એ બેક્ટેરીયાજન્ય રોગ છે. તે રોગ એકબીજાના સંપર્કમાં આવવાથી ફેલાય છે. પરંતુ સમાજમાં આ રોગને શીતળામાતાનો પ્રકોપ માનવામાં આવે છે. અને ભૂવા, ડાકલાને આમંત્રણ આપીને માતાજીને રીઝવવાના પ્રયત્નો કરવામાં આવે છે. કોઈપણ કાર્યમાં સફળતા કે નિષ્ફળતા મળવી એ વ્યક્તિ પર આધાર રાખે છે. પરંતુ લોકો નિષ્ફળતાને માર્ગમાં બિલાડી આડી ઉતરવી, માથા પર ગરોળી પડવાની ઘટના સાથે જોડે છે. અને સફળતાને સૌભાગ્યવતી સ્ત્રી સામી મળવી, ગાયના દર્શન થવા વગેરેની સાથે જોડે છે. પ્રસ્તુત સંશોધનમાં નિદર્શમાં પસંદ કરેલા યુવકો કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધા ધરાવે છે કે નહીં ? તે જાણવા માટે પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૮**

**અંધશ્રદ્ધા અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તમારા ઘરમાં અંધશ્રદ્ધાનું વાતાવરણ છે ? | હા | ૧૬ | ૮ % |
| | | ના | ૧૮૪ | ૯૨ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કુલ નિદર્શના ૯૨ % ઉત્તરદાતાઓમાં ઘરમાં કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધાનું વાતાવરણ ન હોવાનું જણાવે છે. જ્યારે માત્ર ૮ % ઉત્તરદાતાઓ જ તેમના ઘરમાં અંધશ્રદ્ધાનું વાતાવરણ હોવાનું જણાવે છે. આમ કુલ નિદર્શનો મોટો ભાગ અંધશ્રદ્ધામાં માન્યતા ધરાવતો નથી એ સામાજિક પરિવર્તન અને સ્વસ્થ સમાજનું નિર્દેશન કરે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો પણ માત્ર ભગવાનનો આશરો રાખી કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધાથી મુક્ત રહેવાનો નિર્દેશ કરે છે. પ્રસ્તુત સંશોધનમાં પણ મોટી સંખ્યામાં યુવાનો કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધા ધરાવતા નથી એ એક મહત્વની બાબત કહી શકાય. આમ ઉત્તરદાતાઓના ઘરમાં ધર્મના સાચા સ્વરૂપને સમજી શ્રદ્ધાનું વાતાવરણ છે અંધશ્રદ્ધાનું નહીં.

### ૫.૨.૧૯ પ્રેરણાદાયી પાત્ર અંગેનું મંતવ્ય :

ઘણી વ્યક્તિઓનું વ્યક્તિત્વ, તેઓએ મેળવેલી સફળતા અને પ્રાપ્ત કરેલા સદ્‌ગુણો બીજાને પ્રેરણાદાયી બનતા હોય છે. સફળતા પ્રાપ્ત કરવા માટે થોમસ આલ્વા એડિસને કરેલા અવિરત પ્રયત્નો આજની યુવાપેઢીને પ્રેરણા આપે છે. મહાત્મા ગાંધીજીના સત્યના પ્રયોગો સમાજને સત્યના માર્ગે ચાલવાની શીખ આપે છે. રામાયણમાં ભગવાન શ્રી રામનું અને મહાભારતમાં શ્રી કૃષ્ણનું પાત્ર સમાજના દરેક ક્ષેત્રને સ્પર્શે છે. ભગવાન સ્વામિનારાયણનું જીવન સામાજિક ઉત્થાન માટે દિશા ચીંધે છે. સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થનું વ્યક્તિત્વ યુવાનો માટે પ્રેરણાદાયી છે. મધર ટેરેસાનું જીવન દર્શન સેવાનો માર્ગ બતાવે છે. વર્તમાન રાષ્ટ્રપતિ ડૉ. કલામનું વ્યક્તિત્વ મહામાનવનો પરિચય આપે છે. આમ આવા પાત્રો સમાજમાં પરિવર્તન લાવવા માટે મહત્વનું યોગદાન આપે છે. પ્રસ્તુત સંશોધન પણ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ અંગેનું છે. આથી નિદર્શમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓને તમને જેને અનુસરવાનું મન થાય તેવું પાત્ર ક્યા ક્ષેત્રનું છે ? એવા પૂછાયેલા પ્રશ્નના અનુસંધાનમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૧૯**

**તમને અનુસરવાનું મન થાય તેવું પ્રેરણાદાયી પાત્ર ક્યા ક્ષેત્રનું છે ?**
**તે અંગેના ઉત્તરદાતાના મંતવ્યોના આધારે વર્ગીકરણ.**

| ક્રમ | ક્ષેત્રની વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધાર્મિક ક્ષેત્ર | ૧૮૦ | ૯૦ % |
| ૨ | રાજકીય ક્ષેત્ર | ૪૦ | ૨૦ % |
| ૩ | ઔદ્યોગિ ક્ષેત્ર | ૨૦ | ૧૦ % |
| ૪ | વિજ્ઞાન ક્ષેત્ર | ૧૮૦ | ૯૦ % |
| ૫ | રમતગમત ક્ષેત્ર | ૮૦ | ૪૦ % |
| ૬ | ફિલ્મ ક્ષેત્ર | ૩૦ | ૧૫ % |

ઉપર્યુક્ત માહિતી પરથી જાણવા મળ્યું છે કે જેટલા ઉત્તરદાતાઓને ધાર્મિક ક્ષેત્રના પાત્રને

અનુસરવાનું મન થાય છે તેટલા જ પ્રમાણમાં વૈજ્ઞાનિક ક્ષેત્રના પાત્રને અનુસરવાનું મન થાય છે. જેનું પ્રમાણ ૯૦ % જેટલું છે. સર આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહેલું છે કે, ***"Religion without science is blind and science without religion is lame"***[૧] આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા હાથ ધરાતા પ્રયત્નોને કારણે વિદ્યાર્થીઓ ધર્મને વૈજ્ઞાનિક રીતે સમજતા થયા છે. અને ચર્ચા કરતાં માલુમ પડ્યું કે ઉત્તરદાતાઓને ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી સ્વામિનારાયણ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ જેવા ધાર્મિક પાત્રો ઉપરાંત થોમસ આલ્વા એડિસન, આઈન્સ્ટાઈન, ન્યુટન, ડો. અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિક પાત્રોને અનુસરવાનું પસંદ કરે છે.

રમતગમતના ક્ષેત્રમાં મહાન રમતવીરો જેવાં કે સુનિલ ગાવસ્કર, દયાનંદ, વિશ્વનાથ આનંદ, તેંડુલકર અને સ્ટેફીગ્રાફ જેવા પાત્રોને અનુસરવાનું પસંદ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ કુલ નિદર્શના ૪૦ % છે.

રાજકીય ક્ષેત્રના પાત્રને અનુસરવાનું પસંદ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૨૦ % છે. ઉત્તરદાતાઓએ અહીં ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ જેવા પાત્રોને અનુસરવાનું પસંદ કરેલ છે.

ફિલ્મક્ષેત્રના પાત્રને પણ અનુસરવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૫ % જોવામાં આવ્યુ છે. અહીં ઉત્તરદાતાઓએ ચાર્લી ચેપ્લીન, રાજકપૂર, સુનીલદત્ત અને અમીતાભ બચ્ચન જેવા બનવાની ખેવના ધરાવે છે.

ઔદ્યોગિક ક્ષેત્રના કોઈ પાત્રને અનુસરવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ૧૦ % જણાયુ છે. જેમાં ઉત્તરદાતાઓએ ધીરૂભાઈ અંબાણી, રતન તાતા, જી.ડી. બિરલા, નારાયણમૂર્તિ, બિલ ગેટ્સ જેવા બનવાની ઝંખના રાખી છે.

આમ અહીં દરેક ઉત્તરદાતાઓએ પોતાનું Role Model નક્કી કરેલ છે અને તેને અનુસરીને પોતાના જીવનમાં પણ પરિવર્તન અને વિકાસ લાવવાં તત્પર છે એ એક મહત્વની બાબત છે.

(૧) ***Parker Barry - 'Einstein's Brainchild', Prometheus Books, New York. 2000 . Page 241)***

આમ સ્વામિનારાયણ સંપ્રદાય સમાજને ઉત્કૃષ્ટ કક્ષાના પાત્રો પુરા પાડવા સક્ષમ છે તેવું ઉપરના વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે.

**૫.૨.૨૦ ચારિત્ર્ય ઘડતર અને નીતિમત્તા અંગેનું મંતવ્ય :**

મહાત્મા સોક્રેટીસ કહેતા કે, ''બાળકના જીવનના પહેલા સાત વર્ષ મને આપો પછી તેને રાક્ષસના હવાલે કરી દેશો તો પણ તે બગડશે નહીં.''[૧] આ ઉક્તિ અનુસાર ચારિત્ર્ય અને નીતિમત્તાનું ઘડતર કરવાનું મહત્વનું કામ શિક્ષક પર અવલંબે છે. ચારિત્ર્ય અને નીતિમત્તાનું વિદ્યાર્થી અવસ્થામાં મળેલું શિક્ષણ વ્યક્તિનો વિકાસ કરી ઉમદા વ્યક્તિ બનાવે છે. ચોરી કરવી નહીં અને અસત્ય બોલવું નહીં એવી શાળામાં મળેલી શીખામણે ગાંધીજીને સત્યના પુજારી બનાવ્યા તે સર્વવિદીત છે. પ્રસ્તુત સંશોધનના અનુસંધાનમાં નિદર્શ માટે પસંદ થયેલી શૈક્ષણિક સંસ્થામાં વ્યક્તિગત ચારિત્ર્ય ઘડતર અને નીતિમત્તા અંગે કોઈ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૨૦**

**સંસ્થામાં વ્યક્તિગત ચારિત્ર્ય ઘડતર અને નીતિમત્તા અંગે કોઈ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થામાં વ્યક્તિગત ચારિત્ર્ય ઘડતર અને નીતિમત્તા અંગે કોઈ માર્ગદર્શન આપવામાં આવે છે કે કેમ ? | હા | ૨૦૦ | ૧૦૦ % |
| | | ના | – | – |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે તમામ ઉત્તરદાતાઓના મતે સંસ્થામાં વ્યક્તિગત ચારિત્ર્ય ઘડતર અને નીતિમત્તા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ચર્ચા કરતા માલુમ પડેલ છે કે આવા માર્ગદર્શન માટે વૈજ્ઞાનિકોના જીવન ચરિત્રો, મહાનસંતોના જીવન ચરિત્રો વગેરેથી પ્રસંગોપાત વિદ્યાર્થીઓને અવગત કરાય છે. સંપ્રદાયનો મુખ્યગ્રંથ શિક્ષાપત્રીમાં ચારિત્ર્ય અને

(૧) ગુજરાત સમાચાર દૈનિક, તા. ૧૩-૧-૦૬, પાના નંબર -૧

નીતિ અંગેના શ્લોકોનું પઠન કરી તેની સમજ આપવામાં આવે છે. આમ ચારિત્ર્યશીલ અને નીતિવાન સમાજના ઘડતર દ્વારા પરિવર્તન અને વિકાસ માટે સ્વામિનારાયણ સંપ્રદાય સતત પ્રયત્નશીલ છે.

**૫.૨.૨૧ સંસ્થામાં જોડાયા પહેલાંના અને પછીના ધ્યેયો :**

વ્યક્તિની પ્રત્યેક ક્રીયા ધ્યેયલક્ષી હોય છે. વ્યક્તિ પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વૈકલ્પિક સાધનો અને શરતોને અર્થપૂર્ણ રીતે અપનાવે છે.

ધ્યેય વગરનો માનવી સઢ વિનાના વહાણ જેવો હોય છે. મનુષ્યના જીવનમાં ધ્યેય નક્કી ન હોય તો વ્યક્તિનો વિકાસ યોગ્ય રીતે થતો નથી. પ્રસ્તુત સંશોધનમાં પરિવર્તન અને વિકાસનો અભ્યાસ કરવાનો હોવાથી ઉત્તરદાતા હાલની શૈક્ષણિક સંસ્થામાં જોડાયા તે પહેલાં તેઓના જીવનનું ધ્યેય શું હતું ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – ૨૧**

**અહીં અભ્યાસમાં જોડાયા પહેલાં તમારા જીવનનું ધ્યેય શું હતું ?**

**તે અંગે ઉત્તરદાતા તરફથી પ્રાપ્ત થયેલા મંતવ્યોના આધારે વર્ગીકરણ.**

| ક્રમ | અભ્યાસમાં જોડાયા પહેલાનું જીવનનું ધ્યેય | સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | અર્થ ઉપાર્જન કરવું | ૧૮૦ | ૯૦ % |
| ૨ | રાષ્ટ્રસેવા કરવી | ૧૬ | ૮ % |
| ૩ | સમાજસેવા કરવી | ૩૨ | ૧૬ % |
| ૪ | પદવી પ્રાપ્ત કરવી | ૧૯૮ | ૯૯ % |
| ૫ | ચારિત્ર્યનું ઘડતર કરવું | ૧૨૪ | ૬૨ % |

ઉપર્યુક્ત માહિતી પરથી જોઇ શકાય છે કે કુલ નિદર્શના ૯૯ % ઉત્તરદાતાઓનો ધ્યેય અભ્યાસ કરીને પદવી પ્રાપ્ત કરવાનો હતો. ત્યારપછીના ક્રમે અર્થ ઉપાર્જનનું ધ્યેય રાખનારા ઉત્તરદાતાઓ ૯૦ %, ચારિત્ર્ય ઘડતરનું ધ્યેય રાખનારા ૬૨ % ઉત્તરદાતાઓ, સમાજસેવાનું ધ્યેય રાખનારા ઉત્તરદાતાએ ૧૬ % અને રાષ્ટ્રસેવાનું ધ્યેય રાખનારા ઉત્તરદાતાની સંખ્યાનું

પ્રમાણ ૮ % જોવામાં આવ્યું. ઉપરના વિશ્લેષણ પરથી જોઇ શકાય છે કે ઉત્તરદાતાઓ સંસ્થામાં અભ્યાસ માટે જોડાયા તે પહેલાં તેઓનું ધ્યેય સમાજમાં જે સામાન્ય ધ્યેય હોય છે કે ભણીને નોકરી કરવી અને અર્થ ઉપાર્જન કરવું. એ સિવાય કોઇ મહત્વનું ધ્યેય ન હતું. રાષ્ટ્રસેવા કરવી, સમાજસેવા કરવી, ચારિત્ર્યનું ઘડતર કરવું જેવી મહત્વની બાબતો અંગે ઉત્તરદાતાઓ જાગ્રત ન હતા તેવું કહી શકાય. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય એ માટે વિદ્યાર્થીઓને ઘરમાં સંસ્કારી વાતાવરણ મળવું જોઇએ. કુટુંબમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થતુ હોવું જોઇએ. હવેના પ્રશ્નમાં સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત સંસ્થામાં અભ્યાસ કરવાથી ધ્યેયમાં શો ફેરફાર આવ્યો છે ? તે હવે પછીના વિશ્લેષણમાં નીચે પ્રમાણે વર્ગીકૃત કરેલ છે.

**કોષ્ટક – ૨૧.૧**

**અહીં અભ્યાસમાં જોડાયા બાદ તમારા જીવનનું ધ્યેય શું હતું ?**
**તે અંગે ઉત્તરદાતા તરફથી પ્રાપ્ત થયેલા મંતવ્યોના આધારે વર્ગીકરણ.**

| ક્રમ | અભ્યાસમાં જોડાયા બાદનું જીવનનું ધ્યેય | સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | અર્થ ઉપાર્જન કરવું | ૧૭૨ | ૮૬ % |
| ૨ | રાષ્ટ્રસેવા કરવી | ૪૫ | ૨૨.૫ % |
| ૩ | સમાજસેવા કરવી | ૮૦ | ૪૦ % |
| ૪ | પદવી પ્રાપ્ત કરવી | ૧૭૫ | ૮૭.૫ % |
| ૫ | ચારિત્ર્યનું ઘડતર કરવું | ૧૮૫ | ૯૨.૫ % |

ઉપરના કોષ્ટક પરથી જોઇ શકાય છે કે સંસ્થામાં જોડાયા બાદ અર્થ ઉપાર્જન અને પદવી પ્રાપ્ત કરવા માટેનું જ ધ્યેય રાખનારા ઉત્તરદાતાઓ અનુક્રમે ૮૬ % અને ૮૭.૫ % જોવા મળ્યું છે. આ માહિતી કોષ્ટક – ૨૧માં મળેલી માહિતી કરતાં ઓછી ટકાવારી દર્શાવે છે. આમ કહી શકાય કે સંસ્થામાં જોડાયા બાદ ઉત્તરદાતાઓ સ્વકેન્દ્રિયપણું છોડી સર્વતોમુખી વિકાસ સાધવા તત્પર બન્યા છે. રાષ્ટ્રસેવા કરવી, સમાજ સેવા કરવી, ચારિત્ર્યનું ઘડતર કરવું વગેરે ધ્યેય રાખનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધ્યું છે. જે અનુક્રમે ૨૨.૫ %, ૪૦ % અને ૯૨.૫ % જણાયું છે. આમ ઉત્તરદાતાઓને સમાજસેવાનું મહત્વ સમજાયું છે. રાષ્ટ્રસેવા કરવા માટે તત્પર

બન્યા છે અને ચારિત્ર્ય ઘડતરનું મહત્વ પણ સમજતા થયા છે.

આમ અહીં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે સંસ્થામાં જોડાયા પહેલાં ઉત્તરદાતાઓનું જે ધ્યેય હતુ તેમાં બદલાવ આવ્યો છે. આ બદલાવનું કારણ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓનો સમગ્રતયા વિકાસ થાય તેવું આયોજન, સંપ્રદાયના સિદ્ધાંતો તથા વિદ્યાર્થીઓને મળતું ઉત્તમ પ્રકારનું શિક્ષણ છે તેમ કહેવું સહેજ પણ અયોગ્ય નથી. આમ સ્વામિનારાયણ સંપ્રદાયે ઉત્તરદાતાઓને રાષ્ટ્ર પ્રત્યેના, સમાજ પ્રત્યેના તથા કુટુંબ પ્રત્યેના ઉતરદાયિત્વનું ભાન કરાવવામાં નિમિત્ત બન્યો છે. વધારે સારું ધ્યેય નક્કી કરીને વ્યક્તિ નિશ્ચિતરૂપથી પોતાનો વિકાસ સાધી શકે છે. જેને કારણે સામાજિક પરિવર્તન શક્ય બને છે.

**૫.૨.૨૨ વર્તનમાં સામ્યતા અંગેનો પ્રતિભાવ :**

પ્રસ્તુત સંશોધન એ ઉત્તરદાતાઓના જીવનમાં આવેલ પરિવર્તન અને વિકાસ સંબંધી છે. મનુષ્યનું વર્તન તેણે સાધેલ વિકાસ અને ખીલવેલા સદ્દગુણોનું દ્યોતક છે. આના અનુસંધાનમાં ઉત્તરદાતાના સંસ્થાના અને ઘરના વર્તનમાં સામ્યતા છે ? તે અંગે પૂછેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૨૨**

**સંસ્થા અને ઘરના વર્તનમાં સામ્યતા છે ?**

**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થા અને ઘરના વાતાવરણમાં સામ્યતા છે ? | હા | ૧૨૩ | ૬૧.૫ % |
| | | ના | ૭૭ | ૩૮.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી અનુસાર કુલ નિદર્શના સૌથી વધારે ૬૧.૫ % ઉત્તરદાતાઓ તરફથી મળેલા પ્રતિભાવ પ્રમાણે તેઓના સંસ્થા ખાતેના તથા પોતાની રજાઓ દરમ્યાન ઘરમાં રોકાણના સમયે વર્તનમાં સામ્યતા જણાય છે. જ્યારે કુલ નિદર્શના સૌથી ઓછા ૩૮.૫ % ઉત્તરદાતાઓ

સ્વીકારે છે કે તેમના સંસ્થા ખાતેના સમયગાળા દરમ્યાન અને રજાઓ દરમ્યાન ઘરમાં વિતાવેલ સમયગાળા દરમ્યાન વર્તનમાં જુદાપણું છે. સંસ્થા ખાતે નીતિમત્તા, ચારિત્ર્ય, શિસ્ત, અભ્યાસની મહત્તા અંગે મળતા માર્ગદર્શનને કારણે ઉત્તરદાતાનું વર્તન સંસ્થામાં ઘણું સૌમ્ય હોવાનું બની શકે. આમ ઉત્તરદાતાને સંસ્થામાં મળતું માર્ગદર્શન એ પરિવર્તન અને વિકાસની કેડી તરફ દોરી જાય છે.

ઉપર્યુક્ત પ્રશ્નના અનુસંધાનમાં જ વર્તનમાં સામ્યતા લાવવા માટેના પ્રયત્નો અન્વયે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક – ૨૨.૧**

**સંસ્થા અને ઘરના વર્તનમાં સામ્યતા ન હોય તો લાવવા પ્રયત્ન કરો છો ?**
**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | સંસ્થા અને ઘરના વાતાવરણમાં સામ્યતા ન હોય તો લાવવા પ્રયત્ન કરો છો ? | હા | ૧૮૪ | ૯૨ % |
| | | ના | ૧૬ | ૮ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

આ માહિતી મુજબ કુલ નિદર્શના સૌથી વધુ ૯૨ % ઉત્તરદાતાઓ એવું કબુલ કરે છે કે તેઓ પોતાની સંસ્થામાં દાખવે છે તેવું જ વર્તન પોતાના ઘરે દાખવી શકે તે માટે પ્રયત્નો કરે છે. જ્યારે કુલ નિદર્શના સૌથી ઓછા ૮ % ઉત્તરદાતાઓ નિખાલસપણે એવું કબુલ કરે છે કે તેઓ વર્તનમાં સામ્યતા લાવવા પ્રયત્નશીલ નથી. નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાઓ વર્તનમાં સામ્યતા લાવવા માટે જાગૃત છે. આ માટે સંસ્થા ખાતેથી મળતું ઉમદા માર્ગદર્શન, સંસ્થા દ્વારા થતું ચારિત્ર્ય ઘડતર, સંસ્થા દ્વારા સમજાવવામાં આવતું શ્રમનું મહત્વ અને ધાર્મિક પૃષ્ઠભૂમિ જેવા પરિબળો જવાબદાર છે.

### ૫.૨.૨૩ શિક્ષણ અને ધર્મનો સંબંધ :

સમાજશાસ્ત્રી હફડીંગના મતાનુસાર ''ધર્મ સામાજિક મૂલ્યોની રક્ષા કરે છે અને આ મૂલ્યોનું

સમાજમાં વહન કરવાનું માધ્યમ બને છે.''[1] શિક્ષણ પણ સમાજમાં નૈતિક મૂલ્યોનું સ્થાપન અને વહન કરતું એક આદર્શ માધ્યમ છે. આથી આ બન્ને માધ્યમોનો સમન્વય થવો જોઈએ કે નહીં ? અને સમન્વય થાય તો કેવું પરિણામ આવે ? તે જાણવું અત્યંત જરૂરી છે. આ માટે ઉત્તરદાતાઓને શિક્ષણની સાથે ધર્મનો સમન્વય થવાથી સારું પરિણામ આવી શકે તે અંગે મળેલા મંતવ્યોના આધારે કરેલું વર્ગીકરણ નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક – ૨૩**

**શિક્ષણની સાથે ધર્મનો સમન્વય થવાથી સારું પરિણામ આવી શકે ?**
**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષણની સાથે ધર્મનો સમન્વય થવાથી સારું પરિણામ આવી શકે ? | હા | ૧૯૧ | ૯૫.૫ % |
| | | ના | ૯ | ૪.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કુલ નિદર્શના ૯૫.૫ % ઉત્તરદાતાઓ શિક્ષણની સાથે ધર્મનો સમન્વય થાય તો સારું પરિણામ આવી શકે તેવું માને છે. જ્યારે માત્ર ૪.૫ % ઉત્તરદાતાઓ ઉપર્યુક્ત મંતવ્ય સાથે અસંમત છે.

શિક્ષણની સાથે ધર્મનો સમન્વય એ આપણી સંસ્કૃતિની આગવી પરંપરા છે. રામાયણ કાળમાં ગુરુ વશિષ્ટ ભગવાન શ્રી રામ સહિત ચારેય ભાઈઓને શિક્ષણની સાથે ધર્મનું જ્ઞાન પણ આપતા હતા. મહાભારત કાળમાં ગુરુ દ્રોણાચાર્ય કૌરવો તથા પાંડવોને, ગુરુ સાંદિપની ભગવાન શ્રી કૃષ્ણને શિક્ષણની સાથે ધર્મ પણ સમજાવતા. આદ્ય શંકરાચાર્યે પણ બદ્રીમઠ, શ્રુંગેરીમઠ, ગોવર્ધનમઠ, શારદામઠ સ્થાપી શિક્ષણનો ધર્મ સાથે સમન્વય કરેલો એ સર્વવિદિત છે. સ્વામી શ્રદ્ધાનંદે સ્થાપેલું કાંગડી ગુરુકુળ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે.

અર્વાચીનકાળમાં પણ જુદા જુદા સંપ્રદાયોએ મંદિરોની સાથે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના

(१) लवानिया, एम.एम. और शशी के. जैन - ''धर्म का समाजशास्त्र'', रिसर्च पब्लिकेशन, जयपुर-२. पृष्ठ नं -६)

કરી છે. ભગવાન સ્વામિનારાયણે સંપ્રદાયના પાયાના ગ્રંથ શિક્ષાપત્રીના ૧૩૨માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે ''વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટુ પુણ્ય થાય છે.''[૧] આમ તેઓ શૈક્ષણિક સંસ્થાઓ (ગુરુકુળ)ની સ્થાપના દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિ કરવા માટે અંગુલી નિર્દેશ કરેલ છે. આ નિર્દેશ અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સર્વતોમુખી પ્રતિભા ઉપસાવવા પ્રયત્નશીલ છે. આવી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ તો મળે જ છે. પરંતુ તેઓને યોગ, સંગીત, વર્તનની ઉત્તમ રીતભાત અને સામાજિક મૂલ્યોના જતન અંગે પણ માર્ગદર્શન મળે છે. ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓને શિક્ષણ દ્વારા નફો રળવાનું મહત્વ હોતુ નથી. આથી તેઓ વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાની શૈક્ષણિક વ્યવસ્થાની ગોઠવણ કરી શકે છે. વિદ્યાર્થીઓને પણ ઉત્તમ શિક્ષણ મળી રહે અને કારકિર્દીનો વિકાસ થાય તેવી અપેક્ષા હોય તે સહજ છે. સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાં આ અપેક્ષા પરિપૂર્ણ થાય છે. વિદ્યાર્થીના વિકાસ માટે કારકિર્દીલક્ષી આયોજન થાય છે. ઉત્તરદાતાના વાલીઓ પણ પોતાના સંતાનોનો સર્વાંગી વિકાસ થાય, ઉત્તમ સંસ્કારોનું સિંચન થાય તેવી અપેક્ષા ધરાવતા હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત સંસ્થાઓમાં આ અપેક્ષા સંતોષવા માટેનો પ્રમાણિક પ્રયત્ન કરવામાં આવે છે. વ્યસનમુક્તિ અને સદાચારની શીખ આપી વિદ્યાર્થી સમાજમાં ગૌરવભર્યું સ્થાન પામી શકે તેવી રીતે તેની કારકિર્દીનું ઘડતર થાય છે. જે સમાજમાં પરિવર્તનની ખુશબુ ફેલાવે છે.

**૫.૨.૨૪ સંસ્થા અંગે ઉત્તરદાતાનો અભિપ્રાય :**

ધર્મ કાર્યાત્મક અગત્યતા ધરાવતી સંસ્થા છે. ધર્મ વ્યક્તિને નૈતિક શિક્ષણ પુરૂ પાડે છે. તો સાથોસાથ સામાજિક મૂલ્યોની કેળવણી પણ ધાર્મિક સંપ્રદાયો દ્વારા પૂરી પાડવામાં આવે છે. આધુનિક યુગમાં ધાર્મિક સંપ્રદાયો દ્વારા ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ પુરૂ પાડવાના આશયથી શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરવામાં આવી છે, જે સંસ્થાઓ પોતાના વિદ્યાર્થીઓને

(૧) ભગવાન સ્વામિનારાયણ - ''શિક્ષાપત્રી,'' સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. પાના નં. ૪૨

સંપ્રદાયના હેતુઓના સંદર્ભ સાથે સુશિક્ષિત બનાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાય પણ નૈતિક શિક્ષણ, મુલ્યાભિમુખ શિક્ષણ તેમજ સમાજસેવાના સંદર્ભને ધ્યાનમાં રાખીને પોતાની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ આપી અને વ્યક્તિ અને સમાજના વિકાસમાં ફાળો આપે છે. આ સંસ્થાઓ દ્વારા યુવાનો સદાચારને માર્ગે આગળ વધે અને નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કરી શકે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન માટે નિદર્શમાં પસંદ થયેલા ઉત્તરદાતાઓનો સંસ્થા વિશે કેવો અભિપ્રાય છે તે જાણવા માટે ઉત્તરદાતા અન્ય વિદ્યાર્થીઓને આવી સંસ્થામાં અભ્યાસ કરવાની સલાહ આપશે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતીનું વિશ્લેષણ નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક – ૨૪**

**આ સંસ્થામાં અભ્યાસ પૂરો કર્યા પછી તમે અન્ય વિદ્યાર્થીઓને આવી સંસ્થામાં અભ્યાસ કરવાની સલાહ આપશો ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અન્ય વિદ્યાર્થીઓને આવી સંસ્થામાં અભ્યાસ કરવાની સલાહ આપશો ? | હા | ૧૯૩ | ૯૬.૫ % |
| | | ના | ૭ | ૩.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

આ સંસ્થામાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થી ઉત્તરદાતાઓએ જે ઉત્તર આપ્યા છે તેના આધારે સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થીઓ આ સંસ્થાની શૈક્ષણિક પદ્ધતિથી પ્રભાવિત થયા છે. તેઓ પોતે અનુભવે છે કે આ સંસ્થાની શિક્ષણ પ્રણાલીકાએ તેમના વ્યક્તિત્વના ઘડતરમાં, તેમના વિકાસમાં મહત્વનું યોગદાન પુરૂ પાડેલ છે. આથી જ ૯૬.૫ % જેટલા વિદ્યાર્થીઓએ જણાવેલું કે તેઓ અન્ય વિદ્યાર્થીઓને સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષણ સંસ્થામાં અભ્યાસની સલાહ આપશે કેમ કે આ પ્રતિભાવનું કારણ ઉત્તરદાતાઓને મળતું શિક્ષણ, શિક્ષણની ગુણવત્તા અને વ્યક્તિત્વનો વિકાસ કરવાની ઉત્તરમ તક સંસ્થા દ્વારા પુરી પડાતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. ઉત્તરદાતાઓ પોતાને મળતા શિક્ષણથી સંતુષ્ટ છે. ઉત્તરદાતામાં આવેલ પરિવર્તન અને પોતે

સાધેલ વિકાસનો યશ તેઓ સંસ્થાને આપે છે. નિદર્શના માત્ર ૩.૫ % ઉત્તરદાતાઓ પ્રશ્નના સંદર્ભમાં નકારાત્મક પ્રતિભાવ આપે છે. જેનું કારણ વ્યક્તિગત જેમ કે શહેરમાં અભ્યાસ માટે થતો ખર્ચ, શિસ્તનો આગ્રહ અને ધ્યેય વિહિનતા જાણવામાં આવ્યું છે.

આમ ઉત્તરદાતા તરફથી મળેલ ઉપર્યુક્ત પ્રતિભાવ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત સંસ્થાની શ્રદ્ધેયતા પર પ્રકાશ ફેંકે છે.

**૫.૨.૨૫ પૂજા-પાઠ અને પ્રાર્થના અંગે ઉત્તરદાતાઆનો અભિપ્રાય :**

ધર્મ સાથે વિધી વિધાનો તેમજ પૂજા પાઠ સંકળાયેલા હોય છે. દુનિયાના મોટાભાગના ધર્મ સાથે આ બાબત સંકળાયેલી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ પૂજા-પાઠ અને નિત્યવિધીઓનું મહત્વ રહ્યું છે. હકીકતમાં પૂજા-પાઠ એ એક પ્રકારનો સંયમ તેમજ શિસ્ત શિખવતી બાબત છે. ઉપરાંત તેના દ્વારા મનને સ્થિર કરવાની તેમજ માનસિક અને આત્મિક ચેતનાને જગાડવાની તાલિમ પ્રાપ્ત થતી હોઈ, સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિયમિત પૂજા-પાઠને મહત્વ અપાયું છે. ઉપરાંત શિક્ષાપત્રીના પાઠ દ્વારા જીવન માટે જરૂરી એવી વાસ્તવિક તાલીમ તેમજ જીવનપદ્ધતિનું ઘડતર થતું હોય તેથી નિત્યપાઠ પર ભાર મૂકાયો છે. સવારમાં ઉઠ્યા બાદ જે વસ્તુ અને પદાર્થના દર્શન થાય તેનું મનન શરૂ થઈ જાય છે. જો આ વસ્તુ,પદાર્થ કે વ્યક્તિ શુભ અને સાત્વિક હશે, કલ્યાણકારક હશે તો વિચાર સાત્વિકતાસભર અને ઉમદા હશે.[૧] એ હેતુને ધ્યાનમાં રાખી અને શિક્ષાપત્રીના નિત્યપઠન તેમજ પૂજા, પ્રાર્થના સંબંધી પ્રશ્નના સંદર્ભમાં જે પ્રતિભાવો મળેલા છે તે કોષ્ટક ૨૫માં દર્શાવાયા છે.

(૧) સ્વામિનારાયણ દર્શન, વોલ્યુમ-૪, ૧૦મો અંક, સ્વામિનારાયણ ગુરુકુળ, હૈદરાબાદ. માર્ચ-૨૦૦૪. પાના નં.૨

## કોષ્ટક – ૨૫

### ઉત્તરદાતા નિયમિત પૂજા-પાઠ, પ્રાર્થના કરે છે ? તે અંગે ઉત્તરદાતા તરફથી મળેલ પ્રતિભાવના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ તમે નિયમિત પૂજાપાઠ - પ્રાર્થના કરો છો ? | | | | | | હા<br>૧૮૭ | ના<br>૧૩ | કુલ<br>૨૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| હા – જો 'હા' તો શા માટે ? | | | | | | | | |
| મનની એકાગ્રતા માટે | મનની શાંતિ માટે | ભગવાનમાં શ્રદ્ધા છે માટે | સદ્‌વિચાર માટે | આત્માની શુદ્ધિ માટે | કંઈક પ્રાપ્ત કરવા માટે | | સમયનો અભાવ છે માટે | |
| સં. ૨૪<br>ટકા. ૧૨ % | ૬૦<br>૩૦ % | ૩૨<br>૧૬ % | ૩૩<br>૧૬.૫ % | ૨૨<br>૧૧ % | ૧૬<br>૮ % | | ૧૩<br>૬.૫ % | ૨૦૦<br>૧૦૦ % |

ઉપરની માહિતી પરથી જોઈ શકાય છે કે કૂલ નિદર્શના ૯૩.૫ % ઉત્તરદાતાઓ નિયમિત પૂજા-પાઠ, પ્રાર્થના કરે છે. આ પૈકી એકાગ્રતા માટે ૧૨ %, મનની શાંતિ માટે ૩૦ %, ભગવાનમાં શ્રદ્ધા છે માટે ૧૬ %, સદ્‌વિચાર માટે ૧૬.૫ %, આત્માની શુદ્ધિ માટે ૧૧ % અને કંઈક પ્રાપ્ત કરવા માટે ૮ % ઉત્તરદાતાઓ પૂજા-પાઠ, પ્રાર્થના કરે છે. જ્યારે નિદર્શના ૬.૫ % ઉત્તરદાતાઓ પૂજા-પાઠ, પ્રાર્થના કરતા નથી. આ માટે તેઓ સમયના અભાવને જવાબદાર ઠેરવે છે.

વૈજ્ઞાનિક રીતે જોઈએ તો મનુષ્યના શરીરમાં Acetyl Choline (એસીટાઈલ કોલાઈન) નામનું રસાયણ સંવેદનાઓનું વહન કરે છે. જ્યારે આ પદાર્થનું પ્રમાણ વધે ત્યારે આપણું મગજ તાણ અનુભવે છે. અને ગુસ્સા પર કાબુ રહેતો નથી. પ્રાર્થના કરવાથી GABA - (Gamma Amino Butyric Acid) નામનું રસાયણ જે પણ સંવેદનાઓનું વહન કરે છે તેનું પ્રમાણ વધે છે. જેથી આપણું મગજ હળવાશ અનુભવે છે. અને એકાગ્ર બને છે.[1]

આમ પૂજા-પાઠ અને પ્રાર્થનાના મહત્વને વૈજ્ઞાનિક રીતે પણ સમર્થન મળે છે. આપણને મળેલ પ્રતિભાવોમાં પણ ઉત્તરદાતાઓ જીવનમાં પરિવર્તન અને વિકાસ સાધવા માટે પૂજા-પાઠ અને પ્રાર્થના કરે છે તેવું સ્વીકારે છે. આમ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોના પરિવર્તન અને વિકાસ માટે ઊંડો રસ લઈ ધાર્મિક તેમજ વૈજ્ઞાનિક અભિગમથી સુંદર પ્રયત્નો કરવામાં આવે છે.

(૧) સ્વામિનારાયણ દર્શન - વોલ્યુ.૫, ઈસ્યુ-૧૧, સ્વામિનારાયણ ગુરુકુળ, હૈદરાબાદ. માર્ચ-૨૦૦૫. પાના નં.૭

### ૫.૨.૨૯ ધાર્મિક વાંચન અંગેના અભિપ્રાય :

પુસ્તકો એ માનવીના જીવનનું ઘડતર કરનારા અમૂલ્ય સાધન છે. આથી જ પુસ્તકો માટે કહેવાયું છે કે, 'પુસ્તકો એ આપણાં જીવનપર્યંતના મિત્રો છે.' મોહમદ માંકડ પણ એમના પુસ્તક કેલિડોસ્કોપમાં જણાવે છે કે, ''પુસ્તકો માનવીના જીવનમાં વર્ષો નથી ઉમેરતાં પરંતુ વર્ષોમાં જીવન ઉમેરે છે.''[૧] વાંચનથી મનુષ્ય સમૃદ્ધ બને છે. પુસ્તકોનું વાંચન માનવીને વિવિધ ક્ષેત્રોનો પરિચય કરાવે છે. પરિવર્તન અને વિકાસમાં વાંચનનો શોખ મહત્વનો ભાગ ભજવે છે. પ્રસ્તુત સંશોધન એ ધર્મ સંબંધી સંશોધન હોવાથી ઉત્તરદાતાઓને ધાર્મિક વાંચનનો શોખ છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલાં પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક – ૨૯**

**તમને ધાર્મિક વાંચનનો શોખ છે ?**

**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તમને ધાર્મિક વાંચનનો શોખ છે ? | હા | ૧૭૦ | ૮૫ % |
| | | ના | ૩૦ | ૧૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

આ પ્રતિભાવ મુજબ કુલ નિદર્શના ૮૫ % ઉત્તરદાતાઓને ધાર્મિક વાંચનનો શોખ છે.જયારે ૧૫ % ઉત્તરદાતાઓ આવો શોખ ધરાવતા નથી. ધાર્મિક વાંચનમાં રામાયણ, ભગવદ્ ગીતા, વચનામૃત જેવા ધર્મગ્રંથો ઉપરાંત અખંડ આનંદ, સ્વામિનારાયણ પ્રકાશ, સત્સંગ પત્રિકા, ઋષિપ્રસાદ, જનકલ્યાણ જેવા સામયિકોનો સમાવેશ થાય છે. ધાર્મિક વાંચનથી સાત્વિક વિચારોનું સર્જન થાય છે. પ્રગતિના પથ પર ચાલવાનું બળ મળે છે અને ધર્મ, સંપ્રદાયની સાચી ઓળખ પ્રાપ્ત થાય છે. ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃતમાં પણ ભગવદ્ કથાવાર્તાનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાનું સૂચવેલ છે. ભગવાન સ્વામિનારાયણે તો ત્યાં સુધી કહેલ છે કે આ

(૧) માંકડ, મોહમદ – ''કેલિડોસ્કોપ'', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.)

સિવાય જીવને શુદ્ધ કરવાનો બીજો કોઈ ઉપાય નથી.[1] આમ ધાર્મિક વાંચનનો શોખ એ યુવા વર્ગને પરિવર્તન અને વિકાસના માર્ગ પર યાત્રા સુગમ અને ઝડપી બનાવે છે.

**૫.૨.૨૭ સંપ્રદાયની ધાર્મિક અને સેવાકિય પ્રવૃત્તિ અંગે મંતવ્ય :**

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સમાજના તમામ ક્ષેત્રોને આવરી લેતી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. આવી પ્રવૃત્તિઓ સમાજમાં પરિવર્તનની કેડી કંડારે છે. સ્વામિનારાયણ સંપ્રદાયે સમાજની દરેક સ્તરે પ્રગતિ થઈ શકે તેવા કાર્યો કરીને પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. પ્રસ્તુત સંશોધન માટે ઉત્તરદાતા સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિઓને આવકારે છે અને જો કોઈ પ્રવૃત્તિને આવકારે છે તો કઈ કઈ પ્રવૃત્તિને આવકારે છે ? તે પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૨૭**

**સ્વામિનારાયણ સંપ્રદાયની ધાર્મિક અને સેવાકિય પ્રવૃત્તિને આવકારો છો ?**
**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિને આવકારો છો ? | હા | ૧૯૧ | ૯૫.૫ % |
| | | ના | ૯ | ૪.૫ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત પ્રતિભાવ અનુસાર કુલ નિદર્શના ૯૫.૫ % ઉત્તરદાતાઓ સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિઓને આવકારે છે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા અનેકાવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. આ પ્રવૃત્તિઓમાં અઠવાડિક સત્સંગ સભા, યુવા શિબિરો, વ્યસનમુક્તિ ઝુંબેશ, દુષ્કાળરાહત, પૂરરાહત જેવી બૃહદ સમાજને સ્પર્શતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તા. ૨૬-૧૨-૨૦૦૪ના રોજ દક્ષિણ ભારતના દરિયા કાંઠે થયેલા 'ત્સુનામી પ્રકોપ' વખતે અસરગ્રસ્તોની

(૧) (વચનામૃત કારીયાણી પ્ર.-૧૨, કારણ શરીર ટાળ્યાનું - આંબલીના કચુકાનું. મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, સુખાનંદસ્વામી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ - ૨૦૦૩. પાના નં. ૨૭૦)

વ્હારે સૌ પ્રથમ પહોંચનાર સ્વામિનારાયણ સંપ્રદાયની સંસ્થાઓ હતી.[૧,૨,૩] આ અગાઉ તા. ૨૬-૧-૨૦૦૧ના ભૂકંપ વખતે પણ સ્વામિનારાયણ સંપ્રદાયની તમામ સંસ્થાઓએ ખાદ્યસામગ્રી, કપડાં, ગરમધાબળાં અને જીવન જરૂરિયાતની અનેક વસ્તુઓ પૂરી પાડી રાહત પ્રવૃત્તિને વેગવાન બનાવી હતી. ઉપર્યુક્ત બન્ને દુર્ઘટનાઓ બાદ અસરગ્રસ્ત લોકોના પૂર્નવસનની કામગીરીમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયે મૂખ્ય ભૂમિકા ભજવી છે. યોગી ડિવાઈન સોસાયટી, હરિધામ સોખડા (જી.વડોદરા) દ્વારા ઉક્ત ઘટનાઓને કારણે અનાથ બનેલા બાળકોને દત્તક લઈ તેઓના વસવાટ માટે 'વાત્સલ્યધામ' નામની સંસ્થાની સ્થાપના કરી છે.[૪] આ સંસ્થામાં અનાથ બાળકોને શિક્ષણની સાથે સંસ્કાર મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત સમાજસેવાની પ્રવૃત્તિઓ ઉપરાંત શિક્ષણની સાથે સંસ્કાર સિંચન તરફ લક્ષ આપવામાં આવે છે. જેનાથી સંતાનો માતા-પિતા અન વડીલોની આમન્યા રાખતા થયા છે. આદિવાસી સમાજ મોટાભાગે સાંપ્રત પ્રવાહોથી અલિપ્ત રહ્યો છે. આ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા, વ્હેમ અને રૂઢિચુસ્તતાને દૂર કરી તેઓનો સર્વાંગી વિકાસ થાય અને આદિવાસી સમાજમાં સ્વાસ્થ્ય, પરિવાર કલ્યાણ અને સાક્ષરતાના ક્ષેત્રોમાં જાગ્રતતા આવે તે માટે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પ્રશંસનિય કાર્ય થઈ રહ્યું છે.

નિદર્શમાં પસંદ થયેલા ઉત્તરદાતાઓ ઉપર્યુક્ત પ્રવૃત્તિઓમાંથી એક કરતા વધારે પ્રવૃત્તિઓને આવકારે છે. જેની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

(૧) સમાચાર પત્રો : દિવ્યભાસ્કર, ફૂલછાબ, સંદેશ તા. ૨૭-૧૨-૨૦૦૪ પાના નંબર ૧ અને ૨, (૨) સ્વામિનારાયણ પ્રકાશ, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ, જાન્યુઆરી ૨૦૦૫, કવરપેજ (૩) અને (૪) અક્ષરપુરૂષોત્તમ સત્સંગ પત્રિકા, હરિધામ સોખડા (જિ. વડોદરા) જાન્યુઆરી ૨૦૦૫, પાના નંબર ૪ અને મે-૨૦૦૧.

| કોષ્ટક – ૨૮ | | | |
|---|---|---|---|
| **સ્વામિનારાયણ સંપ્રદાયની વિવિધ પ્રવૃત્તિઓ અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ** | | | |
| ક્રમ | વિગત | સંખ્યા | કુલ |
| ૧ | સત્સંગ સભા | ૧૧૧ | ૫૫.૫ % |
| ૨ | યુવા શિબિરો | ૧૩૬ | ૬૮ % |
| ૩ | વ્યસનમુક્તિ | ૮૪ | ૪૨ % |
| ૪ | સમાજસેવા | ૬૨ | ૩૧ % |
| ૫ | સંસ્કારસિંચન | ૫૭ | ૨૮.૫ % |
| ૬ | આદિવાસી વિકાસ યોજના | ૪૬ | ૨૩ % |

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સમાજના સાર્વત્રિક વિકાસ માટે હાથ ધરાતી અને સમાજના દરેક ક્ષેત્રને સ્પર્શતી પ્રવૃત્તિઓ મોટાભાગના ઉત્તરદાતાઓ આવકારે છે. જે પૈકી ૪.૫ % ઉત્તરદાતાઓ સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિઓને આવકારતા નથી. તેઓને સંપ્રદાયની પ્રવૃત્તિઓનો પૂરતો પરિચય અને વ્યાપનો ખ્યાલ નથી તેવું સ્પષ્ટ થાય છે. કારણ કે સ્વામિનારાયણ સંપ્રદાયની સામાજિક પ્રવૃત્તિઓ કોઈ એક ગામ, રાજય અને ભારત દેશ પુરતી સિમિત ન રહેતાં વિશ્વફલક પર વિસ્તરી છે. જેને કારણે સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રવૃત્તિઓની નોંધ વિશ્વસ્તરે પણ લેવાઈ છે.

**૫.૨.૨૯ પરિવર્તનની આવશ્યકતા :**

આજના યુવાવર્ગ પર આવતીકાલનું ભવિષ્ય અવલંબન કરે છે. વી.આર. વીલીયમના મતાનુસાર ***Youth is the season of hope and energy to a nation as well as individual*** [૧] આ વિધાન અનુસાર યુવાવર્ગની આગવી ઓળખ ઊભી થાય અને સમાજના દરેક વર્ગને સ્પર્શે તો વિકાસ શક્ય બને તે માટે આજના યુવાવર્ગમાં પરિવર્તન આવશ્યક લાગે છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

(૧) પટેલ, અમીચંદભાઈ શા. - ''યોજના'', નવેમ્બર, ૨૦૦૧ પાના નં. ૨૦

| કોષ્ટક – ૨૯ | | | | |
|---|---|---|---|---|
| યુવાવર્ગમાં પરિવર્તન આવશ્યક લાગે છે ? તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ | | | | |
| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
| ૧ | યુવાવર્ગમાં પરિવર્તન આવશ્યક લાગે છે ? | હા | ૧૯૬ | ૯૮ % |
| | | ના | ૪ | ૨ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત પ્રતિભાવો અનુસાર કુલ નિદર્શના ૯૮ % ઉત્તરદાતાઓના મતે યુવાવર્ગમાં પરિવર્તન આવશ્યક છે. જ્યારે બહુ થોડા એટલે કે ૨ % ઉત્તરદાતાઓને યુવાવર્ગમાં પરિવર્તનની આવશ્યકતા જણાતી નથી. આ પરિવર્તન એટલે આધુનિક યુવાવર્ગની રીત-ભાત, વર્તન અને સ્વછંદી રહેણી-કરણીમાં પરિવર્તન. આજનો યુવાન વ્યસનોની ગર્તામાં ધકેલાય છે. ત્યારે વ્યસનોથી મુક્ત બને તે અપેક્ષિત છે. ફિલ્મોના માર્ગે ચડી અભ્યાસના માર્ગમાંથી વિચલિત થાય તે સમાજ માટે હાનિકારક છે. આજે આપણા દેશને જરૂર છે ત્યારે 'સ્વચ્છ સમાજ સ્વસ્થ સમાજ'ની ભાવના સાકાર થાય તે માટે અને સમાજમાં નૈતિક મૂલ્યોની જાળવણી થાય એ માટે યુવાવર્ગમાં પરિવર્તનની આવશ્યકતા અનિવાર્ય છે.

**૫.૨.૩૦ યુવાનોના ઉત્થાનમાં ધર્મનું સ્થાન :**

પરિવર્તનનું એક પ્રેરકબળ સંસ્કૃતિ ગણાયેલ છે. ધર્મ એ સંસ્કૃતિનું જ તત્વ હોઈ પરિવર્તન માટે ધર્મ પણ પ્રેરક પરિબળ બની રહે છે. સામાજિક કે વૈયક્તિક પરિવર્તનમાં પણ ધર્મની અગત્યની ભૂમિકા રહેલી છે. ખાસ કરીને યુવાવર્ગમાં પરિવર્તન સર્જવામાં ધર્મની ભૂમિકા કેટલાં અંશે સહાયક બની રહે છે તે જાણવું ખૂબ જરૂરી છે. કારણ કે કોઈપણ ક્રાંતિ અને પરિવર્તનના ખરેખરા શિલ્પી તો યુવાનો જ હોય છે. ડૉ. ગોરેના મંતવ્ય અનુસાર ''જેમ આધુનિક ઔદ્યોગિક જટિલ એવા શહેરી સમાજ તરફ આવતા જઈએ તેમ એક વિશેષ સામાજિક વર્ગ તરીકે યુવાનોને

મહત્વ અપાતુ જાય છે.''[૧] આમ યુવાવર્ગ એ પરિવર્તન અને વિકાસની ધરોહર છે. એટલે જ સમાજશાસ્ત્રીઓને આજના યુવાવર્ગની ચિંતા વિશેષ છે. જો આજનો યુવાન વ્હેમ અને અંધશ્રદ્ધાના માર્ગે ચઢી અંધકારની ગર્તામાં ધકેલાય, વ્યસનોથી વિચલિત બને તે એક મહત્વની સમસ્યા છે. સમાજના આ મહત્વના વર્ગ 'યુવાવર્ગ'માં પરિવર્તન અને વિકાસમાં ધર્મ મદદરૂપ થઈ શકે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં ઉત્તરદાતા તરફથી મળેલ પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક – 30**

**યુવાવર્ગના પરિવર્તન અને વિકાસમાં ધર્મ મદદરૂપ થઈ શકે ?**
**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | જવાબ | સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | યુવાવર્ગના પરિવર્તન અને વિકાસમાં ધર્મ મદદરૂપ થઈ શકે ? | હા | ૧૯૨ | ૯૬ % |
| | | ના | ૮ | ૪ % |
| | કુલ | | ૨૦૦ | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે કુલ નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાઓ એટલે કે ૯૬ % ઉત્તરદાતાઓ યુવાવર્ગમાં પરિવર્તન અને વિકાસમાં ધર્મ મદદરૂપ થઈ શકે તેવો મત ધરાવે છે. જ્યારે માત્ર ૪ % ઉત્તરદાતાઓ આ મત સાથે સહમત નથી. આપણે અગાઉ જોયું તે પ્રમાણે ધર્મ એ સમાજની મહત્વની સંસ્થા છે. મેક્સવેબર પણ સામાજિક પરિવર્તન માટે ધર્મને એક નિર્ણાયક પરિબળ ગણાવે છે. માનવવંશશાસ્ત્રી મેલીનો વસ્કી પણ સમાજમાં ધર્મસંસ્થાના મહત્વને અનુમોદન આપે છે. આમ ધર્મસંસ્થા એ એવી સંસ્થા છે કે જેના મૂલ્યો કે વિચાર પ્રણાલીમાં થતા ફેરફારો સમાજજીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે કુટુંબસંસ્થા, લગ્નસંસ્થા, શિક્ષણસંસ્થા, અર્થવ્યવસ્થા, રાજયવ્યવસ્થા, તેમજ સમગ્ર સમાજ વ્યવસ્થા પર તીવ્ર અસર કરી આમુલ

(૧) ***Gore M.S. 'Some Problems of Educational Youth in India' in A Appadorai (Ed.) India Studies in Social and Political Development (1947-67) Asia Publication - Bombay, 1968, Page 75***

પરિવર્તન નીપજાવે છે.[1] આથી યુવાવર્ગના પરિવર્તન અને વિકાસમાં ધર્મ ચોક્કસપણ મદદરૂપ થઈ શકે તેમ કહી શકાય છે. ડૉ. રાધાકૃષ્ણનના મતાનુસાર : धर्मोहि तेषामधि - केविशेषों, धर्मेएहीनाः पशुभिः समानाः।[2] આ સુભાષિત પણ ધર્મ એ મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ છે અને ધર્મ વગરનો માનવી પશુ સમાન છે એમ કહે છે. આમ આપણને મળેલ ઉપર્યુક્ત પ્રતિભાવ વિદ્વાન સમાજશાસ્ત્રીઓ તથા શાસ્ત્રકારોના અભિપ્રાયને સુસંગત છે.

**૫.૨.૩૧ આત્મજાગૃતિ અંગેનું મંતવ્ય :**

વ્યક્તિ પોતે જ જ્યારે પરિવર્તનને સ્વીકારવા અથવા પરિવર્તનની પ્રક્રિયા માટે વાહક બને ત્યારે પરિવર્તનની ધારી અસર પાડી શકે છે. શું કરવું ? અને શું ન કરવું ? સાચુ અને ખોટું વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતો અવાજ હંમેશા આત્મામાંથી આવતો હોય છે. જો આત્માની જાગૃત્તિ કેળવાઈ હોય તો વ્યક્તિ આત્માના અવાજને અનુસરે છે. મહાત્મા ગાંધીજીએ એક વખત સોનાના કડાની ચોરી કરી હતી પરંતુ આત્મજાગૃત્તિ હતી. તેથી આ કાર્ય ખોટું છે તેવું લાગ્યું અને જીવનભર ચોરી ન કરવી તેવી પ્રતિજ્ઞા લીધી અને જીવનમાં પરિવર્તન અનુભવ્યું.

મહર્ષિ દયાનંદ સરસ્વતિએ ધર્મને વ્હેમ, અંધશ્રદ્ધા અને કુરિવાજોથી પર જઈને સમજવાની કોશિષ કરી તો તેઓ સમાજમાં પરિવર્તનના વાહક બન્યા. ભગવાન સ્વામિનારાયણે સતીપ્રથા અને કન્યાઓને 'દૂધપીતી' કરવાની રૂઢી ખોટી છે તે વાત લોકોને સમજાવી સમગ્ર સમાજમાં આત્મજાગૃત્તિ લાવી હતી તે હકિકત છે.

પ્રસ્તુત સંશોધન એ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાવર્ગમાં આવેલ પરિવર્તન અને વિકાસનો અભ્યાસ કરવા અંગેનો છે. તે સંબંધે યુવાવર્ગમાં પરિવર્તન માટે આત્મજાગૃત્તિની જરૂર છે જો 'હા' તો શા માટે ? અને જો 'ના' તો શા માટે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલા પ્રતિભાવો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

યુવાપેઢી મૂળભૂત રીતે જ સ્વતંત્રતા અને સમાનતાની આગ્રહી રહેલ છે. પોતાના માટે શું

(૧) ડૉ. ડોડિયા, બી.ટી. - ''સંગીતમય ક્રાંતિ'', પેપર પ્રેઝન્ટેશન સેમિનાર, ૨૧-૨૨ જાન્યુ.૨૦૦૬, પાના નંબર ૧ (૨) ***Dr. Radhakrishanan :An Idealistic View of life. Page 137)***

શ્રેષ્ઠ છે ? તેનો નિર્ણય તે પોતે જ લેવા માંગે છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને પરિવર્તન માટે યુવા પેઢી પોતે કેટલી જાગૃત છે તે જાણવા માટે પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં ઉત્તરદાતાઓના પ્રતિભાવો કોષ્ટક દ્વારા જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**કોષ્ટક – ૩૧**

**યુવાવર્ગમાં પરિવર્તન માટે આત્મજાગૃત્તિની જરૂર છે ?**

**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ**

| ક્રમ યુવાવર્ગમાં પરિવર્તન માટે આત્મજાગૃત્તિ જરૂરી છે ? જો 'હા' તો શા માટે ? અને જો 'ના' તો શા માટે ? | | | ના | કુલ |
|---|---|---|---|---|
| સમગ્ર સમાજના વિકાસ માટે આત્મ જાગૃત્તિ જરૂરી છે | યુવાનોના પોતાના વિકાસ માટે આત્મ જાગૃત્તિ જરૂરી છે | ધર્મ કે સંપ્રદાયના વિકાસ માટે આત્મ જાગૃત્તિ જરૂરી છે | | |
| ૬૦ | ૯૧ | ૪૯ | – | ૨૦૦ |
| ૩૦ % | ૪૫.૫ % | ૨૪.૫ % | – | ૧૦૦ % |

ઉપરના કોષ્ટક મુજબ નિદર્શના તમામ ઉત્તરદાતાઓ એટલે કે ૧૦૦ % ઉત્તરદાતાઓ યુવાવર્ગમાં પરિવર્તન માટે આત્મજાગૃત્તિની જરૂરિયાતને અનિવાર્ય બાબત ગણે છે. ઉત્તરદાતા તરફથી આત્મજાગૃત્તિ શા માટે જરૂરી છે ? તે અંગે પ્રાપ્ત થયેલા કારણો જુદા જુદા ત્રણ ભાગમાં વર્ગીકરણ કરવામાં આવતા કુલ નિદર્શના ૩૦ % ઉત્તરદાતાઓ સમગ્ર સમાજના વિકાસ માટે આત્મજાગૃત્તિને જરૂરી માને છે. જ્યારે યુવાનોના પોતાના વિકાસ માટે ૪૫.૫ % ઉત્તરદાતાઓ આત્માજાગૃત્તિને જરૂરી માને છે. ધર્મ કે સંપ્રદાયના વિકાસ માટે આત્મજાગૃત્તિની જરૂરિયાત છે તેવું માનનારા ઉત્તરદાતાનું પ્રમાણ ૨૪.૫ % છે. આમ બધા જ ઉત્તરદાતાઓ આત્મજાગૃત્તિ દ્વારા યુવાવર્ગમાં પરિવર્તન લાવવા માટે આત્મજાગૃત્તિ અનિવાર્ય છે તેવું સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે.

**૫.૨.૩૨ યુવાનોના વિકાસ અંગેનું મંતવ્ય :**

પ્રખ્યાત સમાજશાસ્ત્રી મિલસન યુવાનોની સરખામણી 'લીટમસ પેપર'[1] સાથે કરે છે. કારણકે રાસાયણિક પરિવર્તનનો ખ્યાલ લિટમસ પેપર આપે છે. તેવી જ રીતે સામાજિક પરિવર્તનનો

(૧) ***Milson Fred. - "Youth in a Changing Society." Routidge and K. Paul, London. 1972, Page 10***

ખ્યાલ યુવાવર્ગના વિચાર, વલણ અને વર્તન પરથી આવી શકે છે. આ વિધાન અનુસાર યુવાનનો વિકાસ એ સમાજ વિકાસની આરસી છે. યુવાનો પલટાતા પ્રવાહોને આત્મસાત કરી વર્તન અને વ્યવહારોમાં અભિવ્યક્ત કરે છે. આમ યુવાનો સામાજિક પરિવર્તનનું સક્રિય અને અસરકારક પરિબળ હોવાથી યુવાનોના વિકાસની જાણકારી એ એક મહત્વની બાબત છે. પ્રસ્તુત સંશોધન માટે યુવાનોના વિકાસ અંગે જાણકારી મેળવવા ઉત્તરદાતાના મતે યુવાનોનો વિકાસ એટલે શું ? તેવા પુછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક – ૩૨**

**ઉત્તરદાતાના મતે યુવાનોનો વિકાસ એટલે શું ?**

**તે અંગેના ઉત્તરદાતાઓના મંતવ્યના આધારે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ઉત્તરદાતાઓની દષ્ટિએ યુવાનોનો વિકાસ | સંખ્યા | કુલ |
|---|---|---|---|
| ૧ | યુવાનોના વિકાસને ભૌતિક પાસાના સંદર્ભમાં દર્શાવનારા કેટલા ? | ૦૯ | ૪.૫ % |
| ૨ | યુવાનોના વિકાસને આધ્યાત્મિક પાસાના સંદર્ભમાં દર્શાવનારા કેટલા ? | ૮૫ | ૪૨.૫ % |
| ૩ | યુવાનોના વિકાસને સર્વાંગી પાસાના સંદર્ભમાં દર્શાવનારા કેટલા ? | ૧૦૬ | ૫૩ % |
| | કુલ | ૨૦૦ | ૧૦૦ % |

ઉપર્યુક્ત માહિતી પરથી જોઇ શકાય છે કે 'ભૌતિક વિકાસ'ને વિકાસ તરીકે મૂલવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ માત્ર ૪.૫ % જ છે. જ્યારે યુવાનોના વિકાસને આધ્યાત્મિક પાસાના સંદર્ભમાં મૂલવનારા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૨.૫ % છે અને યુવાનોના સર્વાંગી વિકાસને વિકાસ તરીકે મૂલવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૫૩ % છે. ભૌતિક વિકાસ એટલે આર્થિક સમૃદ્ધિને કારણે ઉપલબ્ધ બનતી તમામ સુખસગવડતાઓ. પરંતુ આ પ્રકારના વિકાસને સર્વાંગી વિકાસ ન કહી શકાય કારણ કે ડૉ. ગોરેના મંતવ્યાનુસાર આવો વિકાસ એ વિકાસ ન કહી શકાય. તેઓ જણાવે છે કે, ''વિકાસ સાંસ્કૃતિક મૂલ્યો અને વ્યક્તિત્વના અભિગમોમાં થતાં પરિવર્તનોને પણ આવરી

લેતો હોવો જોઈએ.''[1] આમ પ્રાપ્ત થયેલા પ્રતિભાવ પણ એ જ બાબતને સમર્થન આપે છે. ડૉ. બી.વી.શાહના મતે પણ, ''ભૌતિકતા એ માત્ર આર્થિક પ્રક્રિયા નથી. તે રાજકીય, સામાજિક તેમજ સાંસ્કૃતિક પ્રક્રિયા પણ છે.''[2] આ રીતે જોતા યુવાનોના વિકાસને સર્વાંગી વિકાસ ગણતા ઉત્તરદાતાઓની સંખ્યા ૫૩ % જોવા મળી છે. આ સર્વાંગી વિકાસમાં ભૌતિક, બૌદ્ધિક, આર્થિક તેમજ સામાજિક વિકાસનો સમાવેશ થાય છે.

યુવાનોના વિકાસને આધ્યાત્મિક વિકાસના સંદર્ભમાં મૂલવનારા ઉત્તરદાતાની સંખ્યા ૪૨.૫ % જોવા મળી છે. આધ્યાત્મિક વિકાસ વ્યક્તિને સાત્વિક, પ્રામાણિક અને ચારિત્ર્યવાન બનાવે છે. આધ્યાત્મિક વિકાસ એ સર્વાંગી વિકાસનો આધાર છે. આધ્યાત્મિક વિકાસથી સાંસ્કૃતિક વિકાસ અને બૌદ્ધિક વિકાસની પ્રક્રિયાને વેગ મળે છે. આમ મળેલ પ્રતિભાવો માત્ર ભૌતિક વિકાસને જ વિકાસ તરીકે નથી મૂલવતા પરંતુ આધ્યાત્મિક તેમજ સમાજજીવનના તમામ ક્ષેત્રોને સ્પર્શતા વિકાસને જ વિકાસ ગણે છે.

**૫.૨.૩૩ સંસ્થાના વાતાવરણ અંગેનો પ્રતિભાવ :**

આપણે અત્યારસુધીના વિશ્લેષણમાં જોયું કે ધર્મસંસ્થાની સમાજ પરિવર્તન માટે અનિવાર્ય આવશ્યકતા છે. યુવાવર્ગને વિષય, વ્યસન, વ્હેમ અને અંધશ્રદ્ધાથી દૂર રાખવા શિક્ષણની સાથે સંસ્કાર સિંચન કરતી શૈક્ષણિક સંસ્થાઓ સમયની માંગ છે. સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ નીતિવાન, ચારિત્ર્યશીલ અને ખમીરવંતા યુવાનોનું ઘડતર કરે છે. ધાર્મિક પૃષ્ઠભૂમિ ધરાવતી સંસ્થાઓમાં અન્ય શૈક્ષણિક સંસ્થાઓની જેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે વ્યસનમુક્તિ, સદાચાર અને નીતિમત્તાયુક્ત શિક્ષણ પર પણ ભાર આપવામાં આવે છે. જેને કારણે સમાજમાં પરિવર્તન લાવવા માટે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ અથાગ પ્રયત્ન કરી રહી છે. પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં ઉત્તરદાતાઓ જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થાનું વાતાવરણ સાનુકુળ છે ? તેવા પૂછાયેલા પ્રશ્નના સંદર્ભમાં મળેલી

(૧) ***Gore M.S. in Desai A.R. (Edi.) Modernation of Underdeveloped Society. Thacker and Co. Bombay. 1971. Page. 228*** (૨) ***Shah B.V. in Desai A.R. (Ed.) Modernation of Underdeveloped Society. Thackar and Co., Bombay. 1971. Page. 240***

માહિતી નીચે મુજબ છે.

| **કોષ્ટક – ૩૩** | | | |
|---|---|---|---|
| **ઉત્તરદાતાઓના મત મુજબ સંસ્થાનું વાતાવરણ સાનુકુળ છે ? તે અંગેના ઉત્તરદાતાઓ તરફથી મળેલ પ્રતિભાવનું વર્ગીકરણ** | | | |
| ક્રમ | ઉત્તરદાતાના મત મુજબ વિકાસ માટે સંસ્થાનું વાતાવરણ સાનુકુળ છે ? | સંખ્યા | કુલ |
| ૧ | સંસ્થાનું વાતાવરણ ખૂબ સાનુકુળ લાગતું હોય તેવા ઉત્તરદાતાઓ | ૧૭૮ | ૮૯ % |
| ૨ | સંસ્થાનું વાતાવરણ એકંદરે સાનુકુળ લાગતુ હોય તેવા ઉત્તરદાતાઓ | ૯ | ૪.૫ % |
| ૩ | સંસ્થાનું વાતાવરણ સામાન્ય છે તેવું લાગતુ હોય તેવા ઉત્તરદાતાઓ | ૮ | ૪ % |
| ૪ | સંસ્થાનું વાતાવરણ પ્રતિકુળ છે તેવું લાગતુ હોય તેવા ઉત્તરદાતાઓ | ૫ | ૨.૫ % |

ઉપર્યુક્ત માહિતી પરથી કુલ નિદર્શના સૌથી વધુ ૮૯ % ઉત્તરદાતાઓને વિકાસ માટે સંસ્થાનું વાતાવરણ ખૂબ જ સાનુકુળ જણાયું છે. આ પ્રતિભાવ તરફ ઉત્તરદાતાને દોરી જવા માટેના અનેક કારણો છે. તેમાં મુખ્યત્વે ...

૧. સંપ્રદાય દ્વારા યુવાવર્ગના સાર્વત્રિક વિકાસ માટે થતાં પ્રયત્નો.

૨. શિક્ષણ સાથે સંસ્કાર સિંચન.

૩. શિક્ષણની ઉચ્ચ ગુણવત્તા

૪. વ્યક્તિત્વ વિકાસ પરત્વે અપાતું લક્ષ.

૫. સ્વામિનારાયણ સંપ્રદાયે સમાજના દરેક વર્ગને સ્પર્શતું સેવાનું વિસ્તારેલું ફલક.

આપણે અગાઉના વિશ્લેષણમાં જોયું તેમ ઉત્તરદાતાઓને સંસ્થામાંથી જ તેનો સર્વતોમુખી વિકાસ થાય તે માટેના સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવે છે. વિદ્યાર્થીઆને ઉચ્ચ શિક્ષણ આપી આધુનિક્તા તરફ દોરી જવામાં આવે છે. પરંતુ આ આધુનિક્તામાં સ્વછંદતા અને આછકલાઈને

સ્થાન નથી.

વિકાસ માટે એકંદરે સાનુકુળ વાતાવરણ અનુભવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૪.૫ % છે. કુલ ઉત્તરદાતામાંથી ૪ %ના મતે સંસ્થાનું વાતાવરણ વિકાસ માટે સામાન્ય છે. જ્યારે માત્ર ૨.૫ % ઉત્તરદાતાને સંસ્થાનું વાતાવરણ પ્રતિકુળ હોવાનું જણાય છે. આ પ્રતિકુળતા માટે તેઓને વ્યસનની પડી ગયેલી કુટેવ. જેના કારણે અવાર-નવાર સંસ્થાના વડા દ્વારા મળતી ચેતવણી અને શિક્ષા હોવાનું જણાવેલ છે.

આમ ઉપર્યુક્ત પ્રતિભાવ પરથી એમ કહી શકાય કે સમાજની બે મહત્વની સંસ્થા ધર્મસંસ્થા અને શિક્ષણસંસ્થાના સમન્વયથી સર્જાતું વાતાવરણ પરિવર્તન અને વિકાસ માટે સાનુકુળ હોવાનું નિદર્શના મોટી સંખ્યાના ઉત્તરદાતાઓ જણાવે છે.

**૫.૩ ઉપસંહાર :**

આ પ્રકરણમાં સંસ્થાકિય પ્રવૃત્તિ, વ્યક્તિગત પ્રવૃત્તિ યુવાવર્ગમાં પરિવર્તન અને વિકાસ અંગેના પ્રશ્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ વિશ્લેષણ પરથી એક સર્વસામાન્ય બાબત એ જાણવા મળી છે કે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ યુવાવર્ગને પરિવર્તન અને વિકાસ તરફ દોરી જાય છે. સાથોસાથ કુલ નિદર્શના મોટાભાગના ઉત્તરદાતાઓ આવી સંસ્થાઓની અનિવાર્યતા પર ભાર મૂકે છે.

વિશેષમાં કુલ નિદર્શના ૯૬ % ઉત્તરદાતાઓ યુવાવર્ગના પરિવર્તન અને વિકાસ માટે ધર્મને અનિવાર્ય ગણાવે છે. નિદર્શનો મોટો ભાગ વિકાસ માટે સંસ્થાના વાતાવરણને સાનુકુળ ગણે છે અને આ વિકાસ એટલે કે ભૌતિક વિકાસ નહીં પરંતુ સ્વવિકાસ અને સામાજિક વિકાસ એવો ઉમદા મત વ્યક્ત કરે છે. આમ આ પ્રકરણમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં આવેલ પરિવર્તન અને વિકાસ કેવા પ્રકારનો છે તે માટે જવાબદાર પરિબળો ક્યા છે તે તપાસવામાં આવ્યું છે. જેના આધારે હવે પછીના પ્રકરણમાં તારણો અને સૂચિતાર્થોની ચર્ચા કરીશું.

-૦-૦-૦-

# અનુક્રમણિકા

## પ્રકરણ - ૬

## તારણો અને સૂચિતાર્થો


| | | |
|---|---|---|
| ૬.૧ | પ્રસ્તાવના | ૧૯૨ |
| ૬.૨ | સંશોધનના તારણો | ૧૯૩ |
| ૬.૩ | ઉપકલ્પનાની ચકાસણી | ૧૯૭ |
| ૬.૪ | સંશોધનની મર્યાદાઓ | ૨૦૦ |
| ૬.૫ | આ અભ્યાસના આધારે થઇ શકે એવા ભાવિ સંશોધનો | ૨૦૧ |
| ૬.૬ | ઉપસંહાર | ૨૦૧ |

૬.૧ પ્રસ્તાવના :

સંશોધનનું અંતિમ ધ્યેય અને અંતિમ ચરણ એ નિષ્કર્ષો તેમજ તારણો છે. માત્ર માહિતી એકત્રિત કરી લેવી એ સંશોધન નથી પણ પ્રાપ્ત થયેલ માહિતીનું અર્થઘટન કરી અને તેના આધારે નિષ્કર્ષ પ્રાપ્ત કરવો એ સંશોધન મૂળભૂત હેતુ છે. પ્રસ્તુત સંશોધનમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

રાષ્ટ્રની સૌથી શ્રેષ્ઠતમ સમૃદ્ધિ એટલે યુવાવર્ગ. રાષ્ટ્રનો પાયો યુવાશક્તિ ઉપર જ આધારિત હોય છે. આવી યુવાશક્તિ, યુવાવર્ગની અવગણના કે ઉપેક્ષા કરવી એ કોઈપણ સમાજને પાલવે નહીં. આ યુવાપેઢીના પરિવર્તન અને વિકાસ વિષે વિચારવું એ માત્ર આવશ્યક્તા જ નહીં અનિવાર્યતા પણ છે. કારણ કે કોઈપણ સમાજના ગત્યાત્મક પાસા સાથે યુવાવર્ગનું સૌથી વધુ યોગદાન રહ્યું હોય છે. એટલે કે યુવાવર્ગ સૌથી પરિવર્તનશીલતા ધરાવતી પેઢી છે. તીવ્ર હરિફાઈવાળા વર્તમાન સમયમાં કે જ્યારે યુવાનો બેકારી નિવારણ, સચોટ દિશાસૂચન , યોગ્ય માર્ગદર્શક તથા ઉત્તમ નેતાનો અભાવ પોતાની જીદંગીમાં અનુભવતો હોય છે. આ પરિસ્થિતિમાં સમયનો તકાજો છે કે આ યુવાપેઢીને સમજીને જરૂરી હોય ત્યાં અને તેવા પરિવર્તનો લાવવાનો સામુહિક રીતે પ્રયાસ કરવો અને એ પરિવર્તન એમને વિકાસ તરફ દોરી જાય તેવા પ્રયાસો કરવા. ખાસ કરીને કોલેજમાં અભ્યાસ કરતો યુવા વર્ગ સમાજનું મહદઅંશે પ્રતિબિંબ પાડે છે. શિક્ષિત યુવાવર્ગમાં પરિવર્તન અને વિકાસની શક્યતાઓ વિશેષ હોય છે. કારણ તેઓ સામાજિક જીવનમાં પ્રત્યેક ક્ષેત્રથી પ્રભાવિત થવા માટે વધુ સામર્થ્ય ધરાવે છે. યુવા પેઢીના પરિવર્તનમાં અને વિકાસમાં અનેક પરિબળોનો ફાળો હોય છે.

ભારતીય સમાજ યુગોથી ધર્મના આધારે ટકેલો સમાજ છે. વ્યક્તિગત અને સામુહિક બન્ને સ્તરે ધર્મનો એક વિશેષ પ્રભાવ ભારતમાં રહ્યો છે. સાચા અર્થમાં કહીએ તો સરેરાશ ભારતીય વ્યક્તિનું જીવન જન્મથી મૃત્યુ સુધી અનેક પાસાઓમાં ધર્મ સાથે જોડાયેલું રહે છે. યુવાવર્ગ પણ આ હકિકતમાંથી બાકાત નથી. સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે મારું નિરીક્ષણ એમ કહે છે કે અઠવાડિયા દરમ્યાન જુદા જુદા દિવસે જુદા જુદા દેવ-દેવીઓના મંદિરમાં યુવાવર્ગની ભીડ થતી

હોય છે. અલબત એક વૈજ્ઞાનિક તરીકે હું એ પણ સ્વીકારુ છું કે માત્ર ભક્તિ, પ્રાર્થના કે ધર્મ સિવાયના અન્ય આકર્ષણો તેમાં સામેલ છે છતાં પણ આ યુવાનોમાં - યુવાપેઢીમાં ધર્મ તરફની અભિમુખતા તો દેખાય જ છે.

જ્યારે સમગ્ર ભારતીય સમાજ અને યુવાવર્ગ ધર્મની સાથે નીકટતાથી સંકળાયેલો છે ત્યારે આ યુવા પેઢીમાં પરિવર્તન લાવવામાં અને શું આ પરિવર્તન દ્વારા યુવાનોનો વિકાસ પણ થયો છે કે કેમ ? તે તપાસવાની ઈચ્છા થઈ અને તેનું જે પરિણામ મળ્યું તે મારા સમગ્ર થીસીસમાં મે દર્શાવ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની પાશ્ચાદ ભૂમિકામાં યુવાનોમાં જે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને કૌટુંબિક મૂલ્યો આવિર્ભાવ પામ્યા છે અને તેના કારણે તેઓનો જે વિકાસ થયો છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

સમગ્ર અભ્યાસના નિચોડરૂપે જોવા મળે છે કે યુવાનોના ઘડતર અને ચણતરમાં તેના પરિવર્તન અને વિકાસમાં માત્ર આધુનિક મૂલ્યો જ નહીં પણ ધાર્મિક મૂલ્યો તેમજ ધાર્મિક આચારસંહિતાએ પણ અગત્યની ભૂમિકા ભજવી છે. અભ્યાસના અંતે મળેલા તારણો પણ આ બાબતને સૂચવનારા છે.

આ સંશોધનમાં માહિતી પ્રાપ્ત કરવા પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો છે અને મળેલી માહિતીનું વિશ્લેષણ, કોષ્ટકીકરણ અને સમાજશાસ્ત્રીય અર્થઘટન કર્યા પછી જે તારણો પ્રાપ્ત થયા છે તે અહીં રજુ કર્યા છે. આ રજુઆત વખતે શરૂઆતમાં ઘડેલી ઉપકલ્પનાઓની ચકાસણી પણ રજુ કરી છે.

**૬.૨ સંશોધનના તારણો :**

* આ અભ્યાસમાં નિદર્શના વાલીઓ ૬૧ % નોકરી કરતા અને ૩૧.૫ % વ્યાપાર કરતા જોવા મળ્યા છે. માતા-પિતાની આર્થિક સ્થિતિ યુવાનોના અભ્યાસ, પરિવર્તનની સગવડતાઓ તેમજ વિકાસની શક્યતાઓ આ બધાને સ્પર્શતી જોવા મળી છે.
* પ્રસ્તુત અભ્યાસમાં વિભક્ત કુટુંબની સંખ્યા સંયુક્ત કુટુંબ કરતા વધુ છે. કુટુંબના સભ્યોની

ઓછી સંખ્યા યુવાનોના શિક્ષણ માટે વધુ આર્થિક ખર્ચ ફાળવી શકવાની ક્ષમતા આપે છે.

* પ્રસ્તુત અભ્યાસમાં કુટુંબના કદમાં વિભક્ત કુટુંબનું ૫૩.૫ % પ્રમાણ જોવા મળ્યું છે. અને તેમાં પણ ૪૭.૫ % કુટુંબો તો પોતાના સંતાનોના અભ્યાસ માટે વતનમાંથી સ્થળાંતર કરીને અહીં વસ્યા છે.

* આ અભ્યાસમાં સંયુક્ત અને વિભક્ત બન્ને કુટુંબોની ટકાવારી અનુક્રમે ૪૬.૫ % તથા ૫૩.૫ % છે. આ જોતા સંયુક્ત કુટુંબ લગભગ વિભક્ત કુટુંબની સમાંતર ટકાવારી ધરાવતું દેખાય છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ આ એક મહત્વનું નિષ્કર્ષ બની જાય છે કે નગર સમુદાયમાં પણ સંયુક્ત કુટુંબ તરફનો જોક પ્રસ્તુત અભ્યાસમાં દેખાયો છે. આનું એક કારણ પુત્ર-પુત્રીના ઉછેર માટે નવી પેઢીને પડતી દાદા-દાદીની જરૂરિયાત પણ છે. તથા ક્યારેક પિતાનો જ વ્યવસાય પુત્ર અપનાવી લે અને ધંધો તથા નિવાસસ્થાન સંયુક્ત રહે તેવું પણ બન્યું છે.

* અભ્યાસ પાછળના મુખ્ય હેતુ માટે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કારકિર્દીના નિર્માણ માટે ૧૦૦ % ટકાવારી પ્રાપ્ત થઈ છે.

* ઉત્તરદાતાઓએ અભ્યાસ માટે આ જ સંસ્થા પસંદ કરવાનું કારણ મુખ્યત્વે યુવાનોમાં સંસ્કારોનું સિંચન અને તે દ્વારા ચારિત્ર્યનું ઘડતર તેવું દર્શાવ્યુ છે અને આ દ્વારા સંસ્થામાં જોડાતા પહેલાં અને સંસ્થામાં જોડાયા બાદ ઉત્તરદાતાને પોતાના વ્યક્તિત્વમાં હકારાત્મક પરિવર્તન અનુભવાયું છે.

* શૈક્ષણિક સુવિધાઓના સંદર્ભમાં મળેલું તારણ એમ દર્શાવે છે કે નિદર્શમાં પસંદ થયેલી બધી જ સંસ્થાઓમાં આટર્સ, સાયન્સ અને કોમર્સ આ ત્રણેય શાખાઓનો અભ્યાસ તો કરાવાય છે જ  તદ્ઉપરાંત સાયન્સ માટે લેબોરેટરી, તમામ વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબ, પુસ્તક લાયબ્રેરી અને રમતગમતનું વિશાળ મેદાન. આમ સંસ્થાઓ બાહ્ય અને આંતરિક રીતે આધુનિકતાથી સુસજ્જ છે. જે ઉત્તરદાતાના સર્વાંગી વિકાસ માટે હકારાત્મક પરિણામલક્ષી સાબિત થયા છે.

* સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં યુવકોને

ઔપચારિક અભ્યાસક્રમની સાથોસાથ જે અનૌપચારિક શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે અને તેમના વ્યક્તિત્વનું ઘડતર કરવામાં આવે છે. એના સંદર્ભમાં જે માહિતી મેળવવામાં આવેલ છે તે તપાસતાં ૯૪.૪૪ % ઉત્તરદાતાઓએ જણાવેલું કે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓએ તેમના જીવન ઘડતરમાં અગત્યની ભૂમિકા પૂરી પાડેલ છે. અન્ય સંસ્થાઓમાં તેઓને અનૌપચારિક શિક્ષણનો લાભ પ્રાપ્ત થયો ન હોત. આ મંતવ્યના આધારે એવું તારણ નીકળે છે કે સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શિક્ષણ સંસ્થાઓ શિક્ષણની સાથે સંસ્કારનું પણ સિંચન કરે છે. જે યુવાનોના જીવન ઘડતરમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.

* સમાજશાસ્ત્રીઓ ધર્મને સામાજિક પરિવર્તન માટે અગત્યના પરિબળ તરીકે અનિવાર્ય ગણાવે છે. એ જ રીતે શિક્ષણ પણ સામાજિક પરિવર્તન માટેની એક અગત્યની સામાજિક સંસ્થા છે. આ સંદર્ભને ધ્યાનમાં લઈએ તો અહીંયા ધર્મ અને શિક્ષણ એ બન્ને મહત્વની સંસ્થાઓનો સમન્વય થયો હોઇ સંસ્થા દ્વારા અપાતા શિક્ષણમાં પરિવર્તનની અસરકારકતા વધેલી જોવા મળી છે. કારણ કે સમાજ પરિવર્તન માટે ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્થાપિત આ શૈક્ષણિક સંસ્થાઓએ અગત્યની ભૂમિકા પૂરી પાડી છે.
* પ્રસ્તુત અભ્યાસમાં આ સંપ્રદાયની સંસ્થાઓ સાથે જોડાયેલી યુવા પેઢી આ સંપ્રદાયના કારણે વ્યસનમુક્ત બને છે. જે તેમના વ્યક્તિત્વ પરિવર્તનની દ્યોતક ઘટના ગણાવી શકાય. કારણ કે આ સંસ્થામાં જોડાયા પહેલાં ૨૫ % ઉત્તરદાતાઓ એવા હતા કે જે વ્યસનના બંધાણી હતા. સંપ્રદાયની સત્સંગસભા અને સંપ્રદાયની આચારસંહિતાના કારણે તેઓ વ્યસનમુક્ત થયા.
* પાનનો ગલ્લો અને યુવકોનો એક પારસ્પરિક સંબંધ આપણા સમાજમાં આજે વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. પાનના ગલ્લે બેસીને ટોળટપ્પા કરતું યુવાધન સમાજ માટે નિષ્ક્રીયતા તથા માનવશ્રમના કલાકો બગાડવાનું માધ્યમ તો બને જ છે. તદ્ઉપરાંત તંદુરસ્ત સ્વાસ્થ્ય ગુમાવવું અને આર્થિક ખર્ચભારણ વધારાની નુકશાની છે. આ સંપ્રદાય દ્વારા ચાલતી શૈક્ષણિક

સંસ્થામાં ૬૨.૫ % ઉત્તરદાતાઓ પાનના ગલ્લે જરૂર જાય છે જેનાથી માનવશ્રમનો સમય થોડો બગડે છે તેમછતાં  વ્યસનમુક્ત રહી શકયા છે. આ બાબત વ્યક્તિગત તથા સામાજિક બન્ને સ્તરે મહત્વની બની જાય છે.

* સંપ્રદાયની આચારસંહિતાનો લીધે વ્યસનથી દૂર રહેલા યુવકો પોતાના મિત્રો કે કુટુંબના સભ્યોને પણ વ્યસનથી દૂર રાખી શક્યા છે. સંપ્રદાયની આચારસંહિતાનો આધાર લઈને તેઓએ મિત્રો અને કુટુંબીજનોને વ્યસનના ગેરલાભો વર્ણવી તેઓને વ્યસનમુક્ત કરેલા છે. આમ અહીંયા યુવકોએ પોતામાં, મિત્રોમાં તેમજ કુટુંબીજનોમાં એમ કૌટુંબિક તથા સામુદાયિકક્ષેત્રે પણ વ્યસનમુક્તિનું પરિવર્તન સાધવામાં કારગત ભૂમિકા ભજવી છે.
* આ સંસ્થામાં અભ્યાસ માટે જોડાતી વખતે ૯૦ % ઉત્તરદાતાઓનું એક માત્ર ધ્યેય આર્થિક ઉપાર્જનનું હતુ. સંસ્થાના સઘન શિક્ષણ અને વાતાવરણે આ ધ્યેયમાં એ પરિવર્તન આણ્યું છે કે આજે ૯૦ % ઉત્તરદાતાઓ અભ્યાસ પછી માત્ર અર્થ ઉપાર્જનના ધ્યેયને બદલે ચારિત્ર્ય ઘડતર, સમાજસેવા, રાષ્ટ્રસેવાનું ધ્યેય પણ અપનાવ્યું છે. ધ્યેયમાં આવેલ પરિવર્તન વ્યક્તિગત અને સામાજિક પરિવર્તન સૂચવે છે.
* આ અભ્યાસ હેઠળના ૯૫.૫ % ઉત્તરદાતાઓએ જણાવેલું કે શિક્ષણની સાથે ધર્મનો સમન્વય થવાથી વિદ્યાર્થીઓનો ન કેવળ શૈક્ષણિક વિકાસ થાય છે પણ તેમના ચારિત્ર્યનું નિર્માણ થવાથી વર્તન વ્યવહાર ઉપર અસર પડે છે અને તેમનામાં સંસ્કારનું સિંચન પણ થાય છે.
* વ્યક્તિત્વ વિકાસ માટે વાંચન એક મહત્વનું માધ્યમ છે. આ વાંચન સત્વશીલ, બળ આપનારું તથા દૈનિક વર્તનવ્યવહારને દબાણમુક્ત બનાવનારું હોય તે આવશ્યક છે. આ બાબત તન અને મન બન્નેને સ્વસ્થ રાખવા અને તે સ્વસ્થતા સાથે વિકાસના દ્વાર ખોલવા માટે કારણરૂપ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે આ શૈક્ષણિક સંસ્થામાં આવી સગવડતા તેમને પ્રાપ્ત થાય છે.
* સામાન્ય રીતે પેપર ફૂટી જવા કે વિદ્યાર્થીઓમાં ચોરી કરવાની વૃત્તિ પણ ક્યાંક ક્યાંક,

ક્યારેક ક્યારેક જોવા મળતી હોય છે. જ્યારે આ સંપ્રદાય સાથે જોડાયેલી યુવાપેઢીમાં નૈતિકતાના મૂલ્યોનું એક આગવું મહત્વ રહ્યું છે. આ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રામાણિક્તાથી પરીક્ષા આપે છે. અભ્યાસ હેઠળના વિદ્યાર્થીઓને પરીક્ષામાં ચોરી થાય છે કે નહીં તે સંબંધી માહિતી પ્રાપ્ત કરવા માટે સંશોધકે અંગત મુલાકાત લીધેલી અને વિદ્યાર્થીઓને જુદી જુદી રીતે પ્રશ્નો પૂછવામાં આવેલા. જેના આધારે જોવા મળેલું કે તમામે તમામ ઉત્તરદાતાઓ પરીક્ષામાં ચોરી કરીને પરીક્ષામાં પાસ થવાનું અયોગ્ય માનતા હતા. આમ આ સંપ્રદાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓમાં નીતિમત્તાના ઉચ્ચ મુલ્યોની સાથોસાથ પરિશ્રમ કરીને પરિણામ હાંસલ કરવાનું વલણ જોવા મળેલું.

* સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણની સાથોસાથ ઈત્તર પ્રવૃત્તિઓનું પણ આયોજન થાય છે. જેને કારણે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથોસાથ સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવૃત્તિઓએ યુવાપેઢીમાં માનસિક તથા આંતરિક વિકાસની પ્રક્રિયાને વેગીલી બનાવી છે. આમ વિવિધ પ્રવૃત્તિઓને કારણે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રિય ભાવના તથા સમાજ પ્રત્યેના ઉતરદાયિત્વ ઉજાગર બન્યા છે.
* પ્રસ્તુત અભ્યાસમાં ૯૫.૫ % ઉત્તરદાતાઓનો એક પ્રતિભાવ એ પણ જોવા મળ્યો કે ધર્મસંસ્થા અને શિક્ષણ સંસ્થાના સમન્વયથી પરિવર્તન અને સ્વવિકાસ શક્ય બન્યો છે.

**૬.૩ ઉપકલ્પનાની ચકાસણી :**

સંશોધન મહદ્અંશે ઉપકલ્પના પર આધારિત હોય છે. ઉપકલ્પના સંશોધનની મુખ્ય ધરી છે. સંશોધન દરમ્યાન ઉપકલ્પના ચકાસવાની હોય છે. સંશોધનના અંતમાં આ ઉપકલ્પનાના આધારે જ સંશોધન કાર્યની ચકાસણી કરવી જરૂરી બની રહે છે. પ્રસ્તુત અભ્યાસમાં જે ઉપકલ્પનાઓ ઘડવામાં આવી છે તે નીચે પ્રમાણે છે.

૧) સામાજિક પરિવર્તન માટે સાંપ્રદાયિક કે ધાર્મિક પ્રવૃત્તિ આવશ્યક નહીં, પરંતુ અનિવાર્ય બની ગઈ છે.

પ્રસ્તુત સંશોધનમાં મળેલી માહિતી પ્રમાણે ૯૫.૫ % ઉત્તરદાતાઓ સ્વામિનારાયણ સંપ્રદાયની ''બહુજન હિતાય બહુજન સુખાય'' એવી વિવિધ ક્ષેત્રોને સ્પર્શતી પ્રવૃત્તિઓને આવકારે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો, ઉપદેશો અને સમાજ પરિવર્તન માટેના પ્રયત્નોને કારણે યુવા સમાજમાં પરિવર્તન આવ્યું છે. મેકસવેબરની દષ્ટિએ પણ ધર્મની આચારસંહિતાના પરિણામસ્વરૂપે સમાજમાં પરિવર્તન અપેક્ષિત છે. આમ યુવાનોએ પોતાના જીવનમાં સામાજિક અને મનોવૈજ્ઞાનિક પરિવર્તન અનુભવ્યુ હોવાથી પ્રસ્તુત અભ્યાસની આ ઉપકલ્પના સાચી ઠરે છે.

૨) આ સંપ્રદાયે આજે સમાજને વિષય, વ્યસન અને વ્હેમથી મુક્ત થવા જાગ્રત કર્યો છે.

આ અભ્યાસની બીજી ઉપકલ્પના એ હતી કે વર્તમાન સમયમાં સમાજમાં વ્યસનોનો વ્યાપ વધુ જણાય છે. તેમાંથી આ સંપ્રદાયના સંપર્કને પરિણામે યુવાવર્ગમાંથી તો વ્યસનો ઘટાડી શકાયા છે જ. મારી આ ઉપકલ્પના પણ સત્ય ઠરી છે. મારા ઉત્તરદાતાઓમાંથી ૯૫ % ઉત્તરદાતાઓએ આ વાતને અનુમોદન આપ્યુ છે.

૩) સંપ્રદાયે યુવાનોમાં સહકાર, સંઘભાવના અને આત્મીયતાની ભાવનાને જાગ્રત કરી છે.

આ સંપ્રદાયમાં ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું સમયાંતરે આયોજન થતું હોય છે. જેના કારણે યુવાનોમાં વિવેક, વિનય અને વિનમ્રતાના ગુણોનું સિંચન મળેલું. આ પ્રવૃત્તિને યુવકોએ ભેગા મળીને કરવાની થતી હોવાથી તેઓમાં જૂથભાવના જોવા મળેલ. પરિણામે તેઓમાં સહકાર અને સંઘભાવના કેળવાયેલા. જૂથ દ્વારા થતા આ કાર્યના લીધે તેઓમાં અમેપણાની ભાવના ઉભી થઈ છે. આમ ઉપર્યુક્ત ઉપકલ્પના સાચી ઠરે છે.

૪) સ્વામિનારાયણ સંપ્રદાયે સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ચારિત્ર્યના ક્ષેત્રે પરિવર્તન આણ્યું છે.

પ્રશ્નાવલીમાં આ ઉપકલ્પનાના સંદર્ભે પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં ૯૬ % ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું છે કે ઉપર્યુક્ત બધા જ પરિવર્તનો આ સંપ્રદાય સંચાલિત સંસ્થામાં જોડાયા પછી તેઓએ અનુભવ્યા છે.

૫) સ્વામિનારાયણ સંપ્રદાય સામાજિક સમસ્યા પ્રત્યે યુવાનોને જાગ્રત કરીને સમસ્યાને હલ કરવાની ભાવનાને બળવતર કરે છે.

પ્રસ્તુત ઉપકલ્પના ખોટી ઠરેલી જોવા મળે છે. સમાજજીવનની મોટાભાગની સમસ્યાઓથી યુવાનો અજ્ઞાત જોવા મળેલા. કદાચ ઉગીને ઉભી થતી આ પેઢી પાસે સમાજજીવનનું વાસ્તવિક ચિત્ર હજુ પ્રાપ્ત ન થયું હોય તેવું બની શકે કારણ કે સમાજ કઇ કઇ સમસ્યાઓથી પીડીત છે તેની જાણકારી જ તેઓને ન હતી.

૬) સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસને કારણે ઉત્તરદાતાની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે.

પ્રસ્તુત અભ્યાસની આ ઉપકલ્પના સાચી ઠરે છે. સમગ્ર અભ્યાસના આધારે એક બાબત એ જોવા મળી છે કે સંપ્રદાય સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આમયુવાવર્ગ કરતાં જુદી જ જીવનશૈલી ધરાવે છે. નિત્યપઠન, અભ્યાસ અભિમુખતા અને કુટેવોથી દૂર રહીને તેઓએ પોતાની જીવનશૈલી આમયુવાવર્ગ કરતાં થોડીક જુદી કરી છે.

૭) સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં સ્વવિકાસની પ્રેરણાનું સિંચન થયેલ છે.

આ ઉપકલ્પના સાચી ઠરી છે. કારણ કે યુવાનોએ જુદા જુદા પ્રશ્નોના જવાબો દ્વારા પ્રતિભાવ આપ્યો છે કે સંપ્રદાયે તેઓમાં સ્વવિકાસની પ્રેરણાનું ભાથુ પુરૂ પાડ્યું છે. સંપ્રદાયની સંસ્થાઓ દ્વારા યોજવામાં આવતી વિવિધ ઈત્તરપ્રવૃત્તિઓ, ધર્મસભા અને સેવાકીય પ્રવૃત્તિ દ્વારા યુવકોમાં સ્વવિકાસ શક્ય બનેલ છે. આજે પણ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી મહારાજે યુવા શિબિરો અને સત્સંગ સભાઓ દ્વારા યુવાનોના વિકાસ માટે અવિરત પ્રયાસો હાથ ધર્યા છે.

મારા થીસીસનો વિષય યુવાનો કેન્દ્રિત છે. માહિતીનું પૃથ્થકરણ, કોષ્ટકીકરણ તથા અર્થઘટનના માધ્યમથી મારા શિર્ષકને તો મે ન્યાય આપ્યો જ છે. પરંતુ હું અહીંયા ટુંકમાં એ ઉલ્લેખ કરવાનું પસંદ કરીશ કે આ સંપ્રદાયમાં યુવાવર્ગને એક વિશેષ મહત્વ અપાય છે. તેમના

ચારિત્ર્ય ઘડતર, વ્યક્તિત્વ ઘડતર, કારકિર્દી ઘડતર, વ્યસનમુક્તતા અને સ્પષ્ટ વિચારસરણી આપી શકાય તેવા પ્રયાસો સફળતાપૂર્વક આ સંપ્રદાયે પૂર્ણ કર્યા છે. સંપૂર્ણ ભાગવતી દિક્ષા અને સંપૂર્ણ સામાન્ય સામાજિક જીવન વચ્ચેની એક નવી વિભાવના યુવાવર્ગને આપવામાં આવે છે. જેમાં યુવતિઓને ''કર્મયોગી'' અને યુવકોને ''સહિષ્ણુ''ના શિર્ષક અપાય છે. સામાન્ય યુવક-યુવતિઓ જેવું જીવન તો એમણે જીવવાનું હોય છે. પરંતુ આ લોકો માટે જીવવાના અમુક નિયમો છે. જે તેમને માત્ર સ્વ માટે ન જીવાડતા સમાજ માટે, ધર્મ માટે, ગુરુ માટે, આત્મા માટે, ઈશ્વર માટે જીવતા શીખવાડે છે. આમાં એ પરિણામ પણ જોવા મળ્યું છે કે કર્મયોગી અને સહિષ્ણુઓ જીવન પ્રત્યેની નિરાશા અનુભવતા નથી. પોતે વિકસે છે અને અન્યને વિકસાવવામાં કારણરૂપ બને છે. આમયુવાવર્ગમાં જોવા મળતા બેકારી, વ્યસન, યોગ્ય માર્ગદર્શનનો અભાવ અને તેના પરિણામે જન્મતા માનસિક તનાવ અને ક્યારેક જોવા મળતા આત્મહત્યાના કિસ્સાઓ કર્મયોગી અને સહિષ્ણુઓમાં ક્યારેય જોવા મળતા નથી. કારણ કે આ સંપ્રદાયે યુવાવર્ગને એક નિશ્ચિત ધ્યેય આપ્યું છે. પોતાના સંપ્રદાયના નિયમોથી બંધાયેલા રહીને પણ તેઓ શિક્ષાપ્રદાનનું કાર્ય કરે છે. તથા સત્સંગ સભા તથા યુવાશિબિરોના માધ્યમથી યુવાનોના વિકાસની એક જ્યોત હંમેશા પ્રજ્વલિત રાખે છે.

**૬.૪ સંશોધનની મર્યાદા :**

કોઈપણ સંશોધન પૂર્ણ સમય અને શક્તિ માંગી લે છે. પૂર્ણ સમય-શક્તિ ફાળવ્યા પછી પણ તેમાં કેટલીક મર્યાદાઓ રહી જાય છે. કારણ કે ગમે તેટલી કાળજી લેવામાં આવી હોય તેમછતાં કદાપિ કોઈ સંશોધન સંપૂર્ણ બની શક્તું નથી. કોઈ અધૂરપ કે ક્ષતિ અવશ્ય રહી જાય છે.

સમગ્ર સમાજનું સંશોધન કરવું અશક્ય છે. તદ્ઉપરાંત સમાજની પરિવર્તનશીલતા અનેક ઘટનાઓને જુદા જુદા સ્વરૂપે બનતી નિહાળે છે. આમ માનવીની સમય અને શક્તિની પાબંદી સંશોધકના સંશોધન કાર્યને મર્યાદિત કરે છે. આ સંશોધન અભ્યાસની મર્યાદા નીચે મુજબ છે.

૧) આ અભ્યાસનું કાર્યક્ષેત્ર રાજકોટ જિલ્લા પૂરતું જ મર્યાદિત રાખવામાં આવ્યું છે.

૨) પ્રશ્નાવલી ઉપરાંત જરૂરી લાગ્યું ત્યારે મોટાભાગના ઉત્તરદાતાઓ સાથે સંશોધિકાએ અંગત મુલાકાત પણ લીધી છે. આવા કિસ્સાઓમાં સંશોધક અને ઉત્તરદાતા પારસ્પારિક પ્રભાવમાં આવ્યા હોય અને તેથી જળવાવી જોઈએ તેટલી વૈજ્ઞાનિક તટસ્થતા ન જાળવી શકાય હોય તેવો ભય પણ નકારી ન શકાય.

૩) માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાના યુવાનો ને જ અભ્યાસ હેઠળ સમાવિષ્ટ કરાયા છે જે તેની મર્યાદા છે.

૪) પ્રસ્તુત સંશોધનમાં યુવાપેઢીના પ્રતિનિધિ તરીકે યુવકોને લેવામાં આવ્યા છે. યુવતિઓનો તેમાં સમાવેશ નથી થયો જે આ સંશોધનની મર્યાદા છે.

**૬.૫ આ અભ્યાસના આધારે થઈ શકે તેવા ભાવિ સંશોધનો :**

કોઈપણ સંશોધન ક્યારેય પ્રથમ કે અંતિમ હોતુ નથી. સંશોધન પ્રવૃત્તિ વહેતી સરિતા સમાન છે. સતત, અવિરત, અસ્ખલિત તેનો પ્રવાહ વહેતો રહે છે. એટલે જ મહદઅંશે સંશોધક પૂરોગામી સંશોધકોની પરંપરાને અનુસરીને સંશોધન યોજે છે. પોતાના સંશોધન ઉપરથી આગળ ઉપર થઈ શકે તેવા સંશોધનના અન્ય વિષયો પણ સૂચવે છે. આ સંશોધનને આધારે ભાવિ સંશોધન માટેના સૂચનો આ મુજબ છે.

૧) માત્ર યુવકોને જ ન લેતાં યુવકો અને યુવતિઓનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

૨) સમાજના દરેક વર્ગને સ્વામિનારાયણ સંપ્રદાયના સંદર્ભમાં જ સ્પર્શ્યો છે. તેને બદલે અન્ય કોઈ સંપ્રદાય સાથે પરિવર્તન અને વિકાસના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

૩) સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ''સ્ત્રી વિકાસ અને સ્ત્રીઓમાં પરિવર્તન'' જેવા અભ્યાસોનો અવકાશ રહેલો છે.

**૬.૬ ઉપસંહાર :**

સંશોધન એક અવિરત પરિશ્રમ, સૂઝ, વૈજ્ઞાનિકતા તેમજ તટસ્થતા માંગી લેતી પ્રક્રિયા છે. સંશોધન સમસ્યા અંગે તથા વિષય અંગે વિચારીએ ત્યારથી જ તેના જુદા જુદા સોપાનો નક્કી થઈ

જાય છે અને સંશોધન શરૂ કરતાં પહેલાં સંશોધક સંશોધન યોજનાની એક બ્લ્યુ પ્રીન્ટ નક્કી કરી લે છે. અ સોપાનોનું અંતિમ સોપાન મહત્વનું છે. ક્ષેત્રકાર્ય દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીનું વિશ્લેષણ કરીને અહીં સંશોધક ઉપકલ્પનાની ચકાસણી અને મૌલિક તારણો દ્વારા સમાજશાસ્ત્રના પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો પ્રયાસ કરે છે. મેં પણ અહીંયા મારા આ પ્રયાસને ઉપર્યુક્ત પ્રકરણમાં રજુ કર્યો છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધન એ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યુવાનોમાં આવેલ પરિવર્તન અને વિકાસ (રાજકોટ જિલ્લાના સંદર્ભ) અંગેનું છે. ધર્મ એ મહત્વની સામાજિક સંસ્થા છે. ધર્મ સાથે સંકળાયેલી ઉપાસના પદ્ધતિ, સિદ્ધાંતો અને માન્યતાઓ સંપ્રદાયની સ્થાપના માટેના મહત્વના પરિબળો છે. ધર્મનો જે માર્ગ વ્યક્તિ દ્વારા સૂચવાયો હોય છે તે સંપ્રદાય ગણાય છે. હિન્દુ ધર્મના સિદ્ધાંતોના પાયા પર ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત સ્વામિનારાયણ સંપ્રદાય સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોને સ્પર્શતી કામગીરી દ્વારા સમાજસેવાના કાર્યો દ્વારા વિશ્વભરમાં પ્રખ્યાત થયો છે. અબોલ પશુઓની સેવા હોય કે અનાથ થયેલ સંતાનોની સેવા હોય, પૂનર્વસનની કામગીરી હોય કે ત્સુનામી મોજાએ વેરેલી ખાનાખરાબી વખતે મદદ કરવાની હોય આ અને આવી અનેકાવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સ્વામિનારાયણ સંપ્રદાયની તમામ સંસ્થાઓનો ફાળો મહત્વનો જ હોય છે. ઉપર્યુક્ત કુદરતી આફતો સમગ્ર સમાજના સામાન્યજીવનને ત્રસ્ત કરી નાખે છે ત્યારે સમાજજીવનને પૂર્વવત્ સામાન્ય સ્થિતિમાં લાવવો અનિવાર્ય બની જાય છે. આવા સમયે આ સંપ્રદાય દ્વારા સુયોજિત રીતે વખતો વખત કાર્ય પરિપૂર્ણ થયું છે. દૈનિક સામાજિક જીવનમાં યુવાવર્ગના વિકાસ માટે જે કાર્ય આ સંપ્રદાય કરે છે તેની નોંધ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં લેવાઈ છે. તથા તે કામગીરીની વ્યાપક પ્રસંશા પણ થઈ છે.

આજના યુવાવર્ગના ભાવિ વિષે સમાજશાસ્ત્રીઓની ચિંતા વધી છે. સમાજના મોભીઓનો સર્વસામાન્ય પ્રશ્ન એ છે કે, ''યુવાનો ક્યા માર્ગે?'' ''યુવા માનસને સમજી શકે તેવી કોઈ કામગીરી થઈ શકે ?'' આ બધા સવાલોના જવાબો નક્કર વાસ્તવિકતામાં બદલવા માટે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા કરવામાં આવતું કાર્ય કલ્પનાતીત છે. યુવાનોને વ્યસનને માર્ગેથી પાછા વાળવા અને યુવાનોમાં રહેલી અભૂતપૂર્વ શક્તિઓનો સદ્‌ઉપયોગ થાય તે માટે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા વિશ્વભરમાં શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થી ગુરુકુળો સ્થાપવામાં આવ્યા છે. આવી શિક્ષણ સંસ્થાઓ શિક્ષણની સાથે સંસ્કાર સિંચનનું કાર્ય કરે છે. સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત શિક્ષણ સંસ્થાઓમાં ઉચ્ચકક્ષાનું આધુનિક શિક્ષણ અપાય છે. વિદ્યાર્થીઓને સમુહજીવન અને સંયમના પાઠો ભણાવાય છે. વિદ્યાર્થી માત્ર પુસ્તકનો કીડો (***Book Worm***) ન બની રહેતા

સાચો જ્ઞાનસાધક બની રહે તેવા પ્રયત્નો થાય છે. આ બધા કારણોને લીધે સ્વામિનારાયણ સંપ્રદાય યુવાનોમાં પરિવર્તન અને વિકાસ લાવવામાં નિમિત્તરૂપ બન્યો છે. આ પરિવર્તન અને વિકાસનો અભ્યાસ કરવો એ પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ હતો. કેન્દ્રવર્તી વિચાર હતો.

પ્રસ્તુત સંશોધનના આધારે એ જોવા મળ્યું છે કે વિજ્ઞાન અને ટેકનોલોજીના આ હાઈ-ટેક યુગમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાય યુવાનોને આકર્ષી શક્યો છે. સંપ્રદાયની વ્યસનમુક્તિ અને સદાચારની પ્રવૃત્તિનું ધાર્યું પરિણામ આવી શકયું છે. આજનો યુવાન ધર્માભિમુખ બન્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયે યુવાવર્ગને અંધશ્રદ્ધા અને ભયથી મુક્ત કર્યો છે. સંપ્રદાયની શૈક્ષણિક પ્રવૃત્તિએ સામાજિક વિકાસની પ્રક્રિયાને વેગીલી બનાવી છે અને યુવાવર્ગ આ પ્રવૃત્તિને આવકારતો થયો છે. એટલું જ નહીં પણ આવી પ્રવૃત્તિની અનિવાર્યતા સમજતો થયો છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધતી પ્રવૃત્તિઓ જેવી કે સત્સંગ સભા, યુવા અધિવેશન, વકતૃત્વ સ્પર્ધા, રમત-ગમત જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં યુવાનો ઉમંગભેર ભાગ લેતા થયા છે. સંપ્રદાયે યુવાવર્ગને 'ધર્મ'નું સાચુ મહત્વ સમજાવ્યું છે.

આનું એક ઉત્તમ દ્દષ્ટાંત અહીં રજુ કરવાનું પસંદ કરીશ જે દ્દષ્ટાંત આ સંપ્રદાયને યુવાવર્ગના વિકાસમાં કેટલો ઊંડો રસ લે છે તે દર્શાવવા પૂરતું થઈ રહેશે. પ.પૂ. હરિપ્રસાદસ્વામીજીને પ્રેસના એક રીપોર્ટરે પ્રશ્ન પૂછયો કે, ''યોગી ડિવાઈન સોસાયટીનું મુખ્ય કાર્ય શું છે ?'' ત્યારે સ્વામીજીએ પ્રત્યુતર પાઠવતાં જણાવ્યું કે, ''યોગી ડિવાઈન સોસાયટીનું મુખ્ય કાર્ય લોકોના મગજ, આંખ, કાન, જીભને પોઝીટીવ બનાવવાનું છે. તેમાં પણ ખાસ કરીને યુવાનોના.'' આમ, જે યુવાનના આંખ, કાન, જીભ તથા મગજ હકારાત્મક થઈ ચૂક્યા છે તેવો યુવાન સમાજમાં હકારાત્મક પરિવર્તન અને વિકાસ લાવવા માટે સક્ષમ બનશે.

આમ આ સંશોધનના પરિપાકરૂપે નિશ્ચિતપણે કહી શકાય કે સ્વામિનારાયણ સંપ્રદાયે સમાજના યુવાવર્ગમાં પરિવર્તન અને વિકાસ લાવવામાં નિઃશંકપણે ફાળો આપ્યો છે. સમાજની પાયાની સંસ્થાઓમાંથી એક સંસ્થા ધર્મ સંસ્થા પરિવર્તન અને વિકાસની પ્રક્રિયામાં કેવો ફાળો આપે છે તેનું પણ ઉદાહરણ આ અભ્યાસ બન્યો છે.

-o-o-o-

# Bibilography

## અંગ્રેજી ભાષાના સંદર્ભ પુસ્તકોની યાદી


| | |
|---|---|
| Ahuja, Ram | "Sociology of Youth Subculture"<br>(A study of Drug-Absuing Students)<br>Rawat Publications, Jaipur. 1982 |
| Bhaktal, Sadanant | "Future of the Indian Youth"<br>Padmaja Publications, Baroda. 1946 |
| Bose, Nirmalkumar | "Culture and Society in India"<br>Asia Publishing House. 1977 |
| Clark, Shirley and Others | "Youth in Modern Society"<br>Holt-Rieart and Co., London. 1972 |
| Datta, K.K. | "Comprehensive History of India"<br>Vol - XI |
| Davis, Kingsely | "Human Society"<br>Macmillan Co. 1961 |
| Goode & Hatt | "Methods in Social Research"<br>Mcgraw - Hill Book Co. 1952 |
| Gupta, C.S. | "Fundamentals of Statistics"<br>Himalaya Publishing House. 2000 |
| Joshi, P.C. | "Culture Communication and Social Change"<br>Vikas Publishing House P.Ltd. 1992 |
| Kripal, Prem | "Youth and Established Culture"<br>Sterling Publishers P. Ltd. 1976 |
| Kuppuswami, B. | "Social Change in India"<br>Vikas Publishing House P. Ltd. 1972 |
| Mann, R.S. | "Social Structure, Social Change and Future Trends"<br>Rawat Publication, Jaipur. 1979 |
| Manning, P.K. and<br>Truzzi Marcello | "Youth and Society"<br>Prentice Hall Publication, New York. 1972 |
| Mees, Gualtherus H. | "Dharma and Society"<br>Seema Publications, Delhi. 1980 |

| | |
|---|---|
| Milson, Fred | "Youth in a Changing Society"<br>Routledge and Paul Co., London. 1972 |
| Mukharji, D.P. | "Sociology of Indian Culture"<br>Rawat Publication, Jaipur. 1948 |
| Mukharji, Dhurjati | "Youth : Change & Challenge"<br>Firma KLM Pvt. Ltd. Calcutta. 1977 |
| OM Prakash | "Religion and Society in Ancient India"<br>Bharatiya Vidya Prakashan. 1985 |
| Pandey, Rajendra | "Sociology of Youth"<br>Sterling Publication, New Delhi. 1994 |
| Eddy, N.Y. | "Values and Attitudes of Indian Youth - A Psychological Study of Rural and Urben Students"<br>Light & Life Publishers, New Delhi |
| Shah, B.V. | "Social Changes and Collge Students of Gujarat"<br>M.S. University, Baroda. 1964 |
| Sharma, B.B. | "Encyclopedic Dictionary of Sociology" Part - I,<br>Anmol Publications, New Delhi. 1992 |
| Sharma, Rajendra K. | "Sociological Methods and Techniques"<br>Atlantic Publishers & Distributors. 1997 |
| Sharma, Rajendra K. | "Social Change & Social Control"<br>Atlantic Publishers & Distributors. 1997 |
| Singh, Sadhu | "Research Methodology in Social Sciences"<br>Oxford & IBH Publishing Co. Pvt. Ltd. New Delhi. 1980 |
| Sanghvi, L.M. | "Youth Unrest Conflict of Generations"<br>The Insitute of Constitutional and Parliumentary Studies, New Delhi. 1978 |
| Unnithan, T.K.N. : Indra Deve and Yogendra Singh | "Toward a Sociology of Culture in India"<br>Prentice Hall of India Pvt. Ltd.<br>New Delhi. 1963 |

# Article

| | |
|---|---|
| Chaudhary, Paul D. | "Channelising Youth Energy"<br>{Article published in social welfare<br>Vol. 38 No. 9-10. 1998} |
| M. - Rana Niyati | "Religious Organization Against<br>Addication"<br>Medical Student International - 4/2004 |

# ગુજરાતી ભાષાના સંદર્ભ પુસ્તકોની યાદી


| | |
|---|---|
| ડૉ. ઉચાટ, દિનેશચંદ્ર એ. | ''શૈક્ષણિક સંશોધનો'',<br>અક્ષરભવન, રાજકોટ. ફેબ્રુઆરી - ૧૯૯૧ |
| ડૉ. ઉચાટ, દિનેશચંદ્ર એ. | ''સંશોધનના પ્રારંભે''<br>અક્ષરભવન, રાજકોટ. ફેબ્રુઆરી - ૧૯૮૮ |
| કાઝી, સલીમ એન. અને અન્ય | ''ભારતનો ઈતિહાસ : મધ્યયુગ સલ્તનત અને મુગલ મરાઠા યુગ''<br>સી.જમનાદાસની કંપની. ૧૯૯૫-૯૬ |
| કાલેલકર, કાકાસાહેબ | ''કાલેલકર ગ્રંથાવલી''<br>કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલી પબ્લિકેશન સમિતિ, અમદાવાદ. ૧૯૮૫ |
| કિકાણી, ઓજસ અને હેમંત મર્ચંટ | ''તો યુવાની ધન્ય બને''<br>અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિર, હરિધામ, સોખડા (જિ. વડોદરા). ૧૯૯૪ |
| કુન્દનિકા, ઈશા | ''ઝરૂખે દિવા''<br>નવભારત સાહિત્ય મંદિર. |
| કોઠારી, હરિભાઇ | ''તો જ તું ખરો યુવાન''<br>જ્યાંક પ્રકાશન, મુંબઈ. ૧૯૮૫ |
| ડૉ.ગોરે, દેસાઈ અને કામર | ''શિક્ષણનું સમાજશાસ્ત્ર''<br>આર.આર. શેઠની કંપની. ૧૯૭૫ |
| ડૉ.જોષી, વિદ્યુત | ''પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ. ૧૯૯૭ |
| ઝવેરી, મહેન્દ્ર કૃષ્ણલાલ | ''સામાજિક પરિવર્તન''<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. ૧૯૭૭ |
| દવે, નાનુભાઇ | ''સ્વામિનારાયણ શાથી ?''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૭૬ |

દવે, રમેશ મહિપતરામ ''સ્વામિનારાયણ વેદાન્ત પરિચય''
સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,
અમદાવાદ. ૧૯૯૪

દવે, હર્ષદરાય ટી. ''બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ''
સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,
અમદાવાદ. ૧૯૮૯

દવે, હર્ષદરાય ટી. ''ભગવાન સ્વામિનારાયણ : ભાગ ૧ થી ૫''
સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,
અમદાવાદ. ૨૦૦૪

સ્વ.ડૉ. દેસાઇ, અરવિંદરાય નારણજી ''સામાજિક સંશોધન પદ્ધતિ''
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૩

દેસાઇ, અક્ષરકુમાર આર. ''સમાજ ખંડ - ૧''
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. ૧૯૬૦

સ્વ.ડૉ. દેસાઇ, હરિભાઇ જી. અને
અને ડૉ.કૃષ્ણકાંત જી. દેસાઇ ''સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ''
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૯૨

ડૉ. દેસાઇ, હરિભાઇ જી. ''સંશોધનના પરિણામો''
હરિભાઇ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ,
અમદાવાદ. ૧૯૯૧

ડૉ. પરમાર, વાય.એ. ''સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો''
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૬

પરીખ, પ્રવિણચંદ્ર ''ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ''
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૭૪

પટેલ, અંબુભાઇ ''ભારતની સામાજિક સંસ્થાઓ''
બી.એસ.શાહ. ૧૯૬૫

ડૉ. પટેલ, તારા અને ડૉ. અં.શિ.પટેલ ''ભારતનો સામાજિક ઈતિહાસ''
દિનકર વાડીલાલ ત્રિવેદી પ્રકાશન. ૧૯૬૩

બક્ષી, ચંદ્રકાન્ત ''યુવતા''
નવભારત સાહિત્ય મંદિર. ૧૯૯૧

| | |
|---|---|
| ભગવાન સ્વામિનારાયણ | ''શિક્ષાપત્રી''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,<br>અમદાવાદ. ૧૯૮૯ |
| ડૉ. ભટ્ટી, રમણીક એમ. | ''પ્રારંભિક સમાજશાસ્ત્ર''<br>જ્યોત પ્રકાશન, અમદાવાદ. ૧૯૬૮ |
| મહેતા, વિઠ્ઠલદાસ સી. | ''સંસ્કૃતિ ચિંતન''<br>સદ્‌વિચાર દર્શન ટ્રસ્ટ. ૧૯૮૫ |
| વાઘેલા, બી.જી. | ''ભગવાન સ્વામિનારાયણ સમકાલિન લોકજીવન''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,<br>અમદાવાદ. ૧૯૮૬ |
| વોરા, ધૈર્યબાળા પી. | ''જયોર્જ સીમેલ''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૦ |
| શર્મા, હિ.સુ અનુઃમૃદુલા મહેતા | ''હિંદુ ધર્મની વિકાસયાત્રા''<br>ભાષાન્તર નિધિ, ભાવનગર. ૧૯૮૦ |
| શાહ, અરવિંદ આર. | ''સામાન્ય સમાજશાસ્ત્ર''<br>મેસર્સ બી.એસ.શાહ. ૧૯૭૫-૭૬ |
| શાહ, વિપિન મા. | ''મેક્સવેબર''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૦ |
| ડૉ. શાહ, વિમળ પી. | ''સંશોધન અહેવાલ લેખન''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૮ |
| ડૉ. શાહ વિમળ પી. | ''સંશોધન ડિઝાઇન''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૮ |
| શાસ્ત્રી, શ્રી હરિદાસ | ''સનાતન ધર્મ અભિગમ''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ,<br>અમદાવાદ. ૧૯૮૪ |
| શાસ્ત્રી, કે.કા. | ''નિર્ણયાનિર્ણય''<br>ડૉ.કૃષ્ણકાંત કડકિયા ટ્રસ્ટ, અમદાવાદ. ૧૯૯૭ |

| | |
|---|---|
| ડૉ.શ્રી નિવાસ, એમ.એન. | ''આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન''<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૯૩ |
| સાધુ અક્ષરજીવનદાસ | ''સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ : જીવન અને કાર્યો ''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૫ |
| સાધુ અક્ષરવત્સલદાસ | ''ભગવાન સ્વામિનારાયણ અને અંત્યોદય''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૫ |
| સાધુ યજ્ઞવલ્લભદાસ | ''સરસ એક સહજાનંદ''<br>શ્રી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ મંદિર, હરિધામ, સોખડા. (જી.વડોદરા) ૧૯૮૯ |
| સાધુ મુક્તાનંદસ્વામી,સાધુ ગોપાળાનંદ સ્વામી, સાધુ નિત્યાનંદસ્વામી અને સાધુ સુખાનંદસ્વામી | ''વચનામૃત''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૧૯૯૬ |
| સાધુ વિવેકપ્રિયદાસ | ''લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસ - ૧'' |
| સોની, રમણલાલ | ''સ્વામિનારાયણ કથા મંગલ ભાગ ૧ થી ૩''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ |
| સાધુ વિવેકસાગરદાસ | ''સંસ્કૃતિના આધારસ્તંભો''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૫ |
| સાધુ વિવેકસાગરદાસ | ''સ્વભાવવશ સંસાર''<br>સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ. ૨૦૦૫ |

# થીસીસ


ઈન્દ્રોડિયા, બી.કે. ''ગ્રામ સમુદાયોમાં હરિજન યુવકોની સામાજિક પરિસ્થિતિ, પ્રશ્નો અને પડકારો'' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

જાવિયા, શારદા આર. ''સ્વાધ્યાય પ્રવૃત્તિ અને ગ્રામિણ સમુદાયોમાં સામાજિક પરિવર્તન એક સમાજશાસ્ત્રીય સંશોધન'' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. ૧૯૯૯

ભટ્ટી, રમણીક ''કોલેજ યુવાનોનાં બદલાતા મૂલ્ય અભિગમો - એક સમાજશાસ્ત્રીય સંશોધન'' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

વ્યાસ, રશ્મિબેન ત્રિ. ''ઓગણીસમી સદીમાં ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સાંસ્કૃતિક પ્રદાન'' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. ૧૯૯૭

## હિન્દી ભાષાના સંદર્ભ પુસ્તકોની યાદી


| | |
|---|---|
| गोयल, सुनिल और संगीता गोयल | ''भारत में सामाजिक परिवर्तन''<br>आर.बी.एस.ए. पब्लिशर्स. २००३ |
| जैन, दशरथ | ''समाज एवं संस्कृति''<br>मध्यप्रदेश हिन्दी ग्रंथ अकादमी, भोपाल. १९८६ |
| डो. जोशी, ओमप्रकाश | ''भारत में सामाजिक परिवर्तन''<br>रिसर्च पब्लिकेशन कंपनी, दिल्ही. |
| तोमर, रामबिहारीसिंह | ''भारतीय समाज एवं संस्थाए''<br>श्रीराम मेहरा एण्ड कंपनी, आगरा. |
| जहोन्सन हेरी एम | ''समाजशास्त्र''<br>कल्यानी पब्लिशर्स, लुधियाना. १९७० |
| भट्ट, गौरीशंकर | ''भारत में समाजशास्त्र प्रजाति और संस्कृति''<br>साहित्य सदन, देहरादून. १९६५ |
| ममफोर्ड, ल्युइस<br>अनु: डो. पद्मसिंह शर्मा | ''शहरों की संस्कृति''<br>कमलेश कुरुक्षेत्र विश्वविद्यालय कुरुक्षेत्र. १९६९ |
| मुकर्जी, रविन्द्रनाथ | ''भारतीय समाज व संस्कृति''<br>विवेक प्रकाशन, दिल्ही. १९८४ |
| रुहेला, सत्यपाल | ''सामाजिक सर्वेक्षण और अनुसंधान के मुलतत्व''<br>विकास पब्लिकेशन. १९७० |
| डो. लवानिया, एम. एम. और<br>शशी के. जैन | ''धर्म का समाजशास्त्र''<br>रिसर्च पब्लिकेशन्स, जयपुर-२. |
| डो. लवानिया, एम. एम. और<br>शशी के. जैन | ''धर्म का महत्व''<br>रिसर्च पब्लिकेशन्स, जयपुर-२. १९८८ |
| डो. लवानिया, एम. एम. और<br>शशी के. जैन | ''सामाजिक नियंत्रण एवं सामाजिक परिवर्तन''<br>रिसर्च पब्लिकेशन्स, जयपुर-२. १९८६-८७ |

| | |
|---|---|
| डो. वात्स्याय | ''भारतीय समाज और संस्थायें''<br>केदारनाथ रामनाथ प्रकाशन. |
| शर्मा, रामनाथ और<br>राजेन्द्रकुमार | ''सामाजिक सर्वेक्षण और अनुसंधान की<br>विधियाँ और प्रविधियाँ''<br>एटलांटिक पब्लिकेशन एण्ड डीस्टी. २००४ |
| शल्य, यशदेव और आनंद कश्यप | ''सामाजिक परिवर्तन''<br>राजस्थान हिन्दी ग्रंथ अकादमी जयपुर. १९८२ |
| शेपीरो, हैरी एल.<br>अनु : रामानुजलाल श्री वास्तव | ''मानव संस्कृति तथा समाज''<br>मध्यप्रदेश हिन्दी ग्रंथ अमादमी, भोपाल. १९८६ |
| सिंहल, दामोदर | ''आधुनिक भारतीय समाज और संस्कृति''<br>मिनाक्षी प्रकाशन, मेरठ. १९८१ |

-0-0-0-

| | | | | |
|---|---|---|---|---|
| Education | Number | Percentage | | |
| 12th Std. | 38 | 19 | | |
| Graduate | 99 | 49.5 | | |
| Master | 63 | 31.5 | | |
| Total | 200 | 100 | | |
| | | | | |
| Father Occupation | | Percentage | | |
| Farmer | 1 | 7.5 | 15 | |
| Service | 2 | 61 | 122 | |
| Business | 3 | 31.5 | 63 | |
| | | | | |
| | | | | |
| Yearly Income | | Percentage | | |
| Less than 1 Lakh | 1 | 46.5 | 93 | |
| Between 1Lakh to 2 Lakh | 2 | 36 | 72 | |
| More than 2 Lakh | 3 | 17.5 | 35 | |
| | | | | |
| | | | | |
| Family Type | Percentage | | | |
| Joint | 46.5 | 93 | | |
| Independent | 53.5 | 107 | | |
| | | | | |
| | | | | |
| Family Members | Percentage | | | |
| 1 to 5 | 53.5 | 1 | | 107 |
| 6 to 10 | 35 | 2 | | 70 |
| More than 10 | 11.5 | 3 | | 23 |
| | | | | |
| | | | | |
| Chart 6 | | | | |
| 1 | 100 | | | |
| 2 | 100 | | | |
| 3 | 40 | | | |
| 4 | 35 | | | |
| 5 | 90 | | | |
| | | | | |
| Chart 28 | | | | |
| 1 | 55.5 | 111 | | |
| 2 | 68 | 136 | | |
| 3 | 42 | 84 | | |
| 4 | 31 | 62 | | |
| 5 | 28.5 | 57 | | |
| 6 | 23 | 46 | | |


Analysis of Occupation
Percentage
70
60
50
40
30
20
10
0
7.5
61
31.5
Occupation
1
Farmer
Service
Business


Analysis of Family Type
Family Type
46.5
53.5
0
50
100
Joint
Independent


150


Analysis of Parents Education
Master
32%
Graduate
49%
12th Std.
19%
12th Std.
Graduate
Master



Various Cultural Activities of Institute
Percentage
100
90
80
70
60
50
40
30
20
10
0
100
100
40
35
90
1
2
3
4
5


Analysis of Family Members
Percentage
60
50
40
30
20
10
0
53.5
35
11.5
1 to 5
6 to 10
More than 10



Multifaceted Activities of Swaminaryan Sect.
Percentage
0
20
40
60
80
55.5
68
42
31
28.5
23
1
2
3
4
5
6
1
2
3
4
5
6


Analysis of Yearly Income
Percentage
50
40
30
20
10
0
46.5
36
17.5
Yearly Income
Less than 1 Lakh
Between 1Lakh to 2 Lakh
More than 2 Lakh



## Virani Science College - Rajkot



## Atmiya Engineering College - Rajkot



Gyanyagna College - Rajkot



Gurukul  College - Rajkot


રાજકોટ
પ્રમાણમાપ ૧ સેમી = ૧૦ કિમી
N
A
B
C
D
E
સામખિયાળી
ક
ચ્છ
ઘુડખર (વન્ય પ્રાણી) અભયારણ્ય
ઝીંઝુવાડા તરફ
સૂરજબારી
અંજાર
કચ્છનું નાનું રણ
ગાંધીધામ
આદિપુર
કંડલા
તૂણા બંદર
માળિયા મિયાણા
ઘાંટીલા
ટીકર
કૂડા
હળવદ
ધ્રાંગધ્રા
દેવળિયા
ખાખરેચી
નાની બરાર
અણિયાળી
વવાણિયા
સાપર
દહીંસર મોટા
પાવડિયારી
બગથળા
રંગપર
ચરડવા
નવલખી
જિંજરા
બરવાળા
સુરેન્દ્રનગર તરફ
કચ્છનો અખાત
આમરણ
મોરબી
ત્રાજપર
સરા
સુ રે ન્દ્ર ન ગ ર
સક્ત-સનાળા
દૂધઈ
રાફળેશ્વર
જોડિયા
મેઘપુર
ઢૂવા
લૂણસર
પંચાસિયા
તરણેતર
મુળી
ટંકારા
વાંકાનેર
લૂણસરિયા
લતીપુર
થાન
રામપુરા
બાલાચડી
હડિયાળા
ખોડાપીપર
પીપળિયા-રાજ
અમરસર
ધ્રોળ
અમદાવાદ તરફ
સાયલા
સૂરજદેવળ
ડોળિયા
સીંધાવદર
નેકનામ
બાણુગાર મોટી
જામનગર
અલિયાબાડા
જામવંથળી
રા જ કો ટ
ચોટીલા
પડધરી
ખંઢેરી
બીલેશ્વર
બામણબોર
ધાંધલપુર
ભા
ચેલા
સરપદડ
લાખાજીનગર
કુવાડવા
પિત્રાળિયા
નિનામા
બેડલા
ભોજપુરા
ફૂલઝર
રાજકોટ
ખેરડી
ખંઢેરા
ભક્તિનગર
પાળિયાદ તરફ
જા મ ન ગ ર
વીંછિયા
માવડી
કસ્તુરબાધામ
કાલાવડ
કાણકોટ
કોઠારિયા
ભડલા
કમાલપુર
લીલાપુર
નિકાવા
સરધાર
રીબડા
પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય
લોધિકા
કલસર
છત્તર
અરડોઈ
કોટડાસાંગાણી
જસદણ
ઘેલા સોમનાથ
મેધાણી
ખરેડી
દડવા હમીરપુર
કોળીથાડ
શિમલા
આટકોટ
દડવી
ગોંડળ
રામોદ
ભાવનગર
કોટડાપીઠા
ધ્રાફા
ખીરસરા
ચિત્રાવડ
મોવિયા
જામજોધપુર
પાનેલી
જામકંડોરણા
સનાથળી
બાબરા
વીરપુર
ભાયાવદર
ઝાંઝમેર
શિવરાજપુર
વસાવડ
ભાવનગર તરફ
કોકલી
ખાખી જાળિયા
વાસવાડી
ગુંદાળા મોટા
સુલતાનપુર
ખીજડિયા
ચાવંડ
ઢાંક
અમરતનગર
દેરડી
ચિતળ
લાઠી
ઉપલેટા
સુપેડી
ધોરાજી
નવાગઢ
જેતપુર
શેડુભાર
જેતલસર
ખાખરિયા
મોટી મારડ
ગણોદ
પોરબંદર તરફ
પાટણવાવ
ભીડભંજન
કૂકાવાવ
અ મ રે લી
ભીમોરા
વાઘણિયા જૂના
અમરાપુર
વડાલા
અમરેલી
સરદારગઢ
જૂ ના ગ ઢ
લીલિયા
કલાણા
મેંસાણ
જાળિયા
ગાવડકા
પોરબંદર
માણાવદર
જૂનાગઢ
બગસરા
વંથળી
ગિરનાર
રાજુલા તરફ
બાટવા
શાપુર
તોરણિયા
ભાવનગર



રાજકોટ શહેર
N
પ્રકાશક
Vaibhav OFFSET
૬, મનહરપ્લોટ, મંગળારોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨.
ફોન : ૨૪૮૦૩૫૩
રોણકી
બેડી
રતનપર
માધાપર
I.O.C.
સેન્ટ્રલ જેલ
બજરંગવાડી
ગાંધીગ્રામ વિસ્તાર
એરપોર્ટ
પોલીસ લાઈન
રેલ્વે જંકશન
રેસકોર્ષ
આમ્રપાલી
ગેલેક્સી
ગીરનાર
કિસાનપરા ચોક
જીલ્લા પંચાયત
સદર
જયુબેલી ચોક
બજાર વિસ્તાર
કોર્ટ
ધરમ
શાસ્ત્રીમેદાન
R.K.C.
બસસ્ટેશન
રામનાથપરા સ્મશાન (મુક્તિધામ)
લોધાવાડ ચોક
ભક્તિનગર સર્કલ
સોરઠીયાવાડી
ગુરુકુળ
ગીતા મંદિર
કમલેશ્વર મંદિર
નિલકંઠ
આજી ઓદ્યોગીક વિસ્તાર
ટી. વી સેન્ટર
પક્ષીઘર પ્રાણી સંગ્રહાલય
આજીડેમ
હુડકો
મલીકા
શાપર-વેરાવળ
કોઠારીયા
રૈયા
રૈયા ચોકડી
રૈયા રોડ
બ્રહ્મસમાજ ચોક
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ
રૈયા ટેલીફોન એક્સચેન્જ
યુનિવર્સિટી રોડ
S.N.K. સ્કુલ
કિડની હોસ્પીટલ
ગાયત્રી મંદિર
સત્ય સાંઈ હોસ્પી.
નાનામવા સ્મશાન
નાનામવા
મવડી
મેટોડા-લોધિકા
પંચવટી સોસા.
ભક્તિમંદિર
લક્ષ્મીનગર વિસ્તાર
વિશ્વેશ્વર મંદિર
જયંત સોસા.
નવલ નગર
AIDS પ્રિવેન્શન કલબ
એચ.જે. દોશી હોસ્પી.
માલવીયા કોલેજ
બાન લેબ્સ
એસ.ટી. વર્કશોપ
હેમુગઢવી હોલ
ધર્મેન્દ્રકોલેજ
મહિલા કોલેજ
નિર્મલાકોન્વેન્ટ
કેન્સર હોસ્પીટલ
દુધની ડેરી
ન્યુ થોરાળા
૮૦ ફુટ રોડ
સંતકબીર રોડ
પેડક રોડ
અમદાવાદ તરફ
R.T.O.
માર્કેટીંગ યાર્ડ
લાલપરી તળાવ
રાંદરડા તળાવ
B.M. કયાડા સ્કુલ (ISO 9002 પ્રમાણીત)
I.T.I. પોલીટેકનીક
બામણબોર
નવાગામ
અમરગઢ
રોડ
રેલ્વે લાઈન
શહેરની હદ
સ્કુલ / કોલેજ
નદી / તળાવ
મંદિર
હોસ્પીટલ
સીનેમા
નકશો સ્કેલ પર આધારીત નથી
જનહિતાર્થે પ્રકાશિત